# ઇસ્લામના સિદ્ધાંતો અને તેના મૂળ આધારો

લેખક

દુક્તૂર મુહમ્મદ બિન અબ્દુલ્લાહ અસ્ સુહૈમ

શરૂ કરું છું અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

## પ્રસ્તાવના

નિઃશંક દરેક પ્રકારની પ્રશંસા અલ્લાહ માટે જ છે, આપણે તેના જ વખાણ કરીએ છીએ, તેનાથી જ મદદ માંગીએ છીએ, અને તેનાથી જ માફી માંગીએ છીએ અને નફસની બુરાઈથી તારું શરણ માંગીએ છીએ, અને અમારા કાર્યોની બુરાઈથી તારું શરણ માંગીએ છીએ,જેને અલ્લાહ હિદાયત આપે તેને કોઈ ગુમરાહ નથી કરી શકતું, અને જેને અલ્લાહ ગુમરાહ કરે, તેને કોઈ હિદાયત નથી આપી શકતું,અને હું સાક્ષી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ ઈબાદતને લાયક નથી, તે એકલો છે, તેનો કોઈ ભાગીદાર નથી, અને એ પણ સાક્ષી આપું છું કે મુહમ્મદ ﷺ અલ્લાહના બંદા અને તેના રસૂલ છે, તેમના અલ્લાહ તરફથી ઘણી જ રેહમતો અને સલામતી ઉતરે.

અલ્લાહના વખાણ અને તેના પયગંબરના વખાણ કર્યા પછી: અલ્લાહ તઆલાએ લોકો માટે પોતાના પયગંબરો મોકલ્યા; કારણકે લોકો પાસે પયગંબરોના આવ્યા પછી અલ્લાહ પર કોઈ આરોપ અને નિંદા ન રહે, અને તેણે હિદાયત, માર્ગદર્શન, પ્રકાશ અને ઈલાજ માટે કિતાબો ઉતારી, પાછળથી કોમમાં દરેક પયગંબરોને ફક્ત તે કોમો માટે ખાસ મોકલવામાં આવતા હતા અને તેમની કિતાબની સુરક્ષા પણ તેમને જ સોંપી હતી;આજ કારણે આજે તેમની કિતાબો નષ્ટ થઈ ચૂકી છે, અને તેમની શરીઅતોમાં ફેરફાર થઈ ચૂક્યો છે, કારણકે તે એક ખાસ કોમ અને એક સમય પૂરતી ઉતારવામાં આવી હતી.

પરંતુ અલ્લાહ તઆલાએ પોતાના પયગંબર ﷺને લાક્ષણિકતા આપી કે તેમને છેલ્લા પયગંબર બનાવ્યા, અલ્લાહ તઆલાએ કહ્યું:{ مَّا كَانَ مُحَمَّدٌ أَبَا أَحَدٍ مِّن رِّجَالِكُمْ وَلَٰكِن رَّسُولَ اللَّهِ وَخَاتَمَ النَّبِيِّينَ }[1]، {(હે લોકો !) મુહમ્મદ ﷺ કોઇ પુરુષના પિતા નથી, પરંતુ મુહમ્મદ ﷺ ફક્ત અલ્લાહના પયગંબર છે, અને દરેક પયગંબરમાંના છેલ્લા છે} [૧],અલ્લાહ તઆલાએ તેમને આકાશીય પુસ્તકો માંથી શ્રેષ્ઠ પુસ્તક આપી, જે કુરઆન મજીદ છે, અલ્લાહ તઆલાએ તેની સુરક્ષાની જવાબદારી પોતે લીધી, અને તેની સુરક્ષાનું કામ સર્જન પર ન છોડયું, અને કહ્યું:{ إِنَّا نَحْنُ نَزَّلْنَا الذِّكْرَ وَإِنَّا لَهُ لَحَافِظُونَ }[2]، {નિ:શંક અમે જ આ કુરઆનને ઉતારવાવાળા છે અને અમે જ તેની હિફાજત પણ કરવાવાળા છે} [૨],અલ્લાહ તઆલાએ નબી ﷺની શરીઅતને કયામત સુધી બાકી રાખી, પવિત્ર અલ્લાહ તઆલાએ વર્ણન કર્યું કે તમારી શરીઅતના અસ્તિત્વ માટે જરૂરી છે કે તેના પર ઈમાન લાવવામાં આવે, તેની તરફ દઅવત આપવામાં આવે, અને તેના માર્ગમાં આવવા વાળી તકલીફો પર સબર કરવામાં આવે,જેથી નબી ﷺ અને તેમના પછી તેમના અનુયાયીઓનો તરીકો રહ્યો કે યકીન અને ભરોસા સાથે અલ્લાહ તરફ દઅવત આપવામાં આવે, અલ્લાહ તઆલાએ આજ તરીકાને સ્પસ્ટ કરતાં કહ્યું:{قُلْ هَٰذِهِ سَبِيلِي أَدْعُو إِلَى اللَّهِ ۚ عَلَىٰ بَصِيرَةٍ أَنَا وَمَنِ اتَّبَعَنِي ۖ وَسُبْحَانَ اللَّهِ وَمَا أَنَا مِنَ الْمُشْرِكِينَ}[3]، {તમે કહી દો કે, મારો માર્ગ આ જ છે, હું અને મારું અનુસરણ કરનારા અલ્લાહ તરફ બોલાવી રહ્યા છે, સંપૂર્ણ ભરોસા સાથે. અને અલ્લાહ પવિત્ર છે અને હું મુશરિકો માંથી નથી} [૩],એવી જ રીતે અલ્લાહ તઆલાએ નબી ﷺ ને અલ્લાહના માર્ગમાં આવનારી તકલીફો પર સબર કરવાનો આદેશ પણ આપ્યો, અલ્લાહ તઆલાએ કહ્યું:{ فَاصْبِرْ كَمَا صَبَرَ أُولُو الْعَزْمِ مِنَ الرُّسُلِ }[4]، {બસ ! (હે પયગંબર) તમે એવું ધૈર્ય રાખો જેવું ધૈર્ય હિમ્મતવાળા પયગંબરો રાખ્યું અને} [૪],અને બીજી જગ્યાએ અલ્લાહ તઆલા એ કહ્યું:{ يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا اصْبِرُوا وَصَابِرُوا وَرَابِطُوا وَاتَّقُوا اللَّهَ لَعَلَّكُمْ تُفْلِحُونَ }[5]، {હે ઇમાનવાળાઓ !તમે સબર કરો, અડગ રહો અને જિહાદ માટે તૈયાર રહો અને અલ્લાહ તઆલાથી ડરતા રહો, જેથી તમે સફળ બનો} [૫],અલ્લાહના આજ શ્રેષ્ઠ તરીકાનું અનુસરણ કરતા આ કિતાબ લખવામાં આવી છે, જેથી અલ્લાહની કિતાબ અને નબી ﷺ ની સુન્નત મુજબ અલ્લાહના માર્ગમાં દઅવત આપવાની ફરજ પુરી કરી શકીએ, આ કિતાબમાં સંક્ષિપ્ત રૂપમાં બ્રહ્માંડનું સર્જન, માનવીઓનું સર્જન અને તેમની ઇઝ્ઝત અને આદર, પયગંબરોનું આવવું અને પાછલા ધર્મોની સ્થિતિઓ વર્ણન કરવામાં આવી છે,ત્યારબાદ મેં ઇસ્લામનો અર્થ અને તેની સમજૂતી વર્ણન કરી છે, અને તેના અરકાન (સ્તભો) ને સ્પસ્ટ કર્યા છે, એટલે માટે જે વ્યક્તિ હિદાયત અને માર્ગદર્શન મેળવવા માંગતો હોઇ, તેની સમક્ષ હિદાયતની દલીલો અને માર્ગદર્શન સામે જ છે, અને જે વ્યક્તિ નજાત (મોક્ષ) મેળવવા માંગતો હોય તેનો પણ માર્ગ આમાં વર્ણવેલ છે, એટલા માટે જે વ્યક્તિ નબીઓ અને પયગંબરોના માર્ગ પર ચાલશે (તે જાણી લે શે) આજ તેમનો માર્ગ છે,અને જે વ્યક્તિ તેમના માર્ગની અવગણના કરશે તે પોતાની સાથે મજાક કરે છે અને પથભ્રષ્ટતાના માર્ગ પર ચાલી નીકળે છે.

દરેક ધર્મના અનુયાયીઓને પોતાની તરફ બોલાવે છે, અને એવો અકીદો રાખે છે કે દરેક ધર્મો સિવાય સત્ય તેના પોતાના ધર્મમાં જ છે, અને દરેક ધર્મોના અનુયાયીઓ પોતાના આગેવાનનું અનુસરણ કરવા અને તેમનું સન્માન કરવાની દઅવત આપે છે.

પરંતુ મુસલમાનો પોતાના માર્ગનું અનુસરણ કરવાની દઅવત નથી આપતા, કારણકે તેમનો પોતાનો કોઈ ખાસ તરીકો નથી, તેમનો દીન (ધર્મ) અલ્લાહનો દીન છે, જેને અલ્લાહએ પોતે પોતાના માટે પસંદ કર્યો છે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ إِنَّ الدِّينَ عِندَ اللَّهِ الْإِسْلَامُ }[6]، {નિંશંક અલ્લાહ તઆલાની નજીક દીન ઇસ્લામ જ છે} [૬],અને તેઓ કોઈ માનવીનું સન્માન કરવાની

---

[1] ૧] સૂરે અલ્ અહઝાબ, આયત નંબર: ૪૦, આ આયત કુરઆન મજીદની છે, જેણે અલ્લાહ તઆલા એ મુહમ્મદ ﷺ પર ઉતાર્યું છે, મારી આ કિતાબ "કુરઆન મજીદ" માં ઘણી આયતો વર્ણન કરવામાં આવી છે, જેને વર્ણન કરતાં પહેલા આ રીતના ઘણા શબ્દો વર્ણન કરવામાં આવ્યા છે: અલ્લાહ તઆલા એ કહ્યું, અથવા પવિત્ર અલ્લાહ તઆલા એ કહ્યું, આ કિતાબના પૃષ્ઠ નંબર ૯૫-૧૦૦, અને ૧૧૪-૧૧૭ માં કુરઆન મજીદનો ટૂંકો પરિચય પણ આપવામાં આવ્યો છે.

[2] ૨] સૂરે અલ્ હિજર, આયત નંબર: ૯.

[3] ૩] સૂરે યુસૂફ, આયત નંબર: ૧૦૮.

[4] ૨] સૂરે અલ્ અહકોફ, આયત નંબર: ૩૫.

[5] ૨] સૂરે આલિ ઇમરાન, આયત નંબર: ૨૦૦.

[6] ૬] સૂરે આલિ ઇમરાન, આયત નંબર: ૧૯.

પણ દઅવત આપતા નથી, કારણકે અલ્લાહના દીનમાં સમગ્ર માનવજાતિ સરખી છે, તેમની વચ્ચે કોઈ તફાવત નથી, અને જો છે તો તે તકવા (અલ્લાહનો ડર) ના આધારે છે, એક મુસલમાન લોકોને તે વાત તરફ દઅવત આપે છે કે તે પોતાના પાલનહારના માર્ગ પર ચાલે, તેના રસૂલો પર ઈમાન ધરાવે, અને તેમની શરીઅત (નિયમો) નું અનુસરણ કરે, જેને અલ્લાહ તઆલા એ છેલ્લા પયગંબર મુહમ્મદ ﷺ પર ઉતારી છે, અને સમગ્ર માનજાતિ સુધી તેને પહોંચાડવાનો આદેશ આપ્યો છે.
આજ હેતુસર આ કિતાબ લખવામાં આવી છે, જેથી અલ્લાહના તે દીન તરફ દઅવત આપી શકાય, જેને અલ્લાહ તઆલાએ પોતાના માટે પસંદ કર્યો અને છેલ્લા પયગંબરને તેજ દીન આપી મોકલ્યા, અને તે  હેતુસર પણ  કે હિદાયત અને માર્ગદર્શન પ્રાપ્ત કરવાવાળાઓ અને નેકીની સોધ કરનારા લોકોને માર્ગદર્શન મળી શકે,અલ્લાહની કસમ ! કોઈ પણ સર્જન આ દીન સિવાય બીજે કયાં પણ સુખ મેળવી નથી શકતો, અને ન તો અલ્લાહને પોતાનો પાલનહાર, મુહમ્મદ ﷺ ને નબી, અને ઇસ્લામને પોતાનો દીન માનવા વાળા સિવાય કોઈને વાસ્તવિક શાંતિ મળી શકે છે,આજ કારણ છે પસાર થતો સમય અને આધુનિક યુગમાં ઇસ્લામની હિદાયત મેળવનાર હજારો ખુશનસીબ લોકોએ એ વાતની સાક્ષી આપી કે ઇસ્લામ અપનાવ્યા પછી જ તેઓ વાસ્તવિક જીવનથી પરિચિત થયા અને ઇસ્લામ હેઠળ જ તેમણે સઆદત અને ખુશનસીબીની મીઠાસનો અનુભવ થયો...કારણકે દરેક માનવી સઆદતને પ્રાપ્ત કરવા, ચેન, સુકૂનની શોધમાં અને વાસ્તવિક જીવનને શોધતો હોય છે, એટલા માટે જ મેં આ કિતાબની તરતીબ આપી, અલ્લાહ તઆલાથી દુઆ છે કે આ મહેનતને તેની ખુશી માટે નિખાલસ કરી લે, અને આને પોતાના માર્ગમાં દઅવત આપવા વાળી બનાવે, આ કિતાબને કબૂલ કરે, અને નેકીઓમાં આ કિતાબનો સમાવેશ કરે, જેનાથી ડરવાવાળોને દુનિયા અને આખિરાતમાં ફાયદો પહોંચે.
મારી તરફથી આ કિતાબને હું દરેક ભાષામાં છાપવાની અને તેનું અનુવાદ કરવાની પરવાનગી આપું છું, પરંતુ શરત એ કે અનુવાદ કરનાર અમાનત  સાથે અનુવાદ કરે.
અને હું એ પણ આશા રાખું છું કે જે વ્યક્તિ પાસે પણ આ કિતાબના અરબી નુસખા અને તેના અનુવાદ વિશે કોઈ પણ ટિપ્પણી હોઇ તો નીચે જણાવેલ સરનામા પર મને જરૂર સેન્ડ કરે.
દરેક પ્રકારના વખાણ ફક્ત અલ્લાહ માટે જ છે, શરૂઆત અને અંત, જાહેર અને છુપામાં, દુનિયા અને આખિરતમાં તેના માટે જ વખાણ છે, આકાશો અને જમીનો ભરી, અને આપણો પાલનહાર જે પણ ઈચ્છે, તેના બરાબર, હે અમારા પાલનહાર !અમારા  નબી મુહમ્મદ ﷺ, તેમના સહાબા અને કયામત સુધી તેમના માર્ગ પર ચાલવા વાળા લોકો પર ઘણી જ કૃપા અને સલામતી ઉતાર. (આમીન)
લેખક
દુક્તૂર મુહમ્મદ બિન અબ્દુલ્લાહ અસ્ સુહૈમ
રિયાઝ ૧૩/૧૦/૧૪૨૦ હિજરીસન, સ.બ. ૧૦૩૨ રિયાઝ ૧૩૪૨
અને સ.બ.૬૨૪૯, રિયાઝ  ૧૧૪૪૨

# માર્ગ કયાં છે?

જ્યારે માનવીની ઉંમર અને બુદ્ધિ વધે છે, તો તેના દિમાગમાં ઘણા સવાલો ઊભા થાય છે, જેવા કે, હું ક્યાંથી આવ્યો છું? અને હું કેમ આવ્યો છું? અને મારો અંતિમ મંજિલ (મુકામ) ક્યાં છે?મને અને મારી આસપાસની આ સૃષ્ટિને કોણે પેદા કરી?આ સૃષ્ટિનો માલિક અને તેને ચલાવનાર કોણ છે, આવા અને આના જેવા બીજા ઘણા સવાલો.
માનવી પોતે આ સવાલોના જવાબો નથી મેળવી શકતો, અને ન તો આધુનિક વિજ્ઞાન આ સવાલોના જવાબો આપી શકે છે, કારણકે આ સવાલોના જવાબ દીન (ધર્મ) માં છે, એટલા માટે જ આ પ્રકારના સવાલો વિષે ઘણા પ્રકારની એવી વાર્તાઓ, દંતકથાઓ, અને કિસ્સાઓ વર્ણન કરવામાં આવે છે, જેથી માનવી વધુ મુંઝાઈ જાય છે.આ સવાલોના સ્પષ્ટ અને પર્યાપ્ત જવાબ જાણવા મનુષ્ય માટે અશક્ય છે, સિવાય એ કે અલ્લાહ તઆલા તેને સાચા દીનની હિદાયત આપે, જે તે આ દરેક સવાલો અને આના જેવા (બીજા) ઘણા સવાલો વિષે પર્યાપ્ત જવાબ આપે છે;કારણકે આ સવાલો ગેબ વિશે છે, અને સત્ય દીન જ તે દીન છે, જે સત્યતા વર્ણન કરનાર છે, એટલા માટે કે તે જ અલ્લાહનો એકમાત્ર દીન છે, જેને તેણે પોતાના પયગંબરો અને રસૂલોને આપી ઉતાર્યો હતો;જેથી માનવી માટે જરૂરી છે કે તે સત્ય દીનની શોધ કરે, તેને શીખે, તેના પર ઈમાન ધરાવે, જેથી તેની મુઝવણો અને શંકાઓ દૂર થઈ શકે, અને તે સત્ય અને સીધા માર્ગની હિદાયત પ્રાપ્ત કરી શકે.
નીચેના પુરાવા દ્વારા હું તમને અલ્લાહના સીધા માર્ગ તરફ દઅવત આપીશ, અને તમારી સમક્ષ સત્ય અને સીધા માર્ગના અમૂક પુરાવા રજૂ કરીશ, જેથી તમે તેમાં ચિંતન મનન કરો.

# અલ્લાહનું અસ્તિત્વ, તેની રુબૂબિય્યત, એકતા અને તેની ઉલૂહિય્યત [૭]:

કાફિરો એવા પૂજકોની પૂજા કરે છે, જેઓ પોતે સર્જન છે, અને (માનવીઓ દ્વારા બનાવેલ) છે, જેમકે: વૃક્ષો, પથ્થરો અને માનવીઓ; એટલા માટે યહૂદીઓ અને મુશરીકોએ નબી ﷺ ને સવાલ કર્યો કે અલ્લાહના ગુણો કયા છે? અને તે કઈ વસ્તુ દ્વારા જોડાયેલો છે? તો અલ્લાહ તઆલાએ આ આયતો ઉતારી:{ 1) قُلْ هُوَ اللَّهُ أَحَدٌ) {હે પયગંબર ! કહી દો, અલ્લાહ એક જ છે. (૧)2) اللَّهُ الصَّمَدُ) અલ્લાહ બેનિયાજ છે. (૨)3) لَمْ يَلِدْ وَلَمْ يُولَدْ) ન તો તેનો જન્મ થયો અને ન તો તેણે કોઈને જન્મ આપ્યો. (3)4) وَلَمْ يَكُن لَّهُ كُفُوًا أَحَدٌ) }[7]، તેમાં જેવો બીજો કોઈ નથી. (૪)} [૮],અલ્લાહ તઆલાએ પોતાના બંદાઓ સમક્ષ પોતાની ઓળખ આપતા કહ્યું:{ إِنَّ رَبَّكُمُ اللَّهُ الَّذِي خَلَقَ السَّمَاوَاتِ وَالْأَرْضَ فِي سِتَّةِ أَيَّامٍ ثُمَّ اسْتَوَىٰ عَلَى الْعَرْشِ يُغْشِي اللَّيْلَ النَّهَارَ يَطْلُبُهُ حَثِيثًا وَالشَّمْسَ وَالْقَمَرَ وَالنُّجُومَ مُسَخَّرَاتٍ بِأَمْرِهِ ۗ أَلَا لَهُ الْخَلْقُ وَالْأَمْرُ ۗ تَبَارَكَ اللَّهُ رَبُّ الْعَالَمِينَ }[8]، {નિ:શંક તમારો પાલનહાર અલ્લાહ જ છે, જેણે આકાશો

[7] ૮] સૂરે ઇખ્લાસ
[8] ૯] સૂરે અલ્ અઅરાફ, આયત નંબર: ૫૪.

અને જમીનને છો દિવસમાં પેદા કર્યા, ફરી તે પોતાના અર્શ પર બિરાજમાન થયો. તેજ રાત્રિ દ્વારા દિવસને ઢાંકી દે છે, ફરી દિવસ રાત પછી તરત આવી જાય છે, અને જેણે સૂર્ય, ચંદ્ર અને તારાઓ પેદા કાર્ય અને દરેકે દરેક અલ્લાહના આદેશ ને આધીન છે, ખબરદાર! તેનું જ સર્જન છે અને તનો જ  આદેશ છે. અલ્લાહ ખૂબ જ બરકતવાળો છે જે સમગ્ર શ્રુષ્ટિનો પાલનહાર છે} [૯],અને બીજી જગ્યાએ અલ્લાહ તઆલા જેના વખાણ ઉચ્ચ છે કહ્યું:{اللَّهُ الَّذِي رَفَعَ السَّمَاوَاتِ بِغَيْرِ عَمَدٍ تَرَوْنَهَا ۖ ثُمَّ اسْتَوَىٰ عَلَى الْعَرْشِ ۖ وَسَخَّرَ الشَّمْسَ وَالْقَمَرَ ۖ كُلٌّ يَجْرِي لِأَجَلٍ مُّسَمًّى ۚ يُدَبِّرُ الْأَمْرَ يُفَصِّلُ الْآيَاتِ لَعَلَّكُم بِلِقَاءِ رَبِّكُمْ تُوقِنُونَ (2) {અલ્લાહ તે છે, જેણે આકાશોને વગર સ્તંભે ઊચું કરી રાખ્યું છે, કે તમે તેને જોઇ શકો પછી તે અર્શ પર બિરાજમાન છે, તેણે સૂર્ય અને ચંદ્રને (એક ખાસ કાનૂન માટે) નિયમિત કરી રાખ્યા છે, (આ વ્યવસ્થાની) દરેક વસ્તુઓ નક્કી કરેલ સમય સુધી ચાલી રહી છે, તે જ સૃષ્ટિના કાર્યોની વ્યવસ્થા કરે છે, તે સ્પષ્ટ રીતે પોતાની નિશાનીઓનું વર્ણન કરી રહ્યો છે કે તમે પોતાના પાલનહારની મુલાકાતને સાચી જાણો (૨) {وَهُوَ الَّذِي مَدَّ الْأَرْضَ وَجَعَلَ فِيهَا رَوَاسِيَ وَأَنْهَارًا ۖ وَمِن كُلِّ الثَّمَرَاتِ جَعَلَ فِيهَا زَوْجَيْنِ اثْنَيْنِ ۖ يُغْشِي اللَّيْلَ النَّهَارَ તેણે જ ધરતીને ફેલાવીને પાથરી દીધી છે અને તેમાં પર્વત અને નહેરોનું સર્જન કરી દીધું છે અને તેમાં દરેક પ્રકારના ફળોની બે-બે જોડ બનાવી, તે દિવસને રાત વડે છૂપાવી દે છે, નિ:શંક ચિંતન-મનન કરનારાઓ માટે આમાં ઘણી જ નિશાનીઓ છે}અહી સુધી કહ્યું:{اللَّهُ يَعْلَمُ مَا تَحْمِلُ كُلُّ أُنثَىٰ وَمَا تَغِيضُ الْأَرْحَامُ وَمَا تَزْدَادُ ۖ وَكُلُّ شَيْءٍ عِندَهُ بِمِقْدَارٍ (8) {અલ્લાહ તો તે છે, દરેક માદા પોતાના પેટમાં જે કંઈ પણ રાખે છે તેને અલ્લાહ ખૂબ સારી રીતે જાણે છે અને જે કઈ તેમના પેટમાં ઘટાડો-વધારો થાય છે તેને પણ જાણે છે, અને તેની પાસે દરેક વસ્તુ પ્રમાણસર છે (૮) عَالِمُ الْغَيْبِ وَالشَّهَادَةِ الْكَبِيرُ الْمُتَعَالِ (9)}[9]، છૂપી અને જાહેર દરેક વાતોને તે જાણે છે, (બધા કરતા) મોટો અને (બધા કરતા) ઉચ અને પ્રતિષ્ઠિત છે (૯)} [૧૦],અને બીજી જગ્યાએ અલ્લાહ તઆલા જેના વખાણ ઉચ્ચ છે કહ્યું:{ قُلْ مَن رَّبُّ السَّمَاوَاتِ وَالْأَرْضِ قُلِ اللَّهُ ۚ قُلْ أَفَاتَّخَذْتُم مِّن دُونِهِ أَوْلِيَاءَ لَا يَمْلِكُونَ لِأَنفُسِهِمْ نَفْعًا وَلَا ضَرًّا ۚ قُلْ هَلْ يَسْتَوِي الْأَعْمَىٰ وَالْبَصِيرُ أَمْ هَلْ تَسْتَوِي الظُّلُمَاتُ وَالنُّورُ ۗ أَمْ جَعَلُوا لِلَّهِ شُرَكَاءَ خَلَقُوا كَخَلْقِهِ فَتَشَابَهَ الْخَلْقُ عَلَيْهِمْ ۚ قُلِ اللَّهُ خَالِقُ كُلِّ شَيْءٍ وَهُوَ الْوَاحِدُ الْقَهَّارُ}[10]. {તમે તેમને પૂછો કે આકાશો અને ધરતીનો પાલનહાર કોણ છે ? કહી દો કે “અલ્લાહ”. પછી તેમને કહી દો કે, શું તમે એવા લોકોને પોતાના વ્યવસ્થાપક બનાવી લીધા છે, જે પોતે પોતાના ફાયદા અને નુકસાન પર અધિકાર નથી ધરાવતા? ફરી પૂછો શું આંધળો અને જે જોઇ શકે છે, તે બન્ને સરખા હોઇ શકે છે ? અથવા શું અંધારું અને પ્રકાશ બન્ને સરખા હોઇ શકે છે ? અથવા જેમને અલ્લાહના ભાગીદાર ઠેરવી રહ્યા છે, તેમણે પણ અલ્લાહ જેવું જ બીજું કોઈ સર્જન કર્યું છે ? જે તેમના માટે શંકાસ્પદ થઇ ગઇ હોય? કહી દો કે ફકત અલ્લાહ જ દરેક વસ્તુનો સર્જનહાર છે, તે એકલો છે અને જબરદસ્ત પ્રભાવશાળી છે} [૧૧],

અલ્લાહ તઆલાએ પોતાની નિશાનીઓને બંદાઓ માટે ગવાહી અને દલીલ બનાવી, અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَمِنْ آيَاتِهِ اللَّيْلُ وَالنَّهَارُ وَالشَّمْسُ وَالْقَمَرُ ۚ لَا تَسْجُدُوا لِلشَّمْسِ وَلَا لِلْقَمَرِ وَاسْجُدُوا لِلَّهِ الَّذِي خَلَقَهُنَّ إِن كُنتُمْ إِيَّاهُ تَعْبُدُونَ (37) {દિવસ-રાત અને સૂર્ય-ચંદ્ર (તેની જ) નિશાનીઓ માંથી છે, તમે સૂર્યને સિજદો ન કરો અને ન તો ચંદ્રને, પરંતુ સિજદો તે અલ્લાહ માટે કરો, જેણે તે સૌનું સર્જન કર્યું, જો તમારે તેની જ બંદગી કરવી હોય તો (૩૭)... وَمِنْ آيَاتِهِ أَنَّكَ تَرَى الْأَرْضَ خَاشِعَةً فَإِذَا أَنزَلْنَا عَلَيْهَا الْمَاءَ اهْتَزَّتْ وَرَبَتْ ۚ إِنَّ الَّذِي أَحْيَاهَا لَمُحْيِي الْمَوْتَىٰ ۚ إِنَّهُ عَلَىٰ كُلِّ شَيْءٍ قَدِيرٌ }[11]، તે (અલ્લાહ)ની નિશાનીઓ માંથી એ પણ છે કે તું ધરતીને જુએ છે, કે તે નિર્જન છે, પછી અમે તેના પર પાણી વરસાવીએ છીએ, તો તે હરકતમાં આવી જાય છે અને ઉભરવા લાગે છે, નિઃશંક જે (અલ્લાહ)એ તે ઝમીનને જીવિત કરી છે એવી જ રીતે તે મૃતકોને પણ જીવિત કરશે, ખરેખર અલ્લાહ તઆલા દરેક વસ્તુ પર શક્તિ ધરાવે છે} [૧૨],અને પવિત્ર અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَمِنْ آيَاتِهِ خَلْقُ السَّمَاوَاتِ وَالْأَرْضِ وَاخْتِلَافُ أَلْسِنَتِكُمْ وَأَلْوَانِكُمْ ۚ إِنَّ فِي ذَٰلِكَ لَآيَاتٍ لِّلْعَالِمِينَ (22) {અને તેની નિશાનીઓ માંથી આકાશો અને ધરતીનું સર્જન અને તમારી ભાષાઓ અને રંગોનો તફાવત (પણ) છે, બુદ્ધિશાળી લોકો માટે આમાં ખરેખર ઘણી નિશાનીઓ છે(૨૨) وَمِنْ آيَاتِهِ مَنَامُكُم بِاللَّيْلِ وَالنَّهَارِ وَابْتِغَاؤُكُم مِّن فَضْلِهِ }[12]. અને તેની નિશાનીઓ માંથી તમારી રાત અને દિવસની નિંદ્રા છે અને તેની કૃપા (એટલે કે રોજી)ને શોધવી પણ છે} [૧૩],

અલ્લાહ તઆલાએ પોતાની ઝાતને સપૂર્ણ સુંદર અને મહાન ગુણો સાથે વર્ણન કરી કહ્યું:{ اللَّهُ لَا إِلَٰهَ إِلَّا هُوَ الْحَيُّ الْقَيُّومُ ۚ لَا تَأْخُذُهُ سِنَةٌ وَلَا نَوْمٌ ۚ لَّهُ مَا فِي السَّمَاوَاتِ وَمَا فِي الْأَرْضِ ۗ مَن ذَا الَّذِي يَشْفَعُ عِندَهُ إِلَّا بِإِذْنِهِ ۚ يَعْلَمُ مَا بَيْنَ أَيْدِيهِمْ وَمَا خَلْفَهُمْ ۖ وَلَا يُحِيطُونَ بِشَيْءٍ مِّنْ عِلْمِهِ إِلَّا بِمَا شَاءَ}[13]، {અલ્લાહ સિવાય કોઈ જ ઇલાહ નથી, જે હંમેશાથી જીવિત છે અને સૌને સંભાળી રાખનાર છે, જેને ન ઉંઘ આવે છે ન નિંદ્રા, આકાશો અને ધરતીમાં જે કંઈ પણ છે, દરેક તેનું જ છે કોણ છે, જે તેની પરવાનગી વગર તેની સામે ભલામણ કરી શકે? જે કંઈ લોકોની સામે છે, તે તેને પણ જાણે છે અને જે કંઈ તેમનાથી અદ્રશ્ય છે, તેને પણ જાણે છે, તેઓ તેના જ્ઞાન માંથી કોઇ વસ્તુનો ઘેરાવ નથી કરી શકતા પરંતુ જેટલું તે ઇચ્છે} [૧૪],અને તેણે કહ્યું:{ غَافِرِ الذَّنبِ وَقَابِلِ التَّوْبِ شَدِيدِ الْعِقَابِ ذِي الطَّوْلِ ۖ لَا إِلَٰهَ إِلَّا هُوَ ۖ إِلَيْهِ الْمَصِيرُ }[14]، {તે ગુનાહ માફ કરવાવાળો, તૌબા કબૂલ કરવાવાળો, સખત અઝાબ આપનાર અને ઘણો જ કૃપાળુ તેમજ શક્તિશાળી છે. તેના સિવાય કોઇ ઇલાહ નથી, તેની તરફ જ (સૌને) પાછા ફરવાનું છે} [૧૫],અને બીજી જગ્યાએ અલ્લાહ તઆલા જેના વખાણ ઉચ્ચ છે કહ્યું:{ هُوَ اللَّهُ الَّذِي لَا إِلَٰهَ إِلَّا هُوَ الْمَلِكُ الْقُدُّوسُ السَّلَامُ الْمُؤْمِنُ الْمُهَيْمِنُ الْعَزِيزُ الْجَبَّارُ الْمُتَكَبِّرُ ۚ سُبْحَانَ اللَّهِ عَمَّا يُشْرِكُونَ }[15]. {તે જ અલ્લાહ છે, જેના સિવાય કોઇ ઇલાહ નથી, તે બાદશાહ છે, અત્યંત પવિત્ર , દરેક ખામીથી સલામત, શાંતિ આપનાર, દેખરેખ કરનાર, વિજયી, શક્તિશાળી, મહાન છે. અલ્લાહ તે વાતોથી પાક છે, જેને આ લોકો તેનો ભાગીદાર ઠેરવે છે} [૧૬].

આ હિકમત અને કુદરતવાળો ઇલાહ અને પાલનહાર, જેણે પોતાના બંદાઓ સમક્ષ પોતાનો પરિચત રજૂ કર્યો, અને તેમના માટે પોતાની નિશાનીઓને સાક્ષી અને દલીલ બનાવી, અને પોતાની ઝાતને ઉચ્ચ અને મહાન ગુણો સાથે વર્ણન કરી, તેના

---

[9] ૧૦] સૂરે અર્ રઅદની આયતો નંબર: ૨,3,૮,૯.

[10] ૧૧] સૂરે અર્ રઅદ, આયત નંબર: ૧૬.

[11] ૧૨] સૂરે ફુસ્સિલત, આયત નંબર: ૩૭-૩૯.

[12] ૧૩] સૂરે અર્ રૂમ, આયતો: ૨૨-૨૩.

[13] ૧૪] સૂરે અલ્ બકરહ, આયત નંબર: ૨૫૫.

[14] ૧૫] સૂરે ગાફિર, આયત નંબર: 3.

[15] ૧૬] સૂરે અલ્ હશ્ર, આયત નંબર: ૨૩.

અસ્તિત્વ, તેની રુબૂબિય્યત, એકતા અને તેની ઉલૂહિય્યત પર નબીની શરીઅત, માનવ બુદ્ધિ, ફિતરત અને એવી જ રીતે લોકોનો ઈજમાઅ (એકમત હોવું) પુરાવો આપે છે,તેમાંથી અમુક દલીલો રજૂ કરવામાં આવી રહી છે, અલ્લાહના અસ્તિત્વ, તેની રુબૂબિય્યત, એકતા અને તેની ઉલૂહિય્યતની દલીલો નીચે મુજબ છે:

## ૧- સૃષ્ટિનું સર્જન અને તેમાં રહેલ કુદરતની શ્રેષ્ઠ કારીગરી:

હે માનવી ! તને આ મહાન સૃષ્ટિ એ પોતાનામાં સમાવી રાખ્યો છે, જે આકશો, તારાઓ, ખગોળશાસ્ત્ર અને ફેલાયેલી જમીન દ્વારા સર્જિત છે, જેના અલગ અલગ ટુકડાઓ એકબીજા સાથે જોડાય છે, તે જમીનમાં ઘણા પ્રકારના ફળો અને દરેક સર્જનીઓના જોડા બમણા છે...તો આ સુષ્ટિ જાતે જ આ અસિતવમાં નથી આવી, પરંતુ જરૂરી છે કોઈ તેને સર્જન કરનાર હોઇ, કારણકે તે પોતાનું સર્જન પોતે જ નથી કરી શકતી, હવે સવાલ એ ઊભો થાય છે કે કોણે આ સૃષ્ટિને આ ભવ્ય સિસ્ટમ સાથે પેદા કરી, અને આ સુંદરતા સાથે તેને પૂર્ણ કરી, અને જોવાળાઓ માટે નિશાની બનાવી? ખરેખર એકલો જબદસ્ત અલ્લાહ છે, જેના સિવાય બીજો કોઈ પાલનહાર નથી અને ન તો તેના સિવાય બીજો કોઈ સાચો ઇલાહ છે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ 35) أَمْ خُلِقُوا مِنْ غَيْرِ شَيْءٍ أَمْ هُمُ الْخَالِقُونَ) {શું આ લોકો કોઇ સર્જન કરનાર વગર જાતે જ પેદા થઇ ગયા છે ? અથવા તો આ પોતે સર્જન કરનારા છે ? (૩૫)أَمْ خَلَقُوا السَّمَاوَاتِ وَالْأَرْضَ ۚ بَل لَّا يُوقِنُونَ}[16]، શું આકાશો અને ધરતીને તે લોકોએ પેદા કર્યા છે ? સાચી વાત એ છે કે તેઓ (અલ્લાહની કુદરત પર) યકીન જ નથી રાખતા} [૧૭],આ બંને આયતો ત્રણ સવાલો પર આધારિત છે, જે નીચે મુજબ છે:

૧- શું લોકો સર્જક વગર જાતે જ અસ્તિત્વમાં આવી ગયા છે?
૨- શું તેઓએ પોતે જ પોતાનું સર્જન કર્યું છે?
3- શું તેઓએ આકાશો અને જમીનનું સર્જન કર્યું છે?

જ્યારે તેઓ કોઈ સર્જક વગર પોતે જ અસ્તિત્વમાં નથી આવ્યા, અને ન તો તેમણે પોતે જ પોતાને પેદા કર્યા છે, અને ન તો તેઓ આકાશો અને જમીનના સર્જક છે, તો જરૂરી છે કે એક સર્જકના અસ્તિત્વનો એકરાર કરવામાં આવે, જેણે તેમનું, આકાશો અને જમીનનું સર્જન કર્યું હોઇ, અને તે (સર્જક) એકલો અને જબરદસ્ત અલ્લાહ જ છે.

## ૨- ફિતરત (વૃતિ):

સર્જનની ફિતરત (વૃતિ) માં સર્જકનો અસ્તિત્વ જોવા મળે છે, અને એ કે તે સર્જક દરેક વસ્તુઓથી મોટો અને સંપૂણ છે, આ એહસાસ (લાગણી) માનવીની ફિતરત (વૃતિ)માં ગણિતના નિયમો અને સૂત્રો કરતાં પણ વધુ નિશ્ચિતપણે સ્થાપિત છે, જેને કોઈ પુરાવાની જરૂર નથી, સિવાય એ કે તેની ફિતરતમાં ફેરફાર થઈ ગયો હોઇ અથવા તેની ફિતરત એવી સ્થિતિઓથી પસાર થઈ હોઇ જેણે તેને વાસ્તવિક પુરાવા અપનાવવાથી રોકી રાખ્યા હોઇ [૧૮], અલ્લાહ તઆલાએ કહ્યું:{ فِطْرَتَ اللَّهِ الَّتِي فَطَرَ النَّاسَ عَلَيْهَا ۚ لَا تَبْدِيلَ لِخَلْقِ اللَّهِ ۚ ذَٰلِكَ الدِّينُ الْقَيِّمُ}[17]، {આ જ અલ્લાહ તઆલાની તે ફિતરત છે, જેના માટે તેણે લોકોનું સર્જન કર્યું, અલ્લાહ તઆલાની બનાવટમાં ફેરબદલ હોઈ શકતો નથી, આ જ સાચો દીન છે} [૧૯],અને નબી ﷺ એ કહ્યું:(જે બાળકનો પણ જન્મ થાય છે તેનો જન્મ ફિતરત પર જ થાય છે, તેના પિતા તેને યહૂદી બનાવી દે છે, અથવા નસરાની અથવા મજૂસી બનાવી દે છે, જેવી રીતે કે દરેક જાનવરના બચ્ચા યોગ્ય રીતે જન્મે છે, શું તમે કોઈ જાનવરના બચ્ચાને જન્મ વખતે કાન કાપેલું જોયું છે?ફરી અબૂ હુરૈરહ રઝી. એ કહ્યું: તમે ઈચ્છો તો આ આયત પઢી લો:فِطْرَتَ اللَّهِ الَّتِي فَطَرَ النَّاسَ عَلَيْهَا ۚ لَا تَبْدِيلَ لِخَلْقِ اللَّهِ)[18]، આ જ અલ્લાહ તઆલાની તે ફિતરત છે, જેના માટે તેણે લોકોનું સર્જન કર્યું, અલ્લાહ તઆલાની બનાવટમાં ફેરબદલ હોઈ શકતો નથી) [૨૦],નબી ﷺ એ વધુ કહ્યું:(ખબરદાર ! મારા પાલનહારે મને જે કંઈ પણ આદેશ આપ્યો છે, તેણે મને તે શીખવાડ્યું જે તમે આજે નથી જાણતા, તે એ કે (અલ્લાહ કહે છે) મારા બંદાને જે કંઈ પણ માલ શરીઅત પ્રમાણે આપવામાં આવ્યો છે, તે હલાલ છે, અને મેં મારા બંદાઓને ઇસ્લામ દીન અને સત્યમાર્ગ પર પેદા કર્યા, પરંતુ શૈતાન મારા બંદાઓ પાસે આવી મારા બંદાઓને તેમના દીનથી પથભ્રષ્ટ કરી દીધા, અને જે મેં કઈ હલાલ કર્યું હતું, તે બધું શૈતાને તેમને હરામ કરી બતાવ્યું, અને તેમને આદેશ આપ્યો કે કે તેઓ મારી સાથે શિર્ક કરે, જેના વિશે મેં કોઈ પુરાવા ઉતાર્યા જ નથી આપ્યા) [૨૧],[19*20]

## ૩- દરેક કોમોનો એકમત (સર્વસંમતિ):

દરેક પાછલી અને આગલી કોમો તે વાત પર એકમત છે કે આ સૃષ્ટિનો એક સર્જક છે, અને તે સર્વ સૃષ્ટિનો પાલનહાર અલ્લાહ છે. તેણે જ આકાશો અને જમીનનું સર્જન કર્યું છે, તેના સર્જનમાં તેનું કોઈ ભાગીદાર નથી, જેવુ કે પવિત્ર અને અને ઉચ્ચ પાલનહારની બાદશાહીમાં કોઈ શરીક અને ભાગીદાર નથી.

કોઈ પણ પાછલી કોમ વિષે એવો ઉલ્લેખ કરવામાં નથી આવ્યો કે તેઓ અકીદો ધરાવતા હતા કે તેમના પૂજયો આકાશો અને જમીનના સર્જકમાં અલ્લાહના ભાગીદાર છે; પરંતુ પાછલી કોમોને અકીદો હતો કે અલ્લાહ તઆલાએ તેમને અને તેમના પૂજયોને પેદા કર્યા છે, જેથી અલ્લાહ સિવાય બીજો કોઈ સર્જક અને રોઝી આપનાર નથી, દરેક પ્રકારનો ફાયદો અને નુકસાન ફક્ત પવિત્ર અલ્લાહના હાથમાં જ છે [૨૨],મુશરિકો અલ્લાહને પાલનહાર માનતા હતા આ વાતનો ઉલ્લેખ કરતા અલ્લાહ તઆલાએ કહ્યું:{ 61) وَلَئِن سَأَلْتَهُم مَّنْ خَلَقَ السَّمَاوَاتِ وَالْأَرْضَ وَسَخَّرَ الشَّمْسَ وَالْقَمَرَ لَيَقُولُنَّ اللَّهُ ۖ فَأَنَّىٰ يُؤْفَكُونَ) {અને જો તમે તેમને સવાલ કરો કે ધરતી અને આકાશનું સર્જન કરનાર અને સૂર્ય અને ચંદ્રને કામ પર લગાવનાર કોણ છે ? તો તેમનો જવાબ હશે, “અલ્લાહ તઆલા” પછી ક્યાં ઊંધા જઇ રહ્યા છે (૬૧)اللَّهُ يَبْسُطُ الرِّزْقَ لِمَن يَشَاءُ مِنْ عِبَادِهِ وَيَقْدِرُ لَهُ ۚ إِنَّ اللَّهَ بِكُلِّ شَيْءٍ عَلِيمٌ

---

[16] ૧૭] અત તૂરની બે આયતો: ૩૫-૩૬.
[17] ૧૮[ જુઓ: શૈખુલ્ ઇસ્લામ ઈમામ ઇબ્ને તૈમિય્યા રહ. ની કિતાબ મજમુઉલ્ ફતાવા, ભાગ: ૧, પેજ ૪૭-૪૯, ૭૩.
[18] ૧૯] અર્ રૂમ, આયત નંબર: ૩૦.
[19] ૨૦] આ હદીષને ઈમામ બુખારી રહ. એ કિતાબુલ્ કદર, બાબ ૩ માં અને ઈમામ મુસ્લિમ રહ. એ કિતાબુલ્ કદર, હદીષ નંબર: ૨૬૫૮ મુજબ રિવાયત કરી છે, અને વર્ણવેલ શબ્દો ઈમામ મુસ્લિમ રહ. ના છે.
[20] ૨૧] આ હદીષને ઈમામ અહમદ રહ. એ મુસનદમાં રિવાયત કરી છે, ભાગ ૪, પેજ નંબર: ૧૬૨, અને ઈમામ મુસ્લિમ રહ. એ પણ કિતાબુલ્ જન્નતુ વ સિફતુ નઇમિહા વ અહલિહા, હદીષ નંબર: ૨૮૬૫.

62)) અલ્લાહ તઆલા પોતાના બંદાઓ માંથી જેને ઇચ્છે તેને પુષ્કળ રોજી આપે છે અને જેને ઇચ્છે તેને તંગ કરી દે છે, નિ:શંક અલ્લાહ તઆલા દરેક વસ્તુને સારી રીતે જાણવાવાવાળો છે (૬૨) وَلَئِن سَأَلْتَهُم مَّن نَّزَّلَ مِنَ السَّمَاءِ مَاءً فَأَحْيَا بِهِ الْأَرْضَ مِن بَعْدِ مَوْتِهَا لَيَقُولُنَّ اللَّهُ ۚ قُلِ الْحَمْدُ لِلَّهِ ۚ بَلْ أَكْثَرُهُمْ لَا يَعْقِلُونَ (63 }[21], અને જો તમે તે લોકોને પૂછો કે આકાશ માંથી પાણી ઉતારી, નિષ્પ્રાણ ધરતીને જીવિત કોણે કરી ? તો ખરેખર તે લોકોનો જવાબ આ જ હશે કે “અલ્લાહ”. તમે કહી દો કે દરેક પ્રકારની પ્રશંસા અલ્લાહ માટે જ છે. પરંતુ તેમાંથી ઘણા લોકો સમજતા નથી (૬૩) } [૨૩],અને બીજી જગ્યાએ અલ્લાહ તઆલા જેના વખાણ ઉચ્ચ છે કહ્યું:{ وَلَئِن سَأَلْتَهُم مَّنْ خَلَقَ السَّمَاوَاتِ وَالْأَرْضَ لَيَقُولُنَّ خَلَقَهُنَّ الْعَزِيزُ الْعَلِيمُ }[22]. {જો તમે તેમને પૂછશો કે આકાશો અને ધરતીનું સર્જન કોણે કર્યું, તો ખરેખર તેમનો જવાબ એ જ હશે કે તેમનું સર્જન વિજયી અને હિકમતવાળા (અલ્લાહ)એ જ કર્યું છે} [૨૪],[23]

## ૪- તર્કસંગત આવશ્યકતા:

માનવીની બુદ્ધિ માટે આ વાત સ્વીકારવામાં કોઈ બહાનું નથી કે આ સૃષ્ટિનો એક મહાન સર્જક છે, કારણકે બુદ્ધિ આ સૃષ્ટિને આકસ્મિક સર્જન તરીકે જુએ છે, અને તે પણ માને છે કે આ સૃષ્ટિ એ પોતે જ પોતાનું સર્જન કર્યું નથી, અને દરેક સર્જન માટે એક સર્જક હોવો જરૂરી છે.

માનવી તે વાત જાણે છે કે તેને વિવિધ પ્રકારની કસોટીઓ અને સમસ્યાઓનો સામનો કરવો પડતો હોઇ છે, અને જયારે માનવી તે પરેશાનીઓને દૂર કરવા માટે અસક્ષમ રહે છે, તો તેનું ધ્યાન આકાશ તરફ દોરાય છે, અને પોતાના પાલનહાર પાસે ફરિયાદ કરે છે, જેથી પાલનહાર તેનું દુખ દૂર કરે અને તેની તકલીફ દૂર થઈ જાય, ભલે ને તે સામાન્ય સમયમાં પોતાના પાલનહારનો ઇન્કાર કરવાવાળો કેમ ન હોઇ, તો પણ (જ્યારે આવી પરિસ્થિતિ આવે છે તો) આ ફિતરત જાહેર થઈને રહે છે તેને ટાળી શકાય તેમ નથી, પરંતુ તેનો એકરાર કરવો જરૂરી છે,અહીં સુધી કે જાનવરોને પણ જ્યારે કોઈ મુસીબત આવે છે તો તેઓ પોતાની નજરો આકાશ તરફ ઉઠાવે છે,અલ્લાહ તઆલાએ માનવીની આ જ ફિતરતની ખબર આપી કે જ્યારે પણ તેને કોઈ મુસીબત કે પરેશાની આવે છે તો તે તરત જ પોતાના પાલનહાર તરફ રજૂ કરે છે, અને દુઆ કરે છે કે આ પરેશાનીને દૂર કરી દે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَإِذَا مَسَّ الْإِنسَانَ ضُرٌّ دَعَا رَبَّهُ مُنِيبًا إِلَيْهِ ثُمَّ إِذَا خَوَّلَهُ نِعْمَةً مِّنْهُ نَسِيَ مَا كَانَ يَدْعُو إِلَيْهِ مِن قَبْلُ وَجَعَلَ لِلَّهِ أَندَادًا }[24], {અને માનવીને જ્યારે કોઇ તકલીફ પહોંચે છે, તો તે વિનમ્રતાથી પોતાના પાલનહારને પોકારે છે, પછી જ્યારે અલ્લાહ તઆલા તેને પોતાની પાસેથી કૃપા આપી દે છે, તો તે (કૃપા મળ્યા) પહેલા જે દુઆ કરતો હતો, તેને ભૂલી જાય છે અને અલ્લાહ તઆલાના ભાગીદાર ઠેરવવા લાગે છે} [૨૫],અને અલ્લાહ તઆલાએ મુશરિકોની સ્થિતિ વર્ણન કરતાં કહ્યું:{ هُوَ الَّذِي يُسَيِّرُكُمْ فِي الْبَرِّ وَالْبَحْرِ ۖ حَتَّىٰ إِذَا كُنتُمْ فِي الْفُلْكِ وَجَرَيْنَ بِهِم بِرِيحٍ طَيِّبَةٍ وَفَرِحُوا بِهَا جَاءَتْهَا رِيحٌ عَاصِفٌ وَجَاءَهُمُ الْمَوْجُ مِن كُلِّ مَكَانٍ وَظَنُّوا أَنَّهُمْ أُحِيطَ بِهِمْ ۙ دَعَوُا اللَّهَ مُخْلِصِينَ لَهُ الدِّينَ لَئِنْ أَنجَيْتَنَا مِنْ هَٰذِهِ لَنَكُونَنَّ مِنَ الشَّاكِرِينَ (22) {તે તો (અલ્લાહ) છે, જે તમને ભૂમિ પર અને દરિયામાં ચલાવે છે, ત્યાં સુધી કે જ્યારે તમે હોડીમાં હોવ છો અને તે હોડી લોકોને લઇને હવાની અનુકૂળતા પ્રમાણે ચાલતી હોય છે અને તે લોકો તેનાથી આનંદ મેળવે છે, (અચાનક) તેમના પર એક સખત વાવાઝોડું આવે છે અને દરેક બાજુથી તેમના પર મોજાઓ ઉઠે છે, અને તે સમજે છે અમે ઘેરાઇ ગયા, (તે સમયે) સૌ નિખાલસતાથી અલ્લાહ સમક્ષ દુઆ કરે છે, કે જો તું અમને આનાથી બચાવી લે તો અમે જરૂર આભાર વ્યક્ત કરનારા બની જઇશું (૨૨) فَلَمَّا أَنجَاهُمْ إِذَا هُمْ يَبْغُونَ فِي الْأَرْضِ بِغَيْرِ الْحَقِّ ۗ يَا أَيُّهَا النَّاسُ إِنَّمَا بَغْيُكُمْ عَلَىٰ أَنفُسِكُم ۖ مَّتَاعَ الْحَيَاةِ الدُّنْيَا ۖ ثُمَّ إِلَيْنَا مَرْجِعُكُمْ فَنُنَبِّئُكُم بِمَا كُنتُمْ تَعْمَلُونَ (23)}[25], પછી જ્યારે અલ્લાહ તેમને બચાવી લે છે, તો તરત જ વિદ્રોહી બની ધરતી પર વિદ્રોહ કરવા લાગે છે. હે લોકો ! (ધ્યાનથી સાંભળો, આ વિદ્રોહ તમારા માટે આપત્તિનું કારણ બનશે, દુનિયાના જીવનનો (થોડાંક) ફાયદાઓ ઉઠાવી લો પછી તમારે અમારી તરફ પાછા ફરવાનું છે, પછી અમે તમારા બધા કાર્યો બતાવી દઇશું (૨૩) } [૨૬],અને બીજી જગ્યાએ જબદસ્ત અને ઉચ્ચ અલ્લાહ એ કહ્યું:{ وَإِذَا غَشِيَهُم مَّوْجٌ كَالظُّلَلِ دَعَوُا اللَّهَ مُخْلِصِينَ لَهُ الدِّينَ فَلَمَّا نَجَّاهُمْ إِلَى الْبَرِّ فَمِنْهُم مُّقْتَصِدٌ ۚ وَمَا يَجْحَدُ بِآيَاتِنَا إِلَّا كُلُّ خَتَّارٍ كَفُورٍ }[26]. {અને જ્યારે તેમના પર મોજા છાંયડાની જેમ આવી જાય છે, તો તે નિખાલસતા અને તેના અનુસરણ કરવાના વચન સાથે અલ્લાહ તઆલાને જ પોકારે છે, પછી જ્યારે તે (અલ્લાહ તઆલા) તેમને બચાવી ધરતી તરફ લઈ આવે છે તો તેમના માંથી કેટલાક જ સત્ય માર્ગ પર રહે છે અને અમારી આયતોનો ઇન્કાર ફક્ત તે જ લોકો કરે છે, જે વચન ભંગ કરનાર અને કૃતઘ્ની છે} [૨૭].

આ ઇલાહ, જે સૃષ્ટિને અસ્તિત્વમાં લાવ્યો, શ્રેષ્ઠ સ્વરૂપમાં માનવીનું સર્જન કર્યું, અને તેની ફિતરતમાં પોતાની બંદગીનો એકરાર અને તેની સામે પોતાને અર્પણ કરી દેવાને સાબિત કર્યું, માનવીની બુદ્ધિએ તેની રુબૂબિય્યત અને ઉલૂહિય્યતને કબૂલ કરી, જેની રુબૂબિય્યત અને ઉલૂહિય્યતના એકરાર પર દરેક કોમો એકમત છે, એટલા માટે જરૂરી છે તે ઇલાહ પોતાની રુબૂબિય્યત અને ઉલૂહિય્યતમાં એકલો હોઇ,જેથી જો કોઈ એના સર્જકમાં ભાગીદાર નથી એવી જ રીતે તેની રુબૂબિય્યતમાં કોઈ તેનું ભાગીદાર નથી, તેની ઘણી દલીલો છે, જેમાંથી અમુક નીચે મુજબ છે:

૧- આ સૃષ્ટિમાં ફક્ત એક જ મઅબૂદ (ઇલાહ) સાચો છે, જે સર્જક અને રોઝી આપનાર છે, અને તે જ દરેક પ્રકારના નફા અને નુકસાનનો માલિક છે, જો આ સૃષ્ટિમાં બીજો કોઈ મઅબૂદ (ઇલાહ) હોત તો તેનું પણ અલગ કાર્ય, સર્જન અને નિર્ણયો હોત, અને બંનેમાં કોઈ પણ એ વાતનો સ્વીકાર ન કરતા કે બીજો તેનો ભાગીદાર બને [૨૮],અને એવી જ રીતે તે બંનેમાં જરૂર કોઈ બીજા પર પ્રભાવિત થઈ તેને પોતાની હેઠળ કરી લેતો, આ સ્થિતિમાં હારેલા માટે મઅબૂદ (ઇલાહ) બનવું અશક્ય છે, જે પ્રભાવિત છે તેજ સાચો મઅબૂદ (ઇલાહ) છે, અને તેની ઉલૂહિય્યતમાં કોઈ તેનો ભાગીદાર અને શરીક નથી જેવુ કે

---

[21] ૨૨[ જુઓ: શૈખુલ્ ઇસ્લામ ઈમામ ઇબ્ને તૈમિય્યા રહ. ની કિતાબ મજમુઉલ્ ફતાવા, ભાગ: ૧૪, પેજ નંબર: ૩૮૦-૩૮૩, અને ભાગ, ૭, પેજ નંબર: ૭૫.

[22] ૨૩] અલ્ અન્કબૂત, આયત નંબર: ૬૧-૬૩.

[23] ૨૩] અઝ્ ઝુખ્રુફ, આયત નંબર: ૯.

[24] *વધુ માહિતી માટે જુઓ ઈમામ મુજદ્દીદ મુહમ્મદ બિન અબ્દુલ્ વહ્હાબ રહ. ની કિતાબ: કિતાબુત્ તૌહીદ, [૨૫] સૂરે અઝ્ ઝુમર, આયત નંબર: ૮.

[25] ૨૬] યુનૂસ, આયત નંબર: ૨૨-૨૩.

[26] ૨૭] લુકમાન , આયત નંબર: ૩૨.

રૂબૂબિય્યતમાં કોઈ ભાગીદાર નથી, અલ્લાહ તઆલાએ કહ્યું:{ مَا اتَّخَذَ اللَّهُ مِن وَلَدٍ وَمَا كَانَ مَعَهُ مِنْ إِلَٰهٍ ۚ إِذًا لَّذَهَبَ كُلُّ إِلَٰهٍ بِمَا خَلَقَ وَلَعَلَا بَعْضُهُمْ عَلَىٰ بَعْضٍ ۚ سُبْحَانَ اللَّهِ عَمَّا يَصِفُونَ }[27]. {ન તો અલ્લાહએ કોઈને દીકરો બનાવ્યો અને ન તો તેની સાથે કોઈ ઇલાહ છે, જો એવી વાત હોત તો દરેક ઇલાહ પોતાના સર્જનને લઇને અલગ થઇ જાત અને દરેક એકબીજા પર ચઢી બેસતા, અલ્લાહ તે વાતોથી પાક છે, જે આ લોકો બયાન કરી રહ્યા છે} [૨૯],[28]

૨- દરેક પ્રકારની ઈબાદતો ફક્ત તે અલ્લાહ માટે જ લાયક છે, જે આકાશો અને જમીનનો માલિક છે, કારણકે માનવી તે જ મઅબૂદ (ઇલાહ) ની નિકટતા પ્રાપ્ત કરે છે, જે તેને ફાયદો પહોંચાડે, અને નુકસાનથી દૂર રાખે, અને દરેક પ્રકારના ફિતનાથી તેની સુરક્ષા કરે,સામાન્ય વાત છે કે આ દરેક કાર્યોને ફક્ત તે જ પૂરા કરી શકે છે, જે આકાશ અને જમીન વચ્ચેના દરેક સર્જનનો માલિક છે, અને જો તેની સાથે બીજા પણ કોઈ મઅબૂદ હોત, જેવુ કે મુશરીકો સમજે છે, તો પણ તેના બંદાઓ ફક્ત તેની જ ઈબાદતના માર્ગે ચાલતા જે સાચો બાદશાહ છે;કારણકે આ જૂઠા પૂજયો પણ ફક્ત અલ્લાહની જ ઈબાદત કરતાં હતા, અને તેની નિકટતા પ્રાપ્ત કરતાં હતા, એટલા માટે જે વ્યક્તિ તે ઝાતની નિકટતા પ્રાપ્ત કરવા માંગતો હોય જે નફા અને નુકસાનનો માલિક છે, તો તેના માટે જરૂરી છે કે તેં તે સાચા મઅબૂદની ઈબાદત કરે , જેની ઈબાદત આકાશ અને જમીનના દરેક સર્જન કરે છે, અને જૂઠા મઅબૂદો વિશે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ قُل لَّوْ كَانَ مَعَهُ آلِهَةٌ كَمَا يَقُولُونَ إِذًا لَّابْتَغَوْا إِلَىٰ ذِي الْعَرْشِ سَبِيلًا }[29]، {તમે તેમને કહી દો કે જો અલ્લાહ સાથે બીજો કોઈ ઇલાહ હોત, જેવું કે આ મુશરિક લોકો કહે છે, તો જરૂર અત્યાર સુધી અર્શના માલિક સુધીનો માર્ગ શોધી કાઢતા} [૩૦],અને જે વ્યક્તિ સત્યતાનું માર્ગદર્શન મેળવવા માંગતો હોઇ તે અલ્લાહની આ આયત પઢે:{ قُلِ ادْعُوا الَّذِينَ زَعَمْتُم مِّن دُونِ اللَّهِ ۖ لَا يَمْلِكُونَ مِثْقَالَ ذَرَّةٍ فِي السَّمَاوَاتِ وَلَا فِي الْأَرْضِ وَمَا لَهُمْ فِيهِمَا مِن شِرْكٍ وَمَا لَهُ مِنْهُم مِّن ظَهِيرٍ (22) {હે નબી! ) કહી દો કે જે લોકોને અલ્લાહ સિવાય તમે ઇલાહ સમજી રહ્યા છો, તેમને પોકારી જોઈ લો, તેમના માંથી કોઇ આકાશો અને ધરતી માંથી એક કણ બરાબર પણ અધિકાર નથી ધરાવતા , ન તો તેમાં તે લોકોનો કોઇ ભાગ છે, ન તો તેમના માંથી કોઇ અલ્લાહની મદદ કરે છે. (૨૨)وَلَا تَنفَعُ الشَّفَاعَةُ عِندَهُ إِلَّا لِمَنْ أَذِنَ لَهُ }[30]، તેની પાસે ફક્ત તેમની જ ભલામણો ફાયદો પહોચાડી શકે છે, જેને તે પોતે પરવાનગી આપે} [૩૧],આ આયતો ચાર બાબતોના કારણે અલ્લાહ સિવાયના પૂજયો સાથે હ્રદયના લગાવને તોડી નાખે છે:

પહેલી બાબત: આ ભાગીદારો અલ્લાહ સાથે એક કણ  બરાબર પણ કોઈ અધિકાર ધરાવતા નથી, અને જે કોઈ એક કણનો પણ માલિક ન હોય, ન કોઈ નફો પહોંચાડી શકતો હોય અને ન તો કોઈ નુકસાન, તો પછી તે કઈ રીતે ઇલાહ હોવાનો અથવા અલ્લાહના ભાગીદાર હોવાના હક ધરાવી શકે છે,  અલ્લાહ જ દરેક લોકોનો માલિક છે અને તે એકલો જ દરેકનો વ્યવસ્થાપક છે.

બીજી બાબત: તેઓ આકાશો અને જમીનમાં કોઈ પણ વસ્તુ પર કંઈ પણ અધિકાર ધરાવતા નથી અને ન તો તેઓ આકાશો અને જમીનમાં એક કણ બરાબર પણ ભાગીદારી ધરાવે છે.

ત્રીજી બાબત:સર્જનમાંથી કોઈ પણ અલ્લાહનો મદદગાર નથી, પરંતુ અલ્લાહ નેક અને સત્કાર્યોમાં તેમની મદદ કરે છે, અને નુકસાનને દૂર કરે છે; કારણકે તે અલ્લાહ તેમનાથી સંપૂણ બેનિયાજ છે,અને તે દરેક પાલનહારના જરૂરતમંદ અને મોહતાજ છે.

ચોથી બાબત: તે ભાગીદારો અલ્લાહ સમક્ષ પોતાના અનિયાયીઓની ભલામણ પણ કરવાનો અધિકાર નથી ધરાવતા, અને ન તો તેમને ભલામણ કરવાની પરવાનગી આપવામાં આવી છે, પવિત્ર અલ્લાહ ફક્ત પોતાના વલીઓને ભલામણ કરવાની પરવાનગી આપશે, અને તે વલીઓ પણ તેમના હકમાં દુઆ કરશે જેમની વાતો અને કાર્યો અને અકીદાથી અલ્લાહ રાજી હશે [૩૨].[31]

૩- સૃષ્ટિના કાર્યોનું મુહકમ (મક્કમ) અને વ્યવસ્થિત હોવું પણ તે વાતની સૌથી મોટી દલીલ છે કે આનો વ્યવસ્થાપક એક અલ્લાહ, એક માલિક, એક પાલનહાર છે, જેના સિવાય સર્જનનો ન તો કોઈ મઅબૂદ છે ન તો કોઈ પાલનહાર,એટલા માટે આ સૃષ્ટિ માટે બે સર્જક હોવા અશક્ય છે એવી જ રીતે બે મઅબૂદ હોવા પણ અશક્ય છે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ لَوْ كَانَ فِيهِمَا آلِهَةٌ إِلَّا اللَّهُ لَفَسَدَتَا }[32]، {જો આકાશ અને ધરતીમાં અલ્લાહ સિવાય કોઈ પૂજ્ય હોત તો આ બન્ને અસ્ત-વ્યસ્ત થઇ જાત} [૩૩]જો એમ માની લેવામાં આવે, કે આકાશો અને જમીનમાં અલ્લાહ સિવાય પણ કોઈ બીજો મઅબૂદ (ઇલાહ) છે, તો તેઓ બંને અસ્તવ્યસ્ત થઈ જતા, તેનું કારણ તે છે કે જો અલ્લાહ સાથે બીજો કોઈ મઅબૂદ (ઇલાહ) હોતો, તો તે શક્ય હતું કે તે બંને માંથી દરેકને પોતાનો મંતવ્ય, આદેશ, વ્યવસ્થા લાગુ કરવાની શક્તિ હોતી, જેના પરિણામે વિરોધ અને ઝઘડો થતો, અને છેવટે (સૃષ્ટિ માં) વિકૃતિ ઊભી થઈ જતી [૩૪].અને જ્યારે શરીર માટે બે એક જેવી જ આત્માઓનું સંગમ અશક્ય છે,  જો આવું હોય તો શરીર નષ્ટ થઈ જાય, તો સૃષ્ટિ વિશે આવુ કેવી રીતે વિચારી શકાય છે, જે (શરીર) કરતા ઘણી મોટી છે [૩૫],[33*34]

૪- તેના પર દરેક પયગંબરો અને નબીઓને ઇજમાઅ (એકમત):

દરેક કોમ એ વાત પર એકમત છે કે, પયગંબરો અને નબીઓ દરેક લોકોમાં સૌથી વધુ બુદ્ધિશાળી, સૌથી વધારે પવિત્ર, શ્રેષ્ઠ અખલાક વાળા, પોતાની કોમ પ્રત્યે પરોપકારી, અલ્લાહની મુરાદને સૌથી વધારે જાણવાવાળા, હિદાયત અને સત્યના માર્ગ પર સક્રિય હોઇ છે, કારણકે અલ્લાહ તઆલા તેમણે પોતાની તરફથી વહી મોકલે છે, જેને તેઓ લોકો સુધી પહોંચાડે છે,સૌથી પહેલા નબી આદમ અ.સ. થી લઈ સૌથી છેલ્લા નબી મુહમ્મદ ﷺ સુધી દરેક પયગંબરો અને નબીઓ એ વાત

---

[27] ૨૮] જુઓ: અકીદહ તહાવિય્યહની સમજૂતી, પેજ નંબર: ૩૯.
[28] ૨૯] અલ્ મુઅમિનૂન, આયત નંબર: ૯૧.
[29] ૩૦] સૂરે અલ્ ઇસ્રા, આયત નંબર: ૪૨.
[30] ૩૧] સૂરે સબા, બે આયત નંબર: ૨૩-૨૪.
[31] ૩૨] જુઓ: અબ્દુલ્લાહ બિન હસન રહ. ની કિતાબ, કુરતુ ઉયૂનિલ્ મુવહ્હિદીન, પેજ નંબર: ૧૦૦.
[32] ૩૩] અલ્ અમ્બિયા, આયત નંબર: ૨૨.
[33] ૩૪] જુઓ: ફત્હુલ કદીર, ભાગ: ૨, પેજ નંબર: ૪૦૩.
[34] ૩૫] જુઓ: મિફતાહુદ્ દારુસ્ સઆદહ, ભાગ: ૧ પેજ નંબર: ૨૬૦.

પર એકમત હતા કે પોતાની કોમને અલ્લાહ પણ ઈમાન લાવવા, અને તેના સિવાય અન્યની ઈબાદત કરવાથી રોકવા અને અલ્લાહને સાચો મઅબૂદ (ઇલાહ) સ્વીકાર કરવાની દઅવત આપવામાં આવે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَمَا أَرْسَلْنَا مِن قَبْلِكَ مِن رَّسُولٍ إِلَّا نُوحِي إِلَيْهِ أَنَّهُ لَا إِلَٰهَ إِلَّا أَنَا فَاعْبُدُونِ }[35]، {અને તમારા કરતા પહેલા જેટલા રસૂલ પણ અમે મોકલ્યા, તેમની તરફ આ જ વહી કરતા રહ્યા કે મારા સિવાય કોઈ ઈબાદતને લાયક નથી, એટલા માટે તમે ફક્ત મારી જ બંદગી કરો} [૩૬],અને બીજી જગ્યાએ અલ્લાહ તઆલા જેના વખાણ ઉચ્ચ છે નૂહ અ. સ. વિશે કહ્યું કે તેમણે પોતાની કોમને કહ્યું:{ أَن لَّا تَعْبُدُوا إِلَّا اللَّهَ ۖ إِنِّي أَخَافُ عَلَيْكُمْ عَذَابَ يَوْمٍ أَلِيمٍ }[36]، {એ કે અલ્લાહ સિવાય કોઈની બંદગી ન કરો, હું તમને અલ્લાહ તરફથી તમને સચેત કરનાર અને ખુશખબર આપનારો છું} [૩૭],અને પવિત્ર અલ્લાહ તઆલાએ પોતાના અંતિમ નબી મુહમ્મદ ﷺ વિષે કહ્યું કે તેમણે પોતાની કોમને કહ્યું:{ قُلْ إِنَّمَا يُوحَىٰ إِلَيَّ أَنَّمَا إِلَٰهُكُمْ إِلَٰهٌ وَاحِدٌ ۖ فَهَلْ أَنتُم مُّسْلِمُونَ }[37]. {કહી દો કે, મારી પાસે તો બસ વહી કરવામાં આવે છે કે તમારા સૌનો ઇલાહ એક જ છે, તો શું તમે પણ તેની આજ્ઞાનું પાલન કરો છો?} [૩૮].

તે મઅબૂદ જેણે આ સૃષ્ટિ જે અસ્તિત્વમાં નહતી તેને અદ્ભુત રીતે અસ્તિત્વ આપ્યું, શ્રેષ્ઠ સ્વરૂપમાં માનવીનું સર્જન કર્યું, અને તેને ઇઝ્ઝત આપી અને આદર કર્યો, તેની ફિતરત (વૃતિ) માં અલ્લાહની રુબૂબિય્યત અને ઉલૂહિય્યતનો એકરાર મૂક્યો, જેણે તેના દિલની સ્થિતિ એવી કરી દીધી કે જ્યાં સુધી તે પોતાના સર્જક સામે માથું નમાવી ન દે તેણે બતાવેલા માર્ગ પર ન ચાલે તો તેને ત્યાં સુધી શાંતિ અને સુકૂન પ્રાપ્ત ન થાય, અને તેની આત્મા માટે તે વાજિબ કરી દીધું કે જ્યાં સુધી તે પોતાના સર્જક તરફ પાછી ન ફરે અને તેની સાથે પોતાનો સંબંધ વ્યવસ્થિત ન કરે ત્યાં સધી તેને શાંતિ ન મળે, જયારે કે સર્જક સાથે સંબંધ બનાવવાનો તરીકો ફક્ત એ છે કે તે સત્ય માર્ગ પર ચાલવામાં આવે જેનું માર્ગદર્શન અલ્લાહના માનનીય પયગંબરો એ આપ્યું, અને અલ્લાહ તઆલા એ એવી બુદ્ધિ આપે જે ત્યાં સુધી હેરાન, પરેશાન અને સમૌન રીતે પોતાની જવાબદારી પૂર્ણ કરવામાં અસમર્થ રહેશે જ્યાં સુધી તે પોતાના પાલનહાર પર ઈમાન ન લઈ આવે,

જ્યારે ફિતરત સત્ય માર્ગ પર હોઇ, મનમાં શાંતિ હોઇ, દિલમાં ચેન હોઇ, અને બુદ્ધિ અલ્લાહ પર ઈમાન ધરાવતી હોઇ, ત્યારે માનવી દુનિયા અને આખિરતમાં નેકી, ચેન, સુકૂન, અને શાંતિ પ્રાપ્ત કરી શકે છે,અને જો માનવી સત્ય માર્ગનો ઇન્કાર કરે, તો તે દુનિયાના જીવનમાં હેરાન થઈ જીવન પસાર કરે છે, અને તેને જાણ પણ નથી હોતી કે કોણ તેને ફાયદો પહોંચાડે છે અને કોણ તેનું નુકસાન દૂર કરે છે,દિલમાં ઈમાન જગાડવા માટે અને કુફ્રની ભયાનકતા સ્પષ્ટ કરવા માટે અલ્લાહ તઆલાએ એક ઉદાહરણ આપ્યું, કારણકે ઉદાહરણો દ્વારા અર્થ અને સમજૂતી દિલમાં ઉતરી જાય છે, તે ઉદાહરણમાં અલ્લાહ તઆલાએ તે વ્યક્તિની તુલના જે અલગ અલગ મઅબૂદો (પૂજયો) વચ્ચે સપડાયેલો રહે છે, તે વ્યક્તિ સાથે કરી જે ફકત એક અલ્લાહની ઈબાદત કરે છે, પવિત્ર અલ્લાહ તઆલાએ કહ્યું:{ ضَرَبَ اللَّهُ مَثَلًا رَّجُلًا فِيهِ شُرَكَاءُ مُتَشَاكِسُونَ وَرَجُلًا سَلَمًا لِّرَجُلٍ هَلْ يَسْتَوِيَانِ مَثَلًا ۚ الْحَمْدُ لِلَّهِ ۚ بَلْ أَكْثَرُهُمْ لَا يَعْلَمُونَ }[38]. {અલ્લાહ તઆલા એક ઉદાહરણ વર્ણવી રહ્યો છે, તે (દાસ) વ્યક્તિ, જેના માલિક થવામાં પરસ્પર ઘણા લોકો ભાગીદાર છે, તથા બીજો તે વ્યક્તિ, જે ફક્ત એક જ વ્યક્તિની માલિકી હેઠળ છે, શું આ બન્ને સરખા હોઇ શકે છે, અલ્લાહ તઆલા માટે જ દરેક પ્રકારની પ્રશંસા છે, (આ ઉદાહરણથી વાત સ્પષ્ટ થઇ ગઈ) તેમાંથી ઘણા લોકો સમજતા નથી} [૩૯].અલ્લાહ તઆલા, એક અલ્લાહમાં માનવવાળો અને મુશરીક માટે એવા દાસનું ઉદાહરણ આપી રહ્યો છે, જેના માલિકો એક બીજા વચ્ચે ઝઘડો કરવાવાળા છે, અને તે દાસ તે લોકો વચ્ચે વિભાજિત થયેલો છે, તેમના માંથી દરેક તેને કોઈ વાત કહે છે અથવા આદેશ આપે છે, તેની સ્થિતિ એવી છે કે તે તેઓની વચ્ચે ભટકેલો છે, કોઈ એક માર્ગ પર નથી રહી શકતો, અને ન તો તે તેનો અધિકાર ધરાવે છે, કે તે દરેક વિરોધાભાસી ભાગીદારોની અલગ અલગ પ્રકારની ઈચ્છાઓ પૂરી કરી શકે, જે તેની શક્તિ અને તાકાતને ખત્મ કરી દે છે !તે વિરુદ્ધ એક એવો દાસ જે ફક્ત એક માલિક હેઠળ હોઇ, અને તે જાણે છે કે તેનો માલિક તેની પાસે કેવી વસ્તુઓની અપેક્ષા રાખે છે, અને કેવી બાબતો વિષે તેને આદેશ આપે છે, જેથી એક સ્પષ્ટ માર્ગે શાંતિથી અડગ રહી શકે છે, અને બંને પ્રકારના દાસ સરખા નથી, કારણકે આ ફક્ત એક માલિકનું અનુસરણ કરવાવાળો છે અને દ્રઢતા, જ્ઞાન, અને યકીન, રાહત પામેલો છે, જ્યારે કે પેલો દાસ એક બીજા સાથે વિરોધ કરનારા અલગ અલગ મોલિકો હેઠળ છે, જેથી તે અઝાબ અને બેચેનીમાં સપડાયેલો છે, કોઈ એક સ્થિતિ પર અડગ નથી રહી શકતો, અને તેમના માંથી કોઈ એકને પણ રાજી નથી કરી શકતો, વિચારો કે તે કેવી રીતે દરેકને રાજી કરી શકે?

જ્યારે મેં અલ્લાહના અસ્તિત્વ, તેની રુબૂબિય્યત અને ઉલૂહિય્યતના પુરાવા આપ્યા, તો વધુ સારું રહેશે કે સૃષ્ટિ અને માનવીના સર્જન વિષે પણ આપણે પરિચિત થઈએ, અને તેમાં છૂપાયેલી અલ્લાહની હિકમત શોધીએ.

# સૃષ્ટિનું સર્જન

અલ્લાહ તઆલાએ આ સૃષ્ટિ, જેમાં આકાશો, જમીન, તારાઓ, ખગોળશાસ્ત્ર, સમુદ્રો, વૃક્ષો અને દરેક જાનવરોને બિનઅસ્તિત્વ માંથી અસ્તિત્વ આપ્યું, અલ્લાહ તઆલાએ કહ્યું:{قُلْ أَئِنَّكُمْ لَتَكْفُرُونَ بِالَّذِي خَلَقَ الْأَرْضَ فِي يَوْمَيْنِ وَتَجْعَلُونَ لَهُ أَندَادًا ۚ ذَٰلِكَ رَبُّ الْعَالَمِينَ (9) {તમે તેમને કહી દો ! કે શું તમે તે (અલ્લાહ) નો ઇન્કાર કરો છો અને તમે તેના ભાગીદાર ઠેરવો છો, જેણે બે દિવસમાં ધરતીનું સર્જન કર્યું, સમગ્ર સૃષ્ટિનો પાલનહાર તે જ છે (૯) وَجَعَلَ فِيهَا رَوَاسِيَ مِن فَوْقِهَا وَبَارَكَ فِيهَا وَقَدَّرَ فِيهَا أَقْوَاتَهَا فِي أَرْبَعَةِ أَيَّامٍ سَوَاءً لِّلسَّائِلِينَ (10) અને તેણે ધરતી પર ઉપરથી પર્વતો ઠોસી દીધા અને તેમાં બરકત મૂકી અને તેમાં ઊપજોની વ્યવસ્થા પણ કરી દીધી, (ફક્ત) ચાર દિવસમાં, આ ધરતી દરેક જરૂરતમંદો માટે સરખી છે. (૧૦) ثُمَّ اسْتَوَىٰ إِلَى السَّمَاءِ وَهِيَ دُخَانٌ فَقَالَ لَهَا وَلِلْأَرْضِ ائْتِيَا طَوْعًا أَوْ كَرْهًا قَالَتَا أَتَيْنَا طَائِعِينَ (11) પછી આકાશ તરફ ધ્યાન આપ્યું, તે સમયે તે ધુમાડા જેવું હતું, બસ ! તેને અને ધરતીને આદેશ આપ્યો, અસ્તિત્વમાં આવી જાવ, તમારી ઈચ્છા હોય કે ન હોય, બન્નેએ કહ્યું કે અમે રાજી-ખુશીથી હાજર છે. (૧૧) فَقَضَاهُنَّ سَبْعَ سَمَاوَاتٍ فِي يَوْمَيْنِ وَأَوْحَىٰ فِي كُلِّ سَمَاءٍ أَمْرَهَا ۚ وَزَيَّنَّا السَّمَاءَ الدُّنْيَا بِمَصَابِيحَ وَحِفْظًا ۚ ذَٰلِكَ تَقْدِيرُ الْعَزِيزِ الْعَلِيمِ (12) }[39]. બસ ! બે દિવસમાં સાત આકાશ બનાવી દીધા અને દરેક આકાશમાં તેના પ્રમાણે યોગ્ય આદેશની વહી મોકલી અને

---

[35] ૩૬] અલ્ અમ્બિયા, આયાત નંબર: ૨૫.

[36] ૩૭] હૂદ, આયાત નંબર: ૨.

[37] ૩૭] અલ્ અમ્બિયા, આયાત નંબર: ૧૦૮.

[38] ૩૯] ઝુમર નંબર: ૨૯.

[39] ૪૦] ફુસ્સિલત, આયત નંબર: ૯-૧૨.

અમે દુનિયાના આકાશને તારાઓ વડે શણગાર્યું અને તેમના દ્વારા હિફાજત કરવાનું કામ લીધું, આ બનાવટ વિજયી, જ્ઞાનવાળા અલ્લાહની છે. (૧૨) } [૪૦].
અને બીજી જગ્યાએ અલ્લાહ તઆલા જેના વખાણ ઉચ્ચ છે કહ્યું:{ أَوَلَمْ يَرَ الَّذِينَ كَفَرُوا أَنَّ السَّمَاوَاتِ وَالْأَرْضَ كَانَتَا رَتْقًا فَفَتَقْنَاهُمَا ۖ وَجَعَلْنَا مِنَ الْمَاءِ كُلَّ شَيْءٍ حَيٍّ ۖ أَفَلَا يُؤْمِنُونَ (30) {શું કાફિરોએ જોયું નથી કે આકાશો અને ધરતી એકબીજા સાથે ભેગા હતા, પછી અમે તે બન્નેને એકબીજાથી અલગ કર્યા, અને દરેક જીવિત વસ્તુને અમે પાણીથી બનાવ્યું, શું આ લોકો તો પણ ઈમાન નથી લાવતા (૩૦) وَجَعَلْنَا فِي الْأَرْضِ رَوَاسِيَ أَن تَمِيدَ بِهِمْ وَجَعَلْنَا فِيهَا فِجَاجًا سُبُلًا لَّعَلَّهُمْ يَهْتَدُونَ (31) અને અમે ધરતી પર પર્વત બનાવી દીધા, જેથી તે ઝમીન તેમને લઈ હરકત ન કરી શકે, અને અમે તેમાં પહોળા માર્ગ બનાવી દીધા, જેથી તે માર્ગદર્શન મેળવી શકે (૩૧) وَجَعَلْنَا السَّمَاءَ سَقْفًا مَّحْفُوظًا ۖ وَهُمْ عَنْ آيَاتِهَا مُعْرِضُونَ (32) }[40]. અને આકાશને સુરક્ષિત છત બનાવ્યું, તો પણ આ લોકો તેની કુદરતની નિશાનીઓ પર ધ્યાન જ નથી ધરતા. (૩૨) } [૪૧].
આ સૃષ્ટિનું અલ્લાહ તઆલાએ એવી મહાન હિકમતો સાથે સર્જન કર્યું છે જેની ગણતરી કરવી અશકય છે, તેના દરેક ભાગમાં ભવ્ય હિકમતો અને આશ્ચર્યચકિત કરી દેનારી નિશાનીઓ છૂપાયેલી  છે, અને જો તમે આ સૃષ્ટિની ફક્ત એક નિશાનીમાં ચિંતન મનન કરશો તો તમને એવા પરિણામો જોવાના મળશે, જે તમને આશ્ચર્યચકિત કરી દેશે.વૃક્ષોમાં અલ્લાહની અનોખી કારીગરીમાં ચિંતન કરો, જેનું દરેક પાંદડું, દરેક ડાળી, દરેક ફળમાં એવા ફાયદાઓ છૂપાયેલા છે, જેને માનવીની બુદ્ધિ ઘેરી શકતી નથી, એવી જ રીતે તમે વિચારો કે પાતળી અને કમજોર ડાળીઓમાં પાણી કેવી રીતે સમાઈ જાય છે, જેને આપણી આંખો મુશ્કેલીથી જોઈ શકે છે, કેવી રીતે તે પાણીને નીચેથી ઉપર ખેંચી લાવે છે,ફરી તે ડાળોની પહોળાઈ અને ઢાંચા પ્રમાણે તેમાં પાણી જાય છે, ફરી આ ડાળીઓ એકબીજાથી અલગ થઈ જાય છે, અલગ અલગ ડાળીઓમાં વહેચાઈ જાય છે અને એટલી પાતળી થઈ જાય છે કે આપણી આંખો તેને જોઈ પણ નથી શકતી.એવી જ રીતે તમે વિચારો કે કેવી રીતે એક વૃક્ષનું માળખું તૈયાર થાય છે, અને એક સ્થિતિથી બીજી સ્થિતિ તરફ ફેરવાઇ છે? તેના જેવુ જ કે ગર્ભ કેવી રીતે આપણી નજરની બહાર એક તબક્કાએ થી બીજા તબક્કા તરફ ફેરવાઇ છે. જયારે કે તમારી સમક્ષ તે ફકત એક લાકડી હોઇ છે, જેની ઉપર કોઈ કપડું હોતું નથી, જોત જોતા માં જ તમારો પાલનહાર અને સર્જક તેના પર પાંદડાના કપડાં પહેરાવી દે છે, ફરી તેની અને તેના કમજોર ફળની સુરક્ષિત કરવા માટે તેના કપડાં અને ખોલ તરીકે તેના પાંદડા કાઢે છે, જેથી તે તેના વડે, ગરમી, ઠંડી, તોફાનથી સુરક્ષિત રહે, ફરી અલ્લાહ તઆલા તે ફળો સુધી તેમનો ખોરાક અને રોઝી તેમના મૂળયા સુધી પહોંચાડે છે, જેથી તેના વડે તે પોતાનો ખોરાક પ્રાપ્ત કરે છે, જેવી રીતે બાળક માતાના દૂધ વડે પોતાનો ખોરાક મેળવે છે, ફરી તે તેનો ત્યાં સુધી વિકાસ કરે છે જ્યાં સુધી તે સંપૂણ વૃક્ષ ન બની જાય, ફરી તે કાણાં વગરની લાકડી માંથી તેમાંથી સ્વાદિષ્ટ અને નરમ ફળ ઉગાડે છે.
તમે જો જમીન અને તેની રચના વિશે ચિંતન મનન કરશો, તો તમે જાણી લેશો કે તે પોતાના સર્જક અને પેદા કરનારની મહાન નિશાનીઓ માંથી એક છે, પવિત્ર અલ્લાહ તઆલાએ જમીનને પાથરણું બનાવ્યું, તેને પોતાના બંદાઓ માટે નરમ અને અનુસરણ કરનાર બનાવી, તેમાં તેમની રોઝી, ખોરાક અને જીવન જીવવાનો સામાન પેદા કર્યો, તેમાં માર્ગો બનાવ્યા જેથી તેઓ પોતાની જરૂરત માટે એક જગ્યાએથી બીજી જગાએ હરીફરી શકે, તેમાં પર્વતો બનાવ્યા અને જમીનની સુરક્ષા માટે તેમાં પિલરો નાખ્યા, જેથી તે પોતાની જગ્યાએથી હલી ન શકે, તેના કિનારાઓને પહોળા કરી તેને વ્યવસ્થિત બનાવ્યા, જેને તે પોતાની પીઠ પર ઉઠાવી રાખે છે, અને તેને મૃતકોને પોતાની અંદર સમાવી લેનારી બનાવી, જેને તે તેના મૃત્યુ પછી પોતાની અંદર લઈ લે છે,ફરી તમે આકાશમાં ચિંતન મનન કરો, જે સુર્ય, ચંદ્ર, તારાઓ અને ગ્રહો સાથે ફરે છે, અને તે કેવી રીતે આ સૃષ્ટિમાં છેલ્લા સમય સુધી એક સચોટ બંદોબસ્ત અને ગોઠવણ સાથે ફરે છે? અને એવી જ રીતે રાત અને દિવસનું બદલાવવું, અલગ અલગ પ્રકારના મોસમો અને ગરમી અને ઠંડીનું આવવા પર (પણ ચિંતન મનન કરો) અને એવી જ રીતે તેમ જમીનમાં રહેનારા અલગ અલગ પ્રકારના જાનવરો અને વૃક્ષો માટે જે અનુકૂળતા અને ફાયદાઓ છે, (તેમાં પણ ચિંતન મનન કરો).
ફરી તમે આકાશોના સર્જન પર ચિંતન મનન કરો, વારંવાર તેની તરફ પોતાની નજર કરો, તો જોઈ લેશો કે તે પોતાની ઉન્નતિ અને ઊંચાઈ, પહોળાઈ અને પોતાની સ્થિતિમાં એક મહાન નિશાની છે, જેથી ન તો તેની નીચે કોઈ સ્તભ છે ન તો ઉપર, ( જેણે તેને ઉઠાવી રાખ્યા હોઇ) પરંતુ તે અલ્લાહની કુદરત વડે પોતાની જગ્યાએ સ્થિર ઊભા છે, જે આકાશો અને જમીનને પકડી રાખ્યા છે જેથી તે પોતાની જગ્યાએથી હલી ન શકે...
અને જો તમે આ સૃષ્ટિ અને તેના ભાગોની ગોઠવણ અને તેના શ્રેષ્ઠ બંદોબસ્તમાં ચિંતન મનન કરશો, તો તમે જાણી લેશો કે વ્યવસ્થા સૃષ્ટિના સર્જકની સંપૂણ શક્તિ, જ્ઞાન, હિકમત, સંપૂણ કૃપા અને દયા પર સૂચિત કરે છે, તમે તેમાં જોશો કે આ આકાશ તે ઘર જેવુ છે, જેમાં દરેક પ્રકારનો સામાન, સહુલતો, અને જરૂરી સુવિધાઓ પ્રદાન કરી તેનું નિર્માણ કરવામાં આવ્યું છે,જેથી આકાશ ( તે ઘરના) છાપરા જેવુ છે, જમીન સપાટ, પાથરણા જેવી છે, જે પોતાના રહેવાસીઓ માટેની જગ્યા છે, સુર્ય અને ચંદ્ર તે ઘરને સુશોભિત કરવાવાળી કંદીલો છે, તારાઓ તેની સુંદરતા વધારવા વાળા દીવાઓ છે, જે તે ઘરના રસ્તાઓમાં હરવા ફરવાવાળા લોકોને માર્ગદર્શન આપે છે, તેની અંદર છૂપાયેલા ઝવેરાતો અને (સોના અને ચાંદી જેવા કીમતી સામાનો)ની ખનીજો તૈયાર કરેલ ભંડારની જેમ છે, જમીનની દરેક વસ્તુઓ આ ઘરની અનુકૂળતા અને ફાયદા માટે છે, અલગ અલગ પ્રકારના વૃક્ષો તેની જરૂરત માટે ઉગાડવામાં આવ્યા છે, અલગ અલગ પ્રકારના જાનવરો તેના ફાયદા માટે પેદા કરવામાં આવ્યા છે, તેમાંથી કેટલાક જાનવરો સવારી માટે કામ લાગે છે, કેટલાક દૂધ આપે છે, કેટલાક ખોરાક બને છે, કેટલાક કપડાંના સ્ત્રોત બને છે અને કેટલાક દેખરેખ અને નિરીક્ષક રૂપે કામમાં લાગે છે,અલ્લાહ તઆલાએ માનવીને આ જમીન પર અધિકૃત બાદશાહ બનાવ્યો છે, જે પોતાના કાર્યો અને આદેશો વડે તેમાં ફેરફાર કરે છે.
અને જો તમે આ સૃષ્ટિ અને તેના સંપૂર્ણ ભાગો અથવા થોડાક ભાગોમાં ચિંતન મનન કરો, તો તમને તેમાં અનોખી (કારીગરી) જોવા મળશે, અને જો તમે સૃષ્ટિમાં સપૂર્ણ રીતે ચિંતન મનન કરશો, પોતાની સાથે ન્યાય કરશો, અને પોતાની મનેચ્છાઓ અને અનુસરણ છોડી દેશો, તો તમને સંપૂર્ણ યકીન થઈ જશે કે આ સૃષ્ટિ એક સર્જન છે, જેને હિકમત, કુદરત, જ્ઞાન ધરાવનાર પાલનહારે પેદા કરી છે, તેણે તેના માટે શ્રેષ્ઠ અંદાજો લગાવ્યો અને તેના માટે સચોટ વ્યવસ્થા કરી, જેથી

---

[40] ૪૧] અલ્ અમ્બિયા, આયત નંબર: ૩૦-૩૨, અને  અર્ રઅદની શરૂની આયતો જુઓ.

તે અશક્ય છે કે બે સર્જક હોઈ, પરંતુ સાચો મઅબુદ તો ફક્ત એક જ છે, જેના સિવાય બીજો કોઈ મઅબૂદ નથી, જો આકાશે અને જમીનમાં અલ્લાહ સિવાય અન્ય કોઈ મઅબૂદ હોત તો સૃષ્ટિની વ્યવસ્થિત અસ્તવ્યસ્ત થઈ જતી, અને તેની દરેક અનુકૂળતાઓ બેકાર થઈ જતી.
હજુ પણ તમે આ સૃષ્ટિને તેના સર્જક સિવાય બીજા કોઈ તરફ નિસ્બત કરો છો, તો તમે તે ચક્ર વિશે શું કહો છો, જે નહેરની ઉપર ફરતી હોઈ છે, તેના સામનોને મજબૂતી સાથે બનાવવામાં આવ્યા છે, તેને મજબૂત રીતે જોડવામાં આવ્યા છે, તેના સામાનનો એક શ્રેષ્ઠ તરીકાથી અંદાજો લગાવવામાં આવ્યો છે, બીજી બાજુ કોઈને તેના ઘટકોમાં કોઈ કમી અને ખલેલ જોવા મળે, ફરી તેને એક બગીચામાં મૂકી દેવામાં આવે છે, જેમાં દરેક પ્રકારના ફળો હોય છે, જેને તે જરૂરત પ્રમાણે પાણી પહોંચાડે છે,અને તે બગીચામાં એક માળી હોઇ છે, જે તેને કાપે છે, તેની શ્રેષ્ઠ તરીકાથી દેખરેખ કરે છે, તે બગીચાની કોઈ પણ વસ્તુ ન તો ખરાબ થાય છે ન તો તેના ફળ બરબાદ થાય છે, ફરી જ્યારે ફળ તૂટે છે તો તે તેને દરેકની વચ્ચે સરખી રીતે વહેંચી દે છે, દરેક પ્રકારના લોકોને તેમના હોદ્દા પ્રમાણે આપવામાં આવે છે, અને આ વહેંચણી કાયમ ચાલુ રહે છે.
શું તમે એમ વિચારો છો કે આવું સંજોગોવસાત થયું છે, કોઈ સર્જક વગર, અધિકાર ધરાવનાર અને વ્યવસ્થા કરનાર વગર? શું તે ચક્ર અને બગીચો બંને સંયોગ દ્વારા અસ્તિત્વમાં આવી ગયા છે? આ દરેક લોકો કોઈ કર્તા અને વ્યવસ્થા કરનાર વગર પોતે જ અસ્તિત્વમાં આવી ગયા છે? અને જો આવું પોતે જ થઈ ગયું છે તો તમારી બુદ્ધિ શું કહે છે? તમને શું સમજણ આપે છે? અને કેવા માર્ગ તરફ તમને માર્ગદર્શન આપે છે? [૪૨].[41]

# સૃષ્ટિના સર્જનની હિકમત

આ સૃષ્ટિના સર્જનમાં ચિંતન મનન કર્યા પછી, અને (તેના વિશાળ સર્જનમાં) ચિંતન કર્યા પછી યોગ્ય લાગે છે કે અમે કેટલીક એવી હિકમતોનું વર્ણન કરીએ જેને ધ્યાનમાં રાખી અલ્લાહ તઆલાએ આ મહાન સૃષ્ટિ અને તેની આશ્ચર્યચકિત કરી દેનારી નિશાનીઓને અસ્તિત્વ આપ્યું:
૧- સૃષ્ટિને માનવીના હેઠળ કરવી: જ્યારે અલ્લાહ તઆલાએ નિર્ણય કર્યો કે આ પૃથ્વી પર અનુગામીઓ બનાવશે, જે જમીનમાં તેની ઈબાદત કરશે, અને તેને આબાદ રાખશે, તો તેના માટે સમગ્ર સૃષ્ટિનું સર્જન કર્યું, જેથી તેને તેના શ્રેષ્ઠ જીવનનો સામાન મળી શકે, અને તેની દુનિયા અને આખિરત સુધરી શકે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَسَخَّرَ لَكُم مَّا فِي السَّمَاوَاتِ وَمَا فِي الْأَرْضِ جَمِيعًا مِّنْهُ }[42]. {અને આકાશ તથા ધરતીની દરેક વસ્તુને પણ તેણે પોતાના તરફથી તમારા વશમાં કરી દીધી, જે વિચારે તેના માટે આમાં ઘણી નિશાનીઓ છે} [૪૩].અને બીજી જગ્યાએ અલ્લાહ તઆલા જેના વખાણ ઉચ્ચ છે કહ્યું:{ اللَّهُ الَّذِي خَلَقَ السَّمَاوَاتِ وَالْأَرْضَ وَأَنزَلَ مِنَ السَّمَاءِ مَاءً فَأَخْرَجَ بِهِ مِنَ الثَّمَرَاتِ رِزْقًا لَّكُمْ ۖ وَسَخَّرَ لَكُمُ الْفُلْكَ لِتَجْرِيَ فِي الْبَحْرِ بِأَمْرِهِ ۖ وَسَخَّرَ لَكُمُ الْأَنْهَارَ 32)) {અલ્લાહ તે છે, જેણે આકાશો અને ધરતીનું સર્જન કર્યું અને આકાશો માંથી વરસાદ વરસાવી તેના દ્વારા તમારી રોજી માટે ફળ ઉપજાવ્યા અને હોડીઓને તમારા વશમાં કરી દીધી છે, જે સમુદ્રોમાં તેના આદેશથી ચાલે છે, તેણે જ નહેરોને પણ તમારી હેઠળ કરી દીધી છે. (૩૨)33 (وَسَخَّرَ لَكُمُ الشَّمْسَ وَالْقَمَرَ دَائِبَيْنِ ۖ وَسَخَّرَ لَكُمُ اللَّيْلَ وَالنَّهَارَ) તેણે જ તમારા માટે સૂર્ય અને ચંદ્રને કામે લગાડેલા છે, કે સતત ચાલી રહ્યા છે. તથા રાત અને દિવસને પણ તમારા કામ પર લગાડેલ છે. (૩૩)وَآتَاكُم مِّن كُلِّ مَا 34) (سَأَلْتُمُوهُ ۚ وَإِن تَعُدُّوا نِعْمَتَ اللَّهِ لَا تُحْصُوهَا ۗ إِنَّ الْإِنسَانَ لَظَلُومٌ كَفَّارٌ }[43]. તેણે જ તમારી ઇચ્છા પ્રમાણેની દરેક વસ્તુ આપી રાખી છે, જો તમે અલ્લાહની નેઅમતો ગણવા ઇચ્છો તો ક્યારેય તેનો હિસાબ નહિ કરી શકો, નિ:શંક માનવી ઘણો જ અન્યાયી અને કૃતઘ્ની છે. (૩૪) } [૪૪].
આકાશો, જમીન અને સૃષ્ટિની દરેક વસ્તુઓને અલ્લાહની રુબૂબિય્યતની ગવાહી આપનાર બનાવવી: એટલા માટે કે આ દુનિયામાં સૌથી મોટી વસ્તુ એ જે છે કે અલ્લાહની રુબૂબિય્યતનો એકરાર કરવામાં આવે, અને તેના એકલા હોવા પર ઈમાન લાવવામાં આવે,કારણકે આ સૌથી મોટી વસ્તુ છે, એટલા માટે આના માટે મહાન ગવાહીઓ અને મોટી મોટી નિશાનીઓ વર્ણન કરવામાં આવી, અને શ્રેષ્ઠ દલીલો રજૂ કરવામાં આવી, જેથી અલ્લાહ તઆલાએ આકાશો, જમીન અને બીજા દરેક સર્જનને પેદા કર્યા, જેથી આ દરેક લોકો ગવાહી આપે, એટલા માટે જ કુરઆનમાં ઘણી જગ્યાએ આ પ્રકારના શબ્દોનું વર્ણન કરવામાં આવ્યું છે "તેની નિશાનીઓ માંથી આ પણ છે" જેવુ કે અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَمِنْ آيَاتِهِ خَلْقُ السَّمَاوَاتِ وَالْأَرْضِ } { અને તેની નિશાનીઓ માંથી આકાશો અને ધરતીનું સર્જન }{ وَمِنْ آيَاتِهِ مَنَامُكُم بِاللَّيْلِ وَالنَّهَارِ } { અને તેની નિશાનીઓ માંથી તમારી રાત અને દિવસની નિંદ્રા છે }{ وَمِنْ آيَاتِهِ يُرِيكُمُ الْبَرْقَ خَوْفًا وَطَمَعًا } { અને તેની નિશાનીઓ માંથી એક એ (પણ) છે કે તે તમને ડરાવવા અને આશા જગાવવા વીજળીઓ બતાવે છે{ وَمِنْ آيَاتِهِ أَن تَقُومَ السَّمَاءُ وَالْأَرْضُ بِأَمْرِهِ }[44]. { તેની એક નિશાની એ પણ છે કે આકાશ અને ધરતી તેના જ આદેશથી કાયમ છે } [૪૫].
૩- મૃત્યુ પછીના જીવનને સાક્ષી બનાવ્યું: જો કે હકીકતમાં બે જીવન છે, એક દુનિયાનું જીવન અને બીજું આખિરતનું જીવન, અને આખિરતનું જીવન જ સાચું જીવન છે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَمَا هَٰذِهِ الْحَيَاةُ الدُّنْيَا إِلَّا لَهْوٌ وَلَعِبٌ ۚ وَإِنَّ الدَّارَ الْآخِرَةَ لَهِيَ الْحَيَوَانُ ۚ لَوْ كَانُوا يَعْلَمُونَ }[45]؛ { અને દુનિયાનું આ જીવન તો ફક્ત મોજ મસ્તી છે. જો કે આખિરતનું જીવન જ હંમેશાવાળું છે. કદાચ ! આ લોકો જાણતા હોત } [૪૬];કારણે કે તે બદલો અને સજા અને હિસાબ કિતાબનું જીવન છે, જેમાં જન્નતના લોકોને હંમેશાવાળી નેઅમતો મળશે, અને જહન્નમના લોકોને કાયમી અઝાબ મળશે.
કારણે કે તે જીવન સુધી માનવી ત્યારે જ પહોંચશે જ્યારે તે મૃત્યુ પામશે, અને મૃત્યુ પછી ફરી બીજી વખત ઊભો કરવામાં આવશે, એટલા માટે તે દરેક વ્યક્તિ આ જીવનનો ઇન્કાર કરે છે, જે પોતાના પાલનહારથી અસંબંધ થઈ ચૂક્યો છે, તેની ફિતરત બદલાઈ ગઈ છે, અને તેની બુદ્ધિ બગડી ગઈ છે, એટલા માટે અલ્લાહ તઆલાએ પુરાવાઓ અને દલીલો વર્ણન

---

[41] ૪૨] આ ભાવાર્થ મિફતાહુદ્ દારુસ્ સઆદહ, ભાગ: 1, પેજ નંબર: ૨૫૧-૨૬૯ ના અલગ અલગ જગાએથી નકલ કરવામાં આવ્યો છે.
[42] ૪૩] અલ્ જાષિયહ, આયત નંબર: ૧૩.
[43] ૪૪] ઈબ્રાહીમ, આયત નંબર: ૩૨-૩૪.
[44] ૪૫] અર્ રૂમ, આયત નંબર: ૨૨-૨૫.
[45] ૪૬] અલ્ અનકબૂત, આયત નંબર: ૬૪.

કરી જેથી માનવી બીજી વખત જીવતો કરી ઊભો કરવા પર ઈમાન ધરાવે, અને દિલમાં તેનું યકીન પેદા થાય;કારણકે સર્જનને બીજી વખત જીવિત કરવો પહેલી વખત પેદા કરવા કરતા પણ વધુ સરળ છે, પરતું આકાશો અને જમીનનું સર્જન માનવીને બીજી વખત જીવિત કરવા કરતાં પણ બહુ મોટું કામ છે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَهُوَ الَّذِي يَبْدَأُ الْخَلْقَ ثُمَّ يُعِيدُهُ وَهُوَ أَهْوَنُ عَلَيْهِ }[46]، { તે જ છે, જે પ્રથમ વાર સર્જન કરે છે અને ફરીવાર જીવિત કરશે અને આવું (બીજી વારનું સર્જન કરવું) તો તેના માટે ખૂબ જ સરળ છે } [૪૭],અને અલ્લાહ તઆલાએ કહ્યું:{ لَخَلْقُ السَّمَاوَاتِ وَالْأَرْضِ أَكْبَرُ مِنْ خَلْقِ النَّاسِ }[47]، { આકાશ અને ધરતીનું સર્જન, ખરેખર, માનવીના સર્જન કરતા ઘણું મોટું કાર્ય છે } [૪૮],અને બીજી જગ્યાએ અલ્લાહ તઆલા જેના વખાણ ઉચ્ચ છે કહ્યું:{ اللَّهُ الَّذِي رَفَعَ السَّمَاوَاتِ بِغَيْرِ عَمَدٍ تَرَوْنَهَا ۖ ثُمَّ اسْتَوَىٰ عَلَى الْعَرْشِ ۖ وَسَخَّرَ الشَّمْسَ وَالْقَمَرَ ۖ كُلٌّ يَجْرِي لِأَجَلٍ مُّسَمًّى ۚ يُدَبِّرُ الْأَمْرَ يُفَصِّلُ الْآيَاتِ لَعَلَّكُم بِلِقَاءِ رَبِّكُمْ تُوقِنُونَ }[48]. { અલ્લાહ તે છે, જેણે આકાશોને વગર સ્તંભે ઊચું કરી રાખ્યું છે, કે તમે તેને જોઇ શકો પછી તે અર્શ પર બિરાજમાન છે, તેણે સૂર્ય અને ચંદ્રને (એક ખાસ કાનૂન માટે) નિયમિત કરી રાખ્યા છે, (આ વ્યવસ્થાની) દરેક વસ્તુઓ નક્કી કરેલ સમય સુધી ચાલી રહી છે, તે જ સૃષ્ટિના કાર્યોની વ્યવસ્થા કરે છે, તે સ્પષ્ટ રીતે પોતાની નિશાનીઓનું વર્ણન કરી રહ્યો છે કે તમે પોતાના પાલનહારની મુલાકાતને સાચી જાણો } [૪૯],

# હે માનવી આ બધી વિગતો જાણ્યા પછી જણાવો:

જ્યારે આ સૃષ્ટિ તમારા માટે આધીન કરી દેવામાં આવી છે, તેની નિશાનીઓ ગવાહ રૂપે કાયમ છે, અને તમારી સમક્ષ તે ગવાહી આપી રહી છે કે અલ્લાહ સિવાય કોઈ સાચો ઇલાહ નથી, તે એકલો છે તેનો કોઈ ભાગીદાર નથી,જ્યારે કે તમે જાણી ચુક્યા કે તમને ફરીવાર જીવિત કરવા સરળ અને આકાશે અને જમીનનું સર્જન કરતા પણ વધુ સરળ છે અને તમે તમારા પાલનહાર સાથે મુલાકાત કરવાના છો, જે તમારા દરેક કાર્યોનો હિસાબ લે શે,જ્યારે તમે એ પણ જાણી લીધું કે આ સમગ્ર સૃષ્ટિ અલ્લાહની ઈબાદતમાં લાગેલી છે, અને આ સૃષ્ટિનું દરેક સર્જન પોતાના પાલનહારના વખાણ અને પ્રસંશા વર્ણન કરે છે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ يُسَبِّحُ لِلَّهِ مَا فِي السَّمَاوَاتِ وَمَا فِي الْأَرْضِ }[49]، { આકાશો અને ધરતીમાં જે કઈ સર્જન છે, તે દરેક અલ્લાહ તઆલાની તસ્બીહ કરી રહી છે } [૫૦],અને આ દરેક સર્જન અલ્લાહની મહાનતા સામે સિજદામાં છે, અને અલ્લાહ તઆલા જેના વખાણ ઉચ્ચ છે કહ્યું:{ أَلَمْ تَرَ أَنَّ اللَّهَ يَسْجُدُ لَهُ مَن فِي السَّمَاوَاتِ وَمَن فِي الْأَرْضِ وَالشَّمْسُ وَالْقَمَرُ وَالنُّجُومُ وَالْجِبَالُ وَالشَّجَرُ وَالدَّوَابُّ وَكَثِيرٌ مِّنَ النَّاسِ ۖ وَكَثِيرٌ حَقَّ عَلَيْهِ الْعَذَابُ }[50]، { શું તમે જોતા નથી જે કઇ આકાશોમાં છે અને જે કઈ ધરતીમાં છે અને સૂર્ય, ચંદ્ર, તારાઓ, પર્વતો, વૃક્ષ, ઢોર અને ઘણા મનુષ્ય પણ અલ્લાહ સમક્ષ સિજદો કરી રહી છે, અને ઘણા લોકો એવા પણ છે જેમના માટે અઝાબ નક્કી થઇ ગયો છે } [૫૧],પરંતુ આ સૃષ્ટિ પોતાના પાલનહારની શાનને લાયક નમાઝ પણ પઢે છે, જેમકે મહાન અને ઉચ્ચ અલ્લાહ તઆલાએ કહ્યું:{ أَلَمْ تَرَ أَنَّ اللَّهَ يُسَبِّحُ لَهُ مَن فِي السَّمَاوَاتِ وَالْأَرْضِ وَالطَّيْرُ صَافَّاتٍ ۖ كُلٌّ قَدْ عَلِمَ صَلَاتَهُ وَتَسْبِيحَهُ }[51]. { શું તમે જોતા નથી કે આકાશો અને ધરતીના દરેક સર્જન અને પાંખો ફેલાવી ઉડનારા દરેક પંખીઓ, અલ્લાહની તસ્બીહ કરી રહ્યા છે, દરેક સર્જન પોતાની નમાઝ અને તસ્બીહ કરવાની પદ્ધતિને જાણે છે } [૫૨].

જ્યારે કે તમારું શરીર પણ અલ્લાહની તકદીર અને વ્યવસ્થા પ્રમાણે ચાલે છે, જેથી તમારું દિલ, તમારા ફેફસા, અહીં સુધી કે દરેક અંગો પોતાના પાલનહારને આધીન છે અને પોતાની ડોર પોતાના પાલનહારને સોંપી દીધી છે..તો પછી (આ બધું જાણ્યા પછી પણ) તમારો તે અધિકાર વાળો નિર્ણય જેમા તમને તમારા પાલનહાર ઈમાન ધરાવવા અને તેની સાથે કુફ્ર કરવાનો અધિકાર છે, તમારો તે નિર્ણય આ સૃષ્ટિ અને તમારા પોતાના શરીરની શ્રેષ્ઠ ચલણ સાથે અવજ્ઞા અને વિચલન પર આધારિત હશે?.

ખરેખર માનવી સંપૂર્ણ બુદ્ધિ ધરાવે છે, અને તે પોતાના માટે એવું પસંદ નહીં કરે કે તે આ મહાન સૃષ્ટિ અને તેના ચલણ સાથે અવજ્ઞા અને વિચલનનો માર્ગ અપનાવે.

# માનવીનું સર્જન અને તેનું સન્માન

અલ્લાહ તઆલાએ તે નિર્ણય કર્યો કે આ સૃષ્ટિ પ્રમાણે તેમાં સર્જન પેદા કરે, જેથી માનવીને નક્કી કરવામાં આવ્યો, પવિત્ર અલ્લાહની હિકમતનો હેતુ એ હતો કે તે વસ્તુ જેના વડે માનવીનું સર્જન કરવામાં આવે તે માટી હોઈ, જેથી તેના સર્જનની શરૂઆત માટી વડે થઈ,ફરી તેની સુંદર શકલ વડે રચના કરી, ફરી અલ્લાહ તઆલાએ તેમાં પોતાની રૂહ ફૂંકી, જેથી માનવી સુંદર શકલ,કાન આંખ અને હરકત કરતો જાહેર થયો, ફરી તેના પાલનહારે તેને પોતાની જન્નતમાં ઠેહરાવ્યો,તેને દરેક જરૂરી વસ્તુનું જ્ઞાન આપ્યું, જન્નતની દરેક નેઅમત તેના માટે હલાલ કરી, પરંતુ અજમાયશ અને પરીક્ષા રૂપે ફક્ત એક વૃક્ષથી તેમને રોક્યા, અલ્લાહ તઆલાએ તેમના માન મરતબાને સ્પષ્ટ કરવાની ઈચ્છા કરી અને ફરિશ્તાઓને સિજદો કરવાનો આદેશ આપ્યો, જેથી દરેક ફરિશ્તાઓએ સિજદો કર્યો,ઈબ્લિસ સિવાય, તેણે ઘમંડ કર્યું અને અવજ્ઞાના કારણે તે સિજદો કરવાથી અળગો રહ્યો, અલ્લાહના આદેશની અવજ્ઞાના કારણે અલ્લાહ તઆલા તેના પર ગુસ્સે થયા અને તેને પોતાની રહેમતથી દૂર કરી દીધો, કારણકે તેણે પાલનહાર સામે ઘમંડ કર્યું, અને ઈબ્લિસે પોતાના પાલનહાર પાસે તે માંગ કરી કે તેની ઉંમર લાંબી કરે, અને કયામત સુધી તેને મહેતલ આપે, તો તેના પાલનહારે તેની ઉંમર લાંબી કરી, અને કયામત સુધી તેને મહેતલ આપી,જ્યારે અલ્લાહ તઆલાએ આદમ અને તેની સંતાનને શૈતાન પર પ્રાથમિકતા આપી તો શૈતાન આદમથી ઇશર્યા કરવા લાગ્યો, તેણે પોતાના પાલનહારની કસમ ખાઈ કહ્યું, કે તે આદમના દરેક સંતાનને પથભ્રષ્ટ કરી દેશે અને તેમના પર તેમની આગળ, પાછળ, અને તેમની જમણી અને ડાબી બાજુથી, તેમના પર હમલો કરશે (જેથી તે તેમને પથભ્રષ્ટ કરી શકે), પરંતુ અલ્લાહના નિખાલસ, સાચા અને પરહેજગાર બંદાઓ તેનાથી બચીને રહેશે, જેમને

---

[46] ૪૭] અર્ રૂમ, આયત નંબર: ૨૭.
[47] ૪૮] ગાફિર, આયત નંબર: ૫૭.
[48] ૪૯] અર્ રઅદ, આયત નંબર: ૨,
[49] ૫૦] અલ્ જુમ્આ, આયત નંબર: ૧.
[50] ૫૧] અલ્ હજ, આયત નંબર: ૧૮.
[51] ૫૨] અન્ નૂર, આયત નંબર: ૪૧.

અલ્લાહ શૈતાનની ચાલો અને તેના કપટથી સુરક્ષિત રાખશે,અને અલ્લાહ તઆલાએ આદમને શૈતાનની ચાલોથી સચેત કર્યો, શૈતાને આદમ અને તેમની પત્ની હવ્વાના દિલમાં વસવસો નાખ્યો, જેથી તેમણે તે જન્નતથી બહાર કાઢી શકે, અને બંનેના જે ગુપ્તાંગ છૂપાયેલા હતા તેને બંનેની સમક્ષ જાહેર કરી દે, તે તેમની સામે કસમ ખાઈ કહેવા લાગ્યો કે હું તમારો શુભેચ્છુક છું, અને અલ્લાહ તઆલાએ તમને આ વૃક્ષ ખાવાથી ફક્ત એટલા માટે રોક્યા છે કે તમે ફરિશ્તા ન બની જાઓ,અથવા હંમેશા રહેવાવાળાઓ માંથી ન થઈ જાઓ.
તેથી (શૈતાનના કપટમાં આવી) તેમણે તે વૃક્ષનું (ફળ) ખાઈ લીધું, જેનાથી અલ્લાહ તઆલાએ તેમને રોક્યા હતા, અલ્લાહના આદેશની અવજ્ઞાની સૌથી પહેલી સઝા તેમને તે મળી કે બંનેના ગુપ્તાગ એકબીજા સમક્ષ જાહેર થઈ ગયા, અલ્લાહ તઆલાએ તેમને યાદ અપાવ્યું કે તેણે તેમને શૈતાનના કપટથી સચેત કર્યા હતા, જેથી આદમ પોતાના પાલનહાર પાસે માફી માંગવા લાગ્યા, અલ્લાહ તઆલાએ તેમને માફ કરી દીધા, અને તેમની તૌબા કબૂલ કરી, તેમને હિદાયત આપી, અને આદેશ આપ્યો કે જન્નત, જ્યાં તેઓ રહતા હતા ત્યાંથી નીકળી જાય અને જમીન પર રહે, તે જ તેમની કાયમી જગ્યા છે, અને તેમાં જ તેમનો નક્કી સમય માટે જીવન જીવવાનો સામાન છે, અને સાથે સાથે તેમને ખબર આપી કે આ જમીન દ્વારા જ તેમને પેદા કરવામાં આવ્યા હતા, અને તેમાં જ તમને જીવન પસાર કરવાનું છે, ત્યાં જ તમને મૃત્યુ આવશે અને તેમાંથી જ તમને ફરીવાર જીવિત કરવામાં આવશે.
જેથી આદમ પોતાની પત્ની હવ્વા સાથે જમીન પર આવી રહેવા લાગ્યા, તે બંનેથી વંશ આગળ વધ્યો, જે આદમના માર્ગદર્શન પ્રમાણે અલ્લાહની ઈબાદત કરતાં હતા, કારણકે આદમ એક નબી હતા.
અલ્લાહ તઆલાએ આપણને આ કિસ્સા વિશે વિસ્તાર પૂર્વક ખબર આપી, પવિત્ર અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَلَقَدْ خَلَقْنَاكُمْ ثُمَّ صَوَّرْنَاكُمْ ثُمَّ قُلْنَا لِلْمَلَائِكَةِ اسْجُدُوا لِآدَمَ فَسَجَدُوا إِلَّا إِبْلِيسَ لَمْ يَكُن مِّنَ السَّاجِدِينَ (11) { અને અમે જ તમારૂં સર્જન કર્યું, પછી અમે જ તમારા ચહેરા બનાવ્યા, પછી અમે ફરિશ્તાઓને કહ્યું કે આદમને સિજદો કરો, તો સૌએ સિજદો કર્યો, ઇબ્લિસ (શેતાન) સિવાય, તે સિજદો કરવાવાળાઓ માંથી ન થયો. (૧૧)(قَالَ مَا مَنَعَكَ أَلَّا تَسْجُدَ إِذْ أَمَرْتُكَ ۖ قَالَ أَنَا خَيْرٌ مِّنْهُ خَلَقْتَنِي مِن نَّارٍ وَخَلَقْتَهُ مِن طِينٍ (12) અલ્લાહ તઆલાએ તેને પૂછ્યું કે જ્યારે મેં તને સિજદો કરવાનો આદેશ આપ્યો હતો તો કઈ વસ્તુએ તને સિજદો કરવાથી રોક્યો. કહેવા લાગ્યો હું તેના કરતા શ્રેષ્ઠ છું, તમે મારું સર્જન આગ વડે કર્યું અને તેનું (આદમ) માટી વડે. (૧૨)(قَالَ فَاهْبِطْ مِنْهَا فَمَا يَكُونُ لَكَ أَن تَتَكَبَّرَ فِيهَا فَاخْرُجْ إِنَّكَ مِنَ الصَّاغِرِينَ (13) (અલ્લાહ તઆલાએ) કહ્યું તું નીચે ઉતરી જા, તને કોઇ અધિકાર નથી કે તું અહીંયા રહી ઘમંડ કરતો, નિ:શંક તું અપમાનિત લોકો માંથી છે. (૧૩)(قَالَ أَنظِرْنِي إِلَىٰ يَوْمِ يُبْعَثُونَ (14) તેણે કહ્યું કે મને કયામતના દિવસ સુધી મહેતલ આપો. (૧૪)(قَالَ إِنَّكَ مِنَ الْمُنظَرِينَ (15) અલ્લાહ તઆલાએ કહ્યું તને મહેતલ આપવામાં આવી. (૧૫)(قَالَ فَبِمَا أَغْوَيْتَنِي لَأَقْعُدَنَّ لَهُمْ صِرَاطَكَ الْمُسْتَقِيمَ (16) તેણે કહ્યું તે મને ગુમરાહ કર્યો, એટલા માટે હું (પણ) કસમ ખાઉં છું કે તે (માનવીઓની) રાહ જોઈ તારા સત્ય માર્ગ પર બેસી રહીશ. (૧૬)(ثُمَّ لَآتِيَنَّهُم مِّن بَيْنِ أَيْدِيهِمْ وَمِنْ خَلْفِهِمْ وَعَنْ أَيْمَانِهِمْ وَعَن شَمَائِلِهِمْ ۖ وَلَا تَجِدُ أَكْثَرَهُمْ شَاكِرِينَ (17) પછી હું તેઓની આગળથી, પાછળથી, જમણી બાજુથી અને તેઓની ડાબી બાજુથી જરૂર આવીશ, (અને પોતાના માર્ગ પર નાખી દઇશ) અને તમે તેઓ માંથી વધારે પડતા લોકોને આભાર વ્યક્ત કરનારા નહીં જુઓ. (૧૭)(قَالَ اخْرُجْ مِنْهَا مَذْءُومًا مَّدْحُورًا ۖ لَّمَن تَبِعَكَ مِنْهُمْ لَأَمْلَأَنَّ جَهَنَّمَ مِنكُمْ أَجْمَعِينَ (18) અલ્લાહ તઆલાએ કહ્યું કે અહીંયાથી અપમાનિત અને વંચિત થઇ નીકળી જા, (યાદ રાખ) જે વ્યક્તિતારૂં કહ્યું માનશે, તો હું જરૂર તે સૌથી જહન્નમને ભરી દઇશ. (૧૮)(وَيَا آدَمُ اسْكُنْ أَنتَ وَزَوْجُكَ الْجَنَّةَ فَكُلَا مِنْ حَيْثُ شِئْتُمَا وَلَا تَقْرَبَا هَٰذِهِ الشَّجَرَةَ فَتَكُونَا مِنَ الظَّالِمِينَ (19) અને અમે આદેશ આપ્યો કે હે આદમ ! તમે અને તમારી પત્ની જન્નતમાં રહો, પછી જે જગ્યાએથી ઇચ્છો, બન્ને ખાઓ અને તે વૃક્ષની નજીક ન જાઓ, નહીં તો તમે બન્ને અત્યાચારી લોકો માંથી થઇ જશો. (૧૯)(فَوَسْوَسَ لَهُمَا الشَّيْطَانُ لِيُبْدِيَ لَهُمَا مَا وُورِيَ عَنْهُمَا مِن سَوْآتِهِمَا وَقَالَ مَا نَهَاكُمَا رَبُّكُمَا عَنْ هَٰذِهِ الشَّجَرَةِ إِلَّا أَن تَكُونَا مَلَكَيْنِ أَوْ تَكُونَا مِنَ الْخَالِدِينَ (20) પછી શેતાને તે બન્નેના હૃદયમાં કુવિચાર નાખ્યો, જેથી તેઓના ગુપ્તાંગ જે એકબીજાથી છૂપા હતા, બન્નેની સામે જાહેર થઇ જાય અને કહેવા લાગ્યો કે તમારા પાલનહારે તમને બન્નેને આ વૃક્ષની નજીક જવાથી એટલા માટે રોક્યા હતા કે તમે બન્ને ક્યાંક ફરિશ્તા ન બની જાવ, અથવા તો ક્યાંક હંમેશા જીવિત લોકો માંથી ન થઇ જાવ. (૨૦)(وَقَاسَمَهُمَا إِنِّي لَكُمَا لَمِنَ النَّاصِحِينَ (21) અને તે બન્નેની સામે સોગંદ ખાધી કે તમે જાણી લો કે હું ખરેખર તમારા બન્નેનો શુભેચ્છક છું. (૨૧)(فَدَلَّاهُمَا بِغُرُورٍ ۚ فَلَمَّا ذَاقَا الشَّجَرَةَ بَدَتْ لَهُمَا سَوْآتُهُمَا وَطَفِقَا يَخْصِفَانِ عَلَيْهِمَا مِن وَرَقِ الْجَنَّةِ ۖ وَنَادَاهُمَا رَبُّهُمَا أَلَمْ أَنْهَكُمَا عَن تِلْكُمَا الشَّجَرَةِ وَأَقُل لَّكُمَا إِنَّ الشَّيْطَانَ لَكُمَا عَدُوٌّ مُّبِينٌ (22) તો તે બન્નેને ધોકાથી પોતાની વાત મનાવી લીધી, બસ ! તે બન્નેએ જ્યારે તે વૃક્ષને ચાખ્યું, બન્નેના ગુપ્તાંગ એકબીજાની સામે ખુલ્લા થઈ ગયા અને બન્ને પોતાના પર જન્નતના પાંદડાંઓ જોડી-જોડીને છૂપાવવા લાગ્યા અને તેઓના પાલનહારે તેમને પોકાર્યા, શું મેં તમને બન્નેને આ વૃક્ષથી રોક્યા ન હતા અને એવું ન હતું કહ્યું કે શેતાન તમારો ખુલ્લો શત્રુ છે? (૨૨)(قَالَا رَبَّنَا ظَلَمْنَا أَنفُسَنَا وَإِن لَّمْ تَغْفِرْ لَنَا وَتَرْحَمْنَا لَنَكُونَنَّ مِنَ الْخَاسِرِينَ (23) બન્નેએ કહ્યું કે હે અમારા પાલનહાર ! અમે પોતે જ અમારા પર જુલ્મ કર્યું અને જો તું અમને માફ નહીં કરે અને અમારા પર દયા નહીં કરે, તો ખરેખર અમે લોકો નુકસાન ઉઠાવનારાઓ માંથી થઇ જઇશું. (૨૩)(قَالَ اهْبِطُوا بَعْضُكُمْ لِبَعْضٍ عَدُوٌّ ۖ وَلَكُمْ فِي الْأَرْضِ مُسْتَقَرٌّ وَمَتَاعٌ إِلَىٰ حِينٍ (24) અલ્લાહ તઆલાએ કહ્યું કે તમે સૌ અહીંયાંથી નીકળી જાઓ, એક-બીજાના શત્રુ છો,અને તમારા માટે એક સમય સુધી ઝમીન પર રહેવા માટેની જગ્યા છે અને એક સમય સુધી ફાયદો મેળવવાનો સામાન છે. (૨૪)(قَالَ فِيهَا تَحْيَوْنَ وَفِيهَا تَمُوتُونَ وَمِنْهَا تُخْرَجُونَ (25) }[52]. કહ્યું, તમારે ત્યાં જ જીવન પસાર કરવાનું છે અને ત્યાં જ મૃત્યુ પામવાનું છે અને તેમાંથી તમને ફરીવાર જીવિત કરી નીકળવામાં આવશે. (૨૫) } [૫૩].
તમે જરા વિચારો કે આ માનવીની અંદર અલ્લાહની કેટલી મોટી કારીગરી છૂપાયેલી છે? તેણે તેને શ્રેષ્ઠ સ્વરૂપમાં પેદા કર્યો અને તેને ઇઝ્ઝત અને સન્માનના દરેક ગુણો આપ્યા, જેથી તેને બુદ્ધિ, ઇલ્મ (જ્ઞાન), જબાન, બોલવાની શક્તિ, શ્રેષ્ઠ સ્વરૂપ, વાણી, સ્વરૂપ, સારી છબી, માનનીય દેખાવ, મધ્યમ શરીર, અનુમાન અને વિચાર દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરવું, અને માનનીય અને સદાચારી નૈતિકતા પ્રાપ્ત કરવાનું હુનર આપ્યું, તમે વિચારો તેની તે સ્થિતિ જ્યારે તે પોતાની માતાના ગર્ભમાં એક વીર્યના રૂપમાં હતી, અને આ સ્થિતિમાં કેટલો ફરક છે, જ્યારે નેઅમતો વાળી જન્નતમાં ફરિશ્તાઓ (આગમન અને આતિથ્ય માટે) તેની પાસે દાખલ થશે?{ فَتَبَارَكَ اللَّهُ أَحْسَنُ الْخَالِقِينَ }[53]. { બરકતોવાળો છે તે અલ્લાહ, જે શ્રેષ્ઠ સર્જન કરનાર છે } [૫૪].

---

[52] ૫૩] અલ્ અઅરાફ, આયત નંબર: ૧૧-૨૫.
[53] ૫૪] અલ્ મુઅમિનૂન, આયત નંબર: ૧૪.

દુનિયા એક ગામડું છે, માનવી ત્યાંનો રહેવાસી છે, દરેક સર્જન તેની ખિદમતમાં લાગેલું છે, અને તેની અનુકૂળતા માટે મહેનત કરી રહી છે, અને સંપૂણ સૃષ્ટિ તેની જરૂરતો પૂરી કરવા માટે લાગેલી છે, એટલા માટે જે ફરિશ્તાઓ (જે તેની સુરક્ષા માટે) લાગેલા છે, તે રાત દિવસ તેની સુરક્ષા કરે છે, અને જે ફરિશ્તાઓ વરસાદ વરસાવે છે અને વૃક્ષોની સુરક્ષા કરે છે તે તેની રોઝી માટે મહેનત કરી રહ્યા છે, બ્રહ્માંડ તેના માટે આધીન છે, અને દરેક વ્યક્તિના હિતોને પૂર્ણ કરવામાં વ્યસ્ત છે, સુર્ય, ચંદ્ર અને તારાઓ પણ તેના માટે આધીન છે, માનવીના સમયની ગોઠવણ અને તેના ખોરાકનો બંદોબસ્ત માટે (પોતાના પ્રમાણે) કામે લાગેલા છે, હવા, પવન, વાદળો, પક્ષીઓ અને તેમાં રહેલા તમામ જીવો માણસ માટે આધીન છે, એવી જ રીતે નીચેની  દુનિયા પણ માણસ માટે આધીન છે, તે તેના હિતો ખાતર બનાવવામાં આવ્યું છે, તેની જમીન, તેના પર્વતો, સમુદ્ર અને નદીઓ, વૃક્ષો અને ફળો, છોડ, પ્રાણીઓ અને અન્ય જીવો માણસ માટે અસ્તિત્વમાં છે, જેમકે અલ્લાહ તઆલાએ કહ્યું:{اللَّهُ الَّذِي خَلَقَ السَّمَاوَاتِ وَالْأَرْضَ وَأَنزَلَ مِنَ السَّمَاءِ مَاءً فَأَخْرَجَ بِهِ مِنَ الثَّمَرَاتِ رِزْقًا لَّكُمْ ۖ وَسَخَّرَ لَكُمُ الْفُلْكَ لِتَجْرِيَ فِي الْبَحْرِ بِأَمْرِهِ ۖ وَسَخَّرَ لَكُمُ الْأَنْهَارَ (32) {અલ્લાહ તે છે, જેણે આકાશો અને ધરતીનું સર્જન કર્યું અને આકાશો માંથી વરસાદ વરસાવી તેના દ્વારા તમારી રોજી માટે ફળ ઉપજાવ્યા અને હોડીઓને તમારા વશમાં કરી દીધી છે, જે સમુદ્રોમાં તેના આદેશથી ચાલે છે, તેણે જ નહેરોને પણ તમારી હેઠળ કરી દીધી છે. (૩૨)وَسَخَّرَ لَكُمُ الشَّمْسَ وَالْقَمَرَ دَائِبَيْنِ ۖ وَسَخَّرَ لَكُمُ اللَّيْلَ وَالنَّهَارَ (33) તેણે જ તમારા માટે સૂર્ય અને ચંદ્રને કામે લગાડેલા છે, કે સતત ચાલી રહ્યા છે. તથા રાત અને દિવસને પણ તમારા કામ પર લગાડેલ છે. (૩૩)وَآتَاكُم مِّن كُلِّ مَا سَأَلْتُمُوهُ ۚ وَإِن تَعُدُّوا نِعْمَتَ اللَّهِ لَا تُحْصُوهَا ۗ إِنَّ الْإِنسَانَ لَظَلُومٌ كَفَّارٌ}[54]، તેણે જ તમારી ઇચ્છા પ્રમાણેની દરેક વસ્તુ આપી રાખી છે, જો તમે અલ્લાહની નેઅમતો ગણવા ઇચ્છો તો ક્યારેય તેનો હિસાબ નહિ કરી શકો, નિ:શંક માનવી ઘણો જ અન્યાયી અને કૃતઘ્ની છે} [૫૫],માનવીના સન્માનનો દરજ્જો એ છે કે અલ્લાહ તઆલાએ તેના માટે તે દરેક સુવિધાઓ પેદા કરી, જેની તેને દુનિયાના જીવનમાં જરૂર હોઇ છે, અને આખિરતના જીવનમાં પણ તેને ઉચ્ચ દરજ્જો મેળવવા માટે, જે વસ્તુઓની જરૂરત પડી શકે છે, તે દરેક વસ્તુઓ પેદા કરી, જેવુ કે તેના માટે કિતાબો ઉતારી, પયગંબરો મોકલ્યા, જે તેની સમક્ષ અલ્લાહની શરીઅતને સ્પષ્ટ રીતે વર્ણન કરતાં અને તેને અલ્લાહની તરફ દઅવત આપતા.

ફરી તેની કુદરતી એટલે કે મનની, માનસિક અને શારીરિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, તેણે તેના (એટલે કે આદમના) લિંગમાંથી પત્ની બનાવી, જેથી તે આરામ પ્રાપ્ત કરી શકે, જેથી તે તેના વડે રાહત, ચેન, સુકૂન મેળવે છે, અને પતિ પત્નીના લગ્ન જીવનમાં સુકૂન મોહબ્બત, સહાનુભૂતિ અનુભવે છે,કારણકે તે બંનેના શરીર, માનસિકતા અને અંગોની ગોઠવણીમાં એ વાતનું ધ્યાન રાખવામાં આવ્યું કે તેમાંથી દરેકની ઈચ્છાઓ એકબીજા દ્વારા પુરી થાય, અને બંનેના મિલાપથી એક નવું વંશ અસ્તિત્વમાં આવે, અને આ ભાવનાઓ બંનેના દિલોમાં નાખી દેવામાં આવી, એવી જ રીતે આ સંબંધમાં દિલ અને અંગોમાં શાંતિ, શરીર અને જિગર માટે રાહત, જીવન માટે સુકૂન આત્મામાં લગાવ, અને પુરુષ અને સ્ત્રી માટે સરખું ચેન અને રાહત છુપાવામાં આવી

આદમના દરેક સંતાનો માંથી ખાસ કરીને અલ્લાહ તઆલાએ મોમિનોને પસંદ કર્યા, અને તેમને પોતાની ખાસ મદદ અને પોતાના અનુસરણ માટે ઉપયોગમાં લીધા, જેઓ તેની શરીઅત પ્રમાણે અમલ કરી રહ્યા છે, જેથી જન્નતમાં પોતાના પાલનહારની નિકટતા પ્રાપ્ત કરી શકે.મોમિનો માંથી પણ વલીઓ, શહીદો, પયગંબરો અને રસૂલોને પસંદ કર્યા, અને તેમને આ દુનિયાની સૌથી મહાન નેઅમત આપી, જે અલ્લાહની ઈબાદત, અનુસરણ અને તેની સાથે વાતચીત અને દુઆઓ કરવી છે,એવી જ રીતે તેમને એવી મહાન નેઅમતો આપી, જે તેમના સિવાય બીજા કોઈને મળી નથી શકતી, તે નેઅમતોમાં ચેન, સુકૂન, શાંતિ અને નેકી કરવાની તૌફિક છે, અને તે નેઅમતોમાં સૌથી મોટી નેઅમત કે તેઓ સત્ય માર્ગથી પરિચિત થયા અને તેના પર ઈમાન લાવ્યા, જેની સાથે પયગંબરોને મોકલવામાં આવ્યા, તેની સાથે સાથે અલ્લાહ તઆલાએ પોતાની શાન પ્રમાણે તેમના માટે આખિરતના જીવનમાં પણ હંમેશા રહેવાવાળી નેઅમતો અને સૌથી મોટી કામયાબી તેમના માટે તૈયાર કરી રાખી છે, જેના દ્વારા તેમને તેમના ઈમાન અને નિખાલસતાનો બદલો આપવામાં આવશે.

# સ્ત્રીનો દરજ્જો અને તેમનું સન્માન

ઇસ્લામમાં સ્ત્રીઓને તે માન સન્માન આપવામાં આવ્યું છે, જે પાછલી કોમોમાં આપવામાં નહતું આવ્યું, અને ન તો આગળ આવવાવાળી કોઈ કોમ તેને તે માન સન્માન આપી શકે છે, તેનું મહત્વનું કારણ એ છે કે ઇસ્લામે જે માનવીને ઇઝઝત અને મરતબો આપ્યો છે તેમાં સ્ત્રી અને પુરુષ બંને સરખા છે, જેથી દરેક પુરુષો અને સ્ત્રીઓ અલ્લાહના આદેશોથી એક સરખા સંબોધિત કરવામાં આવ્યા છે, અને આખિરતના જીવનમાં પણ બદલા અને સજા માટે સરખા રહેશે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَلَقَدْ كَرَّمْنَا بَنِي آدَمَ }[55]، { અને ખરેખર અમે આદમની સંતાનને ઇઝઝત આપી } [૫૬],અને બીજી જગ્યાએ જબદસ્ત અને ઉચ્ચ અલ્લાહ એ કહ્યું:{ لِّلرِّجَالِ نَصِيبٌ مِّمَّا تَرَكَ الْوَالِدَانِ وَالْأَقْرَبُونَ وَلِلنِّسَاءِ نَصِيبٌ مِّمَّا تَرَكَ الْوَالِدَانِ وَالْأَقْرَبُونَ }[56]، { માતા-પિતા અને સબંધીઓના વારસામાં પુરૂષો અને સ્ત્રીઓનો પણ ભાગ છે, (જે ધન માતા-પિતા અને સબંધી છોડી જાય) ભલેને તે ધન ઓછું હોય અથવા વધારે હોય, (તેમાં) ભાગ નક્કી કરેલ છે } [૫૭],અને બીજી જગ્યાએ અલ્લાહ તઆલા જેના વખાણ ઉચ્ચ છે કહ્યું:{ وَلَهُنَّ مِثْلُ الَّذِي عَلَيْهِنَّ بِالْمَعْرُوفِ }[57]، { તેઓનો ઇરાદો સુધારાનો હોય અને સ્ત્રીઓના પણ તેવા જ અધિકારો છે } [૫૮],અને પવિત્ર અલ્લાહ એ કહ્યું:{ وَالْمُؤْمِنُونَ وَالْمُؤْمِنَاتُ بَعْضُهُمْ أَوْلِيَاءُ بَعْضٍ }[58]، { ઈમાનવાળા પુરૂષ અને ઈમાનવાળી સ્ત્રીઓ એક-બીજાના મિત્રો છે } [૫૯],અને અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَقَضَىٰ رَبُّكَ أَلَّا تَعْبُدُوا إِلَّا إِيَّاهُ وَبِالْوَالِدَيْنِ إِحْسَانًا ۚ إِمَّا يَبْلُغَنَّ عِندَكَ الْكِبَرَ أَحَدُهُمَا أَوْ كِلَاهُمَا فَلَا تَقُل لَّهُمَا أُفٍّ وَلَا تَنْهَرْهُمَا وَقُل لَّهُمَا قَوْلًا كَرِيمًا (23) {અને તમારો પાલનહાર સ્પષ્ટ રીતે આદેશ આપી ચુક્યો છે કે તમે તેના સિવાય અન્યની બંદગી ન કરશો, અને માતાપિતા સાથે એહસાન કરતા રહેજો, જો તમારી હાજરીમાં તે બન્ને અથવા તે બન્ને માંથી એક વૃદ્ધા વસ્થામાં પહોંચી જાય તો તેમની સામે ઉફ પણ ન કરજે, અને ન તો તેમને ઠપકો અથવા

---

[54] ૫૫] મિફતાહુદ્ દારુસ્ સઆદહ, ભાગ: ૧, પેજ નંબર: ૩૨૭-૩૨૮. અને સૂરે ઈબ્રાહીમની આયતો, ૩૨-૩૪.

[55] ૫૬]  અલ્ ઈસ્રા, આયત નંબર: ૭૦.

[56] ૫૭] અન્ નિસા, આયત નંબર: ૭.

[57] ૫૮] અલ્ બકરહ, આયત નંબર: ૨૨૮.

[58] ૫૯] અત્ તૌબા, આયત નંબર: ૭૧.

ધમકાવજો, અને તેમની સાથે ખૂબ જ અદબ અને ઇઝઝ્ત સાથે વાતચીત કરજો. (૨૩)وَاخْفِضْ لَهُمَا جَنَاحَ الذُّلِّ مِنَ الرَّحْمَةِ وَقُل (رَّبِّ ارْحَمْهُمَا كَمَا رَبَّيَانِي صَغِيرًا 24) }[59]، અને વિનમ્રતા તથા પ્યારભર્યા અંદાજથી તેમની સામે પોતાના બાજુ ઝુકાયેલા રાખજો અને દુઆ કરતા રહેજો કે હે મારા પાલનહાર ! તેમના પર તેવી જ રીતે દયા કર જેવી રીતે તેમણે મારા બાળપણમાં મારું ભરણપોષણ કર્યું} [૬૦],અને અલ્લાહ તઆલાએ કહ્યું:{ فَاسْتَجَابَ لَهُمْ رَبُّهُمْ أَنِّي لَا أُضِيعُ عَمَلَ عَامِلٍ مِّنكُم مِّن ذَكَرٍ أَوْ أُنثَىٰ}[60]، { બસ ! તેઓના પાલનહારે તેઓની દુઆ કબુલ કરી અને કહ્યું તમારા માંથી કોઇ અમલ કરનારના અમલને, ભલે તે પુરૂષ હોય અથવા સ્ત્રી } [૬૧],અને અલ્લાહ તઆલાએ કહ્યું:{ مَنْ عَمِلَ صَالِحًا مِّن ذَكَرٍ أَوْ أُنثَىٰ وَهُوَ مُؤْمِنٌ فَلَنُحْيِيَنَّهُ حَيَاةً طَيِّبَةً ۖ وَلَنَجْزِيَنَّهُمْ أَجْرَهُم بِأَحْسَنِ مَا كَانُوا يَعْمَلُونَ}[61]. {અને જે વ્યક્તિ ઈમાનની સ્થિતિમાં નેક કાર્યો કરશે, પુરુષ હોય કે સ્ત્રી, તો ખરેખર અમે તેમને શ્રેષ્ઠ જીવન આપીશું, અને તેમના નેક કાર્યોનો શ્રેષ્ઠ બદલો અમે તેમને જરૂર આપીશું.} [૬૨].અને બીજી જગ્યાએ અલ્લાહ તઆલા જેના વખાણ ઉચ્ચ છે કહ્યું:{ وَمَن يَعْمَلْ مِنَ الصَّالِحَاتِ مِن ذَكَرٍ أَوْ أُنثَىٰ وَهُوَ مُؤْمِنٌ فَأُولَٰئِكَ يَدْخُلُونَ الْجَنَّةَ وَلَا يُظْلَمُونَ نَقِيرًا}[62]. {જે પુરુષ અથવા સ્ત્રી ઈમાનની સ્થિતિમાં કોઈ નેક કાર્ય કરશે તો આ લોકો જ જન્નતમાં જશે, અને ખજૂરના ઠળિયા જેટલુ પણ કોઈના ઉપર જુલમ કરવામાં નહિ આવે.} [૬૩].

આ માન સન્માન જે ઇસ્લામે સ્ત્રીઓને આપ્યું છે, તેનું ઉદાહરણ કોઈ બીજા ધર્મ અથવા કોઈ બંધારણમાં જોવા મળતું નથી, રોમન સંસ્કૃતિમાં એવી માનવામાં આવે છે સ્ત્રી પુરુષની ગુલામ બનીને રહશે, તેને સામાન્ય રીતે કોઈ પણ અધિકાર આપવામાં નહીં આવે, રૂમમાં સ્ત્રીઓના અધિકારો વિષે એક મોટી સભાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં એવો કરાર પાસ કરવામાં આવ્યો કે સ્ત્રી એક નિર્જીવ સર્જન છે, એટલા માટે તે આખિરતના જીવનથી વંચિત રહેશે, અને સાથે સાથે એ પણ કે તેનું અસ્તિત્વ નાપાક છે.

યૂનાનમાં સ્ત્રીઓને એક સામાન્ય વસ્તુ ગણવામાં આવે છે, તેજ કારણે તેમની લે વેચ પણ થાય છે, અને તેમને નાપાક અને શૈતાનના કામોનું પરિણામ ગણવામાં આવતી હતી.

ભારતના જૂના ધર્મોમાં એવું માનવામાં આવતું હતું કે, વબા, મૃત્યુ, જહન્નમ, સાંપનું જેર અને આગ આ દરેક સ્ત્રી કરતાં વધુ શ્રેષ્ઠ છે, તેને જીવન જીવવાનો અધિકાર ત્યારે જ આપવામાં આવતો જ્યાં સુધી તેનો પતિ જીવિત હોય, તેનો પતિ જે વાસ્તવિક રૂપે તેનો માલિક હોતો, તેને મૃત્યુ પછી તેનું પણ જીવન ખત્મ થઈ જતું, જેથી કોઈ સ્ત્રી જ્યારે પોતાના પતિની લાશને સળગતા જોતી તો પોતે પણ તે આગમાં કૂદી પડતી, જો તે આવું ન કરતી તો તેને લઅનત અને મહેણાં ટોણાં મારવામાં આવતા.

જ્યાં સુધી યહૂદી ધર્મની સ્ત્રીના માન, સન્માનની વાત છે, તો જૂના પુરાણમાં તેના વિષે આ આદેશનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે:(હું મારા દિલની સાથે એ કોશિશ કરતો રહ્યો, અને તેની સિધા કરી શકું, સારા કર્મો અને બુરાઈ વિષે જાણી શકું કે તે અજ્ઞાન અને મૂર્ખાઈ છે, તે પાગલપણું છે, તો તેણે શોધી કાઢ્યું કે મૃત્યુ કરતાં પણ વધુ સખત સ્ત્રી છે, તેનું દિલ એક પ્રકારની જાળ અને ફાંદો છે, અને તેના હાથ બેડીઓ છે) [૬૪].[63]

ભૂતકાળમાં સ્ત્રીની આ સ્થિતિ હતી, મધ્યમ સમય અને પ્રારંભિક આધુનિક યુગમાં તેને જે માન અને સન્માન મળેલું હતું અને મળ્યું છે, તેની સ્પષ્ટતા નીચેના કિસ્સાઓ વડે થાય છે:

ડેન્માર્કના એક લેખકે સ્ત્રી વિષે કેથોલિક ચર્ચના મંતવ્યોને સ્પષ્ટ કરતા લખ્યું:(મધ્યમ યુગ દરમિયાન યુરોપની મહિલાઓ પર બહુ ઓછું ધ્યાન આપવામાં આવતું હતું, તે સિવાય કેથોલિક ધર્મનો મંતવ્ય એ હતો કે તેઓ સ્ત્રીને નીચલા દરજ્જાની ગણવામાં આવતા હતા)૫૮૬ ઈસવીમાં ફ્રાંસમાં એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સ્ત્રી વિષે ચર્ચા કરવામાં આવી, કે સ્ત્રીને મનુષ્ય ગણવામાં આવે કે ન આવે?તે ચર્ચા પછી મિટિંગના સભ્યો એ નક્કી કર્યું કે સ્ત્રી તો મનુષ્ય તો છે, પરંતુ તેને પુરુષની ખિદમત કરવા માટે પેદા કરવામાં આવી છે.ફ્રાંસની કલમ નંબર ૨૧૭ માં આ વાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે:(પરિણીત સ્ત્રી, ભલેને તે સ્ત્રીની શાદી તે કરાર પર થઈ હોય કે તેની સંપત્તિ તેના પતિની સંપત્તિથી અલગ હશે, તે કરાર પ્રમાણે તેણી માટે પોતાના પતિ સહભાગિતા અથવા લેખિત મંજૂરી વગર જાઇઝ નથી કે તે પોતાની સંપત્તિ માંથી કોઈને ભેટ આપે, પોતાની સંપત્તિ બીજા કોઈને સોંપી દે, અથવા તેને ગિરવી મૂકે, ભલેને તે માલિકી કોઈ વળતર સાથે હોઇ કે વળતર વગર).

ઈંગ્લેન્ડમાં હેન્રીએ ઈંગ્લેન્ડની સ્ત્રી માટે પવિત્ર કિતાબનું પઠન કરવું હરામ કર્યું હતું, ૧૮૫૦ ઈસવી સુધી સ્ત્રીને તે (દેશની) રહેવાસી ગણવામાં આવતી ન હતી, અને ૧૮૮૦ સુધી તેને કોઈ પણ વ્યક્તિગત અધિકારો પ્રાપ્ત ન હતા [૬૫].[64]

યુરોપ અને અમેરિકા જેવા ઔદ્યોગિક દેશોમાં આજના યુગમાં પણ સ્ત્રીને અપમાનિત સર્જન ગણવામાં આવે છે, જેને વેપાર ધંધાના કામો માટે ઉપયોગમાં લેવામાં આવે છે, જેથી તે જાહેરાતનો એક બહુ મોટો ભાગ બની ગઈ છે,પરંતુ તેમની સ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ છે કે તે વેપાર ઝુંબેશ દરમિયાન તેના શરીરને સંપૂર્ણપણે નગ્ન કરી તેના પર વેપારના માલનું પ્રદર્શન કરવામાં આવે છે, તેમના શરીર અને ઇઝ્ઝતની હરાજી કરવી તે પુરુષો એ બનાવેલ નિયમો અને કરારો એ જાઇઝ અને યોગ્ય કરી દીધું છે, જેથી સ્ત્રી દરેક જગ્યાએ પુરુષો માટે સુખ અને મનોરંજન બનીને જ રહે.

તેની તરફ ત્યાં સુધી જ ધ્યાન આપવામાં આવે છે, જ્યાં સુધી તેણી પોતાના અંગો, વિચારો અથવા શરીર વડે ફાયદો પહોંચાડે અને (કમાવવા) પર સક્ષમ હોઇ, પરંતુ જ્યારે તેની ઉંમર ઢળી જાય છે અને કમાવીને આપવાની ક્ષમતા તેનામાં ખત્મ થઈ જાય છે, તો સમાજના દરેક લોકો અને સંગઠન તેનાથી અળગા થઈ જાય છે, અને તે પોતાના ઘરમાં એકલવાયું જીવન જીવવા પર મજબૂર થઈ જાય છે, અથવા માનસિક હોસ્પિટલોમાં સારવાર હેઠળ હોઇ છે.

---

[59] ૬૦] અલ ઇસ્રા, આયત નંબર: ૨૩-૨૪.
[60] ૬૧) આલિ ઇમરાન, આયત નંબર: ૧૯૫.
[61] ૬૨] અન્ નહલ, આયાતી નંબર: ૯૭.
[62] ૬૩] અન્ નિસા, આયત નંબર: ૧૨૪.
[63] ૬૪] સિફ્રુલ જામિઅહ, અલ્ ઇસ્હાહ, ૭: ૨૫૦૨૬, આ એક સામાન્ય વાત છે કે યહૂદી અને ઈસાઈ લોકો જૂના પુરાણને પોતાની પવિત્ર કિતાબ મને છે અને તેના પર ઈમાન ધરાવે છે,
[64] ૬૫] સિલ્સિતુ મુકારિનતુલ્ અદયાન, લેખક: દુકતૂર અહમદ શલબી, ભાગ: ૩, પેજ નંબર: ૨૧૦-૨૧૩.

તમે આ દરેક વાતોની સરખામણી કુરઆનની આયતો સાથે કરો, જયારે કે તે બંનેમાં કોઈ પણ પ્રકારની સરખામણી દેખાતી નથી, અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَالْمُؤْمِنُونَ وَالْمُؤْمِنَاتُ بَعْضُهُمْ أَوْلِيَاءُ بَعْضٍ }[65]، { ઈમાનવાળા પુરુષ અને ઈમાનવાળી સ્ત્રીઓ એક-બીજાના મિત્રો છે } [૬૬],અને બીજી જગ્યાએ અલ્લાહ તઆલા જેના વખાણ ઉચ્ચ છે કહ્યું:{ وَلَهُنَّ مِثْلُ الَّذِي عَلَيهِنَّ بِالمَعرُوفِ }[66]، { તેઓનો ઇરાદો સુધારાનો હોય અને સ્ત્રીઓના પણ તેવા જ અધિકારો છે } [૬૭],અને ઉચ્ચ અલ્લાહ તઆલાએ કહ્યું:{ (وَقَضَىٰ رَبُّكَ أَلَّا تَعْبُدُوا إِلَّا إِيَّاهُ وَبِالْوَالِدَيْنِ إِحْسَانًا ۚ إِمَّا يَبْلُغَنَّ عِندَكَ الْكِبَرَ أَحَدُهُمَا أَوْ كِلَاهُمَا فَلَا تَقُل لَّهُمَا أُفٍّ وَلَا تَنْهَرْهُمَا وَقُل لَّهُمَا قَوْلًا كَرِيمًا (23 {અને તમારો પાલનહાર સ્પષ્ટ રીતે આદેશ આપી ચુક્યો છે કે તમે તેના સિવાય અન્યની બંદગી ન કરશો, અને માતાપિતા સાથે એહસાન કરતા રહેજો, જો તમારી હાજરીમાં તે બન્ને અથવા તે બન્ને માંથી એક વૃદ્ધા વસ્થામાં પહોંચી જાય તો તેમની સામે ઉફ પણ ન કરજે, અને ન તો તેમને ઠપકો અથવા ધમકાવજો, અને તેમની સાથે ખૂબ જ અદબ અને ઇઝ્ઝત સાથે વાતચીત કરજો. (૨૩)(وَاخْفِضْ لَهُمَا جَنَاحَ الذُّلِّ مِنَ الرَّحْمَةِ وَقُل رَّبِّ ارْحَمْهُمَا كَمَا رَبَّيَانِي صَغِيرًا (24 }[67]. અને વિનમ્રતા તથા પ્યારભર્યા અંદાજથી તેમની સામે પોતાના બાજુ ઝુકાયેલા રાખજો અને દુઆ કરતા રહેજો કે હે મારા પાલનહાર ! તેમના પર તેવી જ રીતે દયા કર જેવી રીતે તેમણે મારા બાળપણમાં મારું ભરણપોષણ કર્યું (૨૪) } [૬૮].

જ્યારે અલ્લાહ તઆલાએ સ્ત્રીને સન્માન અને આદરનો આટલો ઉચ્ચો પદ આપ્યો, અને આદમના દરેક સંતાન માટે તે સ્પષ્ટ કર્યું કે અલ્લાહ તઆલાએ તેને એટલા માટે પેદા કરી છે કે તે માં,પત્ની, પુત્રી, અને બહેનનો ભાગ ભજવે, અને તેના માટે એવા આદેશો અને નિયમો ઉતાર્યા છે, જે પુરુષને છોડી ફક્ત તેના માટે જ ખાસ કરવામાં આવ્યા છે.

# મનુષ્યના સર્જનની હિકમત

તેની પાછળ અલ્લાહની એટલી બધી હિકમતો છૂપાયેલી છે, જેને આપણી બુદ્ધિ જાણી શકતી નથી, ન તો આપણી જબાન તેને વિસ્તાર પૂર્વક વર્ણન કરી શકે છે, નીચેના મુદ્દાઓમાં અમે આવી જ અમુક હિકમતોનો ઉલ્લેખ કરવા જઈ રહ્યા છે:

૧- અલ્લાહ માટે સુંદર સુંદર નામો છે, તેના નામો માંથી, અલ્ ગફૂર (માફ કરનાર), અર્ રહીમ (કૃપા કરનાર, રહેમ કરનાર), અલ્ અફુવ્વ (માફ કરનાર), અલ્ હલીમ (ધૈર્યવાન, દરગુજર કરનાર) છે,...આ નામોનું જાહેર થવું પણ જરૂરી હતું, એટલા માટે પવિત્ર અલ્લાહની હિકમત તે હતી કે આદમ અને તેનો વંશ એક એવી દુનિયામાં રહે, જ્યાં તેના સુંદર નામોનો અસર જાહેર થાય, જેને ઈચ્છે તેને માફ કરે, જેના પ્રત્યે ઈચ્છે તેના પર કૃપા કરે, જેને ઈચ્છે તેને દરગુજર કરે, અને જેના પર ઈચ્છે પોતાની સહનશીલતાનું પ્રદર્શન કરે, આ સિવાય તેના નામો અને ગુણોના બીજા અસરો પણ જાહેર થઈ શકે.

૨- પવિત્ર અલ્લાહ સાચો બાદશાહ છે, અને (હકીકતોને) જાહેર કરવા વાળો છે, બાદશાહ તે હોઇ છે, જે આદેશ આપે, રોકે, બદલો અને સજા આપે અને ઇઝ્ઝત અને અપમાન કરવાનો અધિકાર ધરાવે, જેથી પવિત્ર અલ્લાહની બાદશાહીની આવશ્યકતા તે હતી કે તે આદમ અને તેના વંશને એક એવી દુનિયામાં સ્થાયી કરે, જ્યાં બાદશાહના આદેશો લાગુ થઈ શકે, ફરી તેમને એવી દુનિયા તરફ લઈ આવે, જ્યાં તેમને તેમના કર્મોનો બદલો આપવામાં આવે.

૩- પવિત્ર અલ્લાહએ તેમાંથી ઘણા પયગંબરો, નબીઓ, વલીઓ અને શહીદોને પસંદ કર્યા, જેથી તે તેમને મોહબ્બત કરે અને તેઓ તેની સાથે મોહબ્બત કરે, જેથી તેમના અને તેમના શત્રુઓ દરમિયાન રસ્તો ખોલી નાખ્યો અને તેમના વડે તેમની અજમાયશ કરી, જ્યારે તેઓએ અલ્લાહને પ્રાથમિકતા આપી અને તેની ખુશી અને મોહબ્બત માટે જીવન અને સંપત્તિનું બલિદાન આપ્યું, તો તેમણે અલ્લાહની મોહબ્બત, તેની સંમતિ અને નિકટતા પ્રાપ્ત થઈ, જેને તે શરણાગતિ અને વફાદારી વગર પ્રાપ્ત કરી શકાતી નથી,જાણવા મળ્યું કે પયગંબરી અને શહાદત અલ્લાહની નજીક શ્રેષ્ઠ જગ્યાઓ છે, માનવી તે મરતબા સુધી અલ્લાહએ નક્કી કરેલ તરીકા વગર પહોંચી નથી શકતો, કે આદમ અને તેની સંતાનને જમીન પર ઉતારવામાં આવે.

૪- પવિત અલ્લાહ તઆલાએ આદમ અને તેની સંતાનને તે વસ્તુ વડે પેદા કરી કે તે સારા અને ખરાબ બંને પ્રકારના કાર્યો કરવા પર સક્ષમ છે, જે મનેચ્છા, ફિતનાઓ, બુદ્ધિ અને ઇલમની આવશ્યકતા કરે છે, જેથી અલ્લાહએ તેમાં બુદ્ધિ અને ઈચ્છા પેદા કરી, અને તે બંનેને પોતાની માંગ કરવાનો સ્રોત બનાવ્યા, જેથી તેની મુરાદ પૂરી થઈ શકે, અને તે પોતાના બંદાઓ સમક્ષ પોતાની હિકમતમાં પોતાની ઇઝ્ઝત અને મહાનતા, શક્તિ અને પોતાની હુકૂમત અને બાદશાહીમાં પોતાની કૃપા, રહેમત અને મોહબ્બતનું પ્રદર્શન કરી શકે;જેના કારણે અલ્લાહની હિકમત એ હતી કે આદમ અને તેની સંતાનને જમીન પર ઉતારે, જેથી પરીક્ષા અને અજમાયશ થઈ શકે, અને તે સ્રોતો વડે માનવીની તૈયારી અને તેને કબૂલ કરવાના અસરો સ્પષ્ટ થઈ શેક, ફરી તે પ્રમાણે તેને જે ઇઝ્ઝત અને સન્માન મળતું અથવા તેને જે અપમાનનો સામનો કરવો પડતો હોઇ છે, (તેના અસરો પણ જોઈ શકાય).

૫- પવિત્ર અલ્લાહએ સર્જનને પોતાની ઈબાદત માટે પેદા કર્યા, અને તેમને પેદા કરવાનો આજ હેતુ હતો, અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَمَا خَلَقْتُ الْجِنَّ وَالْإِنسَ إِلَّا لِيَعْبُدُونِ }[68]، { અમે જિનો અને માનવીઓ ને ફક્ત અમારી ઇબાદત માટે પેદા કર્યા છે } [૬૯],અને આ સામાન્ય વાત છે કે સર્જન પાસે જે સંપૂણ ઈબાદતની માંગ કરવામાં આવી છે, તે નેઅમત અને કાયમી રહેવાવાળા ઘરમાં નહીં પરંતુ તે ફક્ત પરીક્ષણો અને મુશ્કેલીઓવાળી આ નષ્ટ થઈ જનારી દુનિયામાં જ પરિપૂર્ણ થઈ શકે છે, કારણકે બાકી રહેવાવાળું ઘર તો નેઅમતોથી ભરેલું હશે, તેમાં  કોઈ પણ પ્રકારની કસોટીઓ અને વિપત્તિઓ હશે જ નહીં.

૬- ગેબ પર ઈમાન લાવવું, આ જ તે ઈમાન છે, જે માનવીને ફાયદો પહોંચાડે છે, અને રહી વાત આંખો વડે જોઈ ઈમાન લાવવાની, તો કયામતના દિવસે દરેક વ્યક્તિ ઈમાન લઈ આવશે, જો માનવીને નેઅમતોવાળા ઘર (જન્નત) માં પેદા કરવામાં આવતો, તો તે ગેબની બાબતો પર ઈમાનનો તે દરજ્જો મેળવી ન શકતો, જેના પછી એવો આનંદ અને કીર્તિ

---

[65] ૬૬] અત્ તૌબા, આયત નંબર: ૭૧.
[66] ૬૭] અલ્ બકરહ, આયત નંબર: ૨૨૮.
[67] ૬૮] અલ્ ઇસ્રા, આયત નંબર: ૨૩-૨૪.
[68] ૬૯] અઝ્ ઝારિયાત, આયત નંબર: ૫૬.

પ્રાપ્ત થશે, જે ગેબ પર ઈમાન લાવ્યા વગર પ્રાપ્ત થઈ શકતો નથી, એટલા માટે અલ્લાહએ તેમને આ દુનિયામાં ઉતાર્યા અને તેમને ગેબની બાબતો પર ઈમાન લાવવાનો મોકો આપ્યો.

૭- અલ્લાહ તઆલાએ આદમને સંપૂર્ણ જમીનની એક મૂઠી માટી વડે પેદા કર્યા, જમીનમાં સારી માટી પણ હતી અને ખરાબ પણ, એજ રીતે સખત માટી પણ હતી અને નરમ પણ, પવિત્ર અલ્લાહ જાણતો હતો કે તેમાંથી કેટલાક લોકો એવા હશે જે તેના ઘર (જન્નત) માં રહેવાને લાયક નહીં હોઈ;ફરી તેમને એવા ઘરમાં ઉતાર્યા જ્યાંથી સારા અને ખરાબ બંનેને કાઢ્યા હતા, ફરી અલ્લાહ તઆલાએ બે ઘરો (જન્નત અને જહન્નમ) વડે તેમને અલગ કરી દીધા, સારા લોકોને પોતાના પાડોશી બનાવ્યા અને પોતાની બાજુમાં (જન્નત)મા રોકાળ આપ્યું અને ખરાબ લોકો ને તેમના જેવા ખરાબ લોકો જોડે જ રાહેઠાલ આપ્યું.

૮- પવિત્ર અલ્લાહનો ઈરાદો તે હતો કે તે પોતાના તે બંદાઓને, જેમને તેણે નેઅમતો આપી, તેઓ અલ્લાહની કૃપા અને તેની શાનને જાણી લે, જેથી તેઓ અલ્લાહ સાથે મોહબ્બત કરવા અને તેનો શુક્ર કરવામાં સૌથી આગળ રહે, અને અલ્લાહએ તમને જે નેઅમતો આપી છે તેનાથી ખૂબ ફાયદો ઉઠાવે,સાથે સાથે અલ્લાહએ તે પણ જણાવ્યું કે તેણે પોતાના શત્રુઓ સાથે કેવો વ્યવહાર કર્યો અને તેમના માટે કેવો અઝાબ તૈયાર કરી રાખ્યો છે, અને તેમને તે પણ જણાવ્યું કે અલ્લાહએ તેમના માટે કેવી શ્રેષ્ઠ નેઅમતો તૈયાર કરી છે, જેથી તેનું સ્મરણ કરી તેઓ ખુશ થઈ જાય, અને તેમની ખુશી બમણી થઈ જાય,આ અલ્લાહની તેમના પર સંપૂર્ણ નેઅમત અને મોહબ્બત હતી, એટલા માટે જરૂરી હતું કે તેમને જમીન પર ઉતારવામાં આવે, તેમનું પરીક્ષણ અને અજમાયશ કરવામાં આવે, તેમાંથી અલ્લાહ જેના પ્રત્યે ઈચ્છે તેના પર પોતાની કૃપા વડે તૌફીક આપે, અને જેના પ્રત્યે ઈચ્છે તેને પોતાની બાદશાહી અને ન્યાય વડે અપમાનિત કરે, ખરેખર અલ્લાહ ઇલ્મવાળો અને હિકમતવાળો છે.

૯- પવિત્ર અલ્લાહએ ઈચ્છા કરી કે આદમ અને તેમની સંતાન પોતાના ઘર (જન્નત) તરફ સારી સ્થિતિમાં પાછા ફરે, એટલા માટે તેમને પહેલા દુનિયાની તકલીફો અને દુઃખોનો સ્વાદ ચખાડયો, જેથી તેમની નજીક આખિરતના જીવનમાં જન્નતને પ્રાપ્ત કરવાની મહત્ત્વતા વધી જાય; કારણકે કોઈ પણ વસ્તુની સુંદરતા તેની વિરુદ્ધ વસ્તુ દ્વારા જ જાણી શકાય છે [૭૦].[69]

માનવીના સર્જનના શરૂઆતને સ્પષ્ટ કર્યા પછી યોગ્ય છે કે સાચો દીન માનવી માટે કેટલો જરૂરી છે તેનું વર્ણન પણ કરવામાં આવે.

## આદમની સંતાન માટે ઇસ્લામની આવશ્યકતા

માનવીને પોતાના જીવનમાં જેટલી પણ જરૂરતો હોય છે તેમાં સૌથી મહત્ત્વની જરૂરત ઇસ્લામ દીન છે; કારણકે મનાવી માટે જરૂરી છે કે તે પવિત્ર અલ્લાહની પ્રસન્નતા અને તેના નારાજ થવાની બાબતોથી પરિચિત રહે, અને સાથે સાથે તે પણ જરૂરી છે કે તે એવા કાર્યો કરે જે તેને ફાયદો પહોંચાડે અને એવા કાર્યોથી બચીને રહે જે તેને નુકસાન પહોંચાડે,શરીઅત જ ફાયદાકારક અને નુકસાનકારક કાર્ય વચ્ચે તફાવત કરે છે, આ શરીઅત બંદાઓ માટે અલ્લાહ તરફથી ન્યાય અને નૂર (પ્રકાશ) છે, જેના કારણે માનવીઓ માટે આ શરીઅત વગર જીવન જીવવું અશકય છે, જેના દ્વારા તે તેમના કાર્યો વચ્ચે તફાવત કરી શકે કે કયું કાર્ય તમણે કરવું જોઈએ અને કયું કાર્ય ન કરવું જોઈએ.

કારણકે માનવીને ઈરાદો કરવાની અને ઈચ્છા કરવાની ક્ષમતા આપી છે, તેથી તેના માટે તે જાણવું જરૂરી છે કે તે કઈ વસ્તુનો ઈરાદો કરે છે, અને શું તે ઈરાદો કરવો તેના માટે ફાયદાકારક છે કે નુકસાન કારક? અને તે ઈરાદો તેના માટે કામયાબીનું કારણ છે કે અસફળતાનું કારણ.?આ તે વસ્તુ છે જેને કેટલાક લોકો પોતાની ફિતરત વડે જાણે છે, તો કેટલાક લોકો પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી તેની જાણ કરે છે, જ્યારે કે કેટલાક લોકો રસૂલો વડે જાણે છે, જેઓ તેમની સમક્ષ સ્પષ્ટ કરે છે અને તેમને સત્ય માર્ગ બતાવે છે [૭૧].[70]

ભૌતિકવાદ અને નાસ્તિકતા પર આધારિત ધર્મો કેટલા પણ સ્પષ્ટ અને સુંદર બની અને દરેક પ્રકારની શરણાગતિ અપનાવી લે, પોતાના વિચારો અને મંતવ્યોને કેટલા પણ ફેલાવી લે, પરંતુ આ હકીકત છે કે દુનિયાના દરેક માનવીનીને ન તો સાચા ધર્મથી બેનિયાઝ કરી શકે છે ન તો તેમની આત્મા અને શરીરની લાગતોને પૂરી કરી શકે છે, પરંતુ આ વિચારધારાઓ માનવીને પોતાની જાળમાં કેટલો પણ ફસાવી લે, તમે યકીન રાખો કે તે ન તો તેને સંપૂણ શાંતિ આપી શકે છે ન તો તેની તરસ ખત્મ કરી શકે છે, અને સાથે સાથે એ પણ તે વિચારધારાઓથી નજાત મેળવવા સાચા દીન સિવાય બીજો કોઈ માર્ગ નથી,અરસ્ત રેનાન કહે છે:(આ શક્ય છે કે આપણી દરેક પ્રિય વસ્તુઓ ખત્મ થઈ જાય, મન અને મગજના ઉપયોગની સ્વતંત્રતા, શિક્ષણ અને શીખવાની સ્વતંત્રતા અને ઉદ્યોગ અને વાણિજ્યની સ્વતંત્રતા છીનવાઈ જશે, પરંતુ તે અશક્ય છે કે ધર્મ ખત્મ થઈ જાય, પરંતુ આ દીન (ધર્મ) હંમેશા આ ભૌતિકવાદી ધર્મની અમાન્યતા સાબિત કરવા માટે દલીલ તરીકે રહેશે, જે મનુષ્યને સાંસારિક જીવનની અશુદ્ધ સંકુચિતતામાં ફસાવવા માંગે છે) [૭૨].[71]

અને મુહમ્મદ ફરીદ વજદી કહે છે:(આ અશક્ય છે ધર્મનું અનુસરણ કરવાની વિચારધારા ખત્મ થઈ જાય, કારણ કે આ માનવ આત્માની સર્વોચ્ચ વૃત્તિ છે અને તેનો સૌથી માનનીય જુસ્સો છે, અને તેનાથી વધારે એ કે આ એક એવું વલણ છે, જેના દ્વારા મનુષ્ય ઉન્નતિ પ્રાપ્ત કરે છે, અને હકીકત એ છે આ વલણ ધીમે ધીમે સમય જતા વધતું જાય છે, કારણકે ધર્મનું અનુસરણ ત્યાં સુધી માનવ વૃતિનો પીછો કરે છે જ્યાં સુધી તેની પાસે એટલી બુદ્ધિ હોઇ કે જેના દ્વારા તે સારા અને ખરાબ વચ્ચે તફાવત કરી શકે, તેનામાં વિજ્ઞાન અને અનુભૂતિનો સાર જેટલો વિકાસ પામશે તેટલો આ સ્વભાવ પણ વિકાસ પામતો રહેશે) [૭૩].[72]

---

[69] ૭૦] જુઓ: મિફતાહુદ્ દારુસ્ સઆદહ, ભાગ: ૧ પેજ નંબર:૬-૧૧.

[70] ૭૧] જુઓ: શૈખુલ્ ઇસ્લામ ઈમામ ઇબ્ને તૈમિય્યા રહ. ની કિતાબ: અત્ તદમુરિય્યા, પેજ નંબર ૨૧૩-૨૧૪, મિફતાહુદ્ દારુસ્ સઆદહ, ભાગ: ૨, પેજ નંબર: ૩૮૩.

[71] ૭૨] જુઓ: અદ્ દીન, દુક્તૂર અબ્દુલ્લાહ દરાઝ રહની કિતાબ, પેજ નંબર: ૮૭.

[72] ૭૩] જુઓ આગવનો સ્રોત: અદ્ દીન, દુક્તૂર અબ્દુલ્લાહ દરાઝ રહની કિતાબ, પેજ નંબર: ૮૭.

જ્યારે માનવી પોતાના પાલનહારથી દૂર થાય છે, તેથી, જેમ જેમ તેનામાં જાગૃતિ અને જ્ઞાનનો વ્યાપ વધતો જાય છે અને જ્ઞાન અને જાગૃતિ વિસ્તરતી જાય છે, તેમ તેમ તેને તે પણ ખ્યાલ આવે છે કે તે પોતાના પાલનહારથી કેટલો અપરિચિત છે, પોતાની ફરજોથી કેટલો અજાણ, તે પોતાની જાત અને તેના સુધારા અને કામયાબી માટે, ફસાદ (ભ્રષ્ટાચાર), સુખ અને દુ:ખના કારણો અને પરિબળો વિશે કેટલો અજાણ છે, તે ઉપરાંત ખગોળશાસ્ત્ર, કોમ્પ્યુટર વિજ્ઞાન અને ન્યુક્લિયસ વગેરે જેવી વૈજ્ઞાનિક વિગતો અને શબ્દભંડોળમાં કેટલો અસમર્થ છે...જ્યારે વૈજ્ઞાનિક ઘમંડ અને અભિમાનને છોડી નમ્રતા, આજીજી અને આત્મસમર્પણ તરફ આગળ વધે છે અને માને છે કે આ બધા વિજ્ઞાનની પાછળ ઈશ્વરનું જ્ઞાન અને શાણપણ (પાલનહારનું અનંત જ્ઞાન) છે. વૃતિના કાર્યક્રમ પાછળ કુદરત ધરનાર સર્જક છે,(જ્યારે તેમણે આ હકીકતની જાણ થાય છે ત્યારે) હકીકતને પસંદ કરનાર વૈજ્ઞાનિક ગેબ પર ઈમાન લાવવા અને સાચા દીનને અપનાવવા અને વૃતિના બોલવવા પર લબ્બેક કહેવા મજબૂર થઈ જાય છે...અને જ્યારે માનવી તેનાથી મોઢું ફેરવે છે, તો તેની ફિતરત (વૃતિ) બદલાઈ જાય છે અને તે જંગલી પ્રાણીની સ્થિતિમાં આવી જાય છે.

આ વિગતો દ્વારા આપણે તે પરિણામ સુધી પહોંચી શકીએ છીએ કે સાચો દીન, જે અલ્લાહ માટે તૌહીદને કાયમ કરવા, અને અલ્લાહની શરીઅત પ્રમાણે દરેક પ્રકારની ઈબાદતોને ફક્ત તેના માટે જ નિખાલસ કરવા પર આધારિત છે, માનવીના જીવન માટે એક જરૂરી સ્ત્રોત છે, જેથી તેના માર્ગદર્શન હેઠળ માનવી અલ્લાહની ઈબાદત કરે, તેને સઆદત અને નેકી પ્રાપ્ત થાય, અને દુનિયા અને આખિરતના કમનસીબી અને તકલીફ અને સખત મહેનતથી દૂર રહે, અને તે દીન એટલા માટે પણ જરૂરી છે કે જેના દ્વારા માનવીની વૈચારિક શક્તિ પૂર્ણતાના સ્તરે પહોંચી શકે છે, અને તેના વગર માનવીના ઉચ્ચ મકસદો અને હેતુઓ પૂરા થઈ શકતા નથી.

આ દીન (ધર્મ) આત્માને શુદ્ધ કરવા અને ચેતના અને અંતર્જ્ઞાનની શક્તિને પ્રજ્વલિત કરવા માટે એક આવશ્યક તત્વ છે, કારણ કે દીન (ધર્મ)માં સારી ભાવનાઓને ઉત્પન્ન થવા માટેની પૂરતી તકો અને સ્ત્રોતો છે, જેના સપના ક્યારેય સુકાતા નથી અને તેનામાં આ લાગણીઓને પણ પોતાનો હેતુ મળી જાય છે.

દીન એટલા માટે પણ એક મહત્વનો સ્ત્રોત છે, કે જેથી તેની ઈચ્છા શક્તિ સૌથી મોટા માધ્યમો અને પ્રેરણાઓ દ્વારા પૂર્ણ થઈ શકે, જે ધર્મ તેને પ્રદાન કરે છે, અને નિરાશા અને હતાશાના કારણોને દૂર કરવા માટે આ શક્તિને શ્રેષ્ઠ સંસાધનોથી સજ્જ કરે છે.

તેથી જો કોઈ વ્યક્તિ એવું કહે  કે માણસ સ્વભાવે સંસ્કારી છે,તો આપણે કહેવું જોઈએ કે માણસ સ્વભાવે ધાર્મિક છે[૭૪], કારણ કે માણસની અંદર બે પ્રકારની શક્તિઓ છે; એક બળ તે છે, જે જ્ઞાન અને વિચારધારા સાથે સંબંધિત છે અને બીજું બળ તે છે જે જ્ઞાન અને ઉદ્દેશ્ય સાથે સંબંધિત કરે છે, અને  માણસના સુખનો આધાર બંને શક્તિઓની પૂર્ણતા પર છે, અને જ્ઞાનનું બળ તેજ સમયે પૂરું થઈ શકે છે, જ્યારે નીચેની બાબતોનું જ્ઞાન પ્રાપ્ત કરે:[73]

૧- તે સાચા મઅબૂદ (ઇલાહ) ની ઓળખ જે પેદા કરવાવાળો અને રોઝી આપનાર છે, અને જેણે માનવીને બિનઅસ્તિત્વ માંથી અસ્તિત્વ આપ્યું, અને તેના પર ઘણા ઉપકારો કર્યા.

૨- અલ્લાહના નામો અને ગુણોની ઓળખ, અલ્લાહની ઓળખની સાથે સાથે તેના પર ફરજ થતાં કાર્યો માંથી અને બંદાઓ પર તેના નામો દ્વારા થતાં અસરોથી પરિચિત થવું.

૩- પવિત્ર અલ્લાહ સુધી પહોંચવાનો માર્ગ.

૪- તે અવરોધો અને મુસીબતોની ઓળખ જે માનવી અને તેના માર્ગ વચ્ચે અવરોધ બને અને તે મહાન નેઅમત વચ્ચે જ્યાં સુધી આ માર્ગ પહોંચે છે.

૫- પોતાની જાતની ઓળખ, તેની જરૂરતોથી પરિચિત થવું, અને તેના સુધારા અને ખરાબ થવાના કારણોથી પરિચિત થવું, અને જે જે ખૂબીઓ અને ખામીઓ સાથે જોડાયેલી છે તેનાથી પરિચિત થવું.

આ પાંચ પ્રકારની ઓળખ દ્વારા માનવી પોતાનું જ્ઞાન સંપૂણ કરે છે, જ્ઞાન અને ઈરાદાની શક્તિ તે સમયે પૂર્ણ થાય છે જ્યારે બંદા પર લાગુ કરવામાં આવેલ અલ્લાહના અધિકારો પૂરા કરે, નિખાલસતા, સાચી નિયત, સદભાવના, પયગંબરનું અનુસરણ અને તેના પર કરવામાં આવેલા ઉપકારોને ધ્યાનમાં રાખી તેના પર અમલ કરે, આ બંને શક્તિઓ પૂર્ણતાના સ્તરે ત્યારે જ પહોંચી શકે છે જ્યારે અલ્લાહની મદદ સામેલ હોઇ, જાણવા મળ્યું કે માનવી માટે જરૂરી છે અલ્લાહ તેને સત્ય માર્ગની હિદાયત આપે, જેની હિદાયત તેણે પોતાના વલીઓને આપી હતી [૭૫].[74]

જ્યારે આપણે જાણી લીધું કે સાચો ધર્મ જ માનવ આત્માની વિવિધ શક્તિઓને પ્રજ્વલિત કરવા માટે અલ્લાહ તરફથી મદદ છે, ત્યારે (એ પણ જાણવા મળે છે કે) દીન (ધર્મ) જ સમાજને રક્ષણ પૂરું પાડતું કવચ છે, તેનું કારણ એ છે કે માનવીનું જીવન પોતાની સાથે જોડાયેલા અલગ અલગ પ્રકારના સ્ત્રોતોની મદદથી જ કાયમ રહે છે, અને આ એક બીજાની મદદ ત્યારે જ મદદરૂપ થાય છે જ્યારે કોઈ એવી સિસ્ટમ હોઇ જે તેમના સંબંધને મજબૂત કરે, તેમની જવાબદારીઓ નક્કી કરે, અને તેમના અધિકારોની બાંયધરી આપે,અને આ સિસ્ટમ તે કુદરત અને પ્રભુત્વ ધરાવનાર બાદશાહથી બેનિયાઝ નથી થઈ શકતી, જે માનવીના મનને તે સિસ્ટમની અવજ્ઞા કરવાથી રોકે છે, અને તેનું અનુસરણ કરવા પર ધ્યાન દોરે છે, અને માનવીના મનમાં પોતાનું પ્રભુત્વ પેદા કરે છે, અને હરામ કાર્યો કરવાથી રોકે છે, અહીંયાં સવાલ  એ છે આ બાદશાહ કોણ છે?મારો જવાબ એ છે: સમગ્ર ધરતી પર કોઈ એવી તાત નથી જે આ સિસ્ટમના નિયંત્રણને જરૂરી કરે, સામાજિક સમસ્યાઓ અને સામાજિક વ્યવસ્થાની સ્થિરતાના અમલ માટે અને સમાજમાં સંતોષ અને શાંતિનું વાતાવરણ સ્થાપિત કરવા માટે ધાર્મિક બળ સમાન હોવું જોઈએ.

તેની પાછળ જે ભેદ છુપાયેલો છે, તે એ કે માનવી સમગ્ર સર્જનથી શ્રેષ્ઠ છે, અને તેને દરેક કામ કરવાનો અધિકાર આપ્યો છે, જેના પર કોઈનું જોર ચાલતું નથી, અને તે તેનો ઈમાની અકીદો છે, જે તેની આત્મા અને તેના શરીરના અંગોને જાગૃત કરે છે,જેથી માનવી હંમેશા પોતાના અકીદા પ્રમાણે ચાલે છે, ભલે ને તે અકીદો સાચો હોઇ અથવા ખોટો, અગર જો તેનો

---

[73] ૭૪] જુઓ આગવનો સ્ત્રોત: અદ્ દીન, દુક્તૂર અબ્દુલ્લાહ દરાઝ રહની કિતાબ, પેજ નંબર: ૮૪-૯૮.

[74] ૭૫] જુઓ: અલ્ ફવાઇદ, પેજ નંબર: ૧૮,૧૯.

અકીદો સાચો રહ્યો તો તેની દરેક વસ્તુઓ બરાબર અને સાચી, અને જો તેનો અકીદો ખરાબ છે તો તેની દરેક વસ્તુઓ બગડી જાય છે.
અકીદો અને ઈમાન માનવીના જાતે રખેવાળ છે, સામન્ય લોકોમાં જોવામાં આવે તો તેમના અકીદા અને ઈમાનના બે પ્રકાર હોઇ છે:
- ઉચ્ચ નૈતિકતા અને માનવતાના ગૌરવનું મહત્વ, જેમ કે શુદ્ધ મૂલ્યો અને પરંપરાઓમાં ઈમાન ધરાવવું, જેનું ઉલ્લંઘન ઉચ્ચ સ્વ-વ્યક્તિત્વ શરમ અનુભવે છે, ભલે તેઓ બાહ્ય પ્રભાવો અને ભૌતિક પરિણામોથી વંચિત હોય.
- પવિત્ર અલ્લાહ પર ઈમાન ધરાવવું અને તે અકીદો રાખવો કે તે દરેક પ્રકારના ભેદને જાણવાવાળો છે, અને તે દરેક છૂપાયેલી વસ્તુઓ સારી રીતે જાણે છે, શરીઅત પોતાના પ્રભુત્વ અને તે અલ્લાહના આદેશો અને તેણે રોકેલા કાર્યો દ્વારા પ્રાપ્ત થાય છે, તેની શરમ અને વિચારધારામાં જાગૃતિ આવે છે, આવું તેની મોહબ્બતના કારણે હોઇ છે, તેના ડરના કારણે અથવા તે બંનેના કારણે...આમાં કોઈ શંકા નથી કે ઈમાનના આ પ્રકારને માનવીના મનમાં વધુ પ્રભુત્વ પ્રાપ્ત છે, ઈચ્છાઓના તોફાનો અને લાગણીઓના તરંગોનો સામનો કરવા માટે તે વધુ મજબૂત અને શક્તિશાળી છે, અને આ ઈમાન લોકોના હૃદયમાં ઝડપથી વણાઈ જાય છે.
આજ કારણે ન્યાયના નિયમો પર લોકો વચ્ચે સારો માહોલ પેદા કરવા માટે દીન સૌથી વધુ બાંયધરી આપનાર છે, એટલા માટે દીન એક સામાજિક જરૂરત છે, અને તેમાં કોઈ શંકા નથી કે કોમ માટે દીનનું તે જ મહત્વ છે જે શરીરમાં દિલનું છે [૭૬].[75]
જો કે દીન પોતાના સામન્ય અર્થમાં તે મહત્વ ધરાવે છે, એટલા માટે આપણે જોઈએ છીએ કે આજે દુનિયામાં અલગ અલગ પ્રકારના ધર્મો અને કોમો જોવા  મળે છે, અને દરેક કોમ પોતાના દીન (ધર્મ) પર ખુશ અને તેના પર અમલ કરે છે, તો અહીયાં સવાલ એ છે કે (આ બધા ધર્મોમાં) સાચો ધર્મ (દીન) કયો? આ સત્ય ધર્મના એવા કયા સિદ્ધાંતો અને નિયમો છે જે માનવ આત્માના હેતુ અને અર્થને શરમજનક બનાવી શકે છે?

# સાચા દીન (ધર્મ) ના નિયમો

દરેક ધર્મના અનુયાયીઓ તે અકીદો ધરાવે છે કે તેમનો ધર્મ સાચો છે, અને કોઈ દીન (ધર્મ) ના અનુયાયીઓનો એ અકીદો હોઇ છે કે તેનો દીન (ધર્મ) જ સૌથી સારો અને તેનો માર્ગ જ સૌથી સીધો છે.જ્યારે તમે આ બદલાયેલા ધર્મો અને તેમના અનુયાયીઓને માનવી દ્વારા બનાવેલા કોમોના અનુયાયીઓ પાસે તેમના અકીદાની દલીલ માંગશો તો તેમનો જવાબ એ હશે કે અમે અમારા પૂર્વજોને આજ માર્ગનું અનુસરણ કરતાં જોયા, તો તેઓ પણ તેમના જ માર્ગ પર ચાલવા લાગ્યા, ફરી તેઓ એવા કિસ્સાઓ અને વાર્તાઓ વર્ણન કરશે જેના કોઈ પણ પુરાવા નથી, પરંતુ તેમના શબ્દો પણ ભૂલો અને શંકાઓથી સુરક્ષિત નથી, તેઓ એવી વારસાગત પુસ્તકો પર ભરોસો કરે છે, જે  પુસ્તકને ન તો કેહવાવાળાને તેઓ જાણતા હોય છે અને  ન તો તેના લેખકને, અને ન તો તેમને એ ખબર હોઇ છે આ પુસ્તકને પહેલી વખત કઈ ભાષામાં અને ક્યાં દેશમાં લખવામાં આવી હતી;ખરેખર આ પુસ્તકોમાં મિશ્ર માહિતી છે, જે પેઢી દર પેઢી એકીકૃત કરી દેવામાં આવી, અને પેઢી દર પેઢી તેને મહાન માંને છે, અને તે વાતોની પુષ્ટિ માટે કોઈ સચોટ કામ કરવામાં આવ્યું નથી.
આ અજાણ્યા પુસ્તકો, વાર્તાઓ અને આંધળું અનુકરણ ધર્મો અને માન્યતાઓની બાબતમાં દલીલ તરીકે સ્વીકારી શકાય નહીં, આવા સંજોગોમાં સવાલ એ થાય છે કે માણસે ઘડેલા આ બધા વિકૃત ધર્મો અને રાષ્ટ્રો સાચા છે કે ખોટા?
આ અશક્ય છે બધા સાચા હોઇ, કારણકે સત્ય એક જ હોઈ શકે, અને આ પણ અશક્ય છે આ દરેક બદલાયેલા ધર્મો અને માનવીઓ દ્વારા બનાવવામાં આવેલી કોમો અલ્લાહ તરફથી અવતરિત કરેલી અને સત્ય હોય, હવે સવાલ એ ઊભો થાય છે જ્યારે ધર્મો ઘણા છે અને સત્ય એક જ છે, તો આ બધા ધર્મો માંથી સાચો દીન (ધર્મ) કયો છે?આ સંજોગોમાં એવા નિયમો જાણવા જરૂરી છે, જેના દ્વારા સાચા અને ખોટા દીન (ધર્મ) માં ફરક થઈ શકે, અને જો આ નિયમો જે દીન પર લાગુ પડતા હોય તો આપણે જાણી શકીએ છીએ કે તે જ સાચો દીન ( ધર્મ) છે, અને આ બધા નિયમો અથવા તેમાંથી એક પણ નિયમ કોઈ દીનમાં જોવા ન મળે તો આપણે સમજી શકીએ છીએ કે તે દીન (ધર્મ) ખોટો છે.
તે નિયમો જેના દ્વારા સાચા અને ખોટા દીન (ધર્મ) માં ફરક થાય છે, તે નીચે પ્રમાણે છે:
પહેલો નિયમ: તે દીન (ધર્મ) અલ્લાહ તરફથી ઉતારવામાં આવ્યો હોય, જે દીન અલ્લાહએ કોઈ ફરિશ્તા દ્વારા કોઈ પયગંબર પર ઉતાર્યો હોય, જેથી તે અલ્લાહના બંદાઓને તે દીન (ધર્મ) સુધી પહોંચાડે, કારણકે સાચો દીન (ધર્મ) અલ્લાહનો જ દીન છે,પવિત્ર અલ્લાહ જ પોતાના બંદાઓ પર દીન ઉતારે છે અને કયામતના દિવસે પોતાના ઉતારેલા દીન પ્રમાણે જ દરેક સર્જનીઓનો હિસાબ લેશે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ إِنَّا أَوْحَيْنَا إِلَيْكَ كَمَا أَوْحَيْنَا إِلَىٰ نُوحٍ وَالنَّبِيِّينَ مِن بَعْدِهِ ۚ وَأَوْحَيْنَا إِلَىٰ إِبْرَاهِيمَ وَإِسْمَاعِيلَ وَإِسْحَاقَ وَيَعْقُوبَ وَالْأَسْبَاطِ وَعِيسَىٰ وَأَيُّوبَ وَيُونُسَ وَهَارُونَ وَسُلَيْمَانَ ۚ وَآتَيْنَا دَاوُودَ زَبُورًا }[76]، {હે મુહમ્મદ ! અમે તમારી તરફ એવી જ રીતે વહી કરી, જેવી કે નૂહ અને ત્યારપછી આવેલા પયગંબરો તરફ કરી, એવી જ રીતે અમે ઈબ્રાહીમ, ઇસ્માઇલ, ઇસ્હાક, યાકૂબ તેમજ  તેમના સંતાનો તરફ તેમજ ઈસા, અય્યૂબ અને યૂનુસ, હારુન અને સુલૈમાન તરફ  વહી કરી, અને દાવૂદને અમે ઝબૂર આપ્યું} [૭૭],અને પવિત્ર અલ્લાહએ કહ્યું:{ وَمَا أَرْسَلْنَا مِن قَبْلِكَ مِن رَّسُولٍ إِلَّا نُوحِي إِلَيْهِ أَنَّهُ لَا إِلَٰهَ إِلَّا أَنَا فَاعْبُدُونِ }[77]، {અને તમારા કરતા પહેલા જેટલા રસૂલ પણ અમે મોકલ્યા, તેમની તરફ આ જ વહી કરતા રહ્યા કે મારા સિવાય કોઈ ઈબાદતને લાયક નથી, એટલા માટે તમે ફક્ત મારી જ બંદગી કરો} [૭૮],આ પ્રમાણે સ્પષ્ટ થઈ ગઈ કે જે વ્યક્તિ પણ કોઈ પણ દીન (ધર્મ) લઈને આવશે, અને તેની અલ્લાહ સિવાય પોતાની તરફ તેની નિસ્બત કરશે તો તે દીન તદ્દન ખોટો છે.
બીજો નિયમ: તે દીન (ધર્મ) દરેક પ્રકારની ઈબાદતોને ફક્ત અલ્લાહ માટે કરવાની દઅવત આપતો હોય, શિર્ક અને તેના દરેક સ્ત્રોતોને હરામ ઠેહરાવતો હોય, કારણકે તૌહીદની દઅવત જ દરેક પયગંબરોની દઅવત હતી, દરેક નબીએ પોતાની

---

[75] ૭૬[ જુઓ: અદ્ દીન, પેજ નંબર ૯૮-૧૦૨.
[76] ૭૭] અન્ નિસા, આયત નંબર: ૧૬૩.
[77] ૭૮]  અલ્ અંબિયા, આયત નંબર: ૨૫.

કોમને આજ કહ્યું:{ اعْبُدُوا اللَّهَ مَا لَكُم مِّنْ إِلَٰهٍ غَيْرُهُ }[78]، {તમે અલ્લાહની બંદગી કરો, તેના સિવાય કોઇ તમારો ઇલાહ નથી} [૭૯],તે સિવાય તે દરેક દીન (ધર્મ) જે શિર્ક પર આધારિત હોય, અલ્લાહ સાથે અન્યને અને નબી, ફરિશ્તા અથવા કોઈ વલીને ભાગીદાર ઠેહરાવતો હોઇ, તે દીન (ધર્મ) અમાન્ય છે, ભલેને તેના અનુયાયીઓ તેની નિસ્બત કોઇ પણ નબી તરફ જ કેમ ન કરતા હોઇ, તે નિશ્ચિતપણે બાતેલ અને અમાન્ય દીન (ધર્મ) છે.

ત્રીજો નિયમ: તે દીન (ધર્મ) તે મૂળભૂત ઉપદેશો વાળો હોય, જેના વિશે પયગંબરોએ દઅવત આપી, અર્થાત્ ફક્ત એક અલ્લાહની ઈબાદત કરવામાં આવે, તેના માર્ગ તરફ જ માર્ગદર્શન આપવામાં આવે, તે શિર્ક, માતા-પિતાની અવગણના કરવાથી, અન્યાયી રક્તસ્ત્રાવ અને દરેક પ્રકારની જાહેર અને છૂપી બુરાઈઓને હરામ ઠેહરાવતો હોય, અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَمَا أَرْسَلْنَا مِن قَبْلِكَ مِن رَّسُولٍ إِلَّا نُوحِي إِلَيْهِ أَنَّهُ لَا إِلَٰهَ إِلَّا أَنَا فَاعْبُدُونِ }[79]، {અને તમારા કરતા પહેલા જેટલા રસૂલ પણ અમે મોકલ્યા, તેમની તરફ આ જ વહી કરતા રહ્યા કે મારા સિવાય કોઈ ઈબાદતને લાયક નથી, એટલા માટે તમે ફક્ત મારી જ બંદગી કરો} [૮૦],અને બીજી જગ્યાએ અલ્લાહ તઆલા જેના વખાણ ઉચ્ચ છે કહ્યું:{قُلْ تَعَالَوْا أَتْلُ مَا حَرَّمَ رَبُّكُمْ عَلَيْكُمْ ۖ أَلَّا تُشْرِكُوا بِهِ شَيْئًا ۖ وَبِالْوَالِدَيْنِ إِحْسَانًا ۖ وَلَا تَقْتُلُوا أَوْلَادَكُم مِّنْ إِمْلَاقٍ ۖ نَّحْنُ نَرْزُقُكُمْ وَإِيَّاهُمْ ۖ وَلَا تَقْرَبُوا الْفَوَاحِشَ مَا ظَهَرَ مِنْهَا وَمَا بَطَنَ ۖ وَلَا تَقْتُلُوا النَّفْسَ الَّتِي حَرَّمَ اللَّهُ إِلَّا بِالْحَقِّ ۚ ذَٰلِكُمْ وَصَّاكُم بِهِ لَعَلَّكُمْ تَعْقِلُونَ}[80]، {તમે તેમને કહી દો કે આવો, હું તમને તે વસ્તુ પઢી સંભળાવું, જેને તમારા પાલનહારે તમારા પર હરામ ઠેરવ્યું છે, તે આ છે કે, અલ્લાહની સાથે કોઇ પણ વસ્તુને ભાગીદાર ન ઠેરવો અને માતા-પિતા સાથે ઉપકારભર્યું વતન કરો અને પોતાના સંતાનને ગરીબીના કારણે કતલ ન કરો, અમે તમને અને તેઓને રોજી આપીએ છીએ અને અશ્લીલતાના જેટલા માર્ગ છે તેની પાસે પણ ન ભટકો, ભલેને તે જાહેર હોય કે છૂપા, અને જેને કતલ કરવા પર અલ્લાહ તઆલાએ હરામ ઠેરવ્યું છે, તેને કતલ ન કરો, હાં પરંતુ સત્યની સાથે હોય, આ વસ્તુઓની શીખ તેણે તમને ભારપૂર્વક આપી છે જેથી તમે શિખામણ પ્રાપ્ત કરો} [૮૧],અને અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَاسْأَلْ مَنْ أَرْسَلْنَا مِن قَبْلِكَ مِن رُّسُلِنَا أَجَعَلْنَا مِن دُونِ الرَّحْمَٰنِ آلِهَةً يُعْبَدُونَ }[81]. { અને અમારા તે પયગંબરોને પૂછી લો, જેમને અમે તમારા કરતા પહેલા મોકલ્યા હતા, કે શું અમે રહમાન સિવાય બીજા ઇલાહ બનાવ્યા હતા? જેમની બંદગી કરવામાં આવે? } [૮૨].

ચોથો નિયમ: તે દીન (ધર્મ) ના અમુક ઉપદેશો તેના બીજા ઉપદેશોનો વિરોધ ન કરતા હોય, જેથી એવું ન થાય કે કોઈ વસ્તુનો આદેશ આપે, ફરી બીજા કોઈ આદેશ દ્વારા તેને કરવાથી રોકી દે, કોઈ બીજી વસ્તુ દ્વારા તેને હરામ કરી દે, ફરી વગર કોઈ કારણે તેના જેવા બીજા કાર્યને હલાલ કરી દે, અને કોઈ કાર્યને એક જૂથ પર હરામ ઠેહરાવે અને બીજા જૂથ માટે હલાલ કરે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ أَفَلَا يَتَدَبَّرُونَ الْقُرْآنَ ۚ وَلَوْ كَانَ مِنْ عِندِ غَيْرِ اللَّهِ لَوَجَدُوا فِيهِ اخْتِلَافًا كَثِيرًا} [82]. {શું આ લોકો કુરઆનમાં ચિંતન નથી કરતા ? જો આ અલ્લાહ તઆલા સિવાય બીજા કોઇ તરફથી હોત તો ખરેખર તેમાં ઘણો જ વિવાદ જોતા} [૮૩[.

પાંચમો નિયમ: તે દીન (ધર્મ) એવા ઉપદેશો, આદેશો અને પ્રતિબંધો, સજા અને ઠપકો અને નૈતિકતાના કાયદા પર આધારિત હોય, જેના વડે લોકોનો દીન, ઇઝ્ઝત અને સન્માન, સંપત્તિ, પ્રાણ અને પેઢી સુરક્ષિત હોય.

છઠ્ઠો નિયમ: તે દીન (ધર્મ) લોકોને એ વાત તરફ આકર્ષિત ન કરતો હોઇ કે તેઓ પોતાના પર જુલમ કરે, અથવા એકબીજા પર જુલમ કરે, ભલેને આ જુલમ અધિકારોના ઉલંઘન પર આધારિત હોય, અથવા સારા અને નેક કાર્યોના માર્ગમાં અવરોધ બનીને હોય, અથવા વડીલોનું પોતાના નાના લોકોને પથભ્રષ્ટ કરવું કેમ ન હોઇ,અલ્લાહ તઆલાએ રહેમતની ખબર આપતા કહ્યું, જેના પર તૌરાત આધારિત હતી, જેને અલ્લાહએ મૂસા અ.સ. પર ઉતારી હતી:{ وَلَمَّا سَكَتَ عَن مُّوسَى الْغَضَبُ أَخَذَ الْأَلْوَاحَ ۖ وَفِي نُسْخَتِهَا هُدًى وَرَحْمَةٌ لِّلَّذِينَ هُمْ لِرَبِّهِمْ يَرْهَبُونَ }[83]، { અને જ્યારે મૂસાનો ગુસ્સો શાંત થયો, તો તેમણે તકતીઓને ઉઠાવી લીધી અને તેના વિષયોમાં તે લોકો માટે માર્ગદર્શન અને કૃપા હતી, જેઓ પોતાના પાલનહારથી ડરતા હતા } [૮૪],પવિત્ર અલ્લાહએ મૂસાને નબી બનાવવાની ખબર આપતા કહ્યું:{ وَلِنَجْعَلَهُ آيَةً لِّلنَّاسِ وَرَحْمَةً مِّنَّا }[84]، { અમે તો આને લોકો માટે એક નિશાની બનાવીશું. અને અમારી ખાસ કૃપા હશે } [૮૫],અને અલ્લાહ તઆલાએ સાલિહ અ.સ. વિશે કહ્યું:{ قَالَ يَا قَوْمِ أَرَأَيْتُمْ إِن كُنتُ عَلَىٰ بَيِّنَةٍ مِّن رَّبِّي وَآتَانِي مِنْهُ رَحْمَةً }[85]، { સાલિહએ જવાબ આપ્યો કે હે મારી કોમના લોકો ! તમે મને જણાવો કે જો હું મારા પાલનહાર તરફથી કોઈ મજબૂત દલીલ પર હોય અને તેણે મને પોતાની કૃપા (નુબૂવ્વત) પણ આપી હોય } [૮૬],અને જબરદસ્ત અને ઉચ્ચ અલ્લાહ તઆલાએ કુરઆન વિષે કહ્યું:{ وَنُنَزِّلُ مِنَ الْقُرْآنِ مَا هُوَ شِفَاءٌ وَرَحْمَةٌ لِّلْمُؤْمِنِينَ }[86]. { અને અમે કુરઆનમાં જે કઈ પણ ઉતારીએ છીએ તે તો મોમિનો માટે શિફા અને રહેમત છે } [૮૭],

સાતમો નિયમ: તે દીન (ધર્મ) અલ્લાહની શરીઅતનું માર્ગદર્શન અને તે શરીઅત દ્વારા અલ્લાહનો જે હેતુ છે તેના માર્ગદર્શન પર આધારિત હોય, અને સાથે સાથે એ પણ ખબર આપતો હોય કે માનવી ક્યાંથી આવ્યો છે અને તેની અંતિમ મંજિલ કંઈ છે?અને અલ્લાહ તઆલાએ તૌરાત વિષે ખબર આપતા કહ્યું:{ إِنَّا أَنزَلْنَا التَّوْرَاةَ فِيهَا هُدًى وَنُورٌ..}[87]، { અમે તૌરાત ઉતારી છે, જેમાં હિદાયત અને પ્રકાશ છે... } [૮૮],અને જબરદસ્ત શાનવાળા અલ્લાહ તઆલાએ ઇન્જિલ વિષે કહ્યું:{ وَآتَيْنَاهُ الْإِنجِيلَ فِيهِ هُدًى وَنُورٌ }[88]، { અમે તેમને ઈંજીલ આપી, જેમાં પ્રકાશ અને સત્ય માર્ગદર્શન હતું } [૮૯],અને અલ્લાહ તઆલા

---

[78] ૭૯] અલ્ અઅરાફ, આયત નંબર: ૭૩.
[79] ૮૦] અલ્ અમ્બિયા, આયાત નંબર: ૨૫.
[80] ૮૧] અલ્ અનઆમ, આયત નંબર: ૧૫૧.
[81] ૮૨] અઝ્ ઝુખ્રુફ, આયત નંબર: ૪૫.
[82] ૮૩] અન્ નિસા, આયત નંબર: ૮૨.
[83] ૮૪ ] અલ્ અઅરાફ, આયત નંબર: ૧૫૪.
[84] ૮૫] મરયમ, આયત નંબર: ૨૧.
[85] ૮૬] હૂદ, આયત નંબર: ૬૩.
[86] ૮૭] અલ્ ઇસ્રા, આયત નંબર: ૮૨.
[87] ૮૮] અલ્ માઈદહ, આયત નંબર: ૪૪.
[88] ૮૯] અલ્ માઈદહ, આયત નંબર: ૪૫.

જેના વખાણ ઉચ્ચ છે, કુરઆન મજીદ વિશેકહ્યું:{ هُوَ الَّذِي أَرْسَلَ رَسُولَهُ بِالْهُدَىٰ وَدِينِ الْحَقِّ }[89]. { તેણે જ પોતાના પયગંબરને સત્ય માર્ગદર્શન અને સાચો દીન આપી મોકલ્યા } [૯૦].સાચો દીન (ધર્મ) તે છે, જે અલ્લાહની શરીઅત તરફ માર્ગદર્શન પર આધારિત હોય, માનવીને શાંતિ અને સુકૂન પ્રદાન કરતો હોઇ, અને સાથે સાથે દરેક પ્રકારની શંકાઓને દૂર કરતો હોય, અને દરેક સવાલોના જવાબ આપતો હોય, અને દરેક મુંઝવણનો ઉકેલ આપતો હોઇ.

આઠમો નિયમ: તે દીન (ધર્મ) સારી રીતભાત, સત્કાર્યો, જેમકે સાચું બોલવું, ન્યાય, અમાનતદારી, લાજ અને લજ્જા, પવિત્રતા, ઉદારતા તરફ દઅવત આપતો હોય, અને ખરાબ કૃત્યો, જેમકે માતા-પિતાની અવગણના કરવી, હત્યા કરવી, દુષ્કર્મ કરવું, જૂઠુ બોલવું, જુલમ કરવો, વ્યભિચાર કરવો, કંજૂસી કરવી, અને દરેક ખરાબ કાર્યોથી રોકતો હોય, અને તેને હરામ ઠેહરાવતો હોય.

નવમો નિયમ: તે દીન (ધર્મ) પર જે ઈમાન લાવે તેને સઆદત અને સારા નસીબની બાંયધરી આપવામાં આવી હોય, અલ્લાહ તઆલાએ કહ્યું:{ 1) طه) { તો-હા(૧)مَا أَنزَلْنَا عَلَيْكَ الْقُرْآنَ لِتَشْقَىٰ }[90]، અમે આ કુરઆન તમારા પર એટલા માટે નથી ઉતાર્યું કે તમે સંકટમાં પડી જાવ } [૯૧],અને સાથે સાથે તે દીન (ધર્મ) સારી ફિતરત સાથે જોડાયેલો હોય,{ فِطْرَتَ اللَّهِ الَّتِي فَطَرَ النَّاسَ عَلَيْهَا }[91]، { આજ અલ્લાહની ફિતરત છે જેના પર તેણે લોકોને પેદા કર્યા છે } [૯૨],અને સત્ય બુદ્ધિસાથે પણ જોડાયેલો હોય, કારણકે સાચો દીન એ અલ્લાહની શરીઅત છે, અને બુદ્ધિ પણ અલ્લાહનું સર્જન છે, એટલા માટે તે અશકય છે અલ્લાહની શરીઅત તેના સર્જનનો વિરોધ કરતી હોઇ.

દસમો નિયમ: તે દીન (ધર્મ) સત્ય તરફ માર્ગદર્શન આપતો હોય અને બાતેલથી સચેત કરતો હોય, હિદાયતનું માર્ગદર્શન આપતો હોય અને પઠભ્રષ્ટતાથી રોકતો હોય, લોકોને તે સત્ય માર્ગની દઅવત આપતો હોય, જેમાં કોઈ મુંઝવણો અને શંકાઓ ન હોય, અલ્લાહ તઆલાએ જિન્નાતો વિષે કહ્યું, જ્યારે તેમણે કુરઆનની તિલાવત સાંભળી તો તેઓ એક બીજાને કહેવા લાગ્યા:{ قَالُوا يَا قَوْمَنَا إِنَّا سَمِعْنَا كِتَابًا أُنزِلَ مِن بَعْدِ مُوسَىٰ مُصَدِّقًا لِّمَا بَيْنَ يَدَيْهِ يَهْدِي إِلَى الْحَقِّ وَإِلَىٰ طَرِيقٍ مُّسْتَقِيمٍ }[92]، { કહેવા લાગ્યા કે હે અમારી કોમ ! અમે ખરેખર તે કિતાબ સાંભળી છે, જે મૂસા પછી ઉતારવામાં આવી છે, જે પોતાના પહેલા ગ્રંથોની પુષ્ટી કરવાવાળી છે, જે સાચા ધર્મનું અને સાચા માર્ગનું સૂચન કરે છે } [૯૩],અને લોકોને તે વાત તરફ દઅવત ન આપતો હોઇ જેમાં તેમની કમનસીબી હોય, અલ્લાહ તઆલાએ કહ્યું:{ 1) طه) { તો-હા(૧)مَا أَنزَلْنَا عَلَيْكَ الْقُرْآنَ لِتَشْقَىٰ }[93]، અમે આ કુરઆન તમારા પર એટલા માટે નથી ઉતાર્યું કે તમે સંકટમાં પડી જાવ } [૯૪],અને તેમને તે વાતોનો આદેશ ન આપતો હોય, જેમાં તેમની નષ્ટતા હોય, અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَلَا تَقْتُلُوا أَنفُسَكُمْ ۚ إِنَّ اللَّهَ كَانَ بِكُمْ رَحِيمًا } [94]، { પોતાને કતલ ન કરો, નિ:શંક અલ્લાહ તઆલા તમારા પર અત્યંત કૃપાળુ છે } [૯૫],અને પોતાના અનુયાયીઓ વચ્ચે વંશ, રંગ અને કુટુંબ અને ખાનદાન બાબતે કોઈ તફાવત ન કરતો હોય, અલ્લાહ તઆલાએ કહ્યું:{ يَا أَيُّهَا النَّاسُ إِنَّا خَلَقْنَاكُم مِّن ذَكَرٍ وَأُنثَىٰ وَجَعَلْنَاكُمْ شُعُوبًا وَقَبَائِلَ لِتَعَارَفُوا ۚ إِنَّ أَكْرَمَكُمْ عِندَ اللَّهِ أَتْقَاكُمْ ۚ إِنَّ اللَّهَ عَلِيمٌ خَبِيرٌ }[95]، {હે લોકો ! અમે તમને એક પુરુષ અને સ્ત્રી વડે પેદા કર્યા છે, પછી અમે ખાનદાન અને કબીલા બનાવ્યા, જેથી તમે એક બીજાને ઓળખી શકો, ખરેખર અલ્લાહ પાસે તે વધુ પ્રતિષ્ઠિત છે, જે તમારામાં સૌથી વધુ અલ્લાહથી ડરવાવાળો હશે, ખરેખર અલ્લાહ તઆલા જાણવાવાળો અને ખબર રાખવાવાળો છે.} [૯૬],જાણવા મળ્યું કે લોકો વચ્ચે તેમની મહાનતાનું ધોરણ ફક્ત અલ્લાહનો ડર અને તેનો તકવો છે.

જ્યારે મેં એવા નિયમો રજૂ કર્યા, જેના દ્વારા સાચા અને ખોટા દીન વચ્ચે તફાવત થઈ જાય છે, અને તેના માટે મેં કુરઆનની આયતો અને પુરાવા પણ રજૂ કર્યા, જે તે વાતનો પુરાવો છે આ દરેક નિયમો અલ્લાહ તરફથી મોકલેલા દરેક સાચા પયગંબરોની દઅવત પ્રમાણે છે, તો યોગ્ય વાત એ છે અલગ અલગ પ્રકારના ધર્મોની સમીક્ષા કરવામાં આવે.

## અલગ અલગ પ્રકારના દીન (ધર્મો)

માનવી પોતાના દીન (ધર્મ)ના અનુસારે બે પ્રકારના છે:

પહેલો પ્રકાર: તે લોકો જેમની સમક્ષ અલ્લાહની કિતાબ ઉતારવામાં આવી, જેમકે યહૂદીઓ, નસ્રાનીઓ અને મુસલમાનો, બસ યહૂદીઓ અને નસ્રાનીઓ પોતાની તરફ ઉતારેલી કિતાબના ઉપદેશો પર અમલ ન કરી શક્યા, અલ્લાહને છોડી માનવીઓને પોતાના પાલનહાર બનાવવા લાગ્યા અને ઉલંઘન કરવાના કારણે તે કિતાબોને સાચવી ન શક્યા...જે કિતાબ અલ્લાહએ તેમના પયગંબરો પર ઉતારી હતી, જેના પરિણામે તેમના આલિમોએ એવી એવી કિતાબો લખી, જેના વિષે તેઓ કહેતા હતા કે આ કિતાબો અલ્લાહ તરફથી ઉતારવામાં આવી છે, જ્યારે કે તે કિતાબો અલ્લાહ તરફથી ન હતી, પરંતુ તે ફક્ત પથભ્રષ્ટ થયેલા લોકોની મહેનત અને અતિશયોક્તિ અને ફેરફાર પર આધારિત હતી.

રહી મુસલમાનોની કિતાબ (કુરઆન મજીદ) તો તે આકાશીય વાણી પ્રમાણે અલ્લાહની છેલ્લી કિતાબ છે, અને તે સૌથી વધારે ભરોસાને પાત્ર છે, કારણકે અલ્લાહએ પોતે તેની સુરક્ષાની જવાબદારી લીધી છે, માનવીઓને નથી સોંપી, અલ્લાહ તઆલાએ કહ્યું:{ إِنَّا نَحْنُ نَزَّلْنَا الذِّكْرَ وَإِنَّا لَهُ لَحَافِظُونَ }[96]، {નિ:શંક અમે જ આ કુરઆનને ઉતારવાવાળા છે અને અમે જ તેની હિફાજત પણ કરવાવાળા છે.}[97],જેથી આ કિતાબ લોકોના દિલમાં પર સુરક્ષિત છે અને લેખિત સ્વરૂપમાં પણ સુરક્ષિત છે, કારણકે આ છેલ્લી કિતાબ છે, જેમાં અલ્લાહએ માનવીઓ માટે હિદાયત રાખી છે, અને આ કિતાબને કયામત સુધી એક પુરાવા રૂપે રાખી છે, તેના માટે કાયમી ધોરણ લખી દીધું છે, અને દરેક સમયમાં એવા લોકોને મોકલતો રહેશે જે તેના

---

[89] ૯૦] અત્ તૌબા, આયત નંબર: 33.

[90] ૯૧]  તોહા, આયત નંબર:૧-૨.

[91] ૯૨] અર્ રૂમ, આયત નંબર: 30.

[92] ૯૩] અલ્ અહકાફ આયત નંબર: 30.

[93] ૯૪] તોહા, આયત નંબર: ૧-૨.

[94] ૯૫] અન્ નિસા, આયત નંબર: ૨૯.

[95] ૯૬] અલ્ હુજરાત, આયત નંબર: ૧૩.

[96] અલ્ હજ, આયત નંબર: 9.

[97] જુઓ: આ કિતાબમાં પેજ નંબર: 95-100, 114-117.

આદેશો અને ઉપદેશો અને શબ્દ અને અર્થ પર અમલ કરશે, તેની શરીઅત પર અમલ કરશે, અને તેના પર ઈમાન ધરાવશે, આ મહાન કિતાબ વિષે વધુ વિગત આગળના પાઠમાં વર્ણન થશે.
બીજો પ્રકાર: તે લોકો છે જેમની સમક્ષ અલ્લાહની કિતાબ ઉતારવામાં આવી ન હતી, ભલેને તેમની પાસે કોઈ કિતાબ પણ કેમ ન હોય, જેઓ તેને પેઢી દર પેઢી પોતાના દીન (ધર્મ) આગેવાન તરફ નિસ્બત કરતાં હોય, જેમકે હિન્દુઓ, આગના પૂજારી મજૂસીઓ, બૌદ્ધ ધર્મના અનુયાયીઓ, કન્ફૂશીસીન (ચીનના જૂના અકીદાને માનવાવાળા) અને નબી ﷺ પહેલાના અરબના લોકો.
દરેક કોમ પોતાની દુનિયાના સુધારા અને ફાયદા માટે ઇલમ અને અમલ સાથે જોડાયેલી રહી છે, આ તેજ હિદાયતનું પરિણામ છે જે અલ્લાહએ દરેક માનવીઓને આપ્યું છે, પરંતુ આજ હિદાયત જાનવરોને પણ આપવામાં આવી છે, જેથી જાનવરોને તે માર્ગદર્શન આપવામાં આવ્યું કે તેઓ પોતાની ખાવા-પીવાનું પ્રાપ્ત કરે અને અને નુકસાન પહોંચાડનારી વસ્તુઓથી બચીને રહે,અલ્લાહએ તેમની અંદર ફાયદાકારક વસ્તુઓની મોહબ્બત અને નુકસાનકારક વસ્તુઓની નફરત મૂકી દીધી છે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ 1) سَبِّحِ اسْمَ رَبِّكَ الأَعْلَى) { પોતાના સર્વોચ્ચ પાલનહારના નામની તસ્બીહ કરતા રહો. (૧)2) الَّذِي خَلَقَ فَسَوَّى) જેણે સર્જન કર્યું અને પછી ઠીક-ઠાક કર્યો. (૨)3) وَالَّذِي قَدَّرَ فَهَدَى) }[98], અને જેણે તેનું ભાગ્ય બનાવ્યું અને પછી માર્ગ બતાવ્યો. (3) }[99],અને મૂસા અ.સ. એ ફિરઔનને કહ્યું:{ رَبُّنَا الَّذِي أَعْطَىٰ كُلَّ شَيْءٍ خَلْقَهُ ثُمَّ هَدَىٰ }[100], { જવાબ આપ્યો કે અમારો પાલનહાર તે છે, જેણે દરેકને તેનો ખાસ ચહેરો આપ્યો. પછી તેને માર્ગદર્શન આપી દીધું },અને ઈબ્રાહીમ ખલીલ અ.સ. એ કહ્યું:{ الَّذِي خَلَقَنِي فَهُوَ يَهْدِينِ }, { જેણે મારું સર્જન કર્યું અને તે જ મને માર્ગદર્શન આપે છે },દરેક બુધ્ધિશાળી વ્યક્તિ જે સહેજ પણ બુદ્ધિ ધરાવતો હશે તે દીન અને ધર્મોને માનવાવાળા લોકો જેઓ દીન અને ધર્મને નથી માનતા તેમના કરતાં વધુ ફાયદાકારક ઇલમ અને સત્કાર્યોમાં વધુ સંપૂણ હોઇ છે, જેથી તે દરેક સારા કાર્યો જે મુસલમાનો સિવાય અન્ય ધર્મના અનુયાયીઓમાં જોવા મળે છે, મુસલમાનોમાં વધુ સંપૂણપણે જોવા મળે છે, દીન અને ધર્મોના અનુયાયીઓમાં જે ભલાઈઓ જોવા મળે છે તે બીજા લોકોમાં જોવા નથી મળતી, તેનું કારણ એ છે કે ઇલમ અને કાર્યોના બે પ્રકાર છે:
પહેલો પ્રકાર: તે ઇલમ જે બુદ્ધિ વનો ઉપયોગ કરી પ્રાપ્ત થાય છે, જેમકે કોમ્પ્યુટર વિજ્ઞાન, તબીબી વિજ્ઞાન, કલા વગેરે, આ જ્ઞાન દીન અને ધર્મોને માનવાવાળા લોકોમાં વધુ સંપૂણ સ્થિતિમાં હોય છે, જે સ્થિતિમાં લોકો પાસે હોય છે,પરંતુ તે જ્ઞાન જે ફક્ત બુદ્ધિના ઉપયોગથી પ્રાપ્ત નથી થતું, જેમકે પાલનહારની ઓળખ, દીનનું જ્ઞાન તો આ જ્ઞાન દીન અને ધર્મોના માનવવાળાઓ માટે ખાસ છે, તેમાં પણ અમુક જ્ઞાન એવા છે જેના પર તાર્કિક પુરાવાઓ કાયમ કરવામાં આવે છે, પયગંબરો એ સર્જનીઓને માર્ગદર્શન આપ્યું કે કે તેના પર બુદ્ધિ પણ એક પુરાવો છે, એવી રીતે આ દલીલો તાર્કિક હોવાની સાથે સાથે શરઇ પણ છે.
બીજો પ્રકાર: તે જ્ઞાન જે ફક્ત પયગંબરો દ્વારા જ પ્રાપ્ત કરી શકાય છે, તેને પ્રાપ્ત કરવા માટે બુદ્ધિનો સહેજ પણ ઉપયોગ કરવામાં આવતો નથી, જેમકે અલ્લાહના નામો અને ગુણોની જાણકારી, આખિરતના જીવનમાં આજ્ઞાકારી લોકોને જે નેઅમતો અને ઉપકારો મળશે તે અને અવજ્ઞા કરનારને જે સજા મળશે, તેનું જ્ઞાન અલ્લાહની શરીઅતની સ્પષ્ટતા પાછલા નબીઓના તે કિસ્સાઓ જે તેમની કોમ સાથે પેશ આવ્યા તેની જાણકારી એવી જ રીતે બીજા અન્ય જ્ઞાનો [૧૦૨].[101]

# વર્તમાન ધર્મોની સ્થિતિ

મોટા મોટા ધર્મો અને તેમના જૂના પુસ્તકો અને શરીઅતો, તેમની સાથે રમત ગમત અને હેરાફેરી કરવાવાળાઓનો ભોગ બન્યા, ફેરફાર કરવાવાળાઓ અને મુનાફિકોના હાથનું રમકડું બન્યા, હત્યાના અકસ્માતો અને મોટી ઘટનાઓનો ભોગ બન્યા, અહીં સુધી કે તેમની અસલ પણ વંચિત થઈ ગઈ, જો તેમના શરૂઆતના અનુયાયીઓ અને પયગંબરો પાછા આવે તો તેને ઓળખવાથી ઇન્કાર કરી દે.
જેથી યહૂદી ધર્મ [૧૦૩] ફક્ત પ્રથાવો અને રિવાજો બનીને રહી ગયો, હકીકતમાં તે એક વંશીજ ધર્મ છે, જે એક ખાસ કોમ અને ખાસ પ્રકારના લોકો માટે હતો, તેમાં ન તો સમગ્ર દુનિયા માટે કોઈ ઉપદેશ છે ન તો કોમો અને લોકો માટે કોઈ દઅવત છે, અને ન તો માનવીઓ માટે કોઈ રહેમત.[102]
અને આ દીનનો જે અસલ અકીદો હતો તે જ (ફેરફારનો) ભોગ બની ગયો, જે દરેક ધર્મો અને કોમો વચ્ચે ઉકસીને આવતો હતો, તે જ અકીદામાં તેની મહાનતાનો ભેદ છૂપાયેલો હતો, અર્થાત્ત તે તૌહીદનો અકીદો જેની વસિયત ઈબ્રાહીમ અને યાકૂબ અ.સ. એ પોતાની સંતાનને કરી હતી,યહૂદીઓએ પોતાના કેટલાક ખોટા અકીદા અને અજ્ઞાનતાના સમયના કેટલીક શિર્કવાળી રસમો અને રિવાજો તે કોમો પાસેથી લઈ આવ્યા હતા જે તેમની આસપાસ રહેતી હતી અને જેમની હેઠળ તેમણે પોતાનું જીવન પસાર કર્યું, યહૂદીઓના કેટલાક ન્યાયી ઇતિહાસકારોએ આ વાતનો સ્વીકાર પણ કર્યો છે, (યહૂદી ઇન્સાઇલો પીડીયા (જ્ઞાનકોષ)) માં આ વાત વર્ણન પણ કરવામાં છે, જેનો અર્થ એ છે:
(પયગંબરો મૂર્તિ પૂજા કરવા પર ગુસ્સે અને નારાજ થતાં હતા, આ તે વાતનો પુરાવો છે કે મૂર્તિઓ અને બાતેલ મઅબૂદો (પૂજયો) ની ઈબાદત તેમના દિલમાં બેસાડી દેવામાં આવી હતી, તેમણે શિર્કવાળા અકીદા અને અમાન્ય દંતકથાઓને અપનાવી, તિલ્મૂદ પણ તે વાતની ગવાહી આપે છે કે મૂર્તિ પૂજામાં યહૂદીઓ માટે એક ખાસ પ્રકારનું આકર્ષણ હતું) [૧૦૪].[103]

---

[98] અલ્ અઅલા, આયત નંબર: 1-3.
[99] તોહા, આયત નંબર: ૫૦.
[100] ૧૦૧] અશ્ શુઅરાઅ, આયત નંબર: ૭૮, અને જુઓ: અલ્ જવાબુસ્ સહીહ ફીમન બદલ દિનુલ્ મસીહ, ભાગ: ૪, પેજ નંબર: ૯૭.
[101] ૧૦૨[] જુઓ: શૈખુલ્ ઇસ્લામ ઈમામ ઇબ્ને તૈમિય્યા રહ. ની કિતાબ મજમુઉલ્ ફતાવા, ભાગ: ૪, પેજ નંબર: ૨૧૦-૨૧૧.
[102] {૧૦૩} વધુ માહિતી માટે જુઓ: સમવાલ બિન યહ્યા મગરિબીની પુસ્તક, ઇફ્હામૂલ્ યહૂદ, તેઓ યહૂદી હતા પરંતુ છેલ્લે તેમણે ઇસ્લામ અપનાવી લીધો હતો.
[103] ૧૦૪] XII. p. 568-69 ( પેજ નંબર: ૭ અને) jewish Encyclpaedia Vol . XII.

તિલ્મૂદે બાબલ [૧૦૫] જેની પવિત્રતામાં યહૂદીઓ એટલો વધારો કરે છે કે અમુક સમયે તો તેને તૌરાત પર પણ પ્રાથમિકતા આપવા લાગે છે, આ કિતાબ છઠ્ઠી ઈસવી સદીમાં યહૂદીઓ વચ્ચે પ્રસારિત હતી, તેમાં અતાર્કિકતા અને મૂર્ખતા, વાહિયાત અને અભદ્ર વાતો, અલ્લાહ પ્રત્યે હિંમત દર્શાવવા, તથ્યો સાથે રમતા, ધર્મ અને બુદ્ધિની મજાક ઉડાડવાની વિચિત્ર પેટર્નથી ભરેલી છે, તે વાસ્તવમાં માનસિક અધોગતિ અને ધાર્મિક ભ્રષ્ટાચારને દર્શાવે છે, જેનો આ સદીનો યહૂદી સમાજ શિકાર બન્યો છે [૧૦૬].[104*105]

જ્યાં સુધી નસ્રાનીઓ [૧૦૭] ની વાત છે, તો તેઓ પોતાના શરૂઆતના સમયથી જ અતિશય યુક્તિઓ કરનારા, અજ્ઞાનીઓનું અર્થઘટન, અને રોમના મૂર્તિ પૂજકોની હેઠળ રહ્યા, આ દરેક લોકો ભેગા મળી તેમની સંખ્યા ઘણી થઈ ગઈ, [૧૦૮] જેની નીચે ઈસા મસીહની મહાન શિક્ષાઓ દબાઈ ગઈ, અને તે ગાઢ વાદળોની પાછળ, અલ્લાહની તૌહીદ (એકેશ્વરવાદ) નો પ્રકાશ અને અલ્લાહ માટે દરેક પ્રકારની ઈબાદતો નિખાલસ કરવાની શિક્ષા છુપાઈ ગઈ.[106*107]

એક ખ્રિસ્તી લેખક ચોથી સદીના અંતમાં ખ્રિસ્તી સમાજમાં ટ્રિનિટીનો સિદ્ધાંત કેટલી હદ સુધી વિકસિત થયો તે સમજાવે છે:

ચોથી સદીના ચોથા ભાગમાં ઈસાઈ માન્યતા દુનિયામાં શરીર માં રક્તની માફક ફેલાય ગઈ હતી કે એક મઅબુદ (અલ્લાહ) ત્રણ મઅબુદનું મિશ્રણ છે, દુનિયામાં ઈસાઈ દરેક તબક્કાઓમાં આ માન્યતા સામાજિક તેમજ ભરોસાપાત્ર અકીદાની હેસિયત ધરાવતી હતી, ઓગણીસમી સદીના છેલ્લા તબક્કામાં તષલિષના અકીદાની પ્રગતિ તેમજ તેના ભેદ પરથી પરદો ઉઠ્યો.[૧૦૯].[108]

સમકાલીન ખ્રિસ્તી ઈતિહાસકાર પુસ્તક(તારીખુલ્ મસિહીય્યતિ ફી ઝવઇલ્ ઇલ્મીલ્ મુઆસર) માં ઈસાઈ સમાજમાં વિવિધ પ્રકારની મૂર્તિપૂજા કેમની આવી, તે બાબતે વર્ણન કર્યું છે, તે લોકોએ તકલીદ, પોતાના સ્વાર્થ અથવા અજ્ઞાનતાના આધારે શિર્ક અથવા મૂતિપૂજકોનો ઇતિહાસ જાણવાવાળા સમુદાયો અને ધર્મો દ્વારા મુશરિક નિશાનીઓ, મૂર્તિપૂજાના મહોત્સવ તેમજ રસ્મો રિવાજ અને શિર્ક પર આધારિત ઇદો જાણવાની વિવિધ પ્રકારના ઈસાઈ તરીકા પર મંતવ્ય આપતા કહ્યું: મૂર્તિપૂજા તો ખત્મ થઈ ગઈ પરંતુ તે સંપૂર્ણ રીતે ખતમ ન થઈ શકી, પરંતુ તે દિલોમાં બેસી ગઈ હતી, તેનો દરેક ભાગ ઈસાઈ નામ પર અને તેની સામે ચાલતું રહ્યું, જે લોકો પોતાના પૂજ્યો અને મૂર્તિઓથી અલગ થઈ ગયા, એ લોકોએ પોતાના એક શહીદને પસંદ કર્યા, તેને મઅબૂદના ગુણો આપ્યા પછી તેની એક મૂર્તિ બનાવી, એ પ્રમાણે શિર્ક અને મૂર્તિપૂજા તેમના વિસ્તારના શહીદોની પૂજામાં ફેરવાઈ ગઈ,તે સદી પૂર્ણ થતાં થતા તેમનામાં શહીદો અને વલીઓની બંદગી થવા લાગી અને એક નવી માન્યતા સામે આવી, એ કે તેમના વલીઓ અને શહીદો મઅબૂદ હોવાના લક્ષણો ધરાવે છે, તે રીતે તે વલીઓ અને પવિત્ર શહીદોના પ્રાણને માનવી અને અલ્લાહ વચ્ચે સ્રોત માટેનું પદ મળ્યું, અહીં સુધી કે ૪૦૦ ઈસ્વીસનમાં ઇદ્દૃશ શમષનું નામ બદલીને ઇદે મિલાદુલ મસીહ રાખી લેવામાં આવ્યું. [૧૧૦].[109]

મજૂસીઓ (આગના પૂજારીઓ)ની વાત કરીએ તો, તેઓ પ્રાચીન સમયથી પ્રાકૃતિક તત્વોની પૂજા કરવા માટે જાણીતા હતા, જેમાંથી સૌથી મોટું તત્વ અગ્નિ છે, અને તેઓ ભૂતકાળમાં સંપૂર્ણ દિલ લગાવી અગ્નિ પૂજા કરતા હતા, તેમના માટે હયાકિલ અને ઉપાસના કરવા માટેના સ્થળો બનાવતા હતા,જેથી આગના પૂજારીઓ સમગ્ર દેશમાં ફેલાઈ ગયા, અને અગ્નિની પૂજા અને સૂર્ય પ્રત્યે આદર સિવાયની દરેક માન્યતાઓ અને ધર્મ ખતમ થઈ ગયા, અને તેમની પાસે દીનનું નામ ફક્ત ખાસ જગ્યાએ પોતાના રસ્મો રિવાજો પુરા કરવાનું નામ બાકી રહી ગયું. [૧૧૧].[110]

"ઈરાન ફી અહદીસ્ સાસાનિય્યીન" ના ડેન્માર્કના લેખક પ્રોફેસર આર્થર કરસતનસીને દીનની આગેવાની કરનાર જૂથની જવાબદારીઓ વિષે લખે છે:

(તે આગેવાનો માટે જરૂરી હતું કે તેઓ દિવસમાં ચાર વખત સુર્યની પૂજા કરે, અને તેની સાથે સાથે ચંદ્ર, આગ અને પાણીની પણ પૂજા કરે, અને સાથે સાથે તેમને એ પણ કામ સોંપવામાં આવ્યું હતું કે તેઓ આગને ઓલવવા ન દે, અને ન તો આગ અને પાણીને એક સાથે ભેગા થવા દે, એવી જ રીતે (કોયલા અને બીજા અન્ય ધાતુઓની) ખીણોને કાટ લાગવા ન દે, કારણકે ખીણો તેમની નજીક પવિત્ર હતી) [૧૧૨].[111]

દરેક સમયમાં તેઓએ મૂર્તિ પૂજાને પોતાનો ધર્મ અને દીન સમજ્યો અને તેને જ પોતાનું સૂત્ર અને વિશેષાધિકાર નિશાની બનાવી રાખી, તેઓ બે મઅબૂદો (ઇલાહો) પર ઈમાન લાવ્યા, એક પ્રકાશ જે સારા અને ભલાઈનો મઅબૂદ, જેણે તેઓ

---

104 ૧૦૫] તિલ્મૂદનો અર્થ તે કિતાબ, જે યહૂદી ધર્મ અને તેમના જીવનની રીતભાતની શિક્ષા પર આધારિત હતી, આ કિતાબ તે અર્થો અને સમજૂતીઓનો સંગ્રહ છે જે અલગ અલગ સમયના યહૂદી આલિમોએ કિતાબ "મિન્શા" પર લખી હતી.

105 ૧૦૬] વધુ વિસ્તાર પૂર્વક જાણવા માટે પઢો, ડો, રૂહલજની કિતાબ "અલ યહૂદી અલા હસબિત્ તિલ્મૂદ" ફ્રાંચ ભાષા માંથી આ કિતાબની અરબી અનુવાદ ડો.યૂસુફ હિના નસુલ્લાહએ કર્યું અને અનુવાદિત પુસ્તકને "અલ્ કન્ઝુ ફી કવાઇદિત્ તિલ્મૂદ" નામ આપ્યું.

106 ૧૦૭] વધુ માહિતી માટે જુઓ: શૈખુલ્ ઇસ્લામ ઈમામ ઇબ્ને તૈમિય્યા રહ. ની કિતાબ "અલ્ જવાબુસ્ સહીહ ફીમન બદલ દિનુલ્ મસીહ", રહમતુલ્લાહ બિન ખલીલ હિન્દીની કિતાબ "ઇઝહારુલ હક" અને અબ્દુલ્લાહ અત્ તરજુમાનની કિતાબ "તોહ્ફતુલ્ અરીબ ફી રદ્દી અલા ઉબાદિસ્ સલીબ" જેઓ પહેલા નસ્રાની હતા પછી તેમણે ઇસ્લામ અપનાવી લીધો હતો.

107 ૧૦૮] જુઓ: વિખ્યાત યુરોપિયન લેખક ડ્રેપરની કિતાબ "અસ સિરાઅ બૈનદ્ દીન વલ્ ઇલ્મ, પેજ નંબર: ૪૦-૪૧.

108 ૧૦૯]કેથોલિક જ્ઞાનકોશની આધુનિક આવૃત્તિમાં પવિત્ર ટ્રિનિટીનો સારાંશ. ભાગ: ૧૪, પૃષ્ઠ નંબર: ૨૯૫.

109 ૧૧૦] Rev. Jamecs Houstoin Baxter in the History of Christionity in the Light of Modern Knowledge. Glasgow , 1929 p 407

110 ૧૧૧] જુઓ: પ્રોફેસર આર્થર કરસતનસીનની કિતાબ "ઈરાન ફી અહદીસ્ સાસાનિય્યીન" તેઓ ડેન્માર્કની કોપન હેગન યુનિવર્સિટીમાં પૂર્વની ભાષાઓના પ્રોફેસર હતા, ઈરાનના ઇતિહાસ પર તેમણે પી.એચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી છે, વધુ માહિતી માટે જુઓ: શાહીન મકારયૂસ મજૂસીની કિતાબ "તારીખે ઈરાન".

111 ૧૧૨] "ઈરાન ફી અહદીસ્ સાસાનિય્યીન" પેજ નંબર: ૧૫૫.

"અહૂર મિઝદા" અથવા "યઝ્દાં" નું નામ આપતા હતા, અને બીજો અંધકાર અને બુરાઈનો મઅબૂદ (ઇલાહ) જેને તેઓ "એહ્રિમન" કહેતા હતા, અને તે બંને મઅબૂદો વચ્ચે હંમેશા લડાઈ રહેતી હતી [૧૧૩].[112]
રહ્યા બૌદ્ધ ધર્મના લોકો જેઓ ભારત અને મધ્ય એશિયામાં જોવા મળે છે, તે એક મૂર્તિ પૂજક ધર્મ છે, જેઓ દરેક જગ્યાએ મૂર્તિઓને પોતાની સાથે રાખે છે, જ્યાં જાય ત્યાં મંદિરો બનાવે છે, અને બૌદ્ધાની મૂર્તિ મૂકે છે [૧૧૪].[113]
રહ્યો હિન્દુ ધર્મ જે એક હિન્દુસ્તાની ધર્મ છે, તેઓ તેમના ધર્મમાં ઘણા પૂજકો હોવાના કારણે વિખ્યાત છે, છઠ્ઠી ઈસવી સદીમાં મૂર્તિપૂજાને એટલો વધારો મળ્યો કે તે સદીમાં પૂજકોની સંખ્યા ત્રણસો ત્રીસ મીલીયન સુધી પહોંચી ગઈ [૧૧૫],જેથી દરેક સુંદર, ઊંચી, ફાયદાકારક, વસ્તુને તેઓ મઅબૂદ બનાવી તેની પૂજા કરવા લાગ્યા, તે સમયમાં મૂર્તિનો ઉદ્યોગને ખૂબ વધ્યો અને કેટલાક કારીગરોને આ કામમાં કૌશલ્ય પ્રાપ્ત થયું, અને તેઓ ખૂબ વિખ્યાત થાય.[114]
એક હિન્દુ લેખક, સી, વી, પોતાની કિતાબ વૈદ "તારીખુલ્ હિન્દ અલ્ વસતિ" માં બાદશાહ હિર્શ (ઈસવી સન ૬૦૬-૬૪૮) ના સમયનો ઉલ્લેખ કરતા લખે છે: તેના સમયે જ્યારે અરબમાં ઇસ્લામ આવી ચૂક્યો હતો:
(હિન્દુઓ અને બૌદ્ધ ધર્મના અનુયાયીઓ મૂર્તિપૂજામાં સરખા હતા, પરંતુ અમુક સમયે તો બૌદ્ધ ધર્મના લોકો મૂર્તિ પૂજામાં આગળ વધી જતા, શરૂઆતમાં બૌદ્ધ ધર્મ મઅબૂદ (ઇલાહ) નો ઇન્કાર કરતાં હતા, પરંતુ સમય જતા તેમણે બૌદ્ધાને જ પોતાનો સૌથી મોટો મઅબૂદ બનાવી લીધો, ફરી બૌદ્ધની સાથે સાથે અન્ય મઅબૂદોની પણ ઈબાદત કરવા લાગ્યા, જેમકે બોધિસ્તવની પૂજા,હિન્દુસ્તાનમાં મૂર્તિપૂજા ઘણા પ્રકારની હતી, અહી સુધી કે કેટલીક પૂર્વ ભાષાઓમાં બૌદ્ધાને "મૂર્તિ અને પથ્થર પર સમજતા હતા.
તેમાં કોઈ શંકા નથી કે તે સમય સમગ્ર દુનિયામાં મૂર્તિપૂજા ચાલતી હતી, જેથી એટલાન્ટિક મહાસાગરથી લઈને પેસિફિક મહાસાગર સુધી સમગ્ર દુનિયામાં મૂર્તિ પૂજામાં વ્યસ્ત હતી, અર્થાત્  ઈસાઇઓ, સામી અને બૌદ્ધ ધર્મના અનુયાયીઓ મૂર્તિઓની પવિત્રતામાં એકબીજાથી આગળ વધવામાં દોડ લગાવી રહ્યા હતા, એવું લાગતું હતું કે તેઓ એક જ મેદાનમાં દોડતા ઘોડાની માફક છે [૧૧૬].[115]
એવી જ રીતે એક બીજો હિન્દુ લેખક પોતાની કિતાબમાં લખે છે, જેનું નામ તેણે "અલ્ હિન્દકિય્યતુસ્ સાઈદતુ" રાખ્યું: (મૂર્તિઓને બનાવવાનું કાર્ય ત્યાં જ પૂર્ણ ન થયું પરંતુ ઇતિહાસના અલગ અલગ સમયમાં "પૂજયોના જૂથમાં" નાના નાના પૂજયોની મોટી સંખ્યા વધતી ગઈ અહી સુધી કે તેમની ગણતરી અશક્ય થઈ ગઈ [૧૧૭].[116]
આ તો ધર્મોની સ્થિતિ હતી, રહી વાત તે સંસ્કારી દેશોની જ્યાં મોટી મોટી સરકારો હતી, ઘણા પ્રકારના  જ્ઞાન જોવા મળતા હતા, અને જેમને સંસ્કૃતિ, ઉદ્યોગ, જ્ઞાન અને સાહિત્ય અને સંસ્કૃતિનું પારણું માનવામાં આવતા હતા,તો તે દેશોમાં ધર્મોની સાચી સ્થિતિ ખત્મ થઈ ચૂકી હતી, તેની અસલ શક્તિ વંચિત થઈ ચૂકી હતી, સુધારકોનો અભાવ હતો, શિક્ષકોનો સમુદાય માંથી સત્યતા અદૃશ્ય થઈ ગઇ હતી, નાસ્તિકતા ફેલાઈ ગઈ હતી, ફસાદ અને ભ્રષ્ટાચાર દરેક જગ્યાએ આવી ચૂક્યો હતો, દરેક વસ્તુની ગુણવત્તા બદલાઈ ગઈ હતી, માણસ પોતાનું મહત્વ ગુમાવી બેઠો હતો, તેથી આત્મહત્યા વધી ગઈ હતી, સંબંધોની દોર તૂટી ગઈ હતી, અને સામાજિક સંબંધો પણ ખત્મ થઈ ગયા હતા, ધોખો આપવો સામાન્ય થઈ ગયું, માનવી પોતાની આત્માની શાંતિ માટે અને દિલના સુકૂન માટે દરેક મનોરંજનના સામાનનો ઉપયોગ કરી ચૂક્યો હતો, છેવટે આ દરેક મનોરંજનના સામાનો, વિચારધારાઓ તેને દિલને શાંતિ ન આપી શક્યા,અસલમાં માનવી જ્યાં સુધી પોતાના સર્જક સાથે સંબંધ નહીં બાંધે ત્યાં સુધી તે મન દુ:ખ અને આધ્યાત્મિક યાતનાથી પીડાતો રહેશે, તેની ઈબાદત તે તરીકાથી નહીં કરે, જે તેણે પોતાના માટે પસંદ કરી છે, અને તેના પયગંબરોએ આદેશ આપ્યો છે, અલ્લાહ તઆલાએ પોતાના પાલનહારથી મોઢું ફેરવી લેનાર અન્ય પાસે હિદાયત માંગવાવાળાઓની સ્થિતિ વર્ણન કરતાં કહ્યું:{ وَمَنْ أَعْرَضَ عَن ذِكْرِي فَإِنَّ لَهُ مَعِيشَةً ضَنكًا وَنَحْشُرُهُ يَوْمَ الْقِيَامَةِ أَعْمَىٰ}[117]. { અને જે મારી યાદથી મોઢું ફેરવશે તેનું જીવન તંગીમાં રહેશે. અને કયામતના દિવસે અમે તેને આંધળો કરી ઉઠાવીશું } [૧૧૮].મોમિનોને આ દુનિયામાં પ્રાપ્ત થનારા સુખ, શાંતિ વિષે ખબર આપતા પવિત્ર અલ્લાહ તઆલાએ કહ્યું:{ الَّذِينَ آمَنُوا وَلَمْ يَلْبِسُوا إِيمَانَهُم بِظُلْمٍ أُولَٰئِكَ لَهُمُ الْأَمْنُ وَهُم مُّهْتَدُونَ}[118]، { જે લોકો ઈમાન ધરાવે છે અને પોતાના ઈમાનની સાથે શિર્ક નથી કરતા, આવા જ લોકો માટે સલામતી છે, અને તે જ સત્ય માર્ગ પર ચાલી રહ્યા છે } [૧૧૯].અને બીજી જગ્યાએ અલ્લાહ તઆલા જેના વખાણ ઉચ્ચ છે કહ્યું:{ وَأَمَّا الَّذِينَ سُعِدُوا فَفِي الْجَنَّةِ خَالِدِينَ فِيهَا مَا دَامَتِ السَّمَاوَاتُ وَالْأَرْضُ إِلَّا مَا شَاءَ رَبُّكَ ۖ عَطَاءً غَيْرَ مَجْذُوذٍ}[119]. { પરંતુ જે લોકો નસીબદાર હશે, તે ત્યાં સુધી જન્નતમાં રહેશે, જ્યાં સુધી આકાશો અને ધરતી બાકી રહેશે, સિવાય એ કે તમારો પાલનહાર કઇક અલગ કરવા ઈચ્છે, આ એવું ઇનામ હશે જે ક્યારેય ખત્મ નહિ થાય } [૧૨૦].
જો આપણે ધર્મના અગાઉના તમામ માપદંડોને ઇસ્લામ સિવાયના આ તમામ ધર્મો પર લાગુ કરીએ, તો આપણને જોવા મળે છે કે તેમાં મોટાભાગના ધર્મના તત્વો ખૂટે છે. આ સંક્ષિપ્ત વિશ્લેષણ દ્વારા જાણવા મળ્યું છે.
આ બધા ધર્મોમાં સૌથી મોટી ખામી અને વિક્ષેપ એ અલ્લાહના એકેશ્વરવાદનો અભાવ અને તેમના અનુયાયીઓ દ્વારા અન્ય દેવો (ઇલાહો)ને અલ્લાહ સાથે સાંકળી લેવાનો છે, તદ્દુપરાંત આ વિકૃત ધર્મો, લોકો માટે એવી શરીઅત પ્રદાન કરતા નથી,

---

[112] ૧૧૩] અગાઉનો સ્ત્રોત, પાઠ, અદ્ દીનુઝ્ ઝરતિશતી દિયાનતુલ્ હુકૂમહ, પેજ નંબર: ૧૮૩-૨૩૩.
[113] ૧૧૪] જુઓ: પ્રોફેસર ઈશ્વર તોબાની કિતાબ "અલ્ હિન્દ અલ્ કદીમહ" જેઓ હિન્દુસ્તાનની હેદરાબાદ યુનિવર્સિટીમાં હિન્દુસ્તાની સંસ્કૃતિના પ્રોફેસર હતા, અને જુઓ: ભૂતપૂર્વ વડા પ્રધાન જવાહરલાલ નેહરુની કિતાબ, "ઇક્તિફુલ્ હિન્દ" (The Discovery of india) પેજ નંબર: ૨૦૧-૨૦૨.
[114] ૧૧૫] જુઓ: આર, દતની કિતાબ "અલ હિન્દ અલ્ કદીમહ", ભાગ: ૩, પેજ નંબર: ૨૭૬, વધુ માહિતી માટે જુઓ: લેખક (LS.S. O.Malley) ની કિતાબ "અલ્ હિન્દકિય્યતુસ્ સાઈદતુ" પેજ નંબર: ૬-૭.
[115] ૧૧૬] C.V. Vidya: History of Mediavel Hindu India Vol I (poone 1921)
[116] ૧૧૭] જુઓ: અબૂલ્ હસન નદવીની કિતાબ અસ્ સિરહ અન્ નબવિય્યહ, પેજ નંબર: ૧૯-૨૮.
[117] ૧૮] તોહા, આયત નંબર: ૧૨૪.
[118] ૧૧૯] અલ્ અનઆમ, આયત નંબર: ૮૨.
[119] ૧૨૦]  હૂદ, આયાત નંબર: ૧૦૮.

જે દરેક સમય માટે અને દરેક જગ્યા માટે લાગુ પડે છે, તેમના ધર્મ, સન્માન, બાળકો, સંપત્તિ અને જાનનું રક્ષણ અલ્લાહ આપે છે., તેમને શરીઅતનું માર્ગદર્શન આપો, જે અલ્લાહે આદેશ આપ્યો છે, અને તેમના અનુયાયીઓને સંતોષ અને ખુશીથી દુઆ આપો, કારણ કે તેમના (ઉપદેશો અને આજ્ઞાઓ) માં વિરોધાભાસ અને સંઘર્ષ છે.
રહી વાત ઇસ્લામની તો આગળના પાઠમાં તે દલીલો આપવામાં આવશે જે સાબિત કરશે કે તે જ દીન સાચો છે અને હંમેશા રહેવાવાળો દીન છે, જેને અલ્લાહએ પોતાના માટે અને સમગ્ર માનવજાતિ માટે પસંદ કર્યો છે.
આ પાઠના છેલ્લા ભાગમાં યોગ્ય છે કે આપણે નબૂવ્વતની હકીકત, તેની નિશાનીઓ અને આદમના સંતાનને તેની કેટલી જરૂરત છે તેનો ઉલ્લેખ કરીએ, પયગંબરોની દઅવતના નિયમો અને છેલ્લી નબૂવ્વતને હકીકત સ્પષ્ટ કરીએ.

# નબૂવ્વતની હકીકત

સૌથી મોટી વસ્તુ જે માનવી માટે જાણવી જરૂરી છે તે એ કે તે પોતાના પાલનહારને ઓળખે, જેણે તેને બિનઅસ્તિત્વ માંથી અસ્તિત્વ આપ્યું અને તેને ઘણી નેઅમતો આપી, સર્જનને અલ્લાહ તઆલાએ જે ભવ્ય મહત્વના હેતુ સાથે પેદા કર્યા છે તે એ કે તેઓ ફક્ત એક અલ્લાહની ઈબાદત કરે.
પરંતુ સવાલ એ છે કે માનવી પોતાના પાલનહારને સંપૂણપણે કેવી રીતે ઓળખે?અલ્લાહએ તેના પર જે હકો અને ફરજો જરૂરી કર્યા છે, તેને કેવી જાણે અને પોતાના પાલનહારની ઈબાદત કેવી રીતે કરે?જોવા જઈએ તો માનવીને એવા લોકો મળી જાય છે જે તેને દુનિયામાં આવતી તકલીફો દૂર કરવામાં મદદ કરે અને તેને ફાયદો પહોંચતી વસ્તુઓમાં તેનો સાથ આપે, જેમકે બીમારીનો ઈલાજ કરી આપે, દવાની વ્યવસ્થા કરી આપે, અને ઘર બનાવવામાં તેનો સાથ આપે વગેરે વગેરે...પરંતુ તેને કોઈ એવો વ્યક્તિ નથી મળતો જે તેને પોતાના પાલનહાર સાથે ઓળખ કરાવે, અને તેને જણાવી શકે કે તે પોતાના પાલનહારની ઈબાદત કેવી રીતે કરે? કારણકે માનવીની બુદ્ધિ માટે તે શક્ય નથી કે પોતે અલ્લાહની મુરાદ જાણી શકે, તેનું કારણ એ છે કે માનવી પોતાના જેવા જ બીજા માનવીની મુરાદને કહ્યા વગર જાણી શકતો નથી, આવા સંજોગોમાં તે અલ્લાહની મુરાદ કેવી રીતે સમજી શકે છે, હકીકતમાં આ કામ નબીઓ અને પયગંબરો વડે જ પૂરું થઈ શકે છે, જેમને અલ્લાહ તઆલા પોતાનો સંદેશ પહોંચાડવા માટે પસંદ કરે છે, તેમના પછી આ જવાબદારી ઇલમવાળાઓ અને નબીઓના વારીસો પર લાગુ થાય છે, જેઓ તેમના માર્ગ પર ચાલે છે, અને તેમના માર્ગ પર ચાલી તેમની દઅવત લોકો સુધી પહોંચાડે છે;એટલા માટે કે માનવી કોઈ મધ્યસ્થ વગર અલ્લાહનો સંદેશ પ્રાપ્ત કરી શકતો નથી, અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَمَا كَانَ لِبَشَرٍ أَن يُكَلِّمَهُ اللَّهُ إِلَّا وَحْيًا أَوْ مِن وَرَاءِ حِجَابٍ أَوْ يُرْسِلَ رَسُولًا فَيُوحِيَ بِإِذْنِهِ مَا يَشَاءُ ۚ إِنَّهُ عَلِيٌّ حَكِيمٌ }[120]، { કોઇ મનુષ્ય માટે શક્ય નથી કે તેની સાથે અલ્લાહ તઆલા કલામ કરે, સિવાય વહી દ્વારા, અથવા પરદાની પાછળથી થઇ શકે છે, અથવા કોઇ ફરિશ્તાને મોકલે છે અને તે અલ્લાહના આદેશથી, જે તે (અલ્લાહ) ઇચ્છે વહી કરી શકે છે, નિ:શંક તે સર્વોચ્ચ છે, હિકમતવાળો છે } [૧૨૧],જાણવા મળ્યું કે એક સંદેશવાહકનું હોવું જરૂરી છે, જે અલ્લાહની શરીઅત તેના બંદાઓ સુધી પહોંચાડે, આ સંદેશવાહકો નબીઓ અને પયગંબરો છે, ફરિશ્તાઓ અલ્લાહનો સંદેશો લઈ નબીઓ પાસે આવે છે, ફરિશ્તાઓ પોતે જ લોકો સુધી સંદેશો પહોંચાડી શકતા નથી;કારણકે ફરિશ્તાઓની દુનિયા પોતાની ફિતરત અને વૃતિમાં માનવીઓ કરતાં જુદી છે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ اللَّهُ يَصْطَفِي مِنَ الْمَلَائِكَةِ رُسُلًا وَمِنَ النَّاسِ }[121]. { અલ્લાહ આદેશ પહોંચાડવા માટે ફરિશ્તાઓ માંથી પણ રસૂલને પસંદ કરી લે છે અને માનવીઓ માંથી પણ } [૧૨૨].
અલ્લાહની હિકમત એ હતી કે નબીઓ અને પયગંબરો માનવીઓ માંથી જ હોય, જેમની તરફ તેમને મોકલવામાં આવી રહ્યા છે, જેથી તેઓ તેમની વાત સમજી શકે, કારણકે તેઓ તેમને સંબોધિત કરી શકે છે અને વાતચીત પણ કરી શકે છે,જો ફરિશ્તાઓને પયગંબર બનાવી મોકલવામાં આવતા, તો લોકો ન તો તેમનો સામનો કરી શકતા ન તો તેમની પાસેથી કઈ પણ ફાયદો ઊઠવી શકતા [૧૨૩], અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَقَالُوا لَوْلَا أُنزِلَ عَلَيْهِ مَلَكٌ ۖ وَلَوْ أَنزَلْنَا مَلَكًا لَّقُضِيَ الْأَمْرُ ثُمَّ لَا يُنظَرُونَ (8) અને આ લોકો એવું કહેતા કે તેઓની પાસે કોઇ ફરિશ્તા કેમ ઉતારવામાં નથી આવતા ? અને જો અમે કોઇ ફરિશ્તા મોકલી દેતા, તો વાત જ પૂરી થઇ જાત, પછી તેઓને થોડીક પણ મહેતલ આપવામાં ન આવતી. (૮) وَلَوْ جَعَلْنَاهُ مَلَكًا لَّجَعَلْنَاهُ رَجُلًا وَلَلَبَسْنَا عَلَيْهِم مَّا يَلْبِسُونَ (9) }[122]، અને જો અમે (પયગંબર) તરીકે ફરિશ્તાને ઉતારતા, તો અમે તેને માણસ જ બનાવતા અને અમે તેમને તે જ શંકામાં નાખી દેતા, જે શંકા તેઓ અત્યારે કરી રહ્યા છે (૯) } [૧૨૪],અને પવિત્ર અલ્લાહ એ કહ્યું:{ وَمَا أَرْسَلْنَا قَبْلَكَ مِنَ الْمُرْسَلِينَ إِلَّا إِنَّهُمْ لَيَأْكُلُونَ الطَّعَامَ وَيَمْشُونَ فِي الْأَسْوَاقِ.. { અમે તમારા પહેલા જેટલા પયગંબર મોકલ્યા, સૌ ભોજન કરતા હતાં અને બજારોમાં પણ હરતાં-ફરતાં હતાં..અહી સુધી કહ્યું: وَقَالَ الَّذِينَ لَا يَرْجُونَ لِقَاءَنَا لَوْلَا أُنزِلَ عَلَيْنَا الْمَلَائِكَةُ أَوْ نَرَىٰ رَبَّنَا ۗ لَقَدِ اسْتَكْبَرُوا فِي أَنفُسِهِمْ وَعَتَوْا عُتُوًّا كَبِيرًا }[123]. અને જે લોકોને અમારી મુલાકાતની આશા નથી, તેઓ કહે છે કે અમારા માટે ફરિશ્તાઓને ઉતારવામાં કેમ નથી આવતા ? અથવા અમે અમારી આંખોથી અમારા પાલનહારને જોઇ લેતા, તે લોકો પોતાને જ મોટા સમજે છે અને ખૂબ જ વિદ્રોહ કરી રહ્યા છે. } [૧૨૫].[124]
અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَمَا أَرْسَلْنَا مِن قَبْلِكَ إِلَّا رِجَالًا نُّوحِي إِلَيْهِم }[125]، { તમારા પહેલા અમે જેટલા પયગંબરો મોકલ્યા તે પુરુષો જ હતા } [૧૨૬],અને અલ્લાહ તઆલાએ કહ્યું:{ અને અમે જે પયગંબરો પણ મોકલ્યા, તેમણે પોતાની કોમની ભાષામાં જ આદેશો આપ્યા } [૧૨૭],આ નબી અને પયગંબરોમાં, બુદ્ધિ અને મનની પરિપક્વતા, સુરક્ષિત ફિતરત (વૃતિ), વાતો અને કાર્યોની સત્યતા, દીન પહોંચાડવામાં અને નબૂવ્વતમાં અમાનતદારી જેવી વિશેષ લાક્ષણિકતાઓ હતી, તેઓ એવી દરેક પ્રકારની શંકાઓથી સુરક્ષિત હતા, જે તેમના અખ્લાક (નૈતિકતા) અને રીતભાતને પ્રભાવિત કરતી હોય, અને તેમના શરીરો એવી દરેક ખામીઓથી સુરક્ષિત હતા, જે માનવીને નફરત કરવા પર ઉશ્કેરતા હોય [૧૨૮],અલ્લાહ તઆલાએ તેમના નફસ

---

[120] ૧૨૧] અશ્ શૂરા, આયત નંબર: ૫૧.
[121] ૧૨૨] અલ્ હજ, આયત નંબર: ૭૫.
[122] ૧૨૩] અબૂલ્ ફિદા ઈસ્માઈલ બિન કષીરની કિતાબ " તફસીરુલ્ કુરઆનુલ્ અઝીમ" ભાગ: 3, પેજ નંબર: ૬૪.
[123] ૧૨૪] અલ્ અનઆમ, આયત નંબર: ૮-૯.
[124] ૧૨૫] અલ્ ફુરકાન, આયત નંબર: ૨૦-૨૧.
[125] ૧૨૬] અન્ નહલ, આયાતી નંબર: ૪૩.

(આત્મા) અને અખ્લાક (નૈતિકતા) નું પાકસાફ કર્યું, જેથી તેઓ લોકોમાં સૌથી ઉચ્ચ અખ્લાકવાળા અને પવિત્ર આત્માવાળા હતા, અને સૌથી વધારે ઉદાર હતા, અલ્લાહ તઆલાએ તેમને દરેક પ્રકારના સારા અખ્લાક (ગુણો) અને સર્વોત્તમ ગુણો આપ્યા હતા,અને સાથે સાથે તેમને ધીરજ, દરગુજર કરવું, ઇલમ, ઉદારતા, હિંમત અને બહાદુરી અને ન્યાય જેવા હોદ્દાઓ તેમને આપ્યા, જેથી તેઓ પોતાની કોમ વચ્ચે આ અખ્લાક અને ગુણો દ્વારા ઉકસીને આવે, જેથી સાલિહ અ.સ.ની કોમને જોઈ લો, તેઓ પોતાના નબીને શું કહે છે, અલ્લાહ તઆલાએ તેમના વિષે ખબર આપી:{قَالُوا يَا صَالِحُ قَدْ كُنتَ فِينَا مَرْجُوًّا قَبْلَ هَٰذَا ۖ أَتَنْهَانَا أَن نَّعْبُدَ مَا يَعْبُدُ آبَاؤُنَا }[126]، { તેમણે કહ્યું, હે સાલિહ ! આ પહેલા તો અમને તારાથી ઘણી આશાઓ હતી, શું તું અમને (તે પૂજ્યોની) બંદગી કરવાથી રોકી રહ્યો છે જેમની બંદગી આપણા પૂર્વજો કરતા આવી રહ્યા છે ?[૧૨૯],અને શુઐબ અ.સ.ની કોમે શુઐબ અ.સ.ને શું કહ્યું:{ أَصَلَاتُكَ تَأْمُرُكَ أَن نَّتْرُكَ مَا يَعْبُدُ آبَاؤُنَا أَوْ أَن نَّفْعَلَ فِي أَمْوَالِنَا مَا نَشَاءُ ۖ إِنَّكَ لَأَنتَ الْحَلِيمُ الرَّشِيدُ }[127]، { તેઓ કહેવા લાગ્યા કે હે શુઐબ, શું તારી નમાઝ તને આ જ આદેશ આપે છે કે અમે અમારા પૂર્વજોના પૂજ્યોને છોડી દઇએ અને અમે અમારા ધન માંથી અમારી મરજી મુજબ ચોક્કસ ઉપયોગ કરવાનું છોડી દઇએ? તમે તો ઘણા ધૈર્યવાન અને સદાચારી વ્યક્તિ હતા. } [૧૩૦],મોહમ્મદ ﷺ પોતાની કોમમાં "અમીન" (અમાનતદાર) ઉપનામથી વિખ્યાત હતા, જ્યારે હજુ તેમને નબૂવ્વત પણ આપવામાં આવી ન હતી, તેમના પાલનહારે તેમના વખાણ કરતા કહ્યું:{ وَإِنَّكَ لَعَلَىٰ خُلُقٍ عَظِيمٍ }[128]. { (હે પયગંબર ! ) ખરેખર તમે ઉચ્ચ અખલાક વાળા છો.} [૧૩૧],[129*130]

તેઓ સમગ્ર સર્જનમાં અલ્લાહના સૌથી શ્રેષ્ઠ બંદા હતા, જેમને અલ્લાહ તઆલાએ નબૂવ્વતની જવાબદારી આપી, અને અમાનતનો સંદશો પહોંચાડવા માટે તેમને પસંદ કર્યા, અલ્લાહ તઆલાએ કહ્યું:{ اللَّهُ أَعْلَمُ حَيْثُ يَجْعَلُ رِسَالَتَهُ }[131]، { આ તો અલ્લાહ ખૂબ જ સારી રીતે જાણે છે કે તે પોતાની પયગંબરીનું કામ કોની પાસે લે.} [૧૩૨],અને અલ્લાહ તઆલાએ કહ્યું:{ إِنَّ اللَّهَ اصْطَفَىٰ آدَمَ وَنُوحًا وَآلَ إِبْرَاهِيمَ وَآلَ عِمْرَانَ عَلَى الْعَالَمِينَ }[132]. { અલ્લાહ તઆલાએ સમ્રગ સૃષ્ટિના લોકો માંથી આદમ, નૂહ, ઇબ્રાહીમના કુટુંબીઓ અને ઇમરાનના કુટુંબીઓને (પયગંબરી) માટે પસંદ કરી લીધા. } [૧૩૩].

અને આ દરેક નબીઓ અને પયગંબરો તે દરેક ગુણો અને લક્ષણો ધરાવતા હતા, જે અલ્લાહએ તેમને આપ્યા હતા, અને ઉચ્ચ અખ્લાકમાં ખ્યાતિની ઉચ્ચ કક્ષા ધરાવનારા છે, પરંતુ તેઓ પણ માનવી જ છે, તેમને પણ તે જરૂરીયાતો અને સમસ્યાઓ લાગુ પડે છે, જે બીજા માનવીઓને લાગુ પડે છે, જેથી તેમને પણ ભૂખ લાગે છે, તેઓ પણ બીમાર પડે છે, તેઓ પણ સૂઈ જાય છે, ખાય છે પીવે છે, શાદી પણ કરે છે અને મૃત્યુ પણ પામે છે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ إِنَّكَ مَيِّتٌ وَإِنَّهُم مَّيِّتُونَ }[133]، { (હે પયગંબર) ખરેખર તમને પણ મૃત્યુ આવશે અને આ સૌ લોકો પણ મૃત્યુ પામશે. } [૧૩૪],અને અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَلَقَدْ أَرْسَلْنَا رُسُلًا مِّن قَبْلِكَ وَجَعَلْنَا لَهُمْ أَزْوَاجًا وَذُرِّيَّةً }[134]، { તમારા પહેલા અમે ઘણા જ પયગંબરોને મોકલ્યા, અને અમે તે સૌને પત્ની તથા બાળકોવાળા બનાવ્યા હતા } [૧૩૫],પરંતુ અમુક સમયે તો તેમના પર પણ જુલમ કરવામાં આવે છે, તેમને મારી નાખવામાં આવે છે, અથવા તેમનો દેશનિકાલ પણ કરવામાં આવે છે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَإِذْ يَمْكُرُ بِكَ الَّذِينَ كَفَرُوا لِيُثْبِتُوكَ أَوْ يَقْتُلُوكَ أَوْ يُخْرِجُوكَ ۚ وَيَمْكُرُونَ وَيَمْكُرُ اللَّهُ ۖ وَاللَّهُ خَيْرُ الْمَاكِرِينَ }[135]، { (હે નબી ! તે સમયને પણ યાદ કરો) જ્યારે કાફિરો તમારા માટે છુપી યુક્તિઓ વિચારી રહ્યા હતા, કે તમને કેદી બનાવી લે, અથવા તમને કતલ કરી દે અથવા તમને દેશનિકાલ કરી દે, તેઓ પણ પોતાની યુક્તિ કરી રહ્યા હતા અને અલ્લાહ પોતાની યુક્તિ કરી રહ્યો હતો અને સૌથી વધારે મજબૂત યુક્તિ કરનાર અલ્લાહ જ છે. } [૧૩૬],પરંતુ છેવટે દુનિયા અને આખિરતમાં શ્રેષ્ઠ પરિણામ અને વિજય અને પ્રભુત્વ તેમને જ પ્રાપ્ત થયું:{ وَلَيَنصُرَنَّ اللَّهُ مَن يَنصُرُهُ }[136]. { અલ્લાહ એવા લોકોની જરૂર મદદ કરે છે, જે તેના (દીનની) મદદ કરે છે } [૧૩૭],અને પવિત્ર અલ્લાહ એ કહ્યું :{ كَتَبَ اللَّهُ لَأَغْلِبَنَّ أَنَا وَرُسُلِي ۚ إِنَّ اللَّهَ قَوِيٌّ عَزِيزٌ }[137]. { અલ્લાહ તઆલા લખી ચુકયો છે કે નિ:શંક હું અને મારો પયગંબર જ વિજયી રહીશું, નિ:શંક અલ્લાહ તઆલા જ શક્તિશાળી અને વિજયી છે. } [૧૩૮].

## નબુવ્વત ની નિશાનીઓ

નબુવ્વત સૌથી પવિત્ર અને શ્રેષ્ઠ જ્ઞાન પ્રાપ્ત કરવાનું માધ્યમ છે, તેમજ સૌથી શ્રેષ્ઠ કાર્ય કરવાનું માધ્યમ છે, તેથી અલ્લાહ તઆલાએ પોતાની રહેમતથી તે નબીઓ માટે એવી નિશાનીઓ ઉતારી ,જે તેમની સત્યતા સાબિત કરે, લોકો તેમની હકીકતથી પરિચિત થાય અને તેમનાથી જ તેમને જાણતા અને ઓળખતા હતા, તે અલગ વાત છે કે તે દરેક વ્યક્તિ જે નબુવ્વતનો દાવો કરે છે, તેના પર એવી નિશાનીઓ ઉતરે છે જે તેની સત્યતા સાબિત કરી દે છે, જો તે સાચો હોય, અને જો તે જૂઠો હોય તો તેનાં જૂઠા દાવા ને પણ જાહેર કરી દે, જેમાંથી અમુક નિશાનીઓ નીચે મુજબ છે:

૧- દરેકની ઈબાદત કરવાથી દૂર રહેવાનો આદેશ આપતા, કારણ કે તેમનો આજ હેતુ છે, જે માટે અલ્લાહએ સર્જનીઓને પેદા કર્યા છે.

---

[126] ૧૨૭] ઈબ્રાહીમ, આયત નંબર: ૪.

[127] ૧૨૮] જુઓ: લવામિઉલ્ અન્વારુલ્ બહહિયહ, ભાગ: ૨, પેજ નંબર: ૨૬૫-૩૦૫, વધુ માહિતી માટે જુઓ: અહમદ શલબીની કિતાબ "અલ્ ઇસ્લામ" પેજ નંબર: ૧૧૪.

[128] ૧૨૯] હૂદ, આયાત નંબર: ૬૨.

[129] ૧૩૦] હૂદ, આયાત નંબર: ૮૭.

[130] ૧૩૧] અલ્ કલમ, આયત નંબર: ૪.

[131] ૧૩૨] અલ્ અનઆમ, આયત નંબર: ૧૨૪.

[132] ૧૩૩] આલિ ઇમરાન, આયત નંબર: ૩૩.

[133] ૧૩૪] અઝ્ ઝુમર, આયત નંબર: ૩૦.

[134] ૧૩૫] અર્ રઅદ, આયત નંબર: ૩૮.

[135] ૧૩૬] અલ્ અનફાલ્, આયત નંબર: ૩૦.

[136] ૧૩૭] અલ્ હજ, આયત નંબર: ૪૦.

[137] ૧૩૮] અલ્ મુજાદિલહ, આયત નંબર: ૨૧.

૨- તે લોકોને પોતાની ઉપર ઈમાન લાવવાનો તેમની સત્યતા પર ઈમાન લાવવાનો અને પોતે લાવેલા આદેશો પર અમલ કરવાની દઅવત આપતા, અલ્લાહએ પોતાના નબી મોહમ્મદ ﷺ ને આદેશ આપ્યો કે તમે કહી દો:{ يَا أَيُّهَا النَّاسُ إِنِّي رَسُولُ اللَّهِ إِلَيْكُمْ جَمِيعًا }[138]. {હે પયગંબર તમે કહી દો હે લોકો! હું તમારા બધા માટે અલ્લાહ તરફથી મોકલવામાં આવેલ રસૂલ છું} [૧૩૯].

૩- અલ્લાહ તાઅલા નબૂવ્વતની અલગ અલગ દલીલો વડે તેમની પુષ્ટિ કરે છે, તે દલીલોમાં નિશાનીઓનો પણ સમાવેશ થાય છે, જેના દ્વારા નબીઓને મોકલવામાં આવ્યા, અને ન તો તેમની કોમ નિશાનીઓ ને નકારી શકે છે ન તો તેમના જેવી બીજી નિશાનીઓ લાવી શકે છે, જેમ કે મૂસા અ.સ.ની નિશાની હતી કે તેમની લાકડી સાંપ બની ગઈ,એવી જ રીતે ઇસા અ.સ. પાસે તે ચમત્કાર હતો કે અલ્લાહની પરવાનગીથી જન્મ જાત આંધળા વ્યક્તિને તેમજ કોઢ (રક્તપિત્ત) ના દર્દીને સાજો કરી દેતા હતા,તેમજ મોહમ્મદ ﷺ પાસે એ ચમત્કાર હતો કે તેઓ અભણ હતા અને લખતા વાંચતાં પણ જાણતા ન હતા તો પણ અલ્લાહ તઆલાએ તેમને કુરઆન મજીદ આપ્યું, આવી જ અલગ અલગ નિશાનીઓ અલગ અલગ નબીઓને આપી હતી.

આ દલીલો દ્વારા સ્પષ્ટ સત્ય જાહેર થાય છે, જેમની પાસે નબીઓ અને રસૂલો મોકલવામાં આવતા, તેમના દુશ્મનો ન તો તેમને નકારી શક્યા, કે ન તેમને જવાબ આપી શક્યા, પરંતુ દુશ્મનો પણ જાણતા હતા કે નબીઓ જે વાત રજૂ કરી રહ્યા છે, તેનો ઇન્કાર કરવો અશક્ય છે.

તે દલીલોમાં તે વાતનો પણ સમાવેશ થાય છે કે અલ્લાહ તઆલાએ, જે નબીઓ મોકલ્યા તેમને વિશેષ અને સૌથી સંપૂર્ણ પરિસ્થિતિઓ સારા દેખાવ અને સારી રીતભાત આપવામાં આવી,

અને તેમાં એ વાત પણ સામેલ છે કે અલ્લાહએ તે નબીઓ ને તેમના દુશ્મનો પર વિજય આપ્યો અને તેમની દઅવતને જાહેર કરી.

૪- તે નબીઓની દઅવતના નિયમો તે નિયમો સાથે જોડાયેલા હોવા જોઈએ, જેના દ્વારા બીજા પયગંબરો એ દઅવત આપી હોય [૧૪૦].[139]

૫- તે પોતાની ઇબાદત કરવાનો અથવા પોતાના માટે નાનામાં નાની પણ ઈબાદત કરવાનો આદેશ ન આપતા, એવી જ રીતે તેઓ પોતાના કુટુંબ, કબીલામાંથી કોઈની ઈબાદત કરવાનો આદેશ ન આપતા હોય, અલ્લાહએ મોહમ્મદ ﷺ ને આદેશ આપ્યો કે, તમે લોકોને કહી દો:{ قُل لَّا أَقُولُ لَكُمْ عِندِي خَزَائِنُ اللَّهِ وَلَا أَعْلَمُ الْغَيْبَ وَلَا أَقُولُ لَكُمْ إِنِّي مَلَكٌ ۖ إِنْ أَتَّبِعُ إِلَّا مَا يُوحَىٰ إِلَيَّ }[140]. {(હે પયગંબર) તમે તેમને કહી દો કે ન તો હું તમને એવું કહું છું કે મારી પાસે અલ્લાહના ખજાના છે અને ન તો હું ગૈબ(અદૃશ્ય)ની વાતો જાણું છું અને ન તો હું તમને એવું કહું છું કે હું ફરિશ્તો છું, હું તો ફકત જે મારી પાસે વહી આવે છે તેનું અનુસરણ કરું છું} [૧૪૧].

૬- તેઓ પોતાની દઅવતના બદલામાં લોકો પાસેથી દુનિયાના સામાનની માંગણી ન કરતા હોય, અલ્લાહએ પોતાના નબીઓ નૂહ, હુદ ,સાલિહ, લૂત અને શોએબ અ.સ. વિશે કહ્યું:{ وَمَا أَسْأَلُكُمْ عَلَيْهِ مِنْ أَجْرٍ ۖ إِنْ أَجْرِيَ إِلَّا عَلَىٰ رَبِّ الْعَالَمِينَ }[141]، { હું તમારી પાસે (આ પ્રચાર કરવા પર) કોઈ વળતર નથી ઇચ્છતો, મારો બદલો તો ફક્ત સૃષ્ટિના પાલનહાર (અલ્લાહ) પાસે જ છે. } [૧૪૨],અને મોહમ્મદ ﷺ એ પોતાની કોમને કહ્યું:{ قُلْ مَا أَسْأَلُكُمْ عَلَيْهِ مِنْ أَجْرٍ وَمَا أَنَا مِنَ الْمُتَكَلِّفِينَ }[142]. { તમે તેમનેકહી દો કે હું તમારી પાસે આના માટે કોઇ વળતર નથી માંગતો અને ન તો હું બળજબરી કરવાવાળો છું. } [૧૪૩].

આ નબીઓ અને પયગંબરોના ગુણો અને તેમની નબૂવ્વતની અમુક દલીલો મેં તમારી સમક્ષ રજૂ કરી, આમ તો ઘણી બધી છે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَلَقَدْ بَعَثْنَا فِي كُلِّ أُمَّةٍ رَّسُولًا أَنِ اعْبُدُوا اللَّهَ وَاجْتَنِبُوا الطَّاغُوتَ }[143]، {અને દરેક કોમમાં એક પયગંબર મોકલ્યા, (જે તેઓને કહેતા હતા કે) અલ્લાહની ઈબાદત કરો અને તાગૂતથી બચો} [૧૪૪],તેમના દ્વારા માનવીઓને ખુશખબરી મળી તેમજ સાચું માર્ગદર્શન મળ્યું, ઇતિહાસ તેમના કિસ્સાઓથી, તેમના લાવેલા દીન તેમજ આદેશોથી ભરેલું છે, તે એ વાતની દલીલ આપે છે કે તે સત્ય અને ન્યાય પર આધારિત છે, તેમજ તે વાતની પણ દલીલ આપે છે કે તેમને અલ્લાહએ તેમને વિજય આપી તેમના દુશ્મનોને હરાવ્યા, જેમ કે નૂહની કોમ પર આવેલ તોફાન, ફિરઔનનું પાણીમાં ડૂબી જવું, લૂત અ.સ.ની કોમ પર અઝાબ આવવો, મોહમ્મદ ﷺ નું તેમના દુશ્મનો પર વિજય અને પ્રભુત્વ મેળવવું, અને દીનનું ફેલાવવું..જે વ્યક્તિએ આ વાતો જાણી લીધી, તેને યકીન થઈ ગઈ કે દરેક નબીઓ અને પયગંબરો ભલાઈ અને હિદાયત સાથે મોકલવામાં આવ્યા હતા, તેમણે અલ્લાહના સર્જનીઓને ફાયદાકારક કાર્યો તરફ માર્ગદર્શન આપ્યું, અને નુકસાનકારક કાર્યોથી રોક્યા, તેમાં સૌથી પહેલા નબી નૂહ અ.સ. અને સૌથી છેલ્લા નબી મુહમ્મદ ﷺ છે.

# માનવ જાત માટે નબીઓની જરૂરત

નબીઓ અલ્લાહ તરફથી મોકલેલ પયગંબર અને રસૂલ છે, જે માનવીઓ સૂધી અલ્લાહના હુકમો અને આદેશો પહોંચાડે છે, અલ્લાહના આજ્ઞાકારી બંદાઓને તેની નેઅમતોની ખૂશખબર આપે છે, અને અવજ્ઞા કરનારને અલ્લાહના અઝાબથી ડરાવે છે, તેમની સમક્ષ પાછળની કોમોના કિસ્સાઓ રજૂ કરે છે, અને તેમને જણાવે છે કે અલ્લાહની અવજ્ઞાકરવાના કારણે તેમને આ દુનિયામાં કેવી સઝા અને અઝાબ આપવામાં આવ્યો.

અલ્લાહના આદેશ અને નિયંત્રણને માનવી જાતે નથી સમજી શકતો, તેથી અલ્લાહએ તેમની ઇઝ્ઝત અને આદર અને તેમનાં ફાયદા માટે શરીઅતના આદેશો જાહેર કર્યા,કારણ કે લોકો અમુક વાર પોતાની મનેચ્છાઓ પૂરી કરવા માટે

---

[138] ૧૩૯] અલ્ અઅરાફ, આયત નંબર: ૧૫૮.
[139] ૧૪૦[ જુઓ: શૈખુલ્ ઇસ્લામ ઈમામ ઇબ્ને તૈમિય્યા રહ. ની કિતાબ મજમુઉલ્ ફતાવા, ભાગ: ૪, પેજ નંબર: ૨૧૨-૨૧૩.
[140] ૧૪૧] અલ્ અનઆમ, આયત નંબર: ૫૦.
[141] ૧૪૨] અશ્ શુઅરાઅ, આયતો: ૧૦૯, ૧૨૭, ૧૪૫, ૧૬૪,૧૮૦.
[142] ૧૪૩] સોદ, આયત નંબર:૮૬.
[143] ૧૪૪] અન્ નહલ, આયત નંબર: ૩૬.

નિયમોનું ઉલ્લંઘન કરે છે, લોકો પર જુલમ કરે છે, તેમના હક દબાવી દે છે, તેથી અલ્લાહએ પોતાની હિકમત વડે સમયાંતરે રસૂલો મોકલ્યા, જે તેમને અલ્લાહના હુકમોની યાદ અપાવે અને બુરાઈથી રોકે, તેમની સામે નસીહત રૂપે કુરઆનની આયતો સંભળાવે, તિલાવત કરે, અને પાછલીની કોમના કિસ્સાઓ વર્ણન કરે,કારણ કે વિચિત્ર ઘટનાઓને જ્યારે તેઓ સાંભળે છે અને તેમના અને અનોખા શબ્દો અને અર્થો જ્યારે તેમની બુદ્ધિને જાગૃત કરે છે, ત્યારે તે માનવી માટે ફાયદાકારક બને છે, જેના કારણે તેના ઈલમમાં વધારો થાય છે, આખિરતની ચિંતા થાય છે, જે સૌથી વધારે સાંભળે તેટલું જ તેનાં દિલ અને દિમાગમાં વધારે ખયાલ આવે છે, જેનાં દિલમાં જેટલો ખ્યાલ વધારે આવે તેટલું તે વધારે વિચારે છે, અને તે જ વધારે જ્ઞાન મેળવે છે, જેની પાસે ઈલ્મ વધારે હોય તે વધારે અમલ કરે છે,તેથી રસૂલોના આવવાથી કોઈ નુક્સાન નથી, અને ન તો હક પહોંચાડવા સિવાય કોઈ વિકલ્પ છે [૧૪૫].[144]

શૈખૂલ ઇસ્લામ ઇબ્ને તય્મિયહ રહ. [૧૪૬] કહે છે કે, માનવીની દુનિયા અને આખિરતની ભલાઈ માટે રિસાલત અને પયગંબરી જરૂરી છે, કારણ કે રિસાલતનું અનુસરણ કર્યા વગર માનવી આખિરત નથી સુધારી શક્તો, અને ન તો તે પોતાની દુનિયા સુધારી શકે છે,જાણવા મળ્યુંકે માનવી દરેક સ્થિતિમાં શરીઅતનો જરૂરતમંદ છે, કારણ કે તેની પ્રવૃત્તિઓ અને કાર્યો બે પ્રકારની હોય છે, એક એ કે જેનાથી તે પોતે લાભ મેળવી શકે અને અને બીજું એ કે જેનાથી તે પોતાનું નુકસાન દૂર કરી શકે, અને શરીઅત તે એવું નૂર (પ્રકાશ) છે, જે ફાયદો અને નુકસાન બંને સ્પષ્ટ રીતે વર્ણન કરે છે, એવી જ રીતે તે જમીન પર અલ્લાહનું નૂર છે, માનવીઓ વચ્ચે તેનો ઇન્સાફ અને ન્યાય છે અને તે અલ્લાહનો એક એવો મજબૂત સ્રોત છે, જેમાં પ્રવેશનાર સુરક્ષિત થઈ જાય છે.[145]

શરીઅતનો અર્થ એ નથી કે પોતાની સંવેદના મુજબ નફા નુકસાન વચ્ચે તફાવત કરવામાં આવે, કારણ કે આ આવડત તો જાનવરોમાં પણ હોય છે, જેમ કે ગધેડો અને ઊંટ પણ જવ અને માટી વચ્ચે ફરક જાણી લે છે, પરંતુ શરીઅતનો અર્થ છે કે તેમના કાર્યો વચ્ચે ફરક કરવામાં આવે, જે ખરાબ કાર્યોથી દુનિયા અને આખિરત ખરાબ થાય છે, તેનાથી રોકવા અને તે સારા કાર્યો જેનાથી તેમને દુનિયા અને આખિરતમા ફાયદો પહોંચે છે, તેની તરફ ધ્યાન દોરવું, જેવી રીતે કે ઈમાન, તોહીદ, ન્યાય ઇન્સાફ, ભલાઈ, સારો વ્યવહાર, અમાનતદારી, પાકીસફાઈ, બહાદુરી, ઈલ્મ, સબર, શુકર, ભલાઈનો આદેશ આપવો, બુરાઈથી રોકવું, સદવ્યવહાર કરવો, માં-બાપની આજ્ઞાનું પાલન કરવું, પાડોશી સાથે સારો વ્યવહાર કરવો, પોતાના હક અદા કરવા, દરેક કાર્યો ફક્ત અલ્લાહ માટે કરવા, અલ્લાહ પર ભરોસો કરવો, તેની પાસે મદદ માંગવી, તકદીર પર ખુશ રહેવું, તેના દરેક નિર્ણયોને કબૂલ કરવા, અને તેના રસૂલે જે હુકમ આપ્યો છે, તેને સ્વીકારવો, આવા બીજા અન્ય કાર્યો કરવા જે માનવી માટે દુનિયા અને આખિરત બંનેમાં ફાયદાકારક હોય છે, અને જે કાર્યો નુકસાનકારક હોય તેનાથી બચવું.

જો રિસાલત અને પયગંબરી ન હોત તો માનવીને પોતાના જીવનના યોગ્ય ફાયદા અને નુકસાન વિશે માર્ગદર્શન ન મળ્યું હોત, આમ માનવી ઉપર અલ્લાહનું સૌથી મોટું ઇનામ એ છે કે તેમની પાસે અલ્લાહે રસૂલોને મોકલ્યા, સીધા માર્ગનો રસ્તો પ્રકાશિત કર્યો, અને જો આવું ન હોત તો માનવી જાનવરોની જેમ જીવન પસાર કરતો, પરંતુ તેમના કરતાં પણ વધુ ખરાબ જીવન પસાર કરતો,આમ જે વ્યક્તિ અલ્લાહના આદેશોને સ્વીકારે છે અને તેના પર કાયમ રહે છે, તે વ્યક્તિ શ્રેષ્ઠ છે, અને જે તેનો ઇન્કાર અને તેનાથી દૂર થઈ જાય છે તે સૌથી ખરાબ વ્યક્તિ છે, કુતરા, ડુક્કર અને સૌથી ખરાબમાં ખરાબ વસ્તુથી પણ તુચ્છ છે, જમીન પર રહેનાર જીવો ત્યાં સુધી બાકી છે જ્યાં સુધી તેમની અંદર પયગંબરીના લક્ષણો છે, જ્યારે પયગંબરીના લક્ષણો તેમના માંથી જતા રહેશે તેમજ તેમણે લાવેલ માર્ગદર્શનના લક્ષણો અદ્રશ્ય થઈ જશે, ત્યારે અલ્લાહ તઆલા દુનિયાને નષ્ટ અને હલાક કરી દેશે અને કયામત લાવી દેશે.

દુનિયાના રહેવાસીઓ માટે રસૂલોની જરૂરત એ મુજબ નથી જેવી રીતે સુર્ય, ચંદ્ર, હવા અને વરસાદની જરૂર છે, જેવી રીતે માનવીને જીવનની જરૂર છે, આંખોના પ્રકાશની જરૂર છે, શરીરને ખોરાક ની જરૂર છે, પરંતુ આ જરૂરત એ તમામ જરૂરતથી વધુ મહત્વની છે, જે માનવીના દિમાગમાં આવી શકે છે, કારણકે રસૂલો અલ્લાહ તઆલાના આદેશો અને તેની શરીઅતના પ્રચાર માટે માનવી અને અલ્લાહ વચ્ચે નું માધ્યમ છે, અલ્લાહ અને તેના બંદાઓની વચ્ચે સંદેશાવાહક છે, અને તે તમામ રસૂલોની અંતિમ શ્રૃંખલા, તે દરેકના સરદાર ,અને તેમનામાં સૌથી વધારે અલ્લાહના પ્રિય મોહમ્મદ ﷺ છે,તેમને દરેક સૃષ્ટિના લોકો માટે કૃપાળુ, હિદાયત મેળવનાર માટે સ્પષ્ટ દલીલ, દરેક મખ્લૂક (સર્જન) માટે દલીલ કાયમ કરનાર બનાવીને મોકલ્યા છે, દરેક નબીઓ અને રસૂલો પાસે તેમના પર ઈમાન લાવ્વાનું અને તેમનું અનુસરણ કરવાનું વચન લીધુ, અલ્લાહએ તેમને કયામત આવતા પહેલા ખુશખબર આપનાર અને સચેત કરનાર તેમજ લોકોને અલ્લાહના હુકમથી તેમની તરફ બોલાવનાર સ્પષ્ટ દીવો બનાવીને મોકલ્યા, તેમના પર રિસાલત અને પયગંબરીનો સીલસીલો ખતમ થયો, લોકોને અંધકારમાંથી કાઢીને માર્ગદર્શન તરફ લાવ્યા, અજ્ઞાનતા માંથી કાઢીને ઇલમ આપ્યું, તેમની રિસાલત દ્વારા આંધળી આંખો, બહેરા કાનો અને બંધ દિલો ખુલી ગયા, અંધકારમાં ડૂબેલી આ દુનિયા તેમની રીસાલતથી પ્રકાશિત થઈ, અલગ થયેલા દિલો જોડાઈ ગયા, દુનિયામાંથી બુરાઈ દૂર થઈ ગઈ, નબી ﷺ ના દિલ ને ખોલી નાખ્યું, તેમના દિલ પરથી બધો ભાર ઉતારી દીધો, તેમનું નામ બુલંદ કર્યું અને તેમના આદેશોની અવજ્ઞા કરનારને અપમાનિત કર્યા,અલ્લાહએ નબી ﷺ ને રસૂલોને એક લાંબા સમયગાળા પછી અવતારિત (મોકલ્યા) કર્યા, જ્યારે આકાશી કિતાબો લુપ્ત કરી દેવામાં આવી હતી, અલ્લાહના કલામમાં ફેરફાર થઈ ચૂક્યો હતો, શરીઅતમાં ફેરફાર કરી દીધો હતો, દરેક કોમ પોતાના જુલમ ભર્યા મંતવ્યોને યોગ્ય ઠહેરાવતી હતી, પોતાની ઈચ્છા મુજબ અલ્લાહના બંદાઓ વચ્ચે નિર્ણય કરતા હતા, આવા સમયમાં અલ્લાહએ નબી ﷺ દ્વારા પોતાના બંદાઓને હિદાયત આપી, લોકોને સાચો માર્ગ બતાવ્યો, લોકોને અંધકાર માંથી નૂર તરફ લાવ્યાં,અને નબી ﷺ દ્વારા સફળતા મેળવનાર અને અંધકારમાં ડુબેલ બદમાશો વચ્ચે ફરક કર્યો, જેમણે નબીની હિદાયત કબુલ કરી

---

[144] ૧૪૫] અલી બિન મોહમ્મદ અલ માવરદીની કિતાબ, "અઅલામુન નુબૂવ્વહ" પેજ નંબર: ૩૩.

[145] ૧૪૬] અહમદ બિન અબ્દુલ હલીમ બિન અબદુસ્સલામ જેઓ ઈબ્ને તય્મિયહના નામે વિખ્યાત છે, તેમનો જન્મ ૬૬૧ હિજરીસનમાં થયો અને મૃત્યુ ૭૨૮ હિજરીસનમાં થયું, તેમનો સમાવેશ ઇસ્લામના મોટા મોટા આલિમોમાં થાય છે, તેમણે ઘણી સારી પુસ્તકો લખી છે.

તે સફળ છે અને જેમણે નાફરમાની કરી તે ગુમરાહ અને જાલીમ છે, અલ્લાહ તઆલાના દરેક નબીઓ અને રસોલો પર દરૂદ અને સલામતી ઉતરે.[146]

માનવીઓ માટે રિસાલત અને પયગંબરીની જરૂરતનો ખુલાસો નીચે મુજબ છે:

૧- માનવી પોતાના પાલનહારને આધીન રહેનાર સર્જન છે, તેનાં માટે જરૂરી છે કે તે પોતાના સર્જકથી પરિચિત રહે, તે જાણે કે તેનો પાલનહાર તેની પાસે શું માંગે છે, તેને કેમ પેદા કર્યો છે? માનવી પોતાની બુદ્ધિ વડે આ બધી વાતો નથી જાણી શક્તો, નબી અને રસૂલની ઓળખ અને તેમણે લાવેલી હિદાયત અને પ્રકાશની ઓળખ સિવાય બીજે કોઈ માર્ગ નથી.

૨- માનવી શરીર અને આત્મા દ્વારા બનેલો છે, શરીરનો ખોરાક ખાવાનું-પાણી છે, જ્યારે કે આત્માનો ખોરાક સાચો દીન અને નેક કાર્યો છે, નબીઓ અને રસૂલો સાચો દીન લઈને આવ્યા છે, અને તેમણે નેક કાર્યો તરફ માર્ગદર્શન આપ્યું.

૩- માનવીની ફિતરત દીન પર હોય છે, તેને એક ધર્મની જરૂર હોય છે, જેને તે અનુસરે, તેનાં માટે જરૂરી છે કે તે સાચા દીન પર અડગ રહે, અને તેના માર્ગદર્શન માટે ફક્ત એક જ તરીકો છે કે તે રસૂલોએ લાવેલ શરીઅત પર ઇમાન લાવે.

4- માનવીને તે માર્ગની જરૂર હોય છે, જે તેને દુનિયામાં અલ્લાહની પ્રસન્નતા અને આખિરતમાં જન્નત અને પાલનહારની નેઅમતો સુધી પહોંચાડી શકે અને તેનું માર્ગદર્શન ફક્ત નબીઓ અને રસૂલ સિવાય કોઈ નથી કરી શકતું.

૫- માનવી ખુબ જ કમજોર છે, તેના ઘણા બધાં દુશ્મનો હોય છે, જે તેની પાછળ લાગેલા છે, જેમકે શૈતાન જે તેને ગુમરાહ કરવા પર લાગેલો છે, ખરાબ મિત્રો જેઓ તેની સમક્ષ ખરાબ કાર્યોને સુંદર બનાવી રજૂ કરે છે, અને બુરાઈનો આદેશ આપનારૂં તેનું પોતાનું નફ્સ, એટલા માટે તેના એવા સુરક્ષા કરનારની જરૂર હોય છે, જે તેને દુશ્મનોના કાવતરાથી સુરક્ષિત રાખી શકે, નબીઓ અને પયગંબરોએ તે સુરક્ષા કરનાર તરફ માર્ગદર્શન આપ્યું છે અને તેને સ્પસ્ટ રીતે વર્ણન પણ કર્યું છે.

૬- માનવીનો સ્વભાવ સંસ્કૃતિને પસંદ કરે છે, તેનું અલ્લાહના સર્જન સાથે રહેવું અને જીવન પસાર કરવું તે શરીઅતનો એક મહત્વનો હેતુ છે, જો લોકો ન્યાય પર અડગ નહીં રહે તો તેમનું જીવન જાનવરો જેવું થઈ જશે, તે શરીઅત એવી હોવી જોઇએ કે તે દરેકના હકને કોઈ પણ પ્રકારના મતભેદ વગર અદા કરે અને આવી સંપૂણ શરીઅત નબીઓ અને પયગંબરો સિવાય બીજું કોઈ રજૂ નથી કરી શકતું.

૭- માનવીને કંઈક એવું જાણવાની જરૂર છે, જે તેને સંતોષ અને માનસિક શાંતિ આપી શકે, તેને વાસ્તવિક સુખ અને આનંદના સ્ત્રોત તરફ માર્ગદર્શન આપી શકે, (સત્યતા એ છે) તેને આ માર્ગદર્શન પણ નબીઓ અને પયગંબરો જ આપી શકે છે.

નબીઓ અને પયગંબરો વિશે વર્ણન કર્યા પછી યોગ્ય છે કે આખિરતનું વર્ણન કરવામાં આવે, અને તેની દલીલો અને પુરાવાઓ રજૂ કરવામાં આવે.

# આખિરત

દરેક માનવી સારી રીતે જાણે છે કે, તેણે કોઈ પણ સંજોગોમાં મૃત્યુ પામવાનું છે, પરંતુ સવાલ એ ઉભો થાય છે કે મૃત્યુ પછી તેનું પરિણામ શું હશે? તે ખુશ કિસ્મત હશે અથવા બદ કિસ્મત?

વધારે પડતી કોમો એવો અકીદો ધરાવે છે કે, મૃત્યુ પછી તેને બીજી વખત જીવિત કરવામાં આવશે અને તેના કાર્યોનો હિસાબ કરવામા આવશે, જો સારા કાર્યો કરશે તો સારો બદલો મળશે અને ખરાબ કાર્યો કરશે તો ખરાબ બદલો મળશે[૧૪૮],આ કાર્ય -મૃત્યુ પછી ઊભા થવું અને હિસાબ કરવો- એક એવું કાર્ય છે જેને સારી બુદ્ધિ સ્વીકારે છે, અને અલ્લાહની શરીઅત તેની પુષ્ટિ કરે છે, તેનો આધાર ત્રણ નિયમો પર છે:[147]

૧- પવિત્ર અલ્લાહ માટે સંપૂર્ણ ઇલ્મ સાબિત કરવું.

૨- પવિત્ર અલ્લાહ માટે સંપૂર્ણ કુદરત સાબિત કરવી.

૩- પવિત્ર અલ્લાહ માટે સંપૂર્ણ હિકમત સાબિત કરવી [૧૪૯].[148]

મૃત્યુ પછી ઉઠાવવા બાબતે તાર્કિક અને વાસ્તવિક દલીલો ઘણી છે, જેમાંથી અમુક દલીલો નીચે મુજબ છે:

૧- આકાશો અને જમીનનું સર્જન કરવું તે એ વાતની દલીલ છે કે અલ્લાહ તઆલા મૃતકોને પણ જીવિત કરી શકે છે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ أَوَلَمْ يَرَوْا أَنَّ اللَّهَ الَّذِي خَلَقَ السَّمَاوَاتِ وَالْأَرْضَ وَلَمْ يَعْيَ بِخَلْقِهِنَّ بِقَادِرٍ عَلَىٰ أَن يُحْيِيَ الْمَوْتَىٰ ۚ بَلَىٰ إِنَّهُ عَلَىٰ كُلِّ شَيْءٍ قَدِيرٌ }[149]، { શું તેઓ જોયું નથી કે અલ્લાહએ આકાશો અને ધરતીઓનું સર્જન કર્યુ અને તેઓના સર્જન કરવાથી તે ન થાકયો, શું તે મૃતકોને જીવિત કરવા પર શક્તિ ધરાવે છે? કેમ નહી તે તો દરેક વસ્તુ પર કુદરત ધરાવે છે. }[150],અને અલ્લાહ તઆલાએ કહ્યું:{ أَوَلَيْسَ الَّذِي خَلَقَ السَّمَاوَاتِ وَالْأَرْضَ بِقَادِرٍ عَلَىٰ أَن يَخْلُقَ مِثْلَهُم ۚ بَلَىٰ وَهُوَ الْخَلَّاقُ الْعَلِيمُ }. { શું જેણે આકાશો અને ધરતીનું સર્જન કર્યું, શું તે આ લોકો જેવાનું સર્જન નથી કરી શક્તો ? નિ:શંક કરી શકે છે અને તે જ તો, પેદા કરવાવાળો અને જાણવાવાળો, સર્જક (અલ્લાહ) છે. }.

૨- કોઈ સેમ્પલ વગર અલ્લાહ તઆલા સર્જનને પેદા કરવા પર કુદરત ધરાવે છે, તે એ વાતની દલીલ છે કે તે બીજી વખત પણ તેમને પેદા કરી શકે છે, કારણકે (બિન અસ્તિત્વ માંથી) અસ્તિત્વમાં લાવનારો તેના પર વધુ શક્તિ ધરાવે છે કે તે બીજી વખત પણ પોતાના સર્જનને પેદા કરી શકે છે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَهُوَ الَّذِي يَبْدَأُ الْخَلْقَ ثُمَّ يُعِيدُهُ وَهُوَ أَهْوَنُ عَلَيْهِ ۚ وَلَهُ الْمَثَلُ الْأَعْلَىٰ }[151]، { તે જ છે, જે પ્રથમ વાર સર્જન કરે છે અને ફરીવાર જીવિત કરશે અને આવું (બીજી વારનું સર્જન કરવું) તો તેના

---

[146] ૧૪૭[ જુઓ: શૈખુલ્ ઇસ્લામ ઈમામ ઇબ્ને તૈમિય્યા રહ. ની કિતાબ, મજમુઉલ્ ફતાવા માંથી કાઇદતુ ફી વુજૂબિલ્ એઅતિસામ બિર્ રિસાલહ, ભાગ: ૧૯, પેજ નંબર: ૯૯-૧૦૨, અને જુઓ અસ્ સફારિનીની કિતાબ લવામિઉલ્ અન્વારુલ્ બહિય્યહ, ભાગ: ૨, પેજ નંબર: ૨૬૧-૨૬૩.

[147] ૧૪૮] જુઓ: અલ્ જવાબુસ્ સહીહ, ભાગ: ૪, પેજ નંબર: ૯૬.

[148] ૧૪૯]જુઓ: ઈબ્ને કય્યિમ રહ. ની કિતાબ, "અલ્ ફવાઇદ", પેજ નંબર: ૬-૭.

[149] ૧૫૦] અલ્ અહકોફ, આયત નંબર: ૩૩.

[150] ૧૫૧] યાસીન, આયત નંબર: ૮૧.

[151] ૧૫૨] અર્ રૂમ, આયત નંબર: ૨૭.

માટે ખૂબ જ સરળ છે } [૧૫૨],અને બીજી જગ્યાએ અલ્લાહ તઆલા જેના વખાણ ઉચ્ચ છે કહ્યું:{ وَضَرَبَ لَنَا مَثَلًا وَنَسِيَ خَلْقَهُ ۖ قَالَ مَن يُحْيِي الْعِظَامَ وَهِيَ رَمِيمٌ (78) {તેણે આપણા માટે એક ઉદાહરણ આપ્યું છે, તે પોતાની પેદાશને ભૂલી ગયો, કહેવા લાગ્યો કે આ સડેલા હાડકાઓને કોણ ભેગા કરશે? (૭૮)قُلْ يُحْيِيهَا الَّذِي أَنشَأَهَا أَوَّلَ مَرَّةٍ ۖ وَهُوَ بِكُلِّ خَلْقٍ عَلِيمٌ}[152]. તમે કહી દો, તે જ પેદા કરશે, જેણે પહેલી વાર પેદા કર્યા છે, અને તે દરેક રીતે પેદા કરવાનું જાણે છે.} [૧૫૩].

3- માનવીને સુંદર સ્વરૂપ સાથે આ સંપૂર્ણ સ્થિતિમાં પેદા કરવું અને તેમાં અંગો પણ હોઇ, અલગ અલગ પ્રકારની શક્તિ, ગુણો, લાક્ષણિકતાઓ છે, માંસ, હાડકાં, રગો, પાસળીઓ, શ્વાસ લેવા અને ખાવા-પીવાની જગ્યા, ધાતુઓ, ઇલ્મ, ઇરાદો અને કારીગરીના દરેક ગુણો છે, જે એ વાતની સૌથી મોટી દલીલ છે કે પવિત્ર અલ્લાહ મૃતકોને (બીજી વખત) જીવિત કરવા પર સક્ષમ છે.

૪- અલ્લાહ તઆલાએ દુનિયાના જીવનમાં પણ મૃતકોને જીવિત કર્યા, જે એ વાતની દલીલ છે કે પવિત્ર અલ્લાહ આખિરતના જીવનમાં પણ તેમને ફરીવાર જીવિત કરવા પર સક્ષમ છે, તેની જાણકારી તે આકાશી પુસ્તકોમાં પણ જોવા મળે છે, જે અલ્લાહ તઆલાએ પોતાના પયગંબરો પર ઉતારી,તે ખબરોમાં નીચે મુજબ વાતનો પણ સમાવેશ થાય છે, અલ્લાહને આદેશથી ઈબ્રાહીમ અને ઈસા મસીહ અ.સ. એ મૃતકોને જીવિત કર્યા, તે સિવાય પણ બીજા ઘણા ઉદાહરણો છે.

૫- અલ્લાહ તઆલાએ એવા કાર્યો પર કુદરત ધરાવે છે, જે હશર (બીજી વખત જીવિત કરવા) બરાબર છે, જે તે વાતની દલીલ છે કે મૃતકોને જીવિત કરવા પર પણ અલ્લાહ સક્ષમ છે, જેના અમુક ઉદાહરણો નીચે મુજબ છે:

અ- અલ્લાહ તઆલાએ માનવીને એક વીર્યના ટીપ વડે પેદા કર્યો, જે શરીરના અલગ અલગ અંગોમાં ફેલાયેલો હતું, (આજ કારણે શરીરના દરેક અંગોને સમાગમનો આનંદ પ્રાપ્ત થાય છે) પરંતુ અલ્લાહ શરીરના અલગ અલગ અંગોથી તે વીર્યને ભેગું કરે છે, ફરી તે ગર્ભાશયમાં રોકાઈ છે, જેના દ્વારા અલ્લાહ તઆલાએ માનવીનું સર્જન કર્યું,જાણવા મળ્યું કે તે વીર્ય વિખરાયેલું હતું, જેને અલ્લાહ તઆલાએ ભેગું કર્યું અને તેના વડે માનવીને પેદા કર્યો; ફરી જ્યારે મૃત્યુના કારણે તે વિખરાઈ જશે તેને એકઠું કરવું કેમ અશક્ય હોઇ શકે છે? અલ્લાહ જે જબરદસ્ત અને ઉચ્ચ છે તેણે કહ્યું:{ 58) أَفَرَأَيْتُم مَّا تُمْنُونَ) { હા , એવું તો જણાવો કે જે વિર્ય તમે ટપકાવો છો, (૫૮)59) أَأَنتُمْ تَخْلُقُونَهُ أَمْ نَحْنُ الْخَالِقُونَ) }[153]. તો તે બાળકને તમે પેદા કરો છો અથવા તો તેને પેદા કરવાવાળા અમે જ છે? } [૧૫૪].

બ- અલગ અલગ પ્રકારના બીજને જ્યારે જમીનમાં વાવણી કરવામાં આવે છે,  તેમના પર માટી અને પાણીનો ઢગલો થઈ જાય છે, તો બુદ્ધિ એ કહે છે તેને સડી જવું જોઈએ; કારણકે પાણી અને માટી તે બંને માંથી એક પણ તેને સડાવવા માટે પૂરતા છે, તો જ્યારે બંને એક સાથે ભેગા થઈ જાય તો તે જરૂર સડી જશે, પરંતુ (હકીકત એ છે કે) તે સડતું નથી, પરંતુ સુરક્ષિત રહે છે, ફરી જ્યારે ભીનાશ વધે છે તે બીજનો દાણો ફાટી નીકળે છે, અને તેના દ્વારા વૃક્ષ નીકળી આવે છે, શું આ અલ્લાહની સંપૂર્ણ કુદરત અને મહાન હિકમતનો પુરાવો નથી?આટલી મહાન હિકમત અને કુદરત ધરાવનાર મઅબૂદ (અલ્લાહ) તે અંગોને ભેગી કરવા પર કેવી રીતે અસક્ષમ હોઇ શકે છે? અલ્લાહ તઆલાએ કહ્યું:{63) أَفَرَأَيْتُم مَّا تَحْرُثُونَ) { હા તો એ પણ જણાવો કે તમે જે કંઇ પણ વાવો છો, (૬૩ )64) أَأَنتُمْ تَزْرَعُونَهُ أَمْ نَحْنُ الزَّارِعُونَ)}[154]، તેની વાવણી તમે જ કરો છો અથવા તો અમે જ વાવેતર છે. } [૧૫૫],તેનું ઉદાહરણ અલ્લાહની આ આયત પણ છે:{ وَتَرَى الْأَرْضَ هَامِدَةً فَإِذَا أَنزَلْنَا عَلَيْهَا الْمَاءَ اهْتَزَّتْ وَرَبَتْ وَأَنبَتَتْ مِن كُلِّ زَوْجٍ بَهِيجٍ }[155]. { તમે જોશો કે ધરતી સૂકી છે, પછી જ્યારે અમે તેના પર વરસાદ વરસાવીએ છીએ તો તે ઊપજે છે અને ફૂલે છે અને દરેક પ્રકારની લોભામણી ઉપજો ઉપજાવે છે. } [૧૫૬].

6- કુદરત, ઇલ્મ, જ્ઞાન અને હિકમતવાળો સર્જક તે વાતથી પવિત્ર છે કે તે પોતાના સર્જનને નકામું પેદા કરે, અને તેને આમ જ અર્થહીન છોડી દે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَمَا خَلَقْنَا السَّمَاءَ وَالْأَرْضَ وَمَا بَيْنَهُمَا بَاطِلًا ۚ ذَٰلِكَ ظَنُّ الَّذِينَ كَفَرُوا ۚ فَوَيْلٌ لِّلَّذِينَ كَفَرُوا مِنَ النَّارِ }[156]، {અને અમે આકાશ અને ધરતી અને તે બન્ને વચ્ચેની વસ્તુઓનું સર્જન અમસ્તા જ નથી કર્યું. આવું અનુમાન તો ઇન્કાર કરનારાઓનું છે, ઇન્કાર કરનારાઓ માટે આગની ખરાબી છે.} [૧૫૭],પરંતુ અલ્લાહએ પોતાના સર્જનીઓને મહાન હિકમત અને ઉચ્ચ હેતુસર પેદા કર્યા છે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَمَا خَلَقْتُ الْجِنَّ وَالْإِنسَ إِلَّا لِيَعْبُدُونِ }[157]، {અમે જિનો અને માનવીઓ ને ફક્ત અમારી ઇબાદત માટે પેદા કર્યા છે.} [૧૫૮],એટલા માટે આ હિકમતવાળા મઅબૂદ (અલ્લાહ) ની નજીક  તેનું અનુસરણ કરનાર અને અવજ્ઞા કરનાર સરખા નથી હોય શકતા, અલ્લાહ તઆલાએ કહ્યું:{ أَمْ نَجْعَلُ الَّذِينَ آمَنُوا وَعَمِلُوا الصَّالِحَاتِ كَالْمُفْسِدِينَ فِي الْأَرْضِ أَمْ نَجْعَلُ الْمُتَّقِينَ كَالْفُجَّارِ }[158]؛ { શું અમે તે લોકોને, જેઓ ઈમાન લાવ્યા અને સત્કાર્યો કર્યા, તેમના જેવા કરી દઇશું, જેઓ ધરતી ઉપર વિદ્રોહ કરતા રહ્યા અથવા ડરવાવાળાઓને ગુમરાહ લોકો જેવા કરી દઇશું ?} [૧૫૯];જેથી આ મહાન હિકમત અને મહાન બાદશાહતની આવશ્યકતા એ છે કે કયામતના દિવસે સર્જનને ફરીવાર જીવિત કરે, જેથી દરેક માનવીને તેના કાર્યોનો બદલો આપી શકે, જેથી સત્કાર્યો કરનારાઓને સારો બદલો આપવામાં આવશે અને ખરાબ કૃત્યો કરનારાઓને અઝાબ આપવામાં આવશે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ إِلَيْهِ مَرْجِعُكُمْ جَمِيعًا ۖ وَعْدَ اللَّهِ حَقًّا ۚ إِنَّهُ يَبْدَأُ الْخَلْقَ ثُمَّ يُعِيدُهُ لِيَجْزِيَ الَّذِينَ آمَنُوا وَعَمِلُوا الصَّالِحَاتِ بِالْقِسْطِ ۚ وَالَّذِينَ كَفَرُوا لَهُمْ شَرَابٌ مِّنْ حَمِيمٍ وَعَذَابٌ أَلِيمٌ }[159]. {તમારા બધાને તેની જ તરફ પાછા ફરવાનું છે, તેનું વચન સાચુ છે, તે જ  પ્રથમ વખત પેદા કરે છે અને બીજી વખત પણ તે જ પેદા કરશે, જેથી કરીને જે લોકો ઈમાન લાવ્યા અને નેક અમલ કર્યા તેમનો ન્યાય સાથે બદલો આપે, અને જે લોકોએ કૂફર કર્યો તેમના માટે ઉકાળેલું પાણી અને દુઃખદાયી અઝાબ હશે, આ એટલા માટે જે તેઓ કરતા હતા} [૧૬૦].

---

152 ૧૫૩] યાસીન, આયત નંબર: ૭૮-૭૯.

153 ૧૫૪] સૂરે વાકિઆ, આયત નંબર: ૫૮-૫૯.

154 ૧૫૫] અલ્ વાકિઆ, આયત નંબર: ૬૩-૬૪.

155 ૧૫૬] અલ્ હજ, આયત નંબર: ૫.

156 ૧૫૭] સોદ, આયત નંબર: ૨૭.

157 ૧૫૮] અઝ્ ઝારિયાત, આયત નંબર: ૫૬.

158 ૧૫૯] સોદ, આયત નંબર: ૨૮.

159 ૧૬૦] સૂરે યૂનુસ, આયત નંબર: ૪, અને જુઓ: ઇબ્ને કય્યિમ રહ.ની કિતાબ, અલ્ ફવાઈદમ પેજ નંબર: ૬-૯, અને જુઓ ઈમામ રાઝીની તફસીર અલ્ કબીર, ભાગ: ૨, પેજ નંબર: ૧૧૩-૧૧૬.

આખિરતના દિવસ પર ઈમાન લાવવા પર વ્યક્તિ અને સમાજ પર ઘણા અસરો જોવા મળે છે, જેમાંથી અમુક નીચે મુજબ છે:
૧- તે દિવસે બદલા અને સવાબ મેળવવાની ઉત્સુક્તા અને ઈચ્છામાં માનવી અલ્લાહની આજ્ઞાનું પાલન કરે છે, અને અઝાબથી બચવા માટે અવજ્ઞા કરવાથી બચે છે.
૨- દુનિયાના માલ અને સંપત્તિથી વંચિત રહેવાની સ્થિતિમાં મોમિન બંદાને આખિરતની જે નેઅમતો અને સવાબની આશા રાખે છે, તે તેના માટે તસલ્લી (આશ્વાસન) નું કારણ છે.
૩- આખિરત પર ઇમાન લાવવાથી ઇન્સાન જાણે છે કે, મૌત પછી તેનો શું હાલ થશે, અને તેને યકીન થઈ જાય છે, તેને તેના અમલોનો બદલો મળીને જ રહેશે, જો સારા કાર્યો કરશે તો સારો બદલો અને ખરાબ કાર્યો કરશે તો ખરાબ બદલો, જેણે કોઈના પર જુલમ કર્યો હશે તેને તેનો બદલો આપવામાં આવશે.
૪-આખિરતના દિવસ પર ઇમાન લાવવાથી ઇન્સાન જુલમ કરવાથી બચશે, કોઈના હક હડપ કરવાથી રુકી જશે અને તેમનાં અધિકારો સુરક્ષિત રહેશે.
૫- આખિરતના દિવસ પર ઇમાન ઇન્સાન ને એ વાત તરફ ધ્યાન આપવે છે કે, તે દુનિયાનું જિવનને બસ એક સમય સમજીને પસાર કરે, પુરી જિંદગી નહીં.
આ બાબ ના અંતમા અમેરેકિ વેન બટની કહેલી વાત વર્ણન કરવી યોગ્ય સમજુ છુ, જે પહેલાં એક ચર્ચ મા કામ કરતો હતો અને પછી ઈસ્લામ કબૂલ કર્યો, તે આખિરત પર ઇમાન લાવવાના ફાયદાને મહસૂસ કરીને કહે છે,(હવે હું તે ચારેય સવાલોના જવાબથી વાકિફ છું, જે મારી જિંદગી પર ખુબ જ વધારે બોજ હતાં, તે એ છે કે, હું કોણ છું? હું શું ચાહુ છું? હું કેમ આવ્યો છું? મારું ઠેકાણું ક્યાં છે?) [૧૬૧].[160]

# નબીઓની દઅવતના નિયમો

દરેક પયગંબરો આ આધ્યાત્મક અને વ્યાપક નિયમોની દઅવત આપવા પર એકમત છે, જેમકે અલ્લાહ પર, તેના ફરિશ્તાઓ પર, કિતાબો પર, પયગંબરો પર, આખિરતના દિવસ પર, તકદીરની ભલાઈ અને બુરાઈ પર ઈમાન લાવવું, ફક્ત એક અલ્લાહની ઈબાદત કરવી, જેનો કોઈ ભાગીદાર નથી, તેના માર્ગનું અનુસરણ કરવું, તેના સિવાય બીજા અન્ય માર્ગોથી બચવું, ચાર પ્રકારના કાર્યોને હરામ ઠેહરાવવા જે નિચે પ્રમાણે છે: અશ્લીલતાના દરેક માર્ગો ભલે તે જાહેર હોઇ કે છૂપાયેલા, દરેક ગુનાહની વાત, અમાન્ય કોઈના પર જુલમ કરવો, અલ્લાહ સાથે ભાગીદાર ઠેહરાવવો, મૂર્તિઓ અને પથ્થરોની ઈબાદત કરવી, અલ્લાહને પત્ની, સંતાન, ભાગીદાર, અને ઉપમાથી પવિત્ર રાખવો, અલ્લાહ તરફ કોઈ ગેરવાજબી વાત કરવી, સંતાનને મારી નાખવી, ગેરવાજબી રીતે કોઈ માનવીની હત્યા કરવી, વ્યાજ અને અનાથનો માલ ખાવો હરામ છે, વચનો પૂરા કરવા, માપમાં ન્યાય કરવો, માતા-પિતાની આજ્ઞાનું પાલન કરવું, લોકો સાથે ન્યાય કરવો, વાતચિત અને કાર્યોમાં સત્યતાનો આદેશ અને વ્યર્થ ખર્ચાઓથી બચવું, એવી જ રીતે ઘમંડ અને અન્યાયી રૂપે લોકોનો માલ હડપી લવો હરામ છે.[161]
ઇબ્ને કય્યિમ રહ. એ કહ્યું[162]:દરેક શરીઅતો - તે ભલે પોતાના આદેશોમાં અલગ છે- પરંતુ પોતાના નિયમોમાં એક જ છે, જેની સુંદરતા દિમાગ અને બુદ્ધિમાં સમાયેલી છે, જો તે પોતાની વર્તમાન સ્થિતિ કરતાં જુદી હોતી તો તે હિકમત, અનુકૂણતા અને રહેમત માંથી નીકળી જતી, પરંતુ આ અશક્ય છે કે શરીઅતો પોતાની વર્તમાન સ્થિતિ સિવાય અન્ય સ્થિતિઓમાં જોવા મળે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَلَوِ اتَّبَعَ الْحَقُّ أَهْوَاءَهُمْ لَفَسَدَتِ السَّمَاوَاتُ وَالْأَرْضُ وَمَن فِيهِنَّ }[163]، { જો સત્ય જ તેમની મનેચ્છાઓને આધિન થઇ જાય, તો ધરતી અને આકાશ અને તેની વચ્ચેની દરેક વસ્તુ અસ્ત-વ્યસ્ત થઇ જાત} [૧૬૪].બુદ્ધિશાળી વ્યક્તિ કેવી રીતે આને જાઈઝ કરી શકે છે કે બાદશાહોનો બાદશાહ તરફથી ઉતારેલી શરીઅત પોતાની મૂળ શિક્ષાઓ સિવાય અન્ય શિક્ષાઓ પર આધારિત હોઇ)[164].
આજ કારણ છે કે દરેક નબીઓનો દીન એક જ હતો, જેમકે અલ્લાહ તઆલાએ કહ્યું:{ يَا أَيُّهَا الرُّسُلُ كُلُوا مِنَ الطَّيِّبَاتِ وَاعْمَلُوا صَالِحًا ۖ إِنِّي بِمَا تَعْمَلُونَ عَلِيمٌ (51) { હે પયગંબરો ! પાક વસ્તુ ખાઓ અને સત્કાર્ય કરો, તમે જે કંઇ પણ કરી રહ્યા છો તેને હું સારી રીતે જાણું છું. (૫૧)52) وَإِنَّ هَٰذِهِ أُمَّتُكُمْ أُمَّةً وَاحِدَةً وَأَنَا رَبُّكُمْ فَاتَّقُونِ) }[165]، નિ:શંક તમારી ઉમ્મત એક જ ઉમ્મત છે, અને હું જ તમારા સૌનો પાલનહાર છું, બસ ! તમે મારાથી ડરતા રહો. } [૧૬૬],અને બીજી જગ્યાએ જબદસ્ત અને ઉચ્ચ અલ્લાહ એ કહ્યું:{ شَرَعَ لَكُم مِّنَ الدِّينِ مَا وَصَّىٰ بِهِ نُوحًا وَالَّذِي أَوْحَيْنَا إِلَيْكَ وَمَا وَصَّيْنَا بِهِ إِبْرَاهِيمَ وَمُوسَىٰ وَعِيسَىٰ ۖ أَنْ أَقِيمُوا الدِّينَ وَلَا تَتَفَرَّقُوا فِيهِ }[166]. { અલ્લાહ તઆલાએ તમારા માટે દીનનો તે જ તરીકો નક્કી કરી દીધો છે, જેને સ્થાપિત કરવા માટે તેણે નૂહને આદેશ આપ્યો હતો અને જે (વહી) અમે તમારી તરફ મોકલી દીધી છે અને જેનો ચોકસાઇ પૂર્વક આદેશ અમે ઇબ્રાહીમ, મૂસા અને ઈસાને આપ્યો હતો, કે આ દીન પર અડગ રહેજો અને આમાં વિવાદ ન કરશો } [૧૬૭].
દીનનો મતલબ એ છે બંદાઓ તે હતું જાણી લે જેના માટે તેમને પેદા કરવામાં આવ્યા છે, અર્થાત્ ફક્ત પોતાના પાલનહારની ઈબાદત કરવી જેનો કોઈ ભાગીદાર નથી [૧૬૮], જેથી તે દીન એટલા માટે એવા અધિકારો લાગુ કરે છે,

---

160 ૧૬૧] મજલ્લતુ દઅવતુસ્ સઊદિય્યહ, સંખ્યા નંબર: ૧૭૨૨ માં જુઓ પેજ નંબર: ૩૭,૧૯/૯/૧૪૨૦.
161 આ નિયમો સૂરે અલ્ બકરહની આયત નંબર: 285-286 માં વર્ણન કરવામાં છે, સૂરે અલ્ અનઆમ, આયત નંબર: 151-153, સૂરે અલ્ અઅરાફ, આયત નંબર: 33, સૂરે અલ્ ઇસ્રા, આયત નંબર: 23-37 સુધી.
162 મોહમ્મદ બિન અબૂ બકર બિન અય્યુબ ઝરઇ, તેમની જન્મ 691 હિજરીસનમાં થયો અને મૃત્યુ 751 હિજરીસનમાં થયું, તેમનો સમાવેશ ઇસ્લામના મોટા આલિમોમાં થાય છે, તેમણે ઘણી મહાન પુસ્તકો લખી છે.
163 ૧૬૪] અલ્ મુઅમિનૂન, આયત નંબર: ૭૧.
164 ૧૬૫] મિફતાહુ દારિસ્ સઆદહ, ભાગ: ૨, પેજ નંબર: ૩૮૩, અને જુઓ: અલ્ જવાબુસ્ સહીહ ફીમન બદલ દિનુલ્ મસીહ, ભાગ: ૪, પેજ નંબર: ૩૨૨, અને જુઓ: લવામિઉલ્ અન્વારુલ્ બહ્હિયહ, ભાગ: ૨, પેજ નંબર: ૨૬૩.
165 ૧૬૬] અલ્ મુઅમિનૂન, આયત નંબર: ૫૧-૫૨.
166 ૧૬૭] અશ્ શૂરા, આયત નંબર: ૧૩.

જેમને પૂરા કરવા તેમના પર જરૂરી છે, તેમને એવી જવાબદારીઓ બાયંધરી આપે છે અને એવા સ્ત્રોતો ઉપલબ્ધ કરી આપે છે, જે તેમણે તેમના હેતુની ઓળખ કરવી શકે, જેથી તેમને અલ્લાહની પ્રસન્નતા પ્રાપ્ત થાય, અને દુનિયા અને આખિરતમાં તેઓ અલ્લાહના બતાવેલા તરીકા પ્રમાણે સઆદત (નેકી) પ્રાપ્ત કરી શકે, જે ન તો બંદાને હારવા દે છે ન તો તેના વ્યક્તિત્વને કોઈ ખતરનાક માનસિક બીમારીમાં જકડે છે, જે તેને ફિતરત, આત્મા અને આસપાસ રહેલી સૃષ્ટિ વિરુદ્ધ કરી દે.[167]

જાણવા મળ્યું કે દરેક પયગંબરો તે જ અલ્લાહના દીનની દઅવત આપી જે માનવીઓ સમક્ષ મૂળભૂત અકીદો રજૂ કરે છે, જેના પર તેઓ ઈમાન લાવે, તેમને એવી શરીઅત આપે છે જેના પ્રમાણે તેઓ જીવન પસાર કરે, એટલા માટે તૌરાત અકીદા અને શરીઅત પર આધારિત હતી, જેના અનુયાયીઓને આદેશ આપવામાં આવ્યો કે તેઓ (પોતાની દરેક બાબતોમાં) તેને શાસક અને ન્યાયધીશ તરીકે અપનાવે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ إِنَّا أَنزَلْنَا التَّوْرَاةَ فِيهَا هُدًى وَنُورٌ ۚ يَحْكُمُ بِهَا النَّبِيُّونَ الَّذِينَ أَسْلَمُوا لِلَّذِينَ هَادُوا وَالرَّبَّانِيُّونَ وَالْأَحْبَارُ }[168]، { અમે તૌરાત ઉતારી છે, જેમાં હિદાયત અને પ્રકાશ છે, તે પ્રમાણે જ અલ્લાહના પયગંબરો તે લોકોના ફેસલા કરતા હતા, જેઓ યહૂદી બની ગયા હતા, અને પરહેજગાર લોકો તેમજ આલિમો પણ (તૌરાત મુજબ જ ફેંસલો કરતા હતા) } [૧૬૯],ત્યારબાદ ઈસા મસીહ અ.સ. ને ઇન્જિલ સાથે મોકલવામાં આવ્યા, જેમાં પ્રકાશ અને હિદાયત હતી, તે (ઈસા અ.સ.) પોતાના પહેલાની કિતાબ તૌરાતની પુષ્ટિ કરનારા હતા, અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَقَفَّيْنَا عَلَىٰ آثَارِهِم بِعِيسَى ابْنِ مَرْيَمَ مُصَدِّقًا لِّمَا بَيْنَ يَدَيْهِ مِنَ التَّوْرَاةِ ۖ وَآتَيْنَاهُ الْإِنجِيلَ فِيهِ هُدًى وَنُورٌ }[169]، { અને અમે તે પયગંબરો પછી તેમની પાછળ ઈસા બિન મરયમને મોકલ્યા, જે પોતાના પહેલાની કિતાબ એટલે કે તૌરાતની પુષ્ટિ કરનારા હતા અને અમે તેમને ઈંજીલ આપી, જેમાં પ્રકાશ અને સત્ય માર્ગદર્શન હતું } [૧૭૦],ફરી મોહમ્મદ ﷺ અંતિમ શરીઅત અને સંપૂણ દીન સાથે મોકલવામાં આવ્યા, જે તેના પહેલાની દરેક શરીઅતની રક્ષક હતી, અને (નબી ﷺ) પોતાના પહેલાની દરેક કિતાબોની પુષ્ટિ કરનારા હતા, અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَأَنزَلْنَا إِلَيْكَ الْكِتَابَ بِالْحَقِّ مُصَدِّقًا لِّمَا بَيْنَ يَدَيْهِ مِنَ الْكِتَابِ وَمُهَيْمِنًا عَلَيْهِ ۖ فَاحْكُم بَيْنَهُم بِمَا أَنزَلَ اللَّهُ ۖ وَلَا تَتَّبِعْ أَهْوَاءَهُمْ عَمَّا جَاءَكَ مِنَ الْحَقِّ }[170]، { અને અમે તમારી તરફ સાચી કિતાબ (કુરઆન) ઉતારી છે, જે પોતાના કરતા પહેલાની કિતાબોની પુષ્ટિ કરે છે અને તે (કિતાબો)ની સુરક્ષા પણ કરે છે, એટલા માટે તમે તેઓની અંદર અંદરની બાબતોમાં અલ્લાહએ ઉતારેલી કિતાબ મુજબ જ નિર્ણય કરો, જ્યારે તમારી પાસે સત્ય આવી ગયું છે તો સત્યથી હટીને તેઓની મનેચ્છાઓની પાછળ ન જાઓ } [૧૭૧],પવિત્ર અલ્લાહ તઆલાએ વર્ણન કર્યું કે મોહમ્મદ ﷺ અને તેમની સાથે ઈમાનવાળાઓ પણ ઈમાન લાવ્યા, જે રીતે તેમના પહેલાના નબીઓ અને પયગંબરો પર ઈમાન લાવ્યા હતા, અલ્લાહ તઆલાએ કહ્યું:{ آمَنَ الرَّسُولُ بِمَا أُنزِلَ إِلَيْهِ مِن رَّبِّهِ وَالْمُؤْمِنُونَ ۚ كُلٌّ آمَنَ بِاللَّهِ وَمَلَائِكَتِهِ وَكُتُبِهِ وَرُسُلِهِ لَا نُفَرِّقُ بَيْنَ أَحَدٍ مِّن رُّسُلِهِ ۚ وَقَالُوا سَمِعْنَا وَأَطَعْنَا ۖ غُفْرَانَكَ رَبَّنَا وَإِلَيْكَ الْمَصِيرُ }[171]. {પયગંબરો પર જે કંઈ તેમના પાલનહાર તરફથી ઉતર્યું, તેના પર તે પોતે પણ ઇમાન લાવ્યા અને સૌ ઇમાનવાળાઓ પર ઈમાન લાવ્યા,  તેઓ અલ્લાહ તઆલા, અને તેના ફરિશ્તાઓ પર અને તેની કિતાબો પર અને તેના પયગંબરો પર ઇમાન લાવે છે, અને કહે છે કે અમે  પયંગબરો માંથી કોઇ પયગંબર વચ્ચે તફાવત નથી કરતા, તેઓએ કહે છે કે અમે આદેશો સાંભળ્યા અને આજ્ઞાનું પાલન કર્યું, હે અમારા પાલનહાર ! અમે તારી માફી ઇચ્છીએ છીએ અને અમને તારી જ તરફ પાછા ફરવાનું છે.} [૧૭૨].

હંમેશા રહેવાવાળી સંદેશો [૧૭૩].[172]

યહૂદી, નસ્રાની, મજૂસી, ઝરાદશતિ (ઝરતશ્તીત) અને વિવિધ પ્રકારના મુશરિક ધર્મો અને મઝહબોની જે સ્થિતિ આગળ વર્ણન કરવામાં આવી, તેનાથી જાણી શકાય છે કે છઠ્ઠી સદીમાં માનવતાની સ્થિતિ કેવી હતી? [૧૭૪] કારણકે લોકોના દીનમાં ખરાબી આવી ગઈ હતી, રાજકીય, સામાજિક અને આર્થિક સ્થિતિ નાજુક બની ગઈ હતી, જેના કારણે ખુનામરીકા સામાન્ય થઈ ગયું હતું, અત્યાચાર અને જુલમનો માહોલ બની ગયો હતો, માનવતા અંધકારમાં જીવન પસાર કરી રહી હતી, કૂફ્ર અને અજ્ઞાનતાના કારણે દિલ પણ આંધણા બની ગયા હતા, અખલાક અને વ્યવહાર ખરાબ થઈ ગયા હતા, ઇઝ્ઝત સાથે રમત કરવી સામાન્ય વાત થઈ ગઈ હતી, લોકોના અધિકારોનો કંઈ ખ્યાલ નહતો રહ્યો, જમીન અને સમુદ્રમાં ભ્રષ્ટાચાર વધી ગયો હતો, પરિસ્થિતિ એટલી નાજુક બની ગઈ હતી કે જો એક બુદ્ધિશાળી વ્યક્તિ વિચાર કરે તો તે જાણશે કે તે સમયે માનવતાનો અંત થવો નક્કી હતો, તેના ખતમ થવાનો સમય આવી ગયો હતો, પરંતુ અલ્લાહ તઆલાએ એક મહાન સુધારક દ્વારા તેમને બચાવી લીધા, જે નુબૂવ્વતની સ્પસ્ટ દીવો અને હિદાયતનો માર્ગ લઈ આવ્યા, પયગંબરીની જવાબદારી તેમણે સંભાળી, જેથી માનવતા માટે તેમનો માર્ગ પ્રકાશિત કરે અને તેમને સત્ય માર્ગ તરફ માર્ગદર્શન આપે.[173]

તે જ સમયમાં અલ્લાહનો નિર્ણય આવ્યો કે પવિત્ર મક્કહ જ્યાં મહાન ઘર છે, ત્યાંથી હંમેશા રહેવાવાળી પયગંબરીનો પ્રકાશ દુનિયામાં ઉદય થાય, મક્કહની સ્થિતિ પણ અત્યાચાર અને અજ્ઞાનતા પ્રમાણે  અન્ય માનવ સમાજની માફક જ હતી, પરંતુ અન્ય જગ્યાઓ પર મક્કહનું એક વર્ચસ્વ અને પ્રાથમિકતા હતી, જેમાંથી કેટલીક પ્રાથમિકતા નીચે પ્રમાણે છે:

૧- ત્યાં સાફ માહોલ હતો, ત્યાંનો માહોલ યુનાની, રૂમ અને હિન્દુસ્તાનથી પ્રભાવિત નહતો થયો, ત્યાંના રહેવાસી વાતચીત કરવામાં નરમ, આતુર મન અને સર્જનાત્મકતાના કારણે પ્રસિદ્ધ હતા.

૨- તે શહેર સૃષ્ટિની વચ્ચોવચ છે, તે યુરોપ, આફ્રિકા અને એશિયાની વચ્ચોવચ છે, તે દરેક શહેરોમાં ખૂબ જ ટૂંક સમયમાં આ પ્રકાશિત શિક્ષાઓ પહોંચવાઅને ફેલાવવાનો એક અગત્યનો સ્ત્રોત છે.

૩- તે એક શાંતિભર્યું શહેર છે, એટલા માટે જ્યારે અબ્રહા નામના બાદશાહે તે શહેર પર કબજો કરવાની કોશિશ કરી તો, અલ્લાહએ આ શહેરની સુરક્ષા કરી અને આસપાસના શહેરના બદશાહો મક્કહ પર પ્રભુત્વ મેળવવામાં નાકામ રહ્યા, જેવાકે

---

[167] ૬૮] મજમુઉલ ફતાવા, ભાગ: ૨, પેજ નંબર: ૬.

[168] ૧૬૯] સૂરે અલ્ માઈદહ, આયત નંબર: ૪૪.

[169] ૧૭૦] અલ્ માઈદહ, આયત નંબર: ૪૬.

[170] ૧૭૧] અલ્ માઈદહ, આયત નંબર: ૪૮.

[171] ૧૭૧] અલ્ બકરહ, આયત નંબર: ૨૮૫.

[172] ૧૭૩] વધુ માહિતી માટે જુઓ: "અર્ રહીકુલ મખ્તુમ" લેખક: સફીઉર્ રહમાન મુબારકપુરી

[173] ૧૭૪] જુઓ આ કિતાબનો પાઠ: વર્તમાન ધર્મની સ્થિતિ, પેજ નંબર : ૫૨

ફ્રાન્સ અને રોમ, જો કે ઉત્તર અને દક્ષીણમાં વેપાર-ધંધો ખૂબ સામાન્ય હતો, આ એટલા માટે કે આપ ﷺ માટે પયગંબરીનો માર્ગ સરળ બની રહ્યો હતો, અલ્લાહ તઆલાએ મક્કહના લોકોને આ નેઅમત વિશે યાદ અપાવતા કહ્યું:{ أَوَلَمْ نُمَكِّن لَّهُمْ حَرَمًا آمِنًا يُجْبَىٰ إِلَيْهِ ثَمَرَاتُ كُلِّ شَيْءٍ }[174]. {શું અમે તેમને શાંત અને પવિત્ર શહેરમાં જગ્યા નથી આપી? જ્યાં દરેક પ્રકારના ફળો મળી આવે છે} [૧૭૫].

૪- ત્યાંનું વાતાવરણ રણનું વાતાવરણ હતું, જ્યાં ઘણા પ્રશંસીય લક્ષણોની હિફ્રાજત થઈ હતી, જેવું કે ઉદારતા, પાડોશી સાથે સારો વ્યવહાર અને ઇઝ્ઝતની સાચવણી વગેરે જેવા ઘણા લક્ષણો, જેના કારણે મક્કહ શહેરને આ પ્રાથમિકતા મળી કે તે પયગંબરી માટે સૌથી શ્રેષ્ઠ જગ્યા છે.

અને આ જ મહાન અને ભવ્ય જગ્યાએથી અને કુરૈશના કબીલા માંથી, જે વકૃત્વમાં સ્પષ્ટતા અને સારા અખ્લાક ઉચ્ચ સ્થાન ધરાવતા હતા, અને જેમને ઇઝ્ઝત અને પદ તેમજ રાજકીય સરદારી પ્રાપ્ત હતી..અલ્લાહ તઆલાએ પોતાના પયગંબર મુહમ્મદ ﷺ ને પસંદ કર્યા, જેથી આપ અંતિમ પયગંબરના સ્વરૂપમાં પધારે, આપ ﷺ નો જન્મ લગભગ ૫૭૦ ઇસવીમાં થયો, આપ ﷺ અનાથની સ્થિતિમાં મોટા થયા, કારણકે જ્યારે આપ માતાના પેટમાં હતા, ત્યારે આપના પિતાનું મૃત્યુ થઈ ગયું હતું, જ્યારે આપ છ વર્ષના થયા તો આપની માતા અને દાદા બન્નેનું પણ મૃત્યુ થયું, ત્યારબાદ આપના કાકા અબૂ તાલિબે આપની દેખરેખની જવાબદારી સંભાળી, આપનું બાળપણ અનાથની સ્થિતિમાં પસાર થયું, આપ ﷺ પર ચપળતા અને હોશિયારીના લક્ષણો જાહેર થતા હતા, આપ ﷺ ના અખ્લાક અને આદતો આપની કોમ કરતા અલગ હતી, આપ ﷺ જૂઠું નહતા બોલતા, કોઈને તકલીફ નહતા આપતા, સાચી વાણી, પવિત્ર અને હયા તેમજ નિષ્ઠામાં પ્રખ્યાત હતા, અહીં સુધી કે આપની કોમના ઘણા લોકો આપની પાસે પોતાનો કિંમતી સામાન અમાનતરૂપે આપતા હતા, અને આપ તે કિંમતી સામાનની એવી જ રીતે હિફ્રાજત કરતા, જેવું કે પોતાની જાન અને માલની હિફ્રાજત કરતા, જેના કારણે તેઓએ આપનો ઉપનામ જ અમીન રાખી દીધું હતું,આપ અત્યંત હયાદાર અને શરમાળ વ્યક્તિ હતા, પુખ્તવય પછી આપ ﷺ ક્યારેય કોઈની સામે પોતાનું શરીર નથી ખોલ્યું, આપ અત્યંત પાકસાફ અને ડરવાવાળા વ્યક્તિ હતા, આપને પોતાની કોમમાં મૂર્તિપૂજા, મદ્યપાન અને રક્તસ્રાવ જોઇ ખૂબ જ દુઃખ થતું હતું, આપ પોતાની કોમનો સાથ તે જ કામોમાં આપતા, જેનાથી આપ ખુશ થતા, વ્યભિચાર, નગ્ન અને ભ્રષ્ટાચાર વાળી મહેફિલોથી ખૂબ દૂર રહેતા હતા, આપ ﷺ અનાથો અને વિધવા સ્ત્રીઓની મદદ કરતા હતા, અને ભૂખ્યાને ખવડાવતા હતા...અહીં સુધી કે આપની ઉંમર ચાળીસની નજીક થઈ ગઈ, તો ખરાબ માહોલ જોઈ આપને ચિંતા થવા લાગી, જેથી પોતાના પાલનહારની બંદગી માટે ખૂણો પકડવા લાગ્યા, અને પોતાના પાલનહાર સામે દુઆ કરવા લાગ્યા કે આપને સત્ય માર્ગ બતાવે, આપની આ જ પરિસ્થિતિ હતી કે એક ફરિશ્તો આપની પાસે અલ્લાહની વહી લઈ આવ્યો અને આદેશ આપ્યો કે આ દીનને લોકો સુધી પહોંચાડે, તેમને પોતાના પાલનહારની બંદગી કરવા અને તેને છોડીને અન્યની બંદગી કરવાથી દૂર કરે, દિવસો પસાર થવા લાગ્યા અને એક વર્ષ પછી બીજું વર્ષ પૂરું થવા લાગ્યું, અને આદેશો તેમજ શિક્ષાઓ વહી દ્વારા આવતી રહી, અહીં સુધી કે અલ્લાહ તઆલાએ માનવ સમાજ માટે આ દીન પૂરો કરી દીધો, અને તેમના પર પોતાની નેઅમત પુરી કરી,જ્યારે આપનું મિશન પૂરું થયું, તો અલ્લાહ તઆલાએ આપને વફાત (મૃત્યુ) આપી, વફાતના સમયે આપની ઉંમર ૬૩ વર્ષની હતી, જેમાંથી ચાળીસ વર્ષ આપ ﷺ એ નુબૂવ્વત પહેલા પસાર કર્યા અને ત્રેવીસ વર્ષ આપ ﷺ એ પયગંબરીની સ્થિતિમાં પસાર કર્યા.

જે વ્યક્તિ પણ પયગંબરોની સ્થિતિ પર નજર દોડાવશે અને તેમનો ઇતિહાસ વાંચશે તો તે અવશ્ય જાણી લેશે કે જે તરીકો, જેના દ્વારા કોઈ પણ પયગંબરની પયગંબરી સાબિત થતી હોય, તેનાથી મુહમ્મદ ﷺ નો તરીકો સૌથી શ્રેષ્ઠ સાબિત થાય છે.

જો તમે વિચાર કરશો કે મૂસા અને ઈસા અ.સ.ની પયગંબરી કઈ રીતે પહોંચાડવામા આવી, તો સતત પહોંચાડવામાં આવી, તો આ પ્રમાણે જે રીતે આપ ﷺ પયગંબરી પહોંચાડવામાં આવી તે સૌથી મહાન અને શ્રેષ્ઠ રીત છે, તેમજ સમય પ્રમાણે સૌથી નજીક પણ છે.

એવી જ રીતે તે તવાતુર (સતત મોકલવું) જેના કારણે આપની નિશાનીઓ અને મુઅજિઝા જાહેર થયા, તે પણ તેની જેમ જ તવાતુર છે, જો કે તે આપ ﷺ માટે વધુ શ્રેષ્ઠ અને મહાન છે, કેમકે આપની નિશાનીઓ ખૂબ વધારે છે, જો કે સૌથી ભવ્ય નિશાની આપ ﷺ ની કુરઆન મજીદ છે, જે આજ સુધી લેખિત અને મૌખિક બન્ને રીતે તવાતુર એટલે કે સતત માર્ગથી પહોંચતી આવી રહી છે [૧૭૬].[175]

મૂસા, ઈસા અને મુહમ્મદ ﷺ જેઓ સાચો અકીદો અને મજબૂત અને ઠોસ આદેશો અને શરીઅત તેમજ ફાયદાકારક જ્ઞાન લઈને આવ્યા, તેમનું વાંચન કરવાથી જાણવા મળે છે કે તે તાલિમ અને શિક્ષાઓનું મૂળ એક જ છે અને તે છે નુબૂવ્વત.

જે વ્યક્તિ અન્ય પયગંબરોના અનુયાયી અને મુહમ્મદ ﷺ ના અનુયાયીઓ વિશે વાંચન કરશે તે જાણી લેશે કે આપના અનુયાયીઓ લોકો માટે વધારે ફાયદાકારક સાબિત થયા હશે, જો કે પોતાના પછી આવનાર લોકો પર અસર છોડવા બાબતે દરેક પયગંબરોના અનુયાયીઓ કરતા તેઓને વધુ એક ભવ્ય પદ પ્રાપ્ત હતું, તેઓએ તૌહીદને ફેલાવ્યું, ન્યાય અને ઇન્સાફને સ્થાન આપ્યું અને લાચાર અને કમજોરો માટે સંપૂર્ણ દયાળુ બનીને રહ્યા. [૧૭૭].[176]

અને જો તમે આપ ﷺ ની પયગંબરીના વધુ પુરાવા ઇચ્છતા હોઇ, તો હું આપની સમક્ષ તે પુરાવા રજૂ કરું છું, જેમના સુધી અલી બિન રબ્બન અત તિબરીને ત્યારે માર્ગ મળ્યો જ્યારે તેઓ એક નસ્રાની હતા, અને તે જ પુરાવાના કારણે તેમણે ઇસ્લામનો સ્વીકાર કર્યો, તે પુરાવા નીચે પ્રમાણે છે:

૧- આપ ﷺ એ એક અલ્લાહની ઈબાદત કરવા અને તે સિવાય અન્ય દરેક બાતેલ મઅબૂદોની બંદગી કરવાથી રોક્યા, આપની આ વાત દરેક પયગંબરો સાથે સુસંગત છે.

૨- આપ ﷺ એ એવા સ્પષ્ટ પુરાવા જાહેર કર્યા, જે ફક્ત અલ્લાહના પયગંબર જ જાહેર કરી શકે છે.

---

174 ૧૭૫] અલ કસસ, આયત નંબર: ૫૭.

175 ૧૭૬] જુઓ આ પુસ્તકમાં, કુરઆન વિશે ખાસ પાઠ, પેજ નંબર: ૯૫-૧૦૦ અને ૧૧૪-૧૧૭

176 ૧૭૭] જુઓ: મજમુઉલ્ ફતાવા શેખુલ્ ઇસ્લામ ઈબ્ને તૈયમિય્હ, ભાગ: ૪, પેજ નંબર: ૨૦૧-૨૧૧, અને ઇફહામુલ્ યહૂદ, લેખક: અસ્ સમવઅલ્ અલ્ મગ્રરીબી જેઓ પહેલા યહૂદી હતા પછી તેમણે ઇસ્લામ કબૂલ કરી લીધો, પેજ નંબર: ૫૮-૫૯.

૩- ભવિષ્યમાં થનાર વાતોનું સ્પષ્ટીકરણ કર્યું, અને તે એવી જ રીતે જાહેર થયા, જેવું કે આપ ﷺ એ જણાવ્યું હતું.
૪- આપ ﷺ એ દુનિયા અને તેના વિવિધ શહેરોમાં જાહેર થનારા કિસ્સાઓની જાણ કરી અને તે કિસ્સાઓ તે જ પ્રમાણે જાહેર થયા, જે પ્રમાણે આપ ﷺ એ ખબર કરી હતી.
૫- જે કિતાબ સાથે આપને પયગંબરી સોંપવામાં આવી તે કિતાબ પણ નુબૂવ્વતની એક નિશાની છે, કારણકે તે એક બલીગ (ઊંડાણપૂર્વક શબ્દો અને સમજૂતી) છે, જે કિતાબને અલ્લાહ તઆલાએ એક અભણ વ્યક્તિ પર ઉતારી, જે લખતા વાંચતા નહતો જાણતો, જેણે સમગ્ર અરબના અગ્રણી લોકો સામે પડકાર મૂક્યો કે આના જેવી કિતાબ અથવા એક સૂરત જ લાવી બતાવો, સાથે સાથે તેની હિફાજતની જવાબદારી અલ્લાહએ પોતાના ઉપર લઈ રાખી છે, તેના દ્વારા સાચા અકીદાની હિફાજત કરી, તેમાં પોતાની સંપૂર્ણ શરીઅત ઉતારી અને તેના દ્વારા સૌથી ઉત્તમ અને શ્રેષ્ઠ ઉમ્મતને કાયમ કરી.
૬- આપ પયગંબરોની શ્રુંખલામાં અંતિમ પયગંબર હતા, જો આપની પયગંબરી ન આવી હોત તો તે દરેક પયગંબરોની પયગંબરી બાતેલ થઈ જાત, જે લોકોએ આપની પયગંબરીની ખુશખબર આપી હતી.
૭- પયગંબરોને આપ ﷺ ના આવવાની ખુશખબર આપી, આપની પયગંબરી અને આપના શહેરની સ્થિતિ વર્ણન કરી, કે આપની અને આપની કોમની સામે દરેક કોમ અને તે સમયના બાદશાહ ઝૂકી જશે, અને આપનો દીન તે સમયમાં ફેલાય જશે.
૮- જે કોમ સાથે આપ ﷺ એ યુદ્ધ કર્યું અને તેમની સામે આપને જીત નસીબ થઈ, તો આ જીત પણ આપની નુબૂવ્વતની ઠોસ નિશાની છે, કારણકે આ શક્ય જ નથી કે કોઈ વ્યક્તિ અલ્લાહનો પયગંબર હોવાનો જૂઠો દાવો કરે અને તેને આટલી જબરદસ્ત જીત પણ મળે, દુશ્મનો પર પ્રભુત્વ મળે, તેની વાણીને આટલી મહાનતા મળે અને તેના અનુસરણ કરનારાઓની સંખ્યા વધતી જાય, જો કે આ પ્રમાણે તેની જ સાથે થાય જે સાચો નબી હોય.
૯- આપ ﷺ જે પ્રમાણે ડરવાવાળા, પાકદામન, સાચા અને પવિત્ર વ્યક્તિત્વ, તેમજ કિંમતી આદેશો અને શરીઅત લઈને આવ્યા હતા, તે ફક્ત એક નબી જ લઈને આવી શકે છે.
આ હિદાયત મળેલ વ્યક્તિએ આ કારણ વર્ણન કર્યા પછી લખ્યું છે:(આ પ્રકાશિત અને સ્પષ્ટ અને પૂરતી સાક્ષીઓ દ્વારા જે વ્યક્તિ હોય તેના માટે નુબૂવ્વત જરૂરી થઈ જાય છે, તેની કિસ્મત ચમકે છે, તે કામયાબ અને સફળ બને છે, તેની પુષ્ટિ કરવી અનિવાર્ય બને છે, અને જે વ્યક્તિ તેનો ઇન્કાર કરે તે નાકામ અને વંચિત તેમજ દુનિયા અને આખિરતમાં નુકસાન ઉઠાવનારાઓ માંથી બની જાય છે) [૧૭૮].[177]
આ પાઠના અંતમાં આપની સમક્ષ બે સાક્ષીઓ વર્ણન કરી રહ્યો છું: ભૂતકાળમાં રોમના બાદશાહની સાક્ષી, જે આપ ﷺ ના સમયની છે અને વર્તમાન સમયમાં ઇંગ્લેન્ડના ઈસાઈ પ્રસારક (જ્હોન સન્ટ)ની સાક્ષી.
હિરકલની સાક્ષી: ઈમામ બુખારી રહ. એ અબૂ સુફયાનનો કિસ્સો વર્ણન કર્યો છે, જ્યારે રોમના બાદશાહે તેમના દરબારમાં તેમને બોલાવ્યા હતા, ઈમામ બુખારી રહ. કહે છે:(અમને અબૂલ્ યમાન અલ્ હકમ બિન નાફિએ આ હદીષ વર્ણન કરી, તેમને આ હદીષ શુએબે વર્ણન કરી, તેઓએ ઝોહરીથી આ હદીષ સાંભળી, તેમને ઉબૈદુલ્લાહ બિન અબ્દુલ્લાહ બિન ઉતબહ બિન મસઊદે ખબર આપી કે અબ્દુલ્લાહ બિન અબ્બાસને અબૂ સુફયાન બિન હરબે આ કિસ્સો વર્ણન કર્યો કે હિરકલે (રોમનો બાદશાહ) કુરૈશના કાફલા માંથી એક વ્યક્તિને બોલાવવા માટે વ્યક્તિ મોકલ્યો, અને તે સમયે આ લોકો વેપાર-ધંધા માટે શામ શહેર ગયા હતા, અને તે સમય હતો, જ્યારે આપ ﷺ એ કુરૈશ અને અબૂ સુફયાનથી હંગામી વચન લીધું હતું, [૧૭૯] અબૂ સુફયાન અને અન્ય લોકો હિરકલ પાસે ઇલ્યા નામની જગ્યાએ પહોંચ્યા, [૧૮૦] જ્યાં હિરકલે દરબાર લગાવ્યું હતું, તેની આસપાસ રોમ શહેરના પ્રતિષ્ઠિત વ્યક્તિઓ (આલિમો, વજીરો, કાર્યકર્તાઓ) બેઠા હતા, હિરકલે તેમને અને ભાષાંતર કરનાર વ્યક્તિને બોલાવ્યો, પછી તેમને પૂછ્યું કે તમારા માંથી કયો વ્યક્તિ જેણે નુબૂવ્વતનો દાવો કર્યો છે, તે વ્યક્તિના સંબંધીમાં નજીક છે? અબૂ સુફયાન કહે છે કે હું તરત જ બોલ્યો કે હું તેનાથી સૌથી નજીક સબંધ ધરાવું છું, (આ સાંભળી) હિરકલે આદેશ આપ્યો કે તેને (અબૂ સુફયાનને) મારી નજીક લાવી બેસાડી દો, અને તેના સાથીઓને તેની પીઠ પાછળ બેસાડી દો, પછી બાદશાહે અનુવાદકને કહ્યું કે તે લોકોને કહી દો કે હું આ વ્યક્તિને (મુહમ્મદ ﷺ) વિશે કેટલાક સવાલો કરીશ, જો આ કંઈ પણ જૂઠું બોલે તો તમે મને કહી દેજો, (અબૂ સુફયાન કહે છે) કે અલ્લાહની કસમ ! જો મને એમ ન લાગતું હોત કે આ લોકો મને જુઠો કહેતા તો હું આપ ﷺ વિશે જૂઠું બોલતો,ખેર, પ્રથમ વાત જે હિરકલે મને પૂછી તે આ હતી કે તે વ્યક્તિનું ખાનદાન તમારા માંથી કેવું છે? મેં કહ્યું કે તે ખૂબ જ ઉચ્ચ અને પ્રતિષ્ઠિત ખાનદાન માંથી છે, કહેવા લાગ્યો કે શું આ પહેલા પણ તમારા માંથી કોઈએ આ પ્રકારની વાત કરી હતી? મેં કહ્યું કે ના, કહેવા લાગ્યો કે શુ તેના બુઝુર્ગ લોકો માંથી કોઈ સરદાર બન્યું છે? મેં કહ્યું કે ના, પછી કહ્યું કે પ્રતિષ્ઠિત લોકોએ તેની વાત માની છે કે નબળા લોકોએ? તેમણે કહ્યું કે નબળા લોકોએ, તેણે કહ્યું કે તેના અનુયાયી વધતા જાય છે કે કોઈ ફરી પણ જાય છે? કહ્યું કે ના કોઈ ફરી નથી જતું, તેણે સવાલ કર્યો કે પોતાના આ દાવા પહેલા તે કોઈ જગ્યાએ જુઠું બોલ્યો છે? અબૂ સુફયાને કહ્યું કે ના, અને હવે અમારી તેની સાથે (સમાધાનનો) એક સમય નક્કી થયો છે, ખબર નહીં તે શું કરે છે, અબૂ સુફયાન કહે છે કે હું આ વાત સિવાય કોઈ જૂઠી વાત ન કહી શક્યો, હિરકલે પૂછ્યું : શું તમારી ક્યારેક તેની સાથે લડાઈ પણ થઈ છે? મેં કહ્યું કે હા, તેણે પૂછ્યું કે પછી યુદ્ધની સ્થિતિ કેવી હોય છે? અબૂ સુફયાને કહ્યું કે યુદ્ધ ડોલ માફક છે, ક્યારેક તે લોકો જીતી જાય છે અને ક્યારેક અમે જીતી જઈએ છીએ, હિરકલે સવાલ કર્યો કે તે તમને કઈ વાતોનો આદેશ આપે છે? મેં કહ્યું કે તે અમને ફક્ત એક અલ્લાહની બંદગી કરવા તરફ બોલાવે છે, કોઈને તેનો ભાગીદાર ન બનાવો અને પોતાના પૂર્વજોની શિર્કની વાતો છોડી દો, અને અમને નમાઝ પઢવાનો, સાચું બોલવાનો, પાકસાફ રહેવાનો અને સારો વ્યવહાર કરવાનો આદેશ આપે છે.આ બધું સાંભળી ફરી હિરકલે પોતાના ભાષાતર કરનાર વ્યક્તિને કહ્યું કે તમે અબૂ સુફયાનને જણાવી દો, મેં તમને તેના ખાનદાન અને નસબ વિશે સવાલ કર્યો, તો તમે કહ્યું કે તે અમારા માંથી ઉચ્ચ ખાનદાન અને નસબનો વ્યક્તિ છે, ખરેખર પયગંબર પોતાની કોમમાં ઉચ્ચ ખાનદાન અને નસબ્ માંથી જ મોકલવામાં આવે છે, મેં તમને સવાલ કર્યો કે નુબૂવ્વતનો દાવો

[177] ૧૭૮] અદ્ દીન વદ્ દવલતિ ફી ઇષ્બાતિ નુબૂવ્વતિ નબિય્યના મુહમ્મદ ﷺ, લેખક: અલી બિન રબ્બન અત તિબરી, પેજ નંબર: ૪૭, એવી જ રીતે આ કિતાબ પણ જુઓ: અલ્ એઇલામુ લિલ્ કુર્તુબી, પેજ નંબર: ૨૬૩ અને એના પછી ના પેજો.

તમારી કોમમાં આના કરતા પહેલા કોઈ વ્યક્તિએ કર્યો હતો, તો તમે જવાબ આપ્યો કે ના, તો મેં પોતાના (મનમાં) કહ્યું કે જો આ પહેલા કોઈ વ્યક્તિએ આ પ્રમાણેની વાત કરી હોત તો આ વ્યક્તિ પણ તેની નકલ કરી આ પ્રમાણેની વાત કરતો હોત, જે પહેલા કહેવામાં આવી ગઈ છે, મેં તમને સવાલ કર્યો કે તેના પ્રતિષ્ઠિત લોકો માંથી કોઈ બાદશાહ બન્યું છે? તમે જવાબ આપ્યો કે ના, તો મેં પોતાના (મનમાં) કહ્યું કે જો તેના ખાનદાન માંથી કોઈ બાદશાહ થઈ ગયા હોત તો આ વ્યક્તિ પોતાનું સામ્રાજ્ય ફરી બનાવવા ઇચ્છતો હોત, મેં તમને સવાલ કર્યો કે (નુબૂવ્વતના દાવા) પહેલા તમે કોઈ વખત તેના પર જુઠ્ઠા હોવાનો આરોપ મૂક્યો છે? તમે કહ્યું કે ના, તેનાથી મને અંદાજો આવી ગયો કે જે વ્યક્તિ માણસો બાબતે જૂઠું બોલી શકતો નથી, તે અલ્લાહ વિશે કંઈ રીતે જૂઠું બોલી શકે છે, મેં તમને સવાલ કર્યો કે શું પ્રતિષ્ઠિત લોકો તેની વાતનો સ્વીકાર કરે છે કે નબળા અને કમજોર લોકો? તમે જવાબ આપ્યો કે નબળા લોકો તેની વાતનો સ્વીકારે છે, ખરેખર નબળા અને કમજોર લોકો જ પયગંબરોના અનુયાયીઓ હોય છે, મેં તમને સવાલ કર્યો કે તેના સાથીઓ વધી રહ્યા છે કે ઓછા થઈ રહ્યા છે? તમે જવાબ આપ્યો કે વધી રહ્યા છે, તો ઈમાનની સ્થિતિ આ પ્રમાણે જ હોય છે કે તે વધતું જાય છે, અહીં સુધી કે તે પૂર્ણ થઈ જાય છે, મેં તમને સવાલ કર્યો કે કોઈ વ્યક્તિ તેના દીનથી નાખુશ થઈ ફરી પણ જાય છે? તમે જવાબ આપ્યો કે ના, તો ઈમાનની પણ આ જ સ્થિતિ હોય છે કે જો એક વખત કોઈના દિલમાં જગ્યા લઇ લે તો પછી કોઈ વખત પાછું ફરતું નથી, મેં તમને સવાલ કર્યો કે શુ ક્યારેય તે વચનભંગ કરે છે, તમે કહ્યું કે ના, તો સાંભળો પયગંબરોની આ જ સ્થિતિ હોય છે, તેઓ ક્યારેય વચનભંગ નથી કરતા, મેં તમને સવાલ કર્યો કે તે તમને કંઈ વાતોનો આદેશ આપે છે? તમે કહ્યું કે તે અમને એક અલ્લાહની ઈબાદત કરવાનો, શિર્કથી બચવાનો, અને તમને મૂર્તિપૂજાથી રોકે છે, નમાઝ પઢવા, પાકસાફ રહેવા, સાચું બોલવા અને સિલા રહેમી કરવાનો આદેશ આપે છે, જે પ્રમાણે તમે જવાબ આપ્યા અને જો આ જવાબ સાચા હશે તો નજીકમાં જ તે વ્યક્તિ આ જગ્યાનો માલિક બની જશે, જ્યાં અત્યારે મારા બન્ને પગ છે,મને જાણ હતી કે એક પયગંબર આવવાનો છે, પણ એ ખબર ન હતી કે તે પયગંબર તમારા માંથી હશે, જો મને ખબર હોત કે હું તેના સુધી પહોંચી શકતો તો હું કેટલીય મુસીબત સહન કરવા માટે તૈયાર હોત, જો હું તેની પાસે હોત તો હું તેના પગ ધોતો, હિરકલે તે પત્ર મંગાવ્યો, જે આપ ﷺએ દહિય્યહ કલબી દ્વારા બસરાના હાકિમ પાસે મોકલ્યો હતો, અને તેણે તે પત્ર હિરકલ પાસે મોકલી દીધો હતો, પછી તેણે તે પત્ર વાંચ્યો, તેમાં લખ્યું હતું:અલ્લાહના નામ સાથે જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે, અલ્લાહના બંદા અને તેના પયગંબર મુહમ્મદ તરફથી આ પત્ર છે, રોમના બાદશાહ માટે, તેના પર સલામતી ઉતરે, જે હિદાયતનું અનુસરણ કરે, ત્યારબાદ હું તમારી સમક્ષ ઇસ્લામની દઅવત પેશ કરું છું, જો તમે ઇસ્લામ લઈ આવો છો તો તમને દુનિયા અને આખિરત બન્નેમાં સફળતા મળશે, અલ્લાહ તમને બમણો સવાબ આપશે, અને જો તમે મારી વાત નથી માનતા તો તમારી પબ્લિકનો ગુનોહ પણ તમારા શિરે રહેશે, [૧૮૧] અને હે અહલે કિતાબ ! એક એવી વાત તરફ આવો, જે અમારી અને તમારી વચ્ચે સરખી છે, તે એ કે આપણે અલ્લાહ સિવાય કોઈની બંદગી ન કરીએ, અને તેની સાથે કોઈને શરીક ન કરીએ અને એ કે તેના સિવાય કોઈને પણ પાલનહાર ન બનાવીએ, પછી જો અહલે કિતાબ મોઢું ફેરવી લે તો (હે મુસલમાનો ! ) તમે તેમને કહી દો કે (તમે માનો કે ના માનો) અમે તો એક અલ્લાહનું અનુસરણ કરીએ છીએ [૧૮૨].[178*179*180*181]

વર્તમાન સમયમાં ઇંગ્લેન્ડના ઈસાઈ મિશનરીના જ્હૉન સેન્ટની સાક્ષી, તે કહે છે:લોકો અને સમાજની સેવા, સરખામણી અને ઉંચનીચ નિયમો પ્રમાણે સમાજ વિશે આધારિત ઇસ્લામની મૂળ શિક્ષાઓ અને તાલિમ સતત વાંચ્યા પછી મેં પોતાને બુદ્ધિ અને મન સાથે સંપૂર્ણ રીતે ઇસ્લામથી પ્રભાવિત જોયો, અને તે જ સમયથી અલ્લાહથી વાદો કર્યો કે હું સમગ્ર દુનિયામાં ઇસ્લામનો પ્રચાર અને તેની ખુશખબર પહોંચાડીશ.

તેમને આટલું યકીન એટલા માટે થયું કે તેઓએ ઈસાઈ ધર્મનું જ્ઞાન ઊંડાણપૂર્વક લીધું હતું, પરંતુ તેમણે જોયું કે માનવીના જીવનમાં આવનાર ઘણા સવાલોના જવાબ તેમાં નથી મળતા, એટલા માટે તેમાં શંકાઓ થવા લાગી, પછી તેમણે ઇશતિરાકીયહ (સમાજવાદ) અને બૌદ્ધ ધર્મનું વાંચન કર્યું, તે ધર્મોમાં પણ તેમને તે સવાલોના જવાબ ન મળ્યા, પછી તેઓએ ઇસ્લામ ધર્મની શિક્ષાઓનું વાંચન ધ્યાનપૂર્વક કર્યું, છેવટે તેઓ ઈમાન લઈ આવ્યા અને તેના પ્રચારક બની ગયા [૧૮૩].[182]

# નુબૂવ્વતનો સિલસિલો ખતમ થયો

વર્ણવેલ વાતો પ્રમાણે નુબૂવ્વતની સત્યતા તેની નિશાનીઓ અને આપણા નબી ﷺ ની નુબૂવ્વતના પુરાવા આપની સમક્ષ સ્પષ્ટ થઈ ગયા, નુબૂવ્વતનો સિલસિલો ખતમ થયો, આ વિષય પર ચર્ચા કર્યા પહેલા એ જાણવું જરૂરી છે કે જ્યારે પણ અલ્લાહ કોઈ પયગંબરને મોકલે છે, તો તેના કેટલાક કારણો હોઇ છે જે નીચે મુજબ છે:

૧- તે નબીની પયગંબરી કોઈ કોમ માટે ખાસ હોય, અને તેમને આ આદેશ આપવામાં ન આવ્યો હોય કે તે અલ્લાહનો સંદેશ પાડોશી દેશમાં પહોંચાડે, એટલા માટે કે અલ્લાહ તઆલા બીજી કોમ પાસે ખાસ શરીઅત લઈ બીજા રસૂલોને મોકલતો હોય છે.

૨- પહેલાના પયગંબરની નિશાનીઓ અને પુરાવા ખતમ થઈ ગયા હોય, તો અલ્લાહ તઆલા બીજા નબીને મોકલે છે, જે તેમના દીનને નવેસરથી શરૂઆત આપે છે.

૩- પહેલાના આવેલ પયગંબરની શરીઅત તે સમય માટે જ યોગ્ય હોતી અને તેના પછીના સમય માટે યોગ્ય ન હોતી, તો અલ્લાહ તઆલા એક એવી શરીઅત અને પયગંબરી સાથે રસૂલ મોકલે છે, જે વર્તમાન સમય પ્રમાણે યોગ્ય હોય, પરંતુ અલ્લાહની હિકમતની આવશ્યકતા એ હતી કે આપ ﷺ ને એવી પયગંબરી સાથે મોકલવામાં આવે, જે સૃષ્ટિના દરેક માટે

---

[178] ૧૭૯] અર્થાત્ સુલેહ હુદૈબિયહનો સમય, જે દસ વર્ષનો સમયગાળો હતો, આ કિસ્સો છ હિજરીસનમાં થયો, જુઓ, ફતહુલ્ બારી ભાગ: ૧, પેજ નંબર: ૩૪.

[179] ૧૮૦] અર્થાત્ શામ શહેર.

[180] ૧૮૧] સહીહ બુખારીમાં કિતાબુલ જીહાદમાં (અલ્ અરિસીય્યીન) શબ્દ વર્ણન થયો છે.

[181] ૧૮૨] આ હદીષને ઇમામ બુખારી રહ. એ કિતાબુ બદઉલ્ વહીના ભાગ: 1માં વર્ણન કરી છે.

[182] ૧૮૩] અદ્ દીનલ્ ફિતરીલ્ અબદી, લેખક: મુબશ્શિર અત્ તરાઝી અલ્ હુસૈની, ભાગ: ૨, પેજ નંબર ૩૧૯.

સામાન્ય હોય અને દરેક સમય તેમજ જગ્યા માટે યોગ્ય હોય, આ પયગંબરીને અલ્લાહએ દરેક પ્રકારના ફેરફારથી હિફાજત કરી છે, જેથી આપની પયગંબરી જીવિત આદેશ બની જાય, જે લોકોની અંદર રૂહ ફૂંકે, અને ફેરફાર અને હેરાફેરીના દરેક માર્ગથી બચીને રહે, એટલા માટે અલ્લાહ તઆલાએ આપની પયગંબરીને સૌથી અંતિમ પયગંબરી નક્કી કરી [૧૮૪].[183]
અલ્લાહ તઆલાએ આપ ﷺ ને જે લક્ષણો આપ્યા તેમાંથી એક એ પણ કે આપ પયગંબરોની શ્રૃંખલામાં અંતિમ પયગંબર છો, આપના પછી કોઈ નબી નહિ આવે, કારણકે અલ્લાહ તઆલાએ આપણા દ્વારા પયગંબરીનો સિલસિલો પૂર્ણ કરી દીધો, શરીઅત પૂર્ણ કરી દીધી અને ઇમારત પણ બનાવી દીધી, આપની નુબૂવ્વત દ્વારા ઈસા મસીહની ખુશખબર પણ પૂર્ણ થઈ, જ્યારે તેમણે કહ્યું:(શું તમે પુસ્તકોમાં વાંચ્યું નથી કે તે પથ્થર, જેને ઇન્જીનયરોએ ઇમારત બનાવવા માટે ઇન્કાર કરી દીધો, તે તે ઘરનો મહત્વનો ભાગ બની ગયો છે) [૧૮૫],ઈબ્રાહીમ ખલીલ નામનો પાદરી, જેણે પછી ઇસ્લામનો સ્વીકાર કરી લીધો, મેં વર્ણવેલ વાક્યને આપ ﷺ ની આ હદીષ સાથે જોડી છે, જે આપ ﷺ એ પોતાના વિશે કહ્યું:(મારુ અને મારા પહેલાના પયગંબરોનું ઉદાહરણ તે વ્યક્તિ જેવું છે, જેણે ખૂબ જ સુંદર ઘર બનાવ્યું, પરંતુ તેના એક ખૂણામાં તેણે એક ઈંટ મુકવાની જગ્યા ખાલી છોડી દીધી, લોકો તેની ચારેય તરફ ફરી ફરીને જોવા લાગ્યા, અને આશ્ચર્ય કરતા કહેવા લાગ્યા, કે આ ઈંટ કેમ મુકવામાં નથી આવી? આપ ﷺ એ કહ્યું: હું જ તે ઈંટ છું, હું જ અંતિમ પયગંબર છું) [૧૮૬].[184*185]
એટલા માટે જ અલ્લાહ તઆલાએ મુહમ્મદ ﷺ એ લાવેલી કિતાબને દરેક પાછળની કિતાબોની સંરક્ષક બનાવી અને તે દરેકને મન્સૂખ (રદ) કરવાવાળી બનાવી, એવી જ રીતે આપની શરીઅતને પાછળની દરેક શરીઅતને મન્સૂખ કરવાવાળી બનાવી, અલ્લાહએ આપની પયગંબરીની સુરક્ષા કરવાની જવાબદારી પોતાના પર લીધી છે, આ શરીઅત તવાતુર (સતત એક પછી એક) દ્વારા આપણા સુધી પહોંચી છે, અર્થાત્ કુરઆન મજીદ લેખિત રૂપે અને મૌખિકરૂપે બન્ને રીતે તવાતુર દ્વારા આપણા સુધી પહોંચ્યું છે, આપ ﷺ એ કહેલી વાતો અને કરેલા કામો પણ તવાતુર દ્વારા આપણા સુધી પહોંચ્યા છે, અને આ દીનના આદેશોના પ્રેક્ટીકલ અમલ, આપની ઈબાદત, સુન્નતો અને આદેશો પણ તવાતુર દ્વારા આપણા સુધી પહોંચ્યા છે.
જે વ્યક્તિ સિરત અને સુન્નતનું વાંચન કરતો હોય, તે જાણે છે કે આપના સહાબાઓએ આપ ﷺ ની દરેક સ્થિતિ, દરેક કહેલી વાતો અને કરેલી સુન્નત, હદીષ અને કામોની સંપૂર્ણ હિફાજત કરી છે, જેવું કે આપ ﷺ ની ઈબાદત, ઉદારતા, જિહાદ, ઝીકરો અઝકાર, તૌબા અને માફી, બહાદુરી, પોતાના સાથીઓ અને બહારથી આવનાર જૂથો સાથે આપનો વ્યહવાર, એવી જ રીતે આપની ખુશીના ક્ષણ, દુઃખનો સમય, સફર અને હઝરની સ્થિતિ, ખાવાપીવાનો તરીકો, કપડાં પહેરવાનો અંદાજ, સૂતા અને જાગતાની સ્થિતિ.. કહેવાનો મતલબ એ કે દરેક કામ તેમણે વર્ણન કર્યા, જો તમે સહેજ પણ ધ્યાન આપશો તો તમને યકીન થઈ જશે કે આ દીન અલ્લાહની હિફાજતમાં સુરક્ષિત છે, અને તે સમયે એ પણ જાણી લેશો કે આપ દરેક પયગંબરોની શ્રૃંખલામાં અંતિમ પયગંબર છો;કારણકે પવિત્ર અલ્લાહએ પોતે જ જાણ કરી છે કે મુહમ્મદ ﷺ અંતિમ પયગંબર છે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ مَّا كَانَ مُحَمَّدٌ أَبَا أَحَدٍ مِّن رِّجَالِكُمْ وَلَٰكِن رَّسُولَ اللَّهِ وَخَاتَمَ النَّبِيِّينَ }[186]، {(હે લોકો !) મુહમ્મદ ﷺ કોઇ પુરુષના પિતા નથી, પરંતુ મુહમ્મદ ﷺ ફક્ત અલ્લાહના પયગંબર છે, અને દરેક પયગંબરમાંના છેલ્લા છે.} ([૧૮૭],અને નબી ﷺ એ પોતે પોતાના વિશે કહ્યું:(હે લોકો ! મુહમ્મદ તમારા પુરુષો માંથી કોઈના પિતા નથી, તે તો અલ્લાહના રસૂલ અને અલ્લાહના અંતિમ પયગંબર છે) [૧૮૮].[187]
હવે સમય આવી ગયો છે કે ઇસ્લામની ઓળખ કરાવવામાં આવે, તેની સત્યતા, તેનો સ્ત્રોત અને તેના પિલર અને દરજ્જા વર્ણન કરવામાં આવે.
ઇસ્લામ શબ્દનો અર્થ:
જો તમે ડિક્શનરી (શબ્દકોશ) વાંચશો તો તમને જાણવા મળશે કે ઇસ્લામ શબ્દનો અર્થ આ છે, "અનુસરણ, આજીજી, આદેશોને માનવા, હાકિમ સામે કોઈ પણ અવરોધ કર્યા વગર તેના આદેશો સ્વીકારવા અને તેની સમક્ષ પોતાને અર્પણ કરી દેવું",અલ્લાહ તઆલાએ સાચા દીનનું નામ ઇસ્લામ દીન રાખ્યું છે, કારણકે તે અલ્લાહનું અનુસરણ કરનાર, અને કોઈ શંકા વગર તેના આદેશોને માનવાવાળો, દરેક ઇબાદતોને તેના માટે ખાસ કરનાર, તેણે જણાવેલ ખબરની પુષ્ટિ કરવા અને તેના પર ઈમાન લાવવા પર આધારિત છે, ઇસ્લામ તે દીનનું નામ પડી ગયું જેની સાથે મુહમ્મદ ﷺ ને પયગંબરી સોંપવામાં આવી.
ઇસ્લામનો પરિચય [૧૮૯]:[188]
સત્ય દીનનું નામ ઇસ્લામ કેમ રાખવામાં આવ્યું? સૃષ્ટિ પર વિવિધ પ્રકારના જેટલાય દીન, ધર્મ છે, તમે જોશો કે કાંતો એ કોઈ ખાસ વ્યક્તિના નામ પર હશે અથવા કોઈ ખાસ કોમના નામ પર, નસ્રાનિયત દીનનું નામ નસારા દ્વારા પાડવામાં આવ્યું, બુદ્ધિષ્ટ ધર્મનું નામ તેમના ધર્મ ગુરુ બૌદ્ધના નામ પરથી પડ્યું, ઝરતિશ્ત પોતાના નામથી એટલા માટે વિખ્યાત છે કે તેના સ્થાપકનું નામ "ઝરતિશ્ત" હતું, એવી જ રીતે યહૂદી ધર્મ એક એવા કબીલા વચ્ચે જાહેર થયો જેમને યહૂઝા કહેવામાં

---

[183] ૧૮૪] વર્ણવેલ વાતો જુઓ: માટે અલ્ અકીદહ અત્તહાવિયહના, પેજ નંબર: ૧૫૬, અને લવામિઉલ્ અનવાર અલ્ બહીય્યહ, ભાગ નંબર: ૨, પેજ નંબર: ૨૬૯- ૨૭૭ સુધી અને મબાદીઉલ્ ઇસ્લામ: પેજ નંબર: ૬૪.
[184] ૧૮૫] ઇન્જિલે મત્તા, ૨૧: ૪૨.
[185] ૧૮૬] જુઓ: મુહમ્મદ ﷺ ફીત્ તૌરાત વલ્ ઇન્જિલ વલ્ કુરઆન, લેખક: હિદાયત પામનાર ઇબ્રાહિમ ખલીલ અહમદ, પેજ નંબર: ૭૩, અને આ હદીષને ઇમામ બુખારી રહ. એ કિતાબુલ્ મનાકિબમાં પાઠ: ૧૮ માં વર્ણન કરી છે, અને શબ્દો તેમના જ છે, અને મુસ્લિમમાં કિતાબુલ ફઝાઇલ, હદીષ નંબર: ૨૨૮૬, અબુ હુરૈરહ દ્વારા મરફુઅ રિવાયત આવી છે, અને મુસન્દમાં ભાગ: ૨, પેજ નંબર: ૨૫૬-૩૧૨.
[186] ૧૮૭] અલ્ અહઝાબ, આયત નંબર: ૪૦.
[187] ૧૮૮] ઇમામ અહમદ રહ.એ આ હદીષ મુસન્દમાં ભાગ: ૨, પેજ નંબર: ૪૧૧-૪૧૨ માં વર્ણન કરી છે, અને ઇમામ મુસ્લિમ રહ.એ આ હદીષ કિતાબુલ્ મસાજિદમાં વર્ણન કરી છે, અને શબ્દો તેમના જ છે, હદીષ નંબર: ૫૨૩.
[188] ૧૮૯] વધુ માહિતી માટે જુઓ આ પુસ્તક: "મબાદીઉલ્ ઇસ્લામ" લેખક: અશ શેખ હમૂદ બિન મુહમ્મદ અલ્ લાહિમ, અને બીજી એક પુસ્તક "દલીલુન્ મુખ્તસર લિફહમિલ્ ઇસ્લામ" લેખક: ઈબ્રાહીમ હર્બ.

આવતા હતું, આ ધર્મો સિવાય અન્ય ધર્મોની સ્થિતિ પણ આ પ્રમાણે જ છે.પરંતુ ઇસ્લામ દીનની બાબત અલગ છે, ઇસ્લામને કોઈ ખાસ વ્યક્તિ તરફ નિસબત આપવામાં નથી આવી, ન તો કોઈ ખાસ કોમ તરફ, પરંતુ તેનું નામ એક ખાસ ગુણની પુષ્ટિ કરે છે, જે ઇસ્લામ શબ્દમાં તમે જોઈ શકો છો,તેના નામ પરથી જ ખબર પડે છે કે આ દીનને કોઈ વ્યક્તિ અથવા કોમે લાવવાનો પ્રયત્ન નથી કર્યો, અને ન તો તેને કોઈ ખાસ કોમ તરફ નિસબત છે, પરંતુ તેનો ધ્યેય એ છે કે સૃષ્ટિના દરેકને માનવીઓને તેના ગુણ અપનાવવા માટે આમંત્રિત કરે, તે દરેક વ્યક્તિ જેમાં આ ગુણ હશે, ભલેને તે પહેલાના સમયનો હોય કે વર્તમાન સમયનો, તે મુસલમાન છે, અને એવી જ રીતે ભવિષ્યમાં જે વ્યક્તિ પાસે આ ગુણ હશે તે પણ મુસલમાન ગણવામાં આવશે.

## ઇસ્લામની સત્યતા:

એ વાત તો સ્પષ્ટ છે કે આ સૃષ્ટિની દરેક વસ્તુ એક ખાસ નિયમ અને નક્કી કરેલ તરીકાને અનુસરે છે, તેથી સૂર્ય, ચંદ્ર, જમીન અને તારાઓ એક ખાસ નિયમને અનુસરે છે, જેમના હદ કરતા એક વાળ બરાબર પણ આગળ નીકળવાની તેમનામાં ક્ષમતા નથી, અહીં સુધી કે તમે પોતે જ્યારે માનવી પર ધ્યાન કરશો તો તમને ખબર પડશે કે તે અલ્લાહના નિયમ પ્રમાણે સંપૂર્ણ તાબે છે, તેને શ્વાસ, હવા પાણી, પ્રકાશ અને ગરમીની જરૂર હોય છે, આ બધું અલ્લાહની તે હિકમત પ્રમાણે થતું હોય છે, જે તેના જીવનનું સુંદર આયોજન કરે છે, તેના દરેક અંગો તકદીરના આધાર પર છે, આ અંગો જે જવાબદારી પુરી પાડે છે, તે દરેક અલ્લાહએ નક્કી કરેલ તરીકા પ્રમાણે હોય છે.

આ સામાન્ય અને સ્પષ્ટ તકદીર કે સૃષ્ટિની દરેક વસ્તુ જેને અનુસરે છે, અને તેના અનુસરણથી એક ક્ષણ બરાબર પણ ગાફેલ નથી થતી, ભલેને આકાશનો ભવ્ય તારો હોય અથવા જમીનનો એક સામાન્ય કણ, તે બધા તે મઅબૂદની તકદીરના કારણે છે, જે મહાન બાદશાહ અને સંપૂર્ણ કુદરત ધરાવનાર છે,તો સંપૂર્ણ સૃષ્ટિ તે મઅબૂદને અનુસરે છે, જેણે તેમનું સર્જન કર્યું, આ વાતથી જાણવા મળ્યું કે ઇસ્લામ સંપૂર્ણ સૃષ્ટિનો દીન છે, કારણકે ઇસ્લામનો અર્થ થાય છે અનુસરણ કરનાર, અને કોઈ અવરોધ ઉઠાવ્યા વગર હાકિમના આદેશોનો સ્વીકાર કરવો, અને તેણે રોકેલા કાર્યોથી રુકી જવું, જેવું કે તમે ઉપર વ્યાખ્યા વાંચી હશે.એવી જ રીતે સૂર્ય, ચંદ્ર અને જમીન તાબે છે, હવા, પાણી, પ્રકાશ અને અંધારું અને ગરમી પણ તાબે છે, ઝાડ, પથ્થર અને ઢોર પણ તાબે છે, પરંતુ તે માનવી, જે પોતાના પાલનહારની ઓળખ ન રાખતો હોય, તેના અસ્તિત્વ અને નિશાનીઓને ઇન્કાર કરતો હોય, તેના સિવાય અન્યની બંદગી કરતો હોય, તેની સાથે અન્યને ભાગીદાર ઠેહરાવતો હોય, તે પણ પોતાની ફિતરતના કારણે તાબે હોય છે, જેના પર તેનું સર્જન થયું છે.

જ્યારે તમે આ વાત જાણી લીધી તો આવો હવે માનવી પર થોડુંક ધ્યાન ધરીએ, માનવીને બે પ્રકારની શક્તિ પોતાની તરફ આકર્ષક કરે છે:

પ્રથમ: તે ફિતરત છે, જેના પર અલ્લાહએ તેનું સર્જન કર્યું, અર્થાત્ પોતાને અલ્લાહના સોંપી દેવું, તેની ઈબાદત અને નિકટતા સાથે મોહબ્બત, અલ્લાહ તઆલાને જે સત્ય, ભલાઈ, સચ્ચાઈ પ્રિય છે, તેનાથી મોહબ્બત, અને અલ્લાહને જે બાતેલ, વ્યર્થ કાર્ય, બુરાઈ, ગુનાહ, જુલમ અને અત્યાચાર નાપસંદ છે, તેમનાથી દ્વેષ અને નફરત કરવી, એવી જ રીતે માલ અને સંતાનની મોહબ્બત, ખાવા પીવા અને શાદી જેવી મનેચ્છાઓ સાથે મોહબ્બત અને આ મોહબ્બતના કારણે શરીરના અંગો દ્વારા તે કાર્યો વિશે જરૂરી જવાબદારીઓને પુરી પાડવી.

બીજું: માનવીનો ઈરાદો અને ઈચ્છા, અલ્લાહ તઆલાએ તેની પાસે પયગંબરો મોકલ્યા અને પોતાની કિતાબ ઉતારી, જેથી કરીને તે સત્ય અને અસત્ય, હિદાયત અને ગુમરાહી, અને ભલાઈ તેમજ બુરાઈ વચ્ચે તફાવત કરી શકે, અને તેને બુદ્ધિ તેમજ સમજ આપી, જેથી તે હિકમત સાથે સત્ય વાતની પરખ કરે, જો તે ભલાઈના માર્ગે ચાલશે તો તે માર્ગ તેને હિદાયત તરફ લઈ જશે અને જો તે બુરાઈના માર્ગે ચાલશે તો તેને તે માર્ગ ગુમરાહીના માર્ગે લઈ જશે,

જો તમે પ્રથમ શક્તિ પ્રમાણે માનવીને જોશો તો તમે જાણી લેશો કે તેની ફિતરતમાં સોંપી દેવું અને અનુસરણ તેમજ ફરમાબદારી તેનામાં છે જ, અને અન્ય સર્જનની જેમ જ તેને પણ પોતાની હદથી આગળ વધવાનો કોઈ અધિકાર નથી.

અને જો બીજી શક્તિ પ્રમાણે તેને જોશો તો જાણી લેશો કે તે એક સ્વંઅધિકાર સર્જન છે, તે જે ઈચ્છે છે, કરે છે, એટલા માટે કાંતો ઇસ્લામ પર બાકી રહેશે અથવા કાફિર બની જશે.{ إِمَّا شَاكِرًا وَإِمَّا كَفُورًا }[189]. {હવે ચાહે તો તે આભારી બને અથવા તો કૃતઘ્ની.} [૧૯૦].

એટલા માટે જ તમે બે પ્રકારના લોકો જોશો:

એક તે માનવી, જે પોતાના પાલનહારની ઓળખ કરે છે, તેને પોતાનો પાલનહાર, મઅબૂદ, બાદશાહ સ્વીકાર કરી તેના પર ઈમાન લાવે છે, ફક્ત તેની જ બંદગી કરે છે, પોતાનું સ્વંત્રત જીવન તેની શરીઅત પ્રમાણે પસાર કરે છે, ઠીક એવી જ રીતે જેવું કે તેની ફિતરતમાં પોતાના પાલનહાર સામે તાબેદારી નક્કી કરી દીધી છે, અને તેના માટે ભાગવાનો કોઈ માર્ગ નથી, પરંતુ તે તકદીરને તાબે છે, અને આ જ સંપૂર્ણ મુસ્લિમ વ્યક્તિ છે, જેને ઇસ્લામ પૂરો કરે છે, અને યોગ્ય જ્ઞાન છે;કારણકે તે પોતાના તે સર્જકને જાણે છે, જેણે તેની પાસે પયગંબરો મોકલ્યા અને તેને શીખવાડની શક્તિ આપી, જેના કારણે તેની બુદ્ધિ અને સમજને એક સાચી દિશા મળી;એટલા માટે કે તેણે તેની બુદ્ધિનો સદ્ઉપયોગ કરતા નિર્ણય કર્યો કે તે ફક્ત એક અલ્લાહની જ બંદગી કરશે, જેણે તેને દરેક બાબતોમાં ચિંતા કરવાની સમજ આપી, છેવટે તેની જબાન સાચી દિશા અપનાવે છે, અને સત્ય વાત કહે છે, કારણકે હવે તે એક પાલનહારનો એકરાર કરે છે, જે અલ્લાહ તઆલા છે, જેણે તેને બોલવાની શક્તિ આપી, તો હવે તેના જીવનમાં સત્યતા સિવાય કંઈ પણ નથી રહ્યું, એટલા માટે કે તે પોતાના અધિકારથી શરીઅતની પાબંદી કરે છે, એવી રીતે તેની અને સૃષ્ટિના દરેક સર્જન વચ્ચે ઓળખ અને લગાવ થઈ જાય છે, કારણકે તે ફક્ત હિકમતવાળા, શક્તિશાળી અને સંપૂર્ણ જાણવાવાળો અલ્લાહની ઈબાદત કરે છે, જેની ઈબાદત, જેના આદેશોનો સ્વીકાર કરનાર અને જેની તકદીરનો સ્વીકાર તે દરેક સર્જન કરે છે, જેને હે માનવી ! અલ્લાહએ તારા તાબે કરી રાખી છે.

## કુફ્રની સત્યતા:

---

[189] ૧૯૦] અલ્ ઇન્સાન, આયત નંબર: ૩.

તે સિવાય એક બીજો વ્યક્તિ છે, જે સંપૂર્ણ સ્વંત્રતા પેદા થયો, અને સંપૂર્ણ જીવન સ્વંત્રતા પ્રમાણે પસાર કર્યું, પરંતુ તેને પોતાની સ્વંત્રતાનો સહેજ પણ એહસાસ ન થયો, ન તો તે પોતાના પાલનહારને જાણી શક્યો, ન તો તેની શરીઅત પર ઈમાન લાવ્યો, ન તો તેના પયગંબરોનું અનુસરણ કર્યું, અને ન તો અલ્લાહએ આપેલ ઓળખ કરવાની શક્તિનો ઉપયોગ કર્યો કે તે તેની ઝાતને જાણી શકે, જેણે તેનું સર્જન કર્યું અને તેના માટે કાન તેમજ આંખ બનાવી,અને તે તેના અસ્તિત્વનો ઇન્કાર કરવા લાગ્યો, તેની ઈબાદત સામે ઘમંડ કરવા લાગ્યો, અને જીવનના જે બાબતોમાં તેને અધિકાર મળ્યો હતો, તેમાં તેણે શરીઅત પર ચાલવાનો ઇન્કાર કરી દીધો, અથવા અલ્લાહ સાથે અન્યને શરીક કરી લીધા,અને અલ્લાહની એકાગ્રતા પર પુષ્ટિ કરનારી નિશાનીઓનો ઇન્કાર કરવા લાગ્યો, આવો વ્યક્તિ કાફિર છે.એટલા માટે કે કુફ્રનો અર્થ થાય છે, છુપાવવું અને ઢાંકવું, અરબીમાં કહેવામાં આવે છે કે "કફર દિરઅહુ બિષવબીહી" કે તેણે પોતાના કપડાં વડે પોતાનું બખ્તર ઢાંકી લીધું, આવા વ્યક્તિને કાફિર કહેવામાં આવે છે, એટલા માટે કે તેણે પોતાની ફિતરતને છુપાવી લીધી અને તેના પર અજ્ઞાનતા અને  મૂર્ખતાનો પરદો ઢાંકી દીધો.તમે જાણો છો કે તેનો જન્મ ઇસ્લામની ફિતરત પ્રમાણે થયો છે, તેનું શરીર અને અંગો ફિતરત પ્રમાણે જ કાર્યરત છે,તેની આજુબાજુની સંપૂર્ણ દુનિયા પોતાને અલ્લાહના હવાલે કરી દેવાના નિયમ પ્રમાણે જ ચાલે છે, પરંતુ તેણે પોતાની અને દુનિયાની ફિતરત પર અજ્ઞાનતાનો પરદો નાખી દીધો, એટલા માટે તે તેની હિકમત વાળી નઝરથી દૂર થઈ ગઈ, જેના કારણે તે પોતાની બુદ્ધિ અને જ્ઞાની શક્તિઓને ફિતરત વિરુદ્ધ જ ઉપયોગ કરતો હોય છે, આવી જ બાબતો તેને દેખાઈ પણ છે અને તેના દરેક પ્રયત્નો આવી જ બાબતોની આજુબાજુ ચક્કર લગાવતા હોય છે.

હવે તમે અંદાજો લગાવી શકો છો કે કાફિર વ્યક્તિ ગુમરાહીના અંધકારમાં કઈ અંશ સુધી દૂર જતો રહે છે [૧૯૧] .[190]

આ ઇસ્લામ જે તમારાથી તેનું અનુસરણ કરવાની માંગણી કરે છે, તે કોઈ સખત કાર્ય નથી પરંતુ જેના માટે અલ્લાહ આસાન કરી દે, તેના માટે તે આસાન છે, કારણ કે ઇસ્લામ જ તે મૂળયુ છે, જેના પર સંપૂર્ણ સૃષ્ટિ ફરી રહી છે:{ وَلَهُ أَسْلَمَ مَن فِي السَّمَاوَاتِ وَالْأَرْضِ طَوْعًا وَكَرْهًا }[191]، {જો કે જે કંઈ આકાશોમાં છે અથવા જે કંઈ ઝમીનમાં છે, દરેક અલ્લાહ તઆલાના જ આજ્ઞાકારી છે, રાજી હોય અથવા ન હોય} [૧૯૨],અને તે અલ્લાહનો દીન છે, જેવું કે અલ્લાહ તઆલાએ કહ્યું:{ إِنَّ الدِّينَ عِندَ اللَّهِ الْإِسْلَامُ }[192]، {નિંશંક અલ્લાહ તઆલાની નજીક દીન ઇસ્લામ જ છે} [૧૯૩] ,ઇસ્લામ, અલ્લાહ સામે પોતાને ઝુકાવી દેવાનું નામ છે, અલ્લાહ તઆલા કહે છે:{ فَإِنْ حَاجُّوكَ فَقُلْ أَسْلَمْتُ وَجْهِيَ لِلَّهِ وَمَنِ اتَّبَعَنِ }[193]، {તો પણ આ લોકો (અહલે કિતાબ આ વિવાદાસ્પદ વાતોમાં) તમારી સાથે ઝઘડો કરે તો તમે કહી દો કે હું અને મારુ અનુસરણ કરનારાઓએ અલ્લાહ તઆલાની સમક્ષ પોતાનું મસ્તક ઝુકાવી દીધું છે} [૧૯૪] ,આપ ﷺ એ ઇસ્લામનો અર્થ અને તેની સમજૂતી પોતાના શબ્દમાં વર્ણન કરતા કહ્યું:(પોતાનું હૃદય તેના હવાલે કરી દો અને પોતાનો ચહેરો અલ્લાહનો સમક્ષ ઝુકાવી દો, અને ફરજ ઝકાત આપતા રહો)[૧૯૫],(એક વ્યક્તિએ આપ ﷺ ને સવાલ કર્યો, ઇસ્લામ શું છે? આપ ﷺ એ કહ્યું: કે એ કે તમારું હૃદય અલ્લાહના હવાલે કરી દો અને તમારી જબાન અને હાથ બીજા મુસલમાનને તકલીફ આપવાથી રોકાઈ જાય, તેણે કહ્યું કે સૌથી શ્રેષ્ઠ ઇસ્લામ કયો છે? આપ ﷺ એ કહ્યું: કે ઈમાન, તેણે ફરી સવાલ કર્યો કે ઈમાન એટલે શું? આપ ﷺ એકહ્યું: કે અલ્લાહ પર, ફરિશ્તાઓ પર, તેની કિતાબો પર અને તેના પયગંબરો પર અને મૃત્યુ પછી ફરી જીવિત થવા પર ઈમાન) [૧૯૬].એવી જ રીતે આપ ﷺ એ કહ્યું:(ઇસ્લામ: ગવાહી આપવી કે અલ્લાહ સિવાય કોઈ ઈબાદતને લાયક નથી અને મુહમ્મદ ﷺ અલ્લાહના રસૂલ છે, નમાઝ કાયમ કરવી, ઝકાત આપવી, રમઝાન રોઝા રાખવા, અને બૈતુલ્લાહનો હજ કરવો જો શક્તિ ધરાવતા હોય [૧૯૭],અને કહ્યું: (મુસલમાન તે છે જેની જબાન અને હાથથી બીજા મુસલમાન સુરક્ષિત રહે [૧૯૮].[194*195*196*197]

આ તે જ દીને ઇસ્લામ છે, જેના સિવાય કોઈ દીન અલ્લાહ પાસે કબૂલ નથી, ન તો પ્રાચીન સમયમાં અને ન તો વર્તમાન સમયમાં, કારણકે દરેક પયગંબર ઇસ્લામ દીન પર જ હતા, અલ્લાહ તઆલાએ  નૂહ અ.સ. વિશે કહ્યું:{ وَاتْلُ عَلَيْهِمْ نَبَأَ نُوحٍ إِذْ قَالَ لِقَوْمِهِ يَا قَوْمِ إِن كَانَ كَبُرَ عَلَيْكُم مَّقَامِي وَتَذْكِيرِي بِآيَاتِ اللَّهِ فَعَلَى اللَّهِ تَوَكَّلْتُ {અને તમે તેમને નૂહ નો કિસ્સો વાંચી સંભળાવો, જ્યારે તેમણે પોતાની કોમને કહ્યું, કે હે મારી કોમના લોકો ! જો તમને મારું અહીંયા રહેવું અને અલ્લાહના આદેશોની શિખામણ આપવી કઠીન લાગતું હોય, તો મારો ભરોસો અલ્લાહ પર જ છેઅહીં સુધી કહ્યું:وَأُمِرْتُ أَنْ أَكُونَ مِنَ الْمُسْلِمِينَ }[198]، અને મને આદેશ આપવામાં આવ્યો છે કે હું મુસલમાન બનીને રહું} ([૧૯૯],અને બીજી જગ્યાએ અલ્લાહ તઆલા જેના વખાણ ઉચ્ચ છે ઈબ્રાહીમ અ.સ. વિશે કહ્યું:{ إِذْ قَالَ لَهُ رَبُّهُ أَسْلِمْ ۖ قَالَ أَسْلَمْتُ لِرَبِّ الْعَالَمِينَ }[199]، {જ્યારે પણ તેઓને તેઓના પાલનહારે કહ્યું,

---

[190] ૧૯૧] મબાદીઉલ્ ઇસ્લામ પેજ નંબર: 3-૪.
[191] ૧૯૨] આલિ ઇમરાન, આયત નંબર: ૮૩.
[192] ૧૯૩] આલિ ઇમરાન, આયત નંબર: ૧૯.
[193] ૧૯૪] આલિ ઇમરાન, આયત નંબર: ૨૦.
[194] ૧૯૫] આ હદીષને ઇમામ અહમદે ભાગ: ૫, પેજ નંબર: ૩ અને ઈબ્ને હિબ્બાને ભાગ: ૧, પેજ નંબર:  ૩૭૭ માં રિવાયત કરી છે.
[195] ૧૯૬] આ હદીષને ઇમામ અહમદે પોતાની મુસન્દમાં રિવાયત કરી છે, ભાગ: ૪, પેજ નંબર: ૧૧૪, અને હયષમી મજમુઉલ ઝવાઇદ  ભાગ: ૧, પેજ નંબર: ૫૯, માં કહે છે, કે આ હદીષને ઇમામ અહમદે પોતાની મુસન્દમાં અને તિબરાની એ પોતાની અલ કબીરમાં આ શબ્દો વડે જ રિવાયત કરી છે, અને તેના દરેક રાવી ભરોસાપાત્ર છે, જુઓ: ઇમામ મુહમ્મદ બિન અબ્દુલ વહહાબ રહ.ની કિતાબ રિસાલતુ ફઝલીલ ઇસ્લામિ. પેજ નંબર: ૮.
[196] ૧૯૭] આ હદીષને ઇમામ મુસ્લિમ રહ. એ કિતાબુલ્ ઈમાનમાં વર્ણન કરી છે, હદીષ નંબર ૮.
[197] ૧૯૮] ઇમામ બુખારી રહ. એ આ હદીષને કિતાબુલ્ ઇમાનમાં, પાઠ મુસલમાન તે છે, જેની જબાન અને હાથથી બીજા મુસલમાન સુરક્ષિત રહે, અને આ શબ્દો આ જ રિવાયતના છે, અને ઇમામ મુસ્લિમ રહ. એ કિતાબુલ્ ઈમાન હદીષ નંબર: ૩૯ વર્ણન કરી છે.
[198] ૧૯૯] યુનૂસ, આયત નંબર: ૭૧-૭૨.
[199] ૨૦૦] અલ્ બકરહ, આયત નંબર: ૧૩૧.

આજ્ઞાકારી બની જાઓ, તો તેઓએ કહ્યું, હું સમગ્રસૃષ્ટિના પાલનહારનો આજ્ઞાકારી બની ગયો છું} [૧૯૯],અને બીજી જગ્યાએ અલ્લાહ તઆલા જેના વખાણ ઉચ્ચ છે મૂસા અ.સ. વિશે કહ્યું:{ وَقَالَ مُوسَىٰ يَا قَوْمِ إِن كُنتُمْ آمَنتُم بِاللَّهِ فَعَلَيْهِ تَوَكَّلُوا إِن كُنتُم مُّسْلِمِينَ }[200]، {અને મૂસાએ કહ્યું કે હે મારી કોમના લોકો ! જો તમે અલ્લાહ પર ઇમાન રાખતા હોવ તો તેના પર જ ભરોસો કરો, જો તમે મુસલમાન હોય} [૨૦૧],અને ઈસા મસીહ અ.સ. વિશે ખબર આપતા કહ્યું:{ وَإِذْ أَوْحَيْتُ إِلَى الْحَوَارِيِّينَ أَنْ آمِنُوا بِي وَبِرَسُولِي قَالُوا آمَنَّا وَاشْهَدْ بِأَنَّنَا مُسْلِمُونَ }[201]. {અને જ્યારે કે મેં હવ્વારી (મદદ કરનાર) ને આદેશ આપ્યો કે તમે મારા પર અને મારા પયગંબર પર ઈમાન લાવો, તેઓએ કહ્યું કે અમે ઈમાન લાવ્યા અને તમે સાક્ષી રહો કે અમે સંપૂર્ણ આજ્ઞાકારી છે} [૨૦૧].

આ દીન ઇસ્લામ, પોતાના નિયમ, અકીદા અને આદેશો અલ્લાહની વહી કુરઆન અને સુન્નતથી પ્રાપ્ત કરે છે, એટલા માટે હું આપની સમક્ષ કુરઆન અને હદીષની સંક્ષિપ્ત વ્યાખ્યા રજૂ કરવા જઈ રહ્યો છું.

# ઇસ્લામના નિયમોના સ્ત્રોતો

બાતેલ દીનના અનુયાયીઓ અને પોતે ઘડી કાઢનાર પંથોના અનુયાયીઓ સામાન્ય રીતે પોતાની કિતાબોને પવિત્ર સમજતા હોય છે, જે પ્રાચીન સમયમાં લખવામાં આવી હતી, પરંતુ કેટલીક વખત તો તેઓ આનાથી પણ અજાણ હોય છે કે તેમના સાચા લેખક અને ભાષાતર કરનાર કોણ છે અને ક્યાં સમયમાં તેને લખવામાં આવી છે? સાચી વાત એ છે કે તેને એવા લોકોએ લખી છે, જેઓને તે દરેક નબળાઈ, અશક્તિ, કમી, મનેચ્છા અને ભૂલચૂક થતી હોય છે, જે સમગ્ર માનવીઓને થતી હોય છે.

જ્યાં સુધી ઇસ્લામની વાત કરીએ તો તે અન્ય દીન કરતા પ્રાથમિકતા ધરાવે છે અને એક ઉચ્ચ પદ ધરાવે છે કે તેનો ભરોસો એક એવા પાયા પર છે, જે અત્યંત સાચો છે, અર્થાત (અલ્લાહની વહી) અલ્લાહની વહીના બે મસદર એક કુરઆન અને બીજું હદીષ છે, નીચે અમો આ બંને વિશે સંક્ષિપ્ત વ્યાખ્યા વર્ણન કરી રહ્યા છે:

## અ: અલ્ કુરઆનુલ અઝીમ:

તમે જાણી ચુક્યા છો કે ઇસ્લામ દીન જ અલ્લાહ તઆલાનો દીન છે, તેના માટે જ અલ્લાહ તઆલાએ આપ ﷺ પર કુરઆન મજીદ ઉતાર્યું, જે ડરવાવાળાઓ માટે હિદાયત, મુસલમાનો માટે જીવન જીવવાનું બંધારણ છે, જેને અલ્લાહએ શિફા આપવા ઈચ્છે તેમના માટે તે શિફા છે અને જેમને સફળ કરવા ઈચ્છે અને જેને નૂર તેમજ પ્રકાશ આપવા ઈચ્છે તેમના માટે એક પ્રકાશની કિરણ છે,કુરઆન મજીદ તે નિયમો પર આધારિત છે, જેના માટે પયગંબરો અને નબીયોને મોકલવામાં આવ્યા. [૨૦૩] જેવી રીતે મુહમ્મદ પયગંબર કોઈ અનોખા નબી ન હતા એવી જ રીતે કુરઆન પણ કોઈ અનોખી કિતાબ નથી,કારણકે આ પહેલા પણ અલ્લાહ તઆલાએ ઈબ્રાહીમ પર તેમના સહિફા ઉતાર્યા, મૂસાને તોરાત, દાવુદને ઝબૂર, અને ઈસાને ઈંજિલ આપી, આ દરેક કિતાબો અલ્લાહની વહી હતી, જેમને અલ્લાહએ પોતાના પયગંબરો પર ઉતારી, પરંતુ તે પ્રાચીન કિતાબોનો વધારે ભાગ ગુમ છે, અને તેમાં ફેરફાર કરી દેવામાં આવ્યો.[202]

પરંતુ કુરઆન મજીદની હિફાજતની જવાબદારી પોતે અલ્લાહએ લઈ રાખી છે, અને તેને દરેક પાછળની કિતાબોની સંરક્ષક અને નાસિખ નક્કી કરવામાં આવી, અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَأَنزَلْنَا إِلَيْكَ الْكِتَابَ بِالْحَقِّ مُصَدِّقًا لِّمَا بَيْنَ يَدَيْهِ مِنَ الْكِتَابِ وَمُهَيْمِنًا عَلَيْهِ }[203]، {અને અમે તમારી તરફ સાચી કિતાબ (કુરઆન) ઉતારી છે, જે પોતાના કરતા પહેલાની કિતાબોની પુષ્ટિ કરે છે અને તે (કિતાબો)ની સુરક્ષા પણ કરે છે} [૨૦૪],અલ્લાહએ કુરઆન મજીદનો આ ગુણ વર્ણન કર્યો છે, તેમાં દરેક વાતનો સ્પષ્ટ હલ મળે છે, અલ્લાહ તઆલા જેના વખાણ ઉચ્ચ છે કહ્યું:{ وَنَزَّلْنَا عَلَيْكَ الْكِتَابَ تِبْيَانًا لِّكُلِّ شَيْءٍ }[204]، {અમે તમારા પર એવી કિતાબ ઉતારી છે, જેમાં દરેક વસ્તુનું સ્પષ્ટ રીતે વર્ણન કરવામાં આવ્યું છે} [૨૦૫],અને આ કિતાબ હિદાયત તેમજ રહેમત છે, જબદસ્ત અને ઉચ્ચ અલ્લાહએ કહ્યું:{ فَقَدْ جَاءَكُم بَيِّنَةٌ مِّن رَّبِّكُمْ وَهُدًى وَرَحْمَةٌ }[205]، {તો હવે તમારી પાસે તમારા પાલનહાર તરફથી એક સ્પષ્ટ પુરાવો, હિદાયત અને રહેમત આવી પહોંચી છે} [૨૦૬],અને અત્યંત સીધા માર્ગ તરફ માર્ગદર્શન આપે છે:{ إِنَّ هَٰذَا الْقُرْآنَ يَهْدِي لِلَّتِي هِيَ أَقْوَمُ }[206]، {આ કુરઆન તે માર્ગ તરફ માર્ગદર્શન આપે છે, જે તદ્દન સાચો છે} [૨૦૭],જાણવા મળ્યું કે કુરઆન મજીદ માનવ જીવનના દરેક મામલામાં સૌથી સીધા માર્ગ તરફ માર્ગદર્શન આપે છે.

કુરઆન મજીદ આપ ﷺ નો એક એવો મુઅજિઝો છે, જે કયામત સુધી બાકી રહેવાવાળા અન્ય મૂઅજિઝા સાથે બાકી રહેશે, જ્યારે કે અન્ય પયગંબરોના મુઅજિઝા તેમના જીવન સાથે સમાપ્ત થઈ જતા હતા, પરંતુ કુરઆન મજીદને હમેંશા બાકી રહેવાવાળો પુરાવો અને દલીલ બનાવ્યું છે.

તેના શબ્દો અત્યંત સ્પષ્ટ, અને ખૂબ જ સ્પષ્ટ નિશાની છે, જેના વિશે અલ્લાહએ દરેક માનવીઓને ચેલેન્જ કર્યું કે તેના જેવી કોઈ કિતાબ, દસ સૂરતો અથવા ફક્ત એક જ સુરત લાવી બતાવે, પરંતુ તે દરેક લોકો અસમર્થ છે, લાવી ન શક્યા, જો કે કુરઆનમાં શબ્દો અને વાક્યો છે, અને જે કોમ વચ્ચે આ કુરઆન ઉતારવામાં આવ્યું હતું, તેમનું પોતાની જબાનમાં એક નામ હતું, અલ્લાહ તઆલાએ કહ્યું:{ أَمْ يَقُولُونَ افْتَرَاهُ ۖ قُلْ فَأْتُوا بِسُورَةٍ مِّثْلِهِ وَادْعُوا مَنِ اسْتَطَعْتُم مِّن دُونِ اللَّهِ إِن كُنتُمْ صَادِقِينَ }[207]. {શું આ લોકો એમ કહે છે કે તમે પોતે જ આ કુરઆન ઘડી કાઢ્યું છે ? તમે તેમને કહી દો કે જો તમે સાચા હોવ તો પછી તમે પણ

---

[200] ૨૦૧] યૂનુસ, આયત નંબર: ૮૪.

[201] ૨૦૨] અત્ તદમુરિય્યહ, પેજ નંબર: ૧૦૯-૧૧૦, અલ્ માઈદહ, આયત નંબર: ૧૧૧.

[202] ૨૦૩] અસ્ સુન્નતુ વ મકાનતુહા ફી તશરીઇલ્ ઇસ્લામી, લેખક: મુસ્તુફા અસ્ સબાઈ, પેજ નંબર: ૩૭૬.

[203] ૨૦૪] અલ્ માઇદહ, આયત નંબર: ૪૮.

[204] ૨૦૫] અન્ નહલ, આયત નંબર: ૮૯.

[205] ૨૦૬] અલ્ અન્આમ, આયત નંબર: ૧૫૭.

[206] ૨૦૭] અલ્ ઇસ્, આયત નંબર: ૯.

[207] ૨૦૮] યૂનુસ, આયત નંબર: ૩૮.

તેના જેવી એક જ સૂરહ લાવી બતાવો, અને અલ્લાહ સિવાય જેને તમે (મદદ કરવા માટે) બોલાવી શકતા હોય, બોલાવી લો} [૨૦૮].
આ કુરઆન અલ્લાહ તઆલાની વહી છે, તેનો એક પુરાવો આ પણ છે કે તેમાં પ્રાચીન સમયમાં કોમોની ખબર આપવામાં આવી છે, ભવિષ્યના કેટલાક સંજોગોનું વર્ણન થયું છે, જે તેની માફક જ થયા, જેવી કુરઆન મજીદે ખબર આપી, અને ઘણી એવી સાયન્સની દલીલો પણ છે, જે વર્તમાન સમયમાં આવીને કેટલીક વાતોની સચ્ચાઈ વૈજ્ઞાનિકો હાલ મળી છે,આ કુરઆન અલ્લાહ તરફથી વહી છે, તેની એક દલીલ એ પણ છે કે જે નબી પર કુરઆન ઉતારવામાં આવ્યું, તેમની જબાન વડે કુરઆન ઉતારવામાં આવ્યું તે પહેલાં આ પ્રમાણેની વાત સાંભળવામાં નથી આવી, અને ન તો તેમના હવાલા દ્વારા નકલ કરવામાં આવી છે, અલ્લાહ તઆલા કહે છે:{ قُل لَّوْ شَاءَ اللَّهُ مَا تَلَوْتُهُ عَلَيْكُمْ وَلَا أَدْرَاكُم بِهِ ۖ فَقَدْ لَبِثْتُ فِيكُمْ عُمُرًا مِّن قَبْلِهِ ۚ أَفَلَا تَعْقِلُونَ }[208]، {તમે એવું કહી દો કે જો અલ્લાહ ઇચ્છે, તો હું તમારી સમક્ષ આ કુરઆન પઢીને ન સંભળાવતો અને ન તો અલ્લાહ તઆલા તમને તેની જાણ કરતો, કારણકે હું તમારી સાથે મારા જીવનનો એક લાંબો સમય વિતાવી ચૂક્યો છું, તો પણ તમે સમજતા નથી?} [૨૦૯],જો કે આપ ﷺ અભણ હતા, લખતા વાંચતા નહતા જાણતા, આપ ﷺ ના કોઈ શિક્ષક ન હતા, અને ન તો કોઈ શિક્ષકની કલાસમાં હાજરી આપી હતી, તો પણ આપ ﷺ એ જબરદસ્ત કુરઆનનું ચેલેન્જ કર્યું કે હવે તેના જેવુ લાવી બતાવો:{ وَمَا كُنتَ تَتْلُو مِن قَبْلِهِ مِن كِتَابٍ وَلَا تَخُطُّهُ بِيَمِينِكَ ۖ إِذًا لَّارْتَابَ الْمُبْطِلُونَ }[209]، {અને (હે નબી! ) આ પહેલા તમે કોઇ કિતાબ પઢી શકતા ન હતા અને ન કોઇ કિતાબને પોતાના હાથ વડે લખી શકતા હતા, જો આ પ્રમાણે હોત તો બાતિલ લોકો શંકા કરતા હોત} [૨૧૦],આ અભણ વ્યક્તિ, જેના ગુણ તૌરાત અને ઇન્જિલમાં વર્ણવ્યા છે, કે તે અભણ હશે અને લખતા વાંચતા નહીં જાણે, આપની પાસે યહૂદી અને નસ્રાનીઓના તે આલિમો જેમની પાસે તૌરાત અને ઇન્જિલનો થોડોક ભાગ બાકી હતો તેઓ પોતાના શંકાસ્પદ બોબતોનો નિર્ણય આપની સમક્ષ રજૂ કરતા અને આપને હાકિમ માનતા હતા, અલ્લાહ તઆલાએ સ્પષ્ટ કહી દીધું છે કે તૌરાત અને ઇન્જિલમાં આપના માટે કંઈ ખબર આપવામાં આવી છે:{ الَّذِينَ يَتَّبِعُونَ الرَّسُولَ النَّبِيَّ الْأُمِّيَّ الَّذِي يَجِدُونَهُ مَكْتُوبًا عِندَهُمْ فِي التَّوْرَاةِ وَالْإِنجِيلِ يَأْمُرُهُم بِالْمَعْرُوفِ وَيَنْهَاهُمْ عَنِ الْمُنكَرِ وَيُحِلُّ لَهُمُ الطَّيِّبَاتِ وَيُحَرِّمُ عَلَيْهِمُ الْخَبَائِثَ }[210]، {જે લોકો એવા અભણ પયગંબરનું અનુસરણ કરે છે, જેના વિશે તે લોકો પોતાની પાસે તૌરાત અને ઈંજીલમાં લખેલું જુએ છે, તે તેઓને સત્કાર્યોનો આદેશ આપે છે અને ખરાબ કૃત્યોથી રોકે છે, અને પવિત્ર વસ્તુઓને હલાલ ઠેરવે છે અને ખરાબ વસ્તુઓને હરામ ઠેરવે છે} [૨૧૧],અલ્લાહ તઆલાએ યહૂદી અને નસ્રાની આપ ﷺ પાસે જે સવાલો કરતા હતા તેને સ્પષ્ટ કરતાં કહ્યું:{ يَسْأَلُكَ أَهْلُ الْكِتَابِ أَن تُنَزِّلَ عَلَيْهِمْ كِتَابًا مِّنَ السَّمَاءِ }[211]، {અહલે કિતાબ તમારી પાસે માંગણી કરી રહ્યા છે કે તમે તેઓની સામે આકાશ માંથી કોઇ કિતાબ લાવો} [૨૧૨],અને બીજી જગ્યાએ અલ્લાહ તઆલા જેના વખાણ ઉચ્ચ છે કહ્યું:{ وَيَسْأَلُونَكَ عَنِ الرُّوحِ }[212]، {તમે અમને રુહ વિશે જણાવો} [૨૧૩],અને પવિત્ર અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَيَسْأَلُونَكَ عَن ذِي الْقَرْنَيْنِ }[213]، આ લોકો તમને "ઝૂલ્-કરનૈન" નો કિસ્સો પૂછે છે,[૨૧૪],અને પવિત્ર અલ્લાહ એ કહ્યું:{ إِنَّ هَٰذَا الْقُرْآنَ يَقُصُّ عَلَىٰ بَنِي إِسْرَائِيلَ أَكْثَرَ الَّذِي هُمْ فِيهِ يَخْتَلِفُونَ }[214]. {ખરેખર આ કુરઆન મજીદ બની ઇસ્રાઇલની સામે તે દરેક વાતોને વર્ણન કરી રહ્યું છે, જેમાં તેઓ વિવાદ કરતા હતા.} [૨૧૫].
પાદરી ઈબ્રાહીમ ફિલિપ્સે પી, એચ, ડીના અધ્યાયમાં કુરઆનની અપવિત્રતા વર્ણન કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તે ન કરી શક્યો, અને કુરઆનની દલીલ સામે તે લાચાર બની ગયો, અમે હારીને તેણે પોતાની લાચારીનું એલાન કર્યું પોતાના સર્જક સામે માથું ઝુકાવી દીધું અને મુસલમાન બની ગયો. [૨૧૬].[215]
જ્યારે એક મુસલમાને અમેરિકન ડોકટર જફરી લાંગને કુરઆન મજીદનો એક નુસખો હદીયા પેટે આપ્યો તો તેણે જોયું કે આ કુરઆન તેની ઝાતને સંબોધિત કરી રહ્યું છે, અને તેના સવાલોના જવાબ આપી રહ્યું છે, અને તેના અને તેની નફસ વચ્ચે જે રુકાવટ છે, તેને દૂર કરી રહ્યો છે,તેણે અહીં સુધી કહી દીધું: (ખરેખર જે ઝાતે કુરઆન ઉતાર્યું છે, તે મારા કરતાં વધારે મારાથી વાકેફ છે) [૨૧૭] આવું કેમ ન હોય? જ્યારે કે કુરઆન ઉતારવાવાળો તે છે, જેણે માનવીનું સર્જન કર્યું, અને તે પવિત્ર અલ્લાહ તઆલા છે,{ أَلَا يَعْلَمُ مَنْ خَلَقَ وَهُوَ اللَّطِيفُ الْخَبِيرُ }[216]. {શું તે જ ન જાણે, જેણે સૌનું સર્જન કર્યું ? તે દરેક વસ્તુની ખબર રાખનાર છે.} [૨૧૮].કુરઆન મજીદની સમજૂતી તેના ઇસ્લામ લાવવાનું કારણ અને આ પુસ્તકના પ્રસારણનું કારણ બન્યું, જેનાથી વર્ણવેલ વાત મેં આપની સમક્ષ રજુ કરી.[217]
કુરઆન મજીદમાં તે દરેક શિક્ષાઓ છે, જેની જરૂરત માનવીને પડી શકે છે, તેમાં અકીદા, આદેશો, વ્યવહાર, આદાબ જેવી શિક્ષાઓ છે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ مَّا فَرَّطْنَا فِي الْكِتَابِ مِن شَيْءٍ }[218]، {અમે તેમની પણ તકદીર લખવામાં કોઈ વસ્તુ છોડી નથી, પછી સૌ પોતાના પાલનહાર સમક્ષ ભેગા કરવામાં આવશે} [૨૧૯],તેમાં એક અલ્લાહ તરફ બોલાવવામાં આવે છે, અને અલ્લાહ તઆલાના પવિત્ર નામો અને ગુણોનું વર્ણન છે, તે પયગંબરો અને નબીયોની શિક્ષાઓને સાચી માનવા તરફ જોર આપે છે, આખિરત, હિસાબ અને કિતાબ તેમજ સજા અને બદલાને સાબિત કરવા અને તેની પુષ્ટિ કરવા માટે સમજાવે

---

[208] ૨૦૯] યૂનુસ, આયત નંબર: ૧૬.
[209] ૨૧૦] અલ્ અન્કબુત, આયત નંબર: ૪૮.
[210] ૨૧૧] અલ્ અઅરાફ, આયત નંબર: ૧૫૭.
[211] ૨૧૨] અન્ નિસા, આયત નંબર: ૧૫૩.
[212] ૨૧૩] અલ્ ઇસ્રા, આયત નંબર: ૮૫.
[213] ૨૧૪] અલ્ કહફ, આયત નંબર: ૮૩.
[214] ૨૧૫] અન્ નમલ, આયત નંબર: ૭૬.
[215] ૨૧૬] જુઓ: અલ્ મુશતશ્રિકુન વલ્ મુબશ્શિરુન ફીલ્ આલમિલ્ અરબી વલ્ ઇસ્લામિ, લેખક: ઈબ્રાહીમ ખલીલ અહમદ.
[216] ૨૧૭] અસ્ સિરાઉ મિન અજલિલ્ ઈમાન, લેખક: દૂકતુર જફરી લાંગ, ભાષાંતર: દૂકતુર મુનઝીર અલ્ અબસી,પ્રકાશક દારુલ્ ફિકર, પેજ નંબર: ૩૪.
[217] ૨૧૮] સૂરે તબારક, આયત નંબર: ૧૪.
[218] ૨૧૯] અલ્ અનઆમ, આયત નંબર: ૩૮.

છે, પાછળની કોમોના કિસ્સા અને આ દુનિયામાં તે લોકો પર કેવી કેવી મુસીબતો આવી અને તેનો સામનો કરવો પડ્યો અને આખિરતમાં તે લોકોને જે સજા અને બદલો મળવાનો છે, તે વિશે જાણ આપી છે.

તેમાં એવી ઘણી નિશાનીઓ, પુષ્ટિઓ, ઉદાહરણો છે, જે વૈજ્ઞનાનિકોને આશ્ચર્યચકિત કરી દે છે, જે દરેક સમય માટે યોગ્ય અને ખરી છે, તેમાં વૈજ્ઞનાનિકો અને રિસર્ચ કરનારાઓ માટે ઘણા ફાયદાકારક સામાન છે, હું આપની સમક્ષ ફક્ત ત્રણ ઉદાહરણ રજૂ કરવા જઈ રહ્યો છું, જેના કારણે આ વાત સાબિત થઈ જશે:

૧- અલ્લાહ તઆલા કહે છે:{ وَهُوَ الَّذِي مَرَجَ الْبَحْرَيْنِ هَٰذَا عَذْبٌ فُرَاتٌ وَهَٰذَا مِلْحٌ أُجَاجٌ وَجَعَلَ بَيْنَهُمَا بَرْزَخًا وَحِجْرًا مَّحْجُورًا }[219]، {અને તે જ છે, જેણે બે સમુદ્રોને એકબીજા સાથે ભેળવી રાખ્યા છે, જેમાંથી એકનું પાણી ગળ્યું અને મીઠું છે અને બીજાનું પાણી ખારુ અને કડવું છે, અને તે બન્ને વચ્ચે એક પરદો અને મજબૂત ઓટ કરી દીધી.} {૨૨૦],અને ઉચ્ચ અલ્લાહ તઆલાએ કહ્યું:{ أَوْ كَظُلُمَاتٍ فِي بَحْرٍ لُّجِّيٍّ يَغْشَاهُ مَوْجٌ مِّن فَوْقِهِ مَوْجٌ مِّن فَوْقِهِ سَحَابٌ ۚ ظُلُمَاتٌ بَعْضُهَا فَوْقَ بَعْضٍ إِذَا أَخْرَجَ يَدَهُ لَمْ يَكَدْ يَرَاهَا ۗ وَمَن لَّمْ يَجْعَلِ اللَّهُ لَهُ نُورًا فَمَا لَهُ مِن نُّورٍ }[220]. {અથવા (પછી તે કાફીરોના કર્મોનું ઉદાહરણ) તે અંધકાર જેવું છે, જે અત્યંત ઊંડા સમુદ્રમાં હોય, જેને મોજાઓએ ઢાંકી દીધો હોય, જેની ઉપર એક બીજી મોજ હોય, પછી ઉપરથી વાદળો છવાઇ ગયા હોય, છેવટે અંધારૂં છે, જે ઉપર નીચે હોય છે, જ્યારે કોઈ પોતાનો હાથ કાઢે તો તે હાથને પણ ન જોઇ શકે અને (વાત એવી છે કે) જેને અલ્લાહ તઆલા જ નૂર ન આપે, તેની પાસે કોઈ પ્રકાશ નથી} [૨૨૧].

આ વાત સ્પષ્ટ છે કે મુહમ્મદ ﷺ એ સમુદ્રનો સફર નથી કર્યો, અને ન તો આપના સમયમાં એવા સ્ત્રોત હતા, જેનાથી સમુદ્રમાં ઊંડા જઈ તેની વિવિધ નિશાનીઓની જાણ કરી શકાય.તો જણાવો, અલ્લાહ સિવાય કોણ છે, જેણે આપ ﷺ ને આ સમુદ્રની અનોખી વાત જણાવી?

૨- અલ્લાહ તઆલા કહે છે:{ وَلَقَدْ خَلَقْنَا الْإِنسَانَ مِن سُلَالَةٍ مِّن طِينٍ (12) ثُمَّ جَعَلْنَاهُ نُطْفَةً فِي قَرَارٍ مَّكِينٍ (13) {નિ:શંક અમે મનુષ્યનું સર્જન માટીના કણ વડે કર્યું (૧૨) પછી તેને ટીપું બનાવી, સુરક્ષિત જગ્યાએ (માતાના ગર્ભમાં) મૂકી દીધું. (૧૩) ثُمَّ خَلَقْنَا النُّطْفَةَ عَلَقَةً فَخَلَقْنَا الْعَلَقَةَ مُضْغَةً فَخَلَقْنَا الْمُضْغَةَ عِظَامًا فَكَسَوْنَا الْعِظَامَ لَحْمًا ثُمَّ أَنشَأْنَاهُ خَلْقًا آخَرَ ۚ فَتَبَارَكَ اللَّهُ أَحْسَنُ الْخَالِقِينَ (14)}[221]، પછી ટીપાને જામેલું લોહી બનાવી દીધું. પછી તે જામેલા લોહીને માંસનો ટુકડો બનાવી દીધો, પછી માંસના ટુકડાને હાડકા બનાવી દીધા, પછી હાડકાઓ પર માંસ ચઢાવી દીધું, પછી અમે તેનું સર્જન બીજી બનાવટમાં કર્યું. બરકતોવાળો છે તે અલ્લાહ, જે શ્રેષ્ઠ સર્જન કરનાર છે. (૧૪)} [૨૨૨],વૈજ્ઞનાનીકોને માતાના પેટમાં બાળકના ઉછેરની પ્રક્રિયા હાલ વર્તમાન સમયમાં તેની જાણ થઈ છે.

3- અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَعِندَهُ مَفَاتِحُ الْغَيْبِ لَا يَعْلَمُهَا إِلَّا هُوَ ۚ وَيَعْلَمُ مَا فِي الْبَرِّ وَالْبَحْرِ ۚ وَمَا تَسْقُطُ مِن وَرَقَةٍ إِلَّا يَعْلَمُهَا وَلَا حَبَّةٍ فِي ظُلُمَاتِ الْأَرْضِ وَلَا رَطْبٍ وَلَا يَابِسٍ إِلَّا فِي كِتَابٍ مُّبِينٍ }[222]، (અને ગેબની ચાવીઓ તો અલ્લાહ તઆલા પાસે જ છે, અલ્લાહ સિવાય તેને કોઇ નથી જાણતું અને તે દરેક વસ્તુઓને જાણે છે, જે કંઈ ધરતીમાં છે અને જે કંઈ સમુદ્રમાં છે અને કોઇ પાંદડું એવું નથી પડતું જેને તે જાણતો ન હોય અને ન તો ઝમીનના અંધકારમાં કોઇ દાણો એવો છે, જેને તે જાણતો ન હોય, અને જે કંઈ પણ ભીનું હોય અથવા સૂકું બધું જ ખુલ્લી કિતાબમાં લખેલુ છે) [૨૨૩],માનવી આટલી ઊંડાણપૂર્વક વાત ન કરી શકે, તો તે આ બધી વાતો કઈ રીતે કરી શકે છે, પરંતુ જ્યારે કોઈ વૈજ્ઞાનિકોની ટીમ કોઈ છોડ વિશે માહિતી પ્રાપ્ત કરતી હોય, અને તેના વિશે પોતાની જાણકારી રેકોર્ડ કરે છે, તો આપણે આશ્ચર્યચકિત થઈ જઈએ છે, જયારે કે આપણે જાણીએ છીએ કે તેની સ્થિતિ તેમણે આપેલ રેકોર્ડ કરતા વધારે વાતો છુપાયેલી છે.

ફ્રાંસના વૈજ્ઞાનિક મોરિસ બુકાઈએ જ્યારે તૌરાત, ઇન્જિલ અને કુરઆન વચ્ચે તુલના કરી, અને તેમને આકાશ અને જમીન તેમજ માનવીના જન્મ વિશે નવી નવી વાતો જાણવા મળી, અને તેમણે જાહેર પણ કરી, તે એ પરિણામે પહોંચ્યા કે વર્તમાન સમયની શિક્ષાઓ કુરઆનની શિક્ષાઓ પર આધારિત છે.જ્યારે કે તેઓએ તોરાત અને ઈંજિલના ન્યાયી નુસખાઓનમાં આકાશ અને ઝમીન, માનવી અને ઢોરને પેદાશ વિશે ઘણો વિરોધાભાસી ડેટા જોયો. [૨૨૪].[223]

## બ: આપ ﷺ ની સન્નત

અલ્લાહ તઆલાએ રસૂલ પર કુરઆન મજીદ ઉતાર્યું, અને તેના જેવી જ એક બીજી વહી આપ પર ઉતારી, તે છે, આપ ﷺ ની સુન્નત, જે કુરઆનની શિક્ષાઓનું સ્પષ્ટીકરણ અને સમજૂતી વર્ણન કરે છે, આપ ﷺ એ કહ્યું:(સાંભળો મને કિતાબ (કુરઆન) આપવામાં આવી છે અને તેના જ જેવી બીજી એક વસ્તુ અર્થાત સુન્નત પણ) [૨૨૫],આપને પરવાનગી આપવામાં આવી હતી કે કુરઆન મજીદમાં જે સંક્ષિપ્ત અથવા શોર્ટ આદેશો આવ્યા છે, તેને સ્પષ્ટ કરી વર્ણન કરે. અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَأَنزَلْنَا إِلَيْكَ الذِّكْرَ لِتُبَيِّنَ لِلنَّاسِ مَا نُزِّلَ إِلَيْهِمْ وَلَعَلَّهُمْ يَتَفَكَّرُونَ }[224]. (અને તમારી તરફ આ ઝિકર (કુરઆન) એટલા માટે ઉતાર્યું છે, જેથી તમે સ્પષ્ટ રીતે તેમને જણાવી દો કે તેમની તરફ શુ ઉતારવામાં આવ્યું છે. એટલા માટે કે તેઓ તેમાં ચિંતન મનન કરે} [૨૨૬].[225]

સુન્નત ઇસ્લામના મહત્વના સ્ત્રોત માંથી બીજો સ્ત્રોત માનવામાં આવે છે, અર્થાત તે દરેક વાત, કાર્ય, અમલ અને ગુણ, જે આપ ﷺ સાથે જોડાયેલા અને સહીહ સનદ સાથે સાબિત હોય.

---

[219] ૨૨૦] અલ્ ફુરકાન, આયત નંબર: ૫૩.

[220] ૨૨૧] અન્ નૂર, આયત નંબર: ૪૦.

[221] ૨૨૨] અલ્ મુઅમિનૂન, આયત નંબર: ૧૨-૧૪.

[222] ૨૨૩] અલ્ અનઆમ, આયત નંબર: ૫૯.

[223] ૨૨૪] જુઓ: કિતાબુત્ તૌરાત, વલ્ ઇન્જિલ, વલ્ કુરઆન ફી ઝવઇલ્ મઆરિફિલ્ હદીષતિ, પેજ નંબર: ૧૩૩-૨૮૩, લેખક: મોરિસ બુકાઈ, જેઓ ફ્રાન્સના નસરાની ડોકટર હતા, પછી તેમણે ઇસ્લામનો સ્વીકાર કરી લીધો.

[224] ૨૨૫] આ હદીષને ઇમામ અહમદ રહ. એ પોતાની મુસ્નદમાં ભાગ: ૪, પેજ નંબર: ૧૩૧ માં વર્ણન કરી છે અને અબૂ દાવૂદ રહ.એ પોતાની સુનનમાં કિતાબુસ સુન્નહમાં બાબ લુઝૂમી સુન્નહમાં ભાગ: ૪, પેજ નંબર: ૨૦૦ અને હદીષ ૪૬૦૪ માં વર્ણન કરી છે.

[225] ૨૨૬] અન્ નહલ, આયત નંબર: ૪૪.

સુન્નત અલ્લાહ તરફથી મોહમ્મદ ﷺ પર ઉતારવામાં આવેલી વહી છે, કારણકે આપ ﷺ પોતાની ઈચ્છાથી નથી બોલતા, અલ્લાહ તઆલાએ કહ્યું:{ 4) إِنْ هُوَ إِلَّا وَحْيٌ يُوحَىٰ) {જે કઈ તેઓ કહે છે, તે વહી હોય છે, જે તેમના પર ઉતારવામાં આવે છે. (૪)5) عَلَّمَهُ شَدِيدُ الْقُوَىٰ) }[226]، તેમને એક મજબુત શક્તિશાળી (ફરિશ્તા)એ શિક્ષા આપી છે. (૫)} [૨૨૭],જો કે આપ ﷺ લોકો સુધી તે જ પહોંચાડો છો, જેનો આદેશ આપને આપવામાં આવ્યો છે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ إِنْ أَتَّبِعُ إِلَّا مَا يُوحَىٰ إِلَيَّ وَمَا أَنَا إِلَّا نَذِيرٌ مُّبِينٌ }[227]. {હું તો ફકત તેનું જ અનુસરણ કરૂ છું જેની વહી મારા તરફ કરવામાં આવે છે અને હું તો ફકત ખુલ્લે ખુલ્લી ચેતવણી આપનારો છું} [૨૨૮].

સુન્નત, ઇસ્લામના આદેશો, અકીદા અને ઈબાદત, વ્યવહાર, અખ્લાક અને વર્તનનું પ્રેક્ટીકલ છે, કારણકે નબી અલ્લાહના આદેશનું સંપૂર્ણ અનુસરણ કરતા, તેને લોકો સામે વર્ણન કરતા અને આદેશ આપતા કે તે પણ એવી જ રીતે અમલ કરે, જે રીતે હું કરૂં છું, જેમકે નબી ﷺ કહ્યું:(તમે એવી રીતે નમાઝ પઢો જેવી રીતે તમે મને નમાઝ પઢતા જુઓ છો) [૨૨૯],અલ્લાહ તઆલાએ મોમિનોને આદેશ આપ્યો કે તે દરેક વાત અને કાર્યોમાં આપ ﷺ ના આદેશ પ્રમાણે ચાલે, જેથી તેમનું ઈમાન ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરી લે. અલ્લાહ તઆલાએ કહ્યું:{ لَّقَدْ كَانَ لَكُمْ فِي رَسُولِ اللَّهِ أُسْوَةٌ حَسَنَةٌ لِّمَن كَانَ يَرْجُو اللَّهَ وَالْيَوْمَ الْآخِرَ وَذَكَرَ اللَّهَ كَثِيرًا }[228]، {(મુસલમાનો !) તમારા માટે અલ્લાહના રસૂલ (ની હસ્તીમાં) ઉત્તમ આદર્શ છે, જે કોઈ અલ્લાહ પર અને આખિરતના દિવસની આશા રાખતો હોય, અને જે અલ્લાહને વધુમાં વધુ યાદ કરતો હોય} [૨૩૦],સહાબાઓએ આપ ﷺ ના આદેશ અને કાર્યોને પોતાના પછી આવનાર તાબઇન સુધી પહોચાડ્યા,પછી તે વાતો અને કાર્યોને હદીષની કિતાબોમાં સુરક્ષિત કરી લીધા, હદીષ લખવા માટે એક ઠોસ પદ્ધતિ અપનાવવામાં આવી, જે લોકો પાસેથી હદીષ નકલ કરવામાં આવતી તેમના માટે સખત કાનૂન, અને નિયમ બનાવવામાં આવ્યા, જેનાથી હદીષ નકલ કરવામાં આવતી તેના માટે જરૂરી હતું કે જે રિવાયત જેનાથી નકલ કરવામાં આવતી હોય તેનું તે જ સમયમાં હાજર રહેવું જરૂરી હતું, જેથી રિવાયત કરનારથી લઈ આપ ﷺ સુધી રિવાયત એક હોઇ, [૨૩૧] અને સનદના દરેક રાવી, ભરોસાપાત્ર, ન્યાયી, સાચા અને નિષ્ઠાવાન હોવા જરૂરી છે.[229*230]

સુન્નત, જ્યાં ઇસ્લામની પ્રેક્ટીકલ સ્રોત છે, એવી જ રીતે તે કુરઆનની સ્પષ્ટતા, તેની આયતોની સમજૂતી અને તેના સંક્ષિપ્ત વિષયોને સ્પષ્ટ પણ કરે છે, કારણકે આપ ﷺ અલ્લાહની વહીની સ્પષ્ટતા ક્યારેક પોતાની વાતોથી કરતા તો ક્યારેક પોતાના અમલ દ્વારા કરતા અને ક્યારેક વાતો તેમજ અમલ કરી બન્ને રીતે સ્પષ્ટતા કરતા હતા,કેટલીક વખત કુરઆનના બદલામાં હદીષ પોતે કેટલાક શરીઅતના આદેશોને વર્ણન કરતી અને તેને સ્પષ્ટ કરતી.

કુરઆન અને સુન્નત બન્ને પર ઈમાન લાવવું જરૂરી છે, કારણકે બન્ને ઇસ્લામની માહિતી માટે અગત્યના સ્રોત છે, જેનું અનુસરણ કરવું, જેની તરફ ધ્યાન કરવું, જેના આદેશોનું પાલન કરવું, જેણે રોકેલા કાર્યોથી બચીને રહેવું, જેની દરેક માહિતીને સાચી માનવી, જેમાં વર્ણવેલ અલ્લાહના પવિત્ર નામ, ગુણો અને કાર્યો પર ઈમાન લાવવું, અલ્લાહએ પોતાના મોમિન બંદાઓ માટે જે નેઅમતો તૈયાર કરી રાખી છે, અને કાફિરો માટે જે અઝાબની ખુશખબર સંભળાવી છે, તે બધા પર ઈમાન લાવવું જરૂરી છે. અલ્લાહ તઆલાએ કહ્યું:{ فَلَا وَرَبِّكَ لَا يُؤْمِنُونَ حَتَّىٰ يُحَكِّمُوكَ فِيمَا شَجَرَ بَيْنَهُمْ ثُمَّ لَا يَجِدُوا فِي أَنفُسِهِمْ حَرَجًا مِّمَّا قَضَيْتَ وَيُسَلِّمُوا تَسْلِيمًا }[231]، {(હે મુહમ્મદ) તમારા પાલનહારની કસમ ! આ લોકો ત્યાં સુધી ઈમાનવાળા નથી બની શકતા, જ્યાં સુધી કે દરેક અંદરોઅંદરના વિવાદોમાં તમને ન્યાયકરતા ન માની લે, પછી જે ફેંસલો તમે તેઓ માટે કરી લો તેનાથી પોતાના મનમાં કોઇ પણ પ્રકારની તંગી અને નાખુશી ન અનુભવે અને આજ્ઞાકારી સાથે તે નિર્ણય માની લે.} [૨૩૨],અને પવિત્ર અલ્લાહ એ કહ્યું:{ وَمَا آتَاكُمُ الرَّسُولُ فَخُذُوهُ وَمَا نَهَاكُمْ عَنْهُ فَانتَهُوا }[232]. {જે કંઇ પણ તમને પયગંબર આપે, લઇ લો, અને જેનાથી રોકે, રુકી જાવ} [૨૩૩].

આ દીનના અગત્યના બે સ્રોત વિશે કેટલીક વાતો વર્ણન કર્યા પછી સારૂં રહેશે કે અમે તેના ક્રમાંકોનું વર્ણન કરીએ, દીનના ક્રમાંક આ પ્રમાણે છે, ઇસ્લામ, ઇમાન અને એહસાન, અમે આ દરેક ક્રમાંક પર સંક્ષિપ્ત ચર્ચા કરીશું.

# પ્રથમ ક્રમાંક [૨૩૪]

ઇસ્લામ: ઇસ્લામના પાંચ સ્તંભો છે, શહાદતૈન (બંને ગવાહી આપવી), નમાઝ, ઝકાત, રોઝા અને હજ.

પહેલો સ્થભ: ગવાહી આપવી કે અલ્લાહ સિવાય કોઈ ઇલાહ નથી અને મુહમ્મદ ﷺ અલ્લાહના રસૂલ છે.

અલ્લાહ સિવાય કોઈ ઇલાહ નથી તેનો અર્થ થાય છે કે જમીન અને આકાશમાં સાચો ઇલાહ અલ્લાહ સિવાય કોઈ નથી, તે જ સાચો ઇલાહ છે, તેના સિવાયના દરેક દાવો કરનારા મઅબૂદ બાતેલ અને ખોટા છે. [૨૩૫],"લા ઇલાહ ઇલ્લલ્લાહ" તેની સમજૂતીમાં એ પણ વાત સામેલ છે કે દરેક ઈબાદત ઇખલાસ સાથે એક અલ્લાહ માટે કરવામાં આવે, તેના સિવાય જેની પણ ઈબાદત કરવામાં આવે છે, તેને નકારવામાં આવે, જ્યાં સુધી ગવાહી આપનારમાં નીચે વર્ણવેલ બે બાબતોનો સમાવેશ ન થાય, તેની ગવાહી તેને કોઈ ફાયદો નહીં પહોંચાડે:[233]

પહેલી બાબત: માન્યતા, ઇલ્મ, યકીન, પુષ્ટિ અને મોહબ્બત સાથે લા ઇલાહ ઇલ્લલ્લાહ કહેવું.

---

226 ૨૨૭] અન્ નજમ, આયત નંબર: ૪-૫.

227 ૨૨૮] અલ્ અહકાફ, આયત નંબર: ૯.

228 ૨૨૯] આ હદીષને ઇમામ બુખારી રહ.એ કિતાબુલ્ અઝાન બાબ: ૧૮, ભાગ: ૧, પેજ નંબર: ૧૫૫ માં વર્ણન કરી છે.

229 ૨૩૦] અલ્ અહઝાબ, આયત નંબર: ૨૧.

230 ૨૩૧ હદીષોની સુરક્ષા માટે આ અત્યંત અને અનોખો તરીકો અપનાવવા અને આટલી સખત પદ્ધતિ બનાવવાના કારણે મુસલમાનો પાસે "જરહ વ તઅદીલ" અને "મુસ્તલહુલ્ હદીષ" નું જ્ઞાન અમલમાં આવ્યું, અને આ બન્ને જ્ઞાન મુસલમાન કોમના તે ખૂબીઓ માંથી છે, જે આના પહેલા કોઈ કોમમાં આ પદ્ધતિ જોવા નથી મળતી.

231 ૨૩૨] અન્ નિસા, આયત નંબર: ૬૫.

232 ૨૩૩] અલ્ હશર, આયત નંબર: ૭.

233 ૨૩૫] દીનુલ્ હક, પેજ નંબર: ૩૮.

બીજી બાબત: અલ્લાહ સિવાય દરેક મઅબૂદનો ઇન્કાર કરવો, જે વ્યક્તિ લા ઇલાહ ઇલ્લલ્લાહની ગવાહી આપે અને અલ્લાહ સિવાય જેટલા પણ બાતેલ મઅબૂદોનો ઇન્કાર ન કરે તો તેની આ ગવાહી તેને સહેજ પણ ફાયદો નહીં પહોંચાડે [૨૩૬].[234]

મુહમ્મદ ﷺ ની ગવાહી આપવાનો અર્થ એ કે આપના આદેશનું અનુસરણ કરવું, આપ ﷺ એ જણાવેલ વાતોની પુષ્ટિ કરવી, આપ જે વાતોથી રોકતા હોય તેનાથી રુકી જવું, આપે જણાવેલ તરીકા પ્રમાણે અલ્લાહની ઈબાદત કરવી, તમે આ ઇલ્મ અને અકીદો રાખો કે મુહમ્મદ ﷺ દરેક લોકો માટે અલ્લાહના રસૂલ છે, તે એક બંદા છે, તેમની ઈબાદત કરવામાં ન આવે, આપ એક રસૂલ છો તેમને જુઠલાવવામાં ન આવે, પરંતુ તેમનું અનુસરણ કરવામાં આવે, જે વ્યક્તિ આપનું અનુસરણ કરશે, તે વ્યક્તિ જન્નતમાં જશે, અને જે વ્યક્તિ આપની અવગણના કરશે તે વ્યક્તિ જહન્નમમાં જશે,તમે આ ઇલ્મ અને અકીદો પણ રાખો કે શરીઅતનો સંબંધ, ભલેને અકીદા સાથે હોય કે અથવા તે ઈબાદતો સાથે, જેમનો આદેશ અલ્લાહએ આપ્યો છે, અથવા રાજકીય વ્યવસ્થા સાથે હોય કે અખલાક સાથે, ખાનદાન સાથે હોય કે હલાલ અને હરામ સાથે, તેને પ્રાપ્ત કરવાનો તરીકો અને વસિલો ફક્ત અલ્લાહના રસૂલ ﷺ જ છે, જેમણે શરીઅત દુનિયાના લોકો સુધી પહોંચાડી. [૨૩૭].[235]

બીજો સ્તંભ: નમાઝ [૨૩૮]: નમાઝ ઇસ્લામના સ્તંભો માંથી બીજો સ્તંભ છે, પરંતુ તે ઇસ્લામનું પિલર છે, નમાઝ બંદા અને તેના પાલનહાર વચ્ચે એક એવો સંબંધ છે કે જેને દિવસમાં પાંચ વખત બંદો યાદ કરતો હોય છે, તેના દ્વારા ઈમાન તાજું કરે છે અને ગુનાહોથી પોતાના નફસને પાક સાફ કરે છે, અને નમાઝ, બંદા અને બુરાઈ વચ્ચે આડ બની જાય છે,તમે જુઓ, જ્યારે બંદો સવાર કરે છે, તો દુનિયામાં વ્યસ્ત થતા પહેલા પાકી અને સફાઈ સાથે પોતાના પાલનહાર સામે ઉભો રહે છે, પછી પોતાના પાલનહારની મહાનતાનું વર્ણન કરે છે, પોતાની બંદગીનો એકરાર કરે છે, અલ્લાહથી મદદ અને હિદાયતની દુઆ કરે છે, સિજદો, કિયામ અને રુકૂઅ દ્વારા પોતાના અને પોતાના પાલનહાર વચ્ચે ઈબાદત વિશે કરેલ વચનને નિભાવે છે, પ્રત્યેક દિવસ પાંચ વખત તે યાદ કરતો હોય છે, નમાઝ માટે જરૂરી છે કે માનવીનું દિલ, તેનું શરીર, તેના કપડાં અને જગ્યા બધું જ પાકસાફ હોય,એ પણ જરૂરી છે કે તે નમાઝ પોતાના ભાઈઓ સાથે જમાઅત સાથે પઢે, દરેક લોકો પોતાના પાલનહાર સામે માથું ઝુકાવી ઉભા રહ્યા છે, અને તે દરેક કઅબતુલ્લાહ તરફ મોઢું કરી ઉભા છે, નમાઝ આટલા ઉત્તમ અને શ્રેષ્ઠ તરીકે જરૂરી કરવામાં આવી છે, જેના દ્વારા બંદો ઉચ્ચ અને મહાન પાલનહારની બંદગી કરી શકે, તેમજ નમાઝ બંદાના દરેક અંગ અને શરીર સાથે કરવામાં આવતી ઈબાદત છે, જબાન વડે બોલીને, હાથ, પગ, માથું, શરીરના દરેક અંગ સાથે કરવામાં આવતી ઈબાદત છે, દરેક લોકો આ ભવ્ય ઈબાદત કરવામાં પોતાનો રોલ અદા કરે છે.[236]

તમે જુઓ શરીરના અંગ અને ઇન્દ્રિયો પણ નમાઝ દ્વારા ફાયદો ઉઠાવે છે, અને દિલ પણ તેનાથી ફાયદો ઉઠાવે છે, કારણકે નમાઝ, પ્રશંસા, મહાનતા, મોટાઈ, તસબીહ અને તકબીર, સત્યની ગવાહી, કુરઆનની તિલાવત અને અલ્લાહ સામે એવી રીતે ઉભા રહેવાનું નામ છે, જેવું કે એક આજ્ઞાકારી ગુલામ પોતાના માલિક અને વ્યવસ્થાપક સામે ઉભો રહે છે,પછી નમાઝમાં બંદો આજીજી અપનાવે છે, તેનાથી સંબંધ મજબૂત કરે છે, તેની નિકટતા પ્રાપ્ત કરે છે, તેની ઇઝઝત અને મહાનતાની સામે આજીજી અપનાવતા, ખુશૂઅ (દિલ લગાવી મનથી) રુકૂઅ, સિજદા અને કિયામ કરે છે, સાથે સાથે તેના દિલમાં એક પ્રકારનો ડર હોય છે, તેનું શરીર અલ્લાહની સામે ઝુકેલું હોય છે અને તેના અંગોમાં એક પ્રકારની વિનમ્રતા હોય છે.પછી તે પોતાની નમાઝમાં અંતમાં અલ્લાહની પ્રશંસા કરે છે, આપ ﷺ પર દરુદ પઢે છે, અને પોતાના પાલનહારની સામે દુનિયા અને આખિરતની ભલાઈ ઈચ્છે છે. [૨૩૯].[237]

ત્રીજો સ્તંભ: ઝકાત [૨૪૦] ઇસ્લામના સ્તંભો માંથી ત્રીજો સ્તંભ ઝકાત છે, દરેક માલદાર મુસલમાન પર ઝકાત કાઢવી ફરઝ છે, આ માલનો ખૂબ જ નજીવો ભાગ હોય છે, તે ફકીર અને લાચાર લોકોમાં ઝકાત આપે છે, જેમને ઝકાત આપવી જરૂરી છે.[238]

મુસલમાન માટે જરૂરી છે કે ખુશી ખુશી ઝકાત આપે, જેમને ઝકાત આપે તેમના પર ઉપકાર ન કરે, અને ન તો તેમને તકલીફ આપે, એ પણ જરૂરી છે મુસલમાન ફક્ત અલ્લાહને ખુશ કરવા માટે ઝકાત આપે, તેના બદલામાં સર્જનીઓ પાસે કોઈ બદલાની આશા ન રાખે, પરંતુ નિખાલસતા સાથે ઝકાત આપવી જોઈએ જેમાં રિયાકારી અને દેખાડો ન હોય.

ઝકાત કાઢવાથી બરકત મળે છે, ફકીર, લાચાર અને ગરીબોને પ્રોત્સાહન મળે છે, તેમને હાથ ફેલાવવાથી છુટકારો મળે છે, તેમની સાથે દયા અને લાગણીનો વ્યવહાર કરવામાં આવે છે, કારણકે માલદાર લોકો જો પોતાની ઝકાત તેમને નહીં આપે તો તેઓ બરબાદ અને લાચાર બની જશે, ઝકાત કાઢવાથી વ્યક્તિ દાનવીર, સખી, ઈશાર અને કુરબાની તેમજ રહમ અને દયા જેવા ગુણો તેનામાં જોવા મળે છે, અને કંજૂસ અને દુરાચારી જેવા ખરાબ તત્વોથી બચે છે.ઝકાત, મુસલમાનો વચ્ચે મદદ અને એકબીજા પ્રત્યે હમદર્દી જાહેર થાય છે, તેમના માલદાર ફકીરો પર દયા ખાય છે, એટલા માટે જ્યારે આ અમલને ચોકકસ કરવામાં આવે તો સમાજમાં કોઈ ફકીર બાકી નથી રહેતો. કોઈ દેવામાં ડૂબેલો દેવાદાર નથી રહેતો, અને ન તો કોઈ એવો મુસાફિર જોવા મળે છે, જે કંગાળ હોય.

ચોથો સ્તંભ: રોઝા રાખવા: રમઝાનના મહિનામાં તુલૂઅ ફજર થી લઈ સૂર્યાસ્ત સુધી રોઝા રાખવા, રોઝાની સ્થિતિમાં રોજદાર અલ્લાહની બંદગી કરતા ખાવાપીવા અને સોબત કરવાથી બચે છે અને પોતાના મનને તે બધી ઈચ્છાઓથી દૂર રાખે છે,અલ્લાહ તઆલાએ બીમાર, મુસાફિર, ગર્ભવતી, દૂધ પીવડાવનાર સ્ત્રી, હૈઝ વાળી સ્ત્રી અને નિફાસવાળી સ્ત્રીઓને સરળતા અને છૂટ આપી છે, અને તે સૌ માટે યોગ્ય આદેશો આપ્યા છે.

---

234 ૨૩૬] કુરતુ ઉયૂનિલ્ મુવહ્હિદીન, પેજ નંબર: ૬૦.

235 ૨૩૭] દીનુલ્ હક, પેજ નંબર: ૫૧-૫૨.

236 ૨૩૮] વધુ માહિતી માટે જુઓ: પુસ્તક, કૈફિયતુ સલાતિન્ નબિય્યી ﷺ, લેખક: શૈખ અબ્દુલ્ અઝીઝ બિન બાઝ રહ.

237 ૨૩૯] મિફતાહુદ્ દારુસ સઆદહ, ભાગ: ૨ પેજ નંબર: ૩૮૪.

238 ૨૪૦)]જુઓ: પુસ્તક "રિસાલતાનિ ફિઝ્ ઝકાતિ વસ્ સિયામી" લેખક: પ્રતિષ્ઠિત શૈખ અબ્દુલ્ અઝીઝ બિન બાઝ રહ.

આ મહિનામાં એક મુસલમાન પોતાની ઈચ્છાઓથી બચીને રહે છે, એટલા માટે તેનું નફસ અલ્લાહની ઈબાદત દ્વારા ઢોરની જેમ માર્ગથી દૂર અલ્લાહથી નજીક ફરિશ્તાઓની જેમ બની જાય છે, અહીં સુધી કે રોજદારને લોકો એમ નજર થી જોતા હોય છે જાણે કે તેને આ દુનિયામાં અલ્લાહની ખુશી સિવાય બીજું કંઈ પણ ન જોઈતું હોય.
રોઝો દિલને જીવિત કરે છે, દુનિયાની લાલસાઈ ખતમ કરે છે, અલ્લાહની નેઅમતોનો એહસાસ અપાવે છે, માલદાર લોકોને લાચાર અને ગરીબ લોકોની પરિસ્થિતિ યાદ અપાવે છે, જેના કારણે તેમના દિલમાં લાચાર વ્યક્તિ માટે દયા અને કૃપા ઉતપન્ન થાય છે અને તેમને જાણવા મળે છે કે તેઓ અલ્લાહની કેટલીય નેઅમતોથી ફાયદો ઉઠાવી રહ્યા છે, તેઓ વધારે પોતાના પાલનહારનો શુક્ર કરવા લાગે છે.
રોઝો નફસને પાક સાફ કરે છે, તેમાં અલ્લાહનો ડર અને તકવો પેદા કરે છે, અને વ્યક્તિગત તેમજ સમાજમાં એવો એહસાસ પેદા કરે છે કે તે ખુશીના ક્ષણોમાં અથવા તંગીના સમયમાં તેમજ એકાંતમાં અથવા જાહેરમાં દરેક સ્થિતીમાં અલ્લાહની દેખરેખને ધ્યાનમાં રાખે, કારણકે સંપૂર્ણ સમાજ એક મહિનો અલ્લાહની ઈબાદત કરતા અને પોતાના પાલનહારની દેખરેખનો વિચાર કરતા પસાર કરે છે, જેના કારણે અલ્લાહનો ડર, અને એ વિચાર કરી આખિરતના દિવસ પર ઇમાનમાં વધારો થાય છે કે અલ્લાહ દરેકે દરેક વસ્તુઓનું ઇલ્મ ધરાવે છે, અને દેખરેખ કરી રહ્યો છે, તેમજ બંદાને તે યકીન થઈ જાય છે, કે એક દિવસ એવો પણ આવશે જ્યારે મારે પાલનહાર સામેથી પસાર થવાનું છે, તે તેના દરેક નાના મોટા કાર્યોનો હિસાબ કરશે [૨૪૧].[239]
પાંચમો સ્તંભ: હજ [૨૪૨]: મક્કહમાં કઅબતુલ્લાહની હજ કરવી, દરેક પુખ્તવય અને બુદ્ધિ ધરાવનાર મુસલમાન માટે જરૂરી છે કે જેની પાસે બૈતુલ્ હરામ સુધી આવવા જવાનો સ્ત્રોત તેમજ તેની પાસે પૂરતો ખોરાક હોય, શરત એ કે આ બચત તેના સંતાન પર જે ખર્ચ કરતો હોય તેને છોડીને હોય, રસ્તામાં તેની જાનની સુરક્ષા જરૂરી છે, અને તેની ગેરહાજરીમાં તેના સંતાન સુરક્ષિત રહે, હજ જીવનમાં એકવાર તે વ્યક્તિ માટે જરૂરી છે, જેની પરિસ્થિતિ હોય.[240]
હજ કરવાવાળાએ અલ્લાહ પાસે તૌબા અને ઇસ્તિગફાર કરવો જોઈએ, જેથી તેનું નફસ ગુનાહ અને ગંદકીથી પાક થાય, જ્યારે મક્કહ અને પવિત્ર મશાઇર પાસે પહોંચો તો તો અલ્લાહની મહાનતા અને ઈબાદત કરવાના હેતુથી હજના અરકાન અદા કરો,એવી જ રીતે જાણી લો કે કઅબતુલ્લાહ અને અન્ય મશાઇરની અલ્લાહને છોડીને ઈબાદત કરવામાં નહી આવે, તેમની અંદર ફાયદો અને નુકસાન પહોંચાડવાનો ક્ષમતા નથી, અને જો અલ્લાહ તઆલાએ ત્યાં જવાનો આદેશ આપ્યો ન હોત તો મુસલમાનો માટે ત્યાં જવું યોગ્ય ન હોત.
હજ વખતે હાજી સફેદ રંગ ની કપડું નીચે બાંધે છે અને સફેદ રંગની ચાદર પહેરે છે અને દુનિયાની દરેક જગ્યાથી લોકો અહીંયા ભેગા થાય છે, એક જ રંગના વસ્ત્રો પહેરે છે અને એક જ પાલનહારની ઈબાદત કરે છે,સરદાર અને પ્રજા તેમજ માલદાર અને ગરીબ, તેમજ ગોળા અને કાળા વચ્ચે કંઈ તફાવત નથી હોતો, દરેક અલ્લાહનું સર્જન છે, કોઈ મુસલમાનને બીજા મુસલમાન પર પ્રાથમિકતા આપવામાં નથી આવતી, જો હોઈ શકે છે તો તકવા અને નેક કામ કરવા પ્રમાણે.
એવી જ રીતે મુસલમાનોની અંદર એકબીજાની મદદ અને હમદર્દી તેમજ એકબીજાની ઓળખ અને એકતા જોવા મળે છે, અને તેઓ તે દિવસને યાદ કરે છે, જ્યારે અલ્લાહ તઆલા તેઓને ફરીવાર જીવિત કરી હિસાબ અને કિતાબ માટે એક મેદાનમાં ભેગા કરશે, છેવટે તેઓ અલ્લાહની અનુસરણ દ્વારા આખિરતની તૈયારીમાં લાગી જાય છે [૨૪૩].[241]

# ઇસ્લામમાં ઈબાદતનો અર્થ [૨૪૪]

ઈબાદતનો ખરેખર અર્થ જોવા જઈએ તો બંદગીને કહે છે, કારણકે અલ્લાહ સર્જક છે અને તમે સર્જન છો, તમે બંદા છો અને અલ્લાહ મઅબૂદ છે, જ્યારે સાચી વાત આ જ છે તો માનવી માટે જરૂરી છે કે માનવી આ દુનિયામાં અલ્લાહની શરીઅતનું અનુસરણ કરી અને પયગંબરોના માર્ગદર્શન પર ચાલતા સત્ય માર્ગનું પાલન કરે.અલ્લાહ તઆલાએ પોતાના બંદાઓ માટે ભવ્ય ઇબાદતો અને આદેશો મોકલ્યા છે, જેવું કે અલ્લાહની તૌહીદ પર અમલ કરવો, નમાઝ પઢવી, રોઝા રાખવા, ઝકાત આપવી અને હજ કરવી.
પરંતુ ઇસ્લામની સંપૂર્ણ ઈબાદતો ફક્ત આટલી જ નથી, પરંતુ ઇસ્લામમાં ઈબાદતનો અર્થ ખૂબ જ મહાન અને વિસ્તારપૂર્વક છે, ઈબાદતમાં તે દરેક જાહેર અને છુપા કાર્યો અને વાતો શામેલ છે, જે અલ્લાહને પ્રિય અને પસંદ હોય, તે દરેક કાર્ય, જેને આપ કરતા હોય અને બોલતા હોય તે અલ્લાહને પસંદ હોય, તો તે ઈબાદત છે, પરંતુ તે દરેક નેક આદતો, જેને આપ અલ્લાહની નિકટતા પ્રાપ્ત કરવાના હેતુથી કરો, તે પણ ઈબાદત છે,તેથી તમારા પિતા, તમારા પરિવાર, તમારા પતિ, તમારા બાળકો અને તમારા પાડોશીઓ સાથે તમારો સારો સંગાથ, જો તમે તેના દ્વારા અલ્લાહની પ્રસન્નતા ઇચ્છતા હોવ તો પણ તે એક ઈબાદત છે, અને ઘર, બજાર, ઓફિસમાં અલ્લાહની ખુશી માટે તમારો સારો વ્યવહાર કરતા હોય તો તે પણ ઈબાદત છે, અને અમાનતની સુરક્ષા અને પ્રામાણિકતા અને ન્યાય પ્રત્યેની પ્રતિબદ્ધતા અને નબળાઓને નુકસાન પહોંચાડવાથી બચવું અને તેમની મદદ કરવી અને જે કાયદેસર છે, તે પ્રાપ્ત કરવું અને કુટુંબ અને બાળકો પર ખર્ચ કરવો અને દિલાસો આપવો. ગરીબોની મુલાકાત લેવી અને માંદાની મુલાકાત લેવી અને ભૂખ્યાને ભોજન આપવું એ પીડિતને ટેકો આપવો એ બધી ઈબાદત છે જો અલ્લાહની રાજી કરવા માટે કરતા હોવ તો.જાણવા મળ્યું કે તે દરેક કામ, જે તમે તમારા માટે, તમારા પરિવાર માટે, તમારા સમુદાય માટે અથવા તમારા દેશ માટે કરો છો, અલ્લાહને ખુશ કરવા માટે તે એક ઈબાદત છે, અહીં સુધી કે તેણે જણાવેલ મુબાહ હદમાં રહી પોતાની મનેચ્છા પુરી કરો અને તેમાં સારી નિયત પણ કરી હોય તો પણ તે એક ઈબાદત છે, નબી ﷺ એ કહ્યું:(પત્ની સાથે સમાગમ કરવું પણ સદકો છે, સહાબાઓએ કહ્યું: હે અલ્લાહના રસૂલ ! અમારા માંથી કોઈ વ્યક્તિ પોતાની પત્ની સાથે પોતાની ઈચ્છા પૂરી કરતો હોય તો તેમાં પણ સવાબ છે? તો આપ

[239] ૨૪૧] જુઓ: મિફતાહુદ્ દારુસ્ સઆદહ, ભાગ: ૨, પેજ નંબર: ૩૮૪.
[240] ૨૪૨] જુઓ: પુસ્તક "દલિલુલ્ હાજ વલ્ મુઅતમિરી" લેખક: આલિમોની એક ટિમ દ્વારા, અને પુસ્તક "અત તહકીકુ વલ્ ઇઝાહુ લિ કષિરીમ્ મિન મસાઇલિલ્ હજ્જિ વલ્ ઉમરતિ" લેખક: શૈખ અબ્દુલ્ અઝીઝ બિન બાઝ રહ.
[241] ૨૪૩] જુઓ: આગવનો સ્ત્રોત, ભાગ: ૨, પેજ નંબર: ૩૮૫, અને દીનુલ્ હક, પેજ નંબર: ૬૭.

ﷺ એ કહ્યું: કે મને જણાવો શું તે વ્યક્તિ પોતાની ઈચ્છા હરામ જગ્યા પર પુરી કરે તો શું તેને ગુનોહ નહીં મળે? એટલા માટે જ્યારે તે હલાલ જગ્યાએ પુરી કરતો હોય તો તેના માટે સવાબ છે. [૨૪૫].[242]
અને નબી ﷺ એ કહ્યું:(દરેક મુસલમાન માટે સદકો કરવો જરૂરી છે, કહેવામાં આવ્યું કે આપનો શું મંતવ્ય છે જો તેને (સદકો કરવા માટે કંઈ ન મળે તો)? આપ ﷺ એ કહ્યું: કે પોતાના હાથ વડે કામ કરી પોતાને જ ફાયદો પહોંચાડે, અને સદકો પણ આપે, પૂછવામાં આવ્યું કે તમે શું કહો છો, જો તે પણ ન કરી શકે તો? કહ્યું કે લાચાર જરૂરતમંદની મદદ કરો, પૂછવામાં આવ્યું કે જો તે તેની પણ શક્તિ ન ધરાવતો હોય તો શું કરે? કહ્યું કે નેકી અને ભલાઈનો હુકમ આપે, પૂછવામાં આવ્યું કે તે પણ ન કરી શકતો હોય તો? તે પોતાને બુરાઇથી રોકી લે તે પણ તેના માટે સદકો છે. [૨૪૬].[243]

# બીજો દરજ્જો [૨૪૭]

ઈમાન તેના છ અરકાન છે, જે આ પ્રમાણે છે, અલ્લાહ પર ઈમાન, ફરિશ્તાઓ પર ઈમાન તેની કિતાબો પર ઈમાન, તેના પયગંબરો પર ઈમાન, આખિરતના દિવસ પર ઈમાન, તકદીર પર ઈમાન.
પહેલું: અલ્લાહ પર ઈમાન: તેનો અર્થ એ છે કે તમે અલ્લાહની રુબુબિયત (રબ હોવા પર) ઈમાન લાવો, એટલે કે તે પેદા કરવાવાળો, માલિક અને દરેક કાર્યની વ્યવસ્થા કરનાર છે, એ વાત ઉપર પણ ઈમાન કે તે જ સાચો ઇલાહ છે, તેના સિવાય દરેક મઅબુદ બાતેલ છે, અને તેના પવિત્ર નામો અને ગુણો ઉપર ઈમાન, અર્થાત કે તેના પવિત્ર નામો છે અને ખૂબસૂરત ગુણો સંપૂર્ણ ગુણો છે.
પછી આ દરેક કાર્યોમાં અલ્લાહની વહદાનિયત પર ઈમાન લાવવું જોઈએ, અર્થાત્ એ કે તેના રબ હોવામાં તેના ઇલાહ હોવામાં અને તેના પવિત્ર નામો અને ગુણોમાં કોઈ શરીક અને ભાગીદાર નથી. અલ્લાહ તઆલાએ કહ્યું:{ رَّبُّ السَّمَاوَاتِ وَالْأَرْضِ وَمَا بَيْنَهُمَا فَاعْبُدْهُ وَاصْطَبِرْ لِعِبَادَتِهِ ۚ هَلْ تَعْلَمُ لَهُ سَمِيًّا }[244]. {આકાશો અને ઝમીનનો અને તે બન્ને વચ્ચેની દરેક વસ્તુઓનો પાલનહાર, તમે તેની જ બંદગી કરો, અને તેની ઈબાદત કરવામાં ધીરજ રાખો, શું તમે તેના જેવું નામ જાણો છો?} [૨૪૮].
એ વાત ઉપર પણ ઈમાન લાવવું જોઈએ કે અલ્લાહને ન તો ઊંઘ આવે છે અને ન તો નિંદ્રા, તે છુપી અને જાહેર દરેક વાતોને જાણે છે, જમીન અને આકાશની બાદશાહત ફક્ત તેના માટે જ છે.{ وَعِندَهُ مَفَاتِحُ الْغَيْبِ لَا يَعْلَمُهَا إِلَّا هُوَ ۚ وَيَعْلَمُ مَا فِي الْبَرِّ وَالْبَحْرِ ۚ وَمَا تَسْقُطُ مِن وَرَقَةٍ إِلَّا يَعْلَمُهَا وَلَا حَبَّةٍ فِي ظُلُمَاتِ الْأَرْضِ وَلَا رَطْبٍ وَلَا يَابِسٍ إِلَّا فِي كِتَابٍ مُّبِينٍ }[245]. {અને ગેબની ચાવીઓ તો અલ્લાહ તઆલા પાસે જ છે, અલ્લાહ સિવાય તેને કોઇ નથી જાણતું અને તે દરેક વસ્તુઓને જાણે છે, જે કંઈ ધરતીમાં છે અને જે કંઈ સમુદ્રમાં છે અને કોઇ પાંદડું એવું નથી પડતું જેને તે જાણતો ન હોય અને ન તો ઝમીનના અંધકારમાં કોઇ દાણો એવો છે, જેને તે જાણતો ન હોય, અને જે કંઈ પણ ભીનું હોય અથવા સૂકું બધું જ ખુલ્લી કિતાબમાં લખેલુ છે.} [૨૪૯].
એવી જ રીતે એ વાત ઉપર પણ ઈમાન લાવવું જરૂરી છે કે અલ્લાહ અર્શ પર મુસ્તવી (બિરાજમાન) છે, પોતાના સર્જનથી સર્વોચ્ચ છે, અને પોતાના સર્જન સાથે પણ છે, તેમની દરેક સ્થિતિઓને તે જાણે છે તેમની દરેક વાતોને સાંભળે છે, તેમની દરેક બાબતોની વ્યવસ્થા કરે છે, ફકીરોને રોજી આપે છે, તંગદસ્તની ફરિયાદ સાંભળે છે, જેને ઈચ્છે બાદશાહી આપે અને જેની પાસેથી ઈચ્છે બાદશાહી છીનવી લે, અને તે વસ્તુ પર કુદરત ધરાવે છે. [૨૫૦].[246]
અલ્લાહ પર ઈમાન લાવવાના ફાયદા નીચે પ્રમાણે છે:
૧- આ ઈમાન બંદાને અલ્લાહની મહાનતા અને મોહબ્બત પર ઉભારે છે, જે મોહબ્બત અને મહાનતા બંદા માટે જરૂરી કરે છે કે તે અલ્લાહના આદેશો પર અમલ કરે અને તેણે જે કાર્યોથી રોક્યા હોય તેનાથી રુકી જાય, જ્યારે બંદો આ બન્ને કામ કરી લે તો બંદાને દુનિયા અને આખિરતમાં ભવ્ય સુખ નસીબ થાય છે.
૨- અલ્લાહ પર ઈમાન લાવવાથી બંદાના દિલમાં આત્મસંયમ અને આત્મસન્માન પેદા કરે છે; કારણકે તે જાણે છે કે અલ્લાહ જ આ સૃષ્ટિનો માલિક છે, તેના સિવાય કોઈ ફાયદા અને નુકસાનનો માલિક નથી, આ ઇલ્મ તેને ગેરુલ્લાહ (અલ્લાહ સિવાય માનવામાં આવતા મઅબૂદ) થી બેનિયાજ કરી દે છે, અને તેના દિલમાં અલ્લાહના સિવાય દરેકનો ભય ખત્મ કરી દે છે, એટલા માટે તે અલ્લાહ સિવાય કોઈનાથી આશા રાખતો નથી અને ન તો તેના સિવાય કોઈનાથી ડરે છે.
૩- અલ્લાહ પર ઈમાન લાવવાથી માનવીના દિલમાં આજીજી પેદા થાય છે, કારણકે તે જાણે છે કે તેની પાસે જે પણ નેઅમતો છે, તે અલ્લાહ તરફથી છે, એટલા માટે ન તો તે શૈતાન દ્વારા ધોખો ખાય છે અને ન તો તેની અંદર ઘમંડ પેદા થાય છે અને ન તો પોતાની તાકાત અને માલદારી પર ઇતરાય છે.
૪- મોમિન ચોક્કસ જાણે છે કે સફળતાનો માર્ગ તે નેક અમલ કરવામાં જ છે, જે અલ્લાહને પસંદ છે, જ્યારે કે અન્ય લોકો બાતેલ અને વ્યર્થ અકીદામાં સપડાયેલા હોય છે, ઉદાહરણ તરીકે એવો અકીદો રાખતા હોય છે કે ઇબ્નુલ્લાહ (ઈસા) ને ફાંસી તેમના ગુનાહોના કફ્ફારા (પ્રાયશ્ચિત) માટે આપવામાં આવી, અથવા બાતેલ મઅબૂદો ઉપર ઈમાન ધરાવે છે અને એવી માન્યતા રાખે છે કે તેઓ તેમની ફરિયાદ સાંભળે છે, જો કે ખરેખર તેઓ ફાયદા અને નુકસાનના ઝરાય મલિક નથી, અથવા કોઈ નાસ્તિક હોય છે, જે અલ્લાહના અસ્તિત્વને જ માનતો નથી, આ બધી ફક્ત આશાઓ છે, જ્યારે કયામતના દિવસે અલ્લાહ સામે હાજર કરવામાં આવશે અને પોતાની નરી આંખો વડે જોઈ લેશે ત્યારે તેમને લાગશે કે અમે સ્પષ્ટ ગુમરાહીમાં હતા.
૫- અલ્લાહ પર ઈમાન લાવવાથી માનવીમાં જબરદસ્ત શક્તિ પેદા થાય છે, અર્થાત્ જ્યારે દુનિયામાં અલ્લાહને ખુશ કરવાના હેતુથી બંદો મોટા કામ કરવા માટે તૈયાર થાય છે, તો વિશ્વાસ, આગળ વધીને કામ કરવું, ભરોસાથી કામ લે છે,

---

[242] ૨૪૫] આ હદીષને ઇમામ મુસ્લિમ રહ.એ પોતાની સહીહમાં વર્ણન કરી છે, કિતાબુઝ્ ઝકાત હદીષ નંબર: ૧૦૦૬.
[243] ૨૪૬ આ હદીષને ઇમામ બુખારી રહ.એ રિવાયત કરી છે, કિતાબુઝ્ ઝકાત, બાબ: ૨૯, અને ઇમામ મુસ્લિમ રહ.એ કિતાબુઝ્ ઝકાત, હદીષ નંબર: ૧૦૦૮ માં વર્ણન કરી છે અને શબ્દો તેમના જ છે.
[244] ૨૪૮] મરયમ, આયત નંબર: ૬૫.
[245] ૨૪૯] અલ્ અનઆમ, આયત નંબર: ૫૯.
[246] ૨૫૦] જુઓ: "અકીદતુ અહલિસ્ સુન્નતિ વલ્ જમાઅતિ, પેજ નંબર: ૭-૧૧.

અને તેને સંપૂર્ણ યકીન હોય છે કે તેનો ભરોસો આકાશ અને ઝમીનના માલિક પર હોય છે, તે જ તેની મદદ કરશે, એવી જ રીતે સબર, ઇસ્તિકામત, અડગ રહી અને ભરોસો કરી પોતાના હેતુ પર કાયમ કર્યું. [૨૫૧].[247]

બીજું: ફરિશ્તાઓ પર ઈમાન: અલ્લાહ તઆલાએ ફરિશ્તાઓને પોતાની બંદગી કરવા માટે પેદા કર્યા અને તેમના ગુણ જણાવ્યા:{ عِبَادٌ مُّكْرَمُونَ (26) {પરંતુ તે બધા તેના પ્રતિષ્ઠિત બંદાઓ છે. (૨૬) لَا يَسْبِقُونَهُ بِالْقَوْلِ وَهُم بِأَمْرِهِ يَعْمَلُونَ (27) કોઈ વાતમાં અલ્લાહની અવજ્ઞા નથી કરતા, પરંતુ તેના આદેશનું સંપૂર્ણ રીતે પાલન કરે છે. (૨૭) يَعْلَمُ مَا بَيْنَ أَيْدِيهِمْ وَمَا خَلْفَهُمْ وَلَا يَشْفَعُونَ إِلَّا لِمَنِ ارْتَضَىٰ وَهُم مِّنْ خَشْيَتِهِ مُشْفِقُونَ (28) }[248]، તે તેમના આગળ-પાછળના દરેક કાર્યોને જાણે છે, અને તે લોકો તેમના માટે જ શિફારીશ (ભલામણ) કરી શકે છે, જેના માટે અલ્લાહ રાજી છે, અને તે લોકો પોતે હંમેશા તેનાથી ડરતા રહે છે. (૨૮) } [૨૫૨],એવી જ રીતે તેમના વિશે કહ્યું:{ لَا يَسْتَكْبِرُونَ عَنْ عِبَادَتِهِ وَلَا يَسْتَحْسِرُونَ (19) {અને જેઓ (ફરિશ્તાઓ) તેની પાસે છે, તે તેની બંદગીથી ન વિદ્રોહ કરે છે અને ન તો થાકે છે. (૧૯) يُسَبِّحُونَ اللَّيْلَ وَالنَّهَارَ لَا يَفْتُرُونَ (20) }[249]، તે રાત-દિવસ અલ્લાહનો ઝિકર કરે છે અને થોડીક પણ આળસ નથી કરતા. (૨૦) } [૨૫૩],અલ્લાહ તઆલાએ તેમને આપણાથી છુપાવીને રાખ્યા છે. અમુક વખતે તેમના માંથી કેટલાક ને પોતાના અમુક પયગંબરો સામે જાહેર કરી દે છે.

ફરિશ્તાઓને અલગ અલગ કામો કરવાની જવાબદારી સોંપવામાં આવી છે, જેવું કે જિબ્રઇલને વહી પહોંચાડવાનું કામ આપ્યું છે, તેઓ અલ્લાહ તરફથી તે પયગંબરો પર વહી લઈને આવે છે, જેમના પર અલ્લાહ વહી ઉતારવાનું ઈચ્છે છે, કેટલાક ફરિશ્તાઓ રુહ (પ્રાણ) કાઢવાની જવાબદારી સોંપવામાં આવી છે, કેટલાક ફરિશ્તાઓ માતાના પેટમાં પરવરીશ પામતા બાળકની જવાબદારી સોંપવામાં આવી છે, તો કેટલાક ફરિશ્તાઓને બની આદમની દેખરેખ કરવાની જવાબદારી સોંપવામાં આવી છે, અને કેટલાક ફરિશ્તાઓને માનવીઓના અમલ લખવાની જવાબદારી સોંપવામાં આવી છે, દરેક વ્યક્તિ પાસે બે ફરિશ્તાઓ નક્કી છે:{ عَنِ الْيَمِينِ وَعَنِ الشِّمَالِ قَعِيدٌ (17) {જમણી અને ડાબી બાજુ બેસી બધું જ લખી રહ્યા છે. (૧૭) مَّا يَلْفِظُ مِن قَوْلٍ إِلَّا لَدَيْهِ رَقِيبٌ عَتِيدٌ (18)}[250]. (માનવી) મોં વડે કોઇ શબ્દ બોલી શકતો નથી પરંતુ તેની ઉપર એક દેખરેખ રાખનારા તૈયાર છે. (૧૮) [૨૫૪].

ફરિશ્તાઓ પર ઈમાન લાવવાના ફાયદા:

૧- મુસલમાનનો અકીદો શિર્કથી પાક સાફ થઈ જાય છે, કારણકે મુસલમાન તે ફરિશ્તાઓ પર ઈમાન લાવે છે, જેમને આ મહાન કામોની જવાબદારી સોંપવામાં આવી છે, તો તે શંકાસ્પદ મખલૂકના અકીદાથી છુટકારો મેળવે છે, (જેમના વિશે લોકો કહેતા હોય છે) કે આ સૃષ્ટિ ની વ્યવસ્થા કરવામાં તેમનો પણ હાથ છે.

૨- મુસલમાન જાણે છે કે ફરિશ્તાઓ ફાયદા અને નુકસાનનો અધિકાર નથી ધરાવતા, પરંતુ તે પ્રતિષ્ઠિત બંદાઓ છે, તેમને જે આદેશ અલ્લાહ તઆલા આપે છે તેની નાફરમાની નથી કરતા અને જે આદેશ તેઓને આપવામાં આવે છે તે તેને સંપૂર્ણ રીતે કરે છે, એટલા માટે ન તો તે તેમની બંદગી કરે છે અને ન તો તેમના વિશે વિચારે પણ છે, અને ન તો તેમની બાબતે કંઈ બીજો સબંધ રાખે છે.

ત્રીજો: કિતાબો પર ઈમાન: અર્થાત્ તે ઈમાન ધરાવવું કે અલ્લાહ તઆલાએ પોતાના રસૂલ અને પયગંબરો પર કિતાબો ઉતારી, જેથી તેઓ તેનો હક સ્પષ્ટ કરે અને તેની તરફ બોલાવે, જેવું કે અલ્લાહ તઆલાએ કહ્યું:{ لَقَدْ أَرْسَلْنَا رُسُلَنَا بِالْبَيِّنَاتِ وَأَنزَلْنَا مَعَهُمُ الْكِتَابَ وَالْمِيزَانَ لِيَقُومَ النَّاسُ بِالْقِسْطِ }[251]، {નિ:શંક અમે અમારા પયગંબરોને સ્પષ્ટ પૂરાવા આપી મોકલ્યા અને તેમની સાથે કિતાબ અને ત્રાજવા ઉતાર્યા, જેથી લોકો ન્યાય પર અડગ રહે} [૨૫૫],આ પ્રમાણેની કિતાબો ઘણી છે, તેમાંથી પ્રખ્યાત આ પ્રમાણે છે, ઈબ્રાહીમના સહિફા, તૌરાત, જે મૂસા અ.સ. પર ઉતારવામાં આવી, ઝબૂર, જે દાવુદ અ.સ. પર ઉતારવામાં આવી અને ઇન્જિલ જે ઈસા અ.સ. પર ઉતારવામાં આવી.

આ દરેક કિતાબો જેમના વિશે અલ્લાહ તઆલાએ આપણને જણાવ્યું, તે બધી નષ્ટ થઈ ચૂકી છે, દુનિયામાં ઈબ્રાહીમના સહિફાનું અસ્તિત્વ નથી રહ્યું,તૌરાત, ઝબૂર, અને ઇન્જિલ, તો આ કિતાબો યહૂદી અને નસ્રાનિઓ પાસે તેમના નામ સાથે છે, પરંતુ તેમાં ફેરફાર અને બદલાવ કરી દીધો છે, તેનો ઘણો ભાગ ખોવાઈ ગયો છે, તેમાં એવી વસ્તુઓ આવી ગઈ છે, જેનો તેની સાથે કોઈ સબંધ નથી, પરંતુ તેમને અન્ય લોકો સાથે નિસબત આપવામાં આવે છે,કદીમ (જુના) અહદ નામામાં ચાળીસથી વધુ સફરે (અબવાબ) છે, જેમાંથી ફક્ત પાંચની નિસબત મૂસા અ.સ. તરફ કરવામાં આવે છે, અને હાલ ઇન્જિલનો એક પણ ભાગ ઈસા અ.સ. તરફ નિસબત આપવામાં આવતો નથી.

આ બધી કિતાબો પર ઈમાન લાવવાનો અર્થ એ છે કે તમે ઈમાન ધરાવો કે અલ્લાહ તઆલાએ પયગંબરો પર આ કિતાબો ઉતારી, અને આ કિતાબો તે શરીઅત પર આધારિત હતી, જેને અલ્લાહએ તે સમયે લોકો સુધી પહોંચાડવાની ઈચ્છા કરી.

જ્યાં સુધી આ અંતિમ કિતાબની વાત છે તો જે અલ્લાહ તરફથી ઉતારવામાં આવી તો તે કુરઆન મજીદ છે, જેને અલ્લાહએ આપ ﷺ પર ઉતારી, તે અલ્લાહની સુરક્ષાના કારણે આજ સુધી સુરક્ષિત છે, તેના શબ્દો, વાક્યો, હરકત અને અર્થમાં કંઈ પણ રીતે ફેરફાર નથી થયો.

કુરઆન મજીદ અને પાછળની આકાશીય કિતાબોમાં કેટલાક તફાવતો જોવા મળે છે, જેમાંથી કેટલાક નીચે પ્રમાણે છે:

૧- પ્રાચીન કિતાબો નષ્ટ થઈ ગઈ, તેમાં ફેરફાર અને બદલાવ કરવામાં આવ્યા, એવા લોકો તરફ તે કિતાબોની નિસબત થવા લાગી, જેમની તરફ કિતાબ ઉતારવામાં જ નથી આવી, તેમાં ઘણા હાશિયા, સમજૂતી, અર્થો અને તફસીરોનો વધારો કરવામાં આવ્યો છે, અને તેમાં એવા ઘણા વાક્યો ઉમેરવામાં કરવામાં આવ્યા છે, જે ઇન્સાનની ફિતરત વિરુદ્ધ છે.

પરંતુ કુરઆન મજીદ અલ્લાહની સુરક્ષાના કારણે અત્યાર સુધી પોતાના શબ્દો, અર્થ અને સમજૂતી સાથે સુરક્ષિત છે, જેને અલ્લાહએ આપ ﷺ પર ઉતાર્યું, તેમાં ન તો કોઈ ફેરફાર થયો છે અને ન તો કંઈ વધારો કરવામાં આવ્યો છે,કારણકે મુસલમાનોએ એ વાતનું ખાસ ધ્યાન રાખ્યું છે કે કુરઆન મજીદ દરેક પ્રકારની શંકાઓથી સુરક્ષિત રહે, મુસલમાનોએ આમાં

---

[247] ૨૫૧] જુઓ: "અકીદા અહલે સુન્નત વલ્ જમાઅતિ", પેજ નંબર: ૪૪, અને "મબાદીઉલ્ ઇસ્લામ", પેજ નંબર: ૮૦-૮૪.

[248] ૨૫૨ અલ્ અંબિયા, આયત નંબર: ૨૮-૨૯.

[249] ૨૫૩] અલ્ અંબિયા, આયત નંબર: ૧૯-૨૦.

[250] ૨૫૪] કોફ, આયત નંબર: ૧૭-૧૮, જુઓ: "અકીદહ એહલે સુન્નત વલ્ જમાઅત", પેજ નંબર: ૧૯.

[251] ૨૫૫] અલ્ હદીદ, આયત નંબર: ૨૫.

પયગંબરની સિરત, સહાબાઓની સિરત, કુરઆનની તફસીર અથવા ઈબાદત અને વ્યવહારના (ગેર કુરઆની) આદેશો આમા દાખલ નથી કર્યા.

૨- પ્રાચીન પુસ્તકોની તારીખની કોઈ યાદગીરી નથી, જો કે કેટલીક કિતાબો વિશે તો એ પણ ખબર નથી કે આ કિતાબ કોના પર ઉતારવામાં આવી, અને કઈ ભાષામાં ઉતરી, અહીં સુધી કે તે કિતાબનો એક પ્રકાર એ પણ છે કે જેઓ તેની સાથે આવનાર પયગંબરો સિવાય અન્ય લોકો તરફ નિસબત આપવામાં આવી છે.

વાત છે કુરઆનની તો મુસલમાન તેને લેખિત અને મૌખિક બન્ને રીતે તેને મુહમ્મદ ﷺ તરફ તવાતુર (સતત, લિંક તૂટ્યા વગર) સાથે નકલ કરતા આવી રહ્યા છે, મુસલમાનો પાસે દરેક સમયે અને દરેક જગ્યાએ લાખો કુરઆનના હાફિઝ મળી જશે, અને તેના હજારો લેખિત નુસખા જોવા મળશે,કુરઆનના મૌખિક નુસખા જ્યાં સુધી તેના લેખિત નુસખાઓ સાથે મેળાપ ન થાય ત્યાં સુધી વિરોધી નુસખાઓનો કોઈ એતબાર નથી,એટલા માટે મૌખિક હાફીઝો માટે લેખિત નુસખા સાથે મેળાપ હોવો ખૂબ જ જરૂરી છે.

સૌથી વધારે મહત્વની વાત એ કે કુરઆન મજીદ જે પ્રમાણે સતત મોં પર યાદ થતું આવી રહ્યું છે, દુનિયાની કોઈ કિતાબ આ પ્રમાણે મોઢે  યાદ કોઈને નથી, જો કે આ પ્રમાણે મુસલમાન કોમ વગર કોઈ કોમ પાસે આ વસ્તુ નથી, આ તરીકો એ છે કે એક વિદ્યાર્થી પોતાના શિક્ષક પાસે કુરઆન મજીદ મોઢે યાદ કરે છે, તેના શિક્ષક પણ પોતાના શિક્ષક પાસે યાદ કર્યું હશે, પછી શિક્ષક પોતાના વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ (પ્રમાણપત્ર) આપે છે, જેને "ઇજાઝહ (પરવાનગી)" કહેવામાં આવે છે, જેમાં શિક્ષક એ વાત વાતનું વચન આપે છે કે તેમણે પોતાના વિદ્યાર્થીઓને તે વસ્તુ પઢાવ્યું, જે તેમણે પોતાના શિક્ષક પાસેથી શીખ્યું, તેમાંથી દરેક શિક્ષકે પોતાના શિક્ષક પાસેથી પઢયું અને દરેક વ્યક્તિ પોતાના શિક્ષકનું નામ લે છે,  અહીં સુધી કે તે સનદ આપ ﷺ સુધી પહોંચે છે, આ પ્રમાણે મૌખિક પ્રક્રિયા વિદ્યાર્થીથી લઈ આપ ﷺ સુધી પહોંચી જાય છે.

મજબૂત અને ભરોસાપાત્ર પુરાવા, અને એતિહાસિક  સાક્ષીઓ, જે સનદ સાથે વર્ણન કરવામાં આવતી રહે છે, કુરઆન મજીદની દરેક સુરત અને દરેક આયતની ઓળખ તે વાતની સાક્ષી આપે છે કે તે ક્યાં અને ક્યારે આપ ﷺ પર ઉતારવામાં આવી.

૩- જે ભાષાઓમાં પ્રાચીન કિતાબો ઉતારવામાં આવી, તે ઘણા સમયથી ખતમ થઈ ગઈ છે, વર્તમાનકાળમાં કોઈ વ્યક્તિ તે ભાષા બોલવાવાળો નથી, અને તેમને સમજવાવાળા પણ ના બરાબર છે, પરંતુ તે ભાષા જેમાં કુરઆન મજીદ ઉતારવામાં આવ્યું, તે એક જીવિત ભાષા છે, જેને આજે પણ લાખો લોકો બોલી રહ્યા છે, તેને જમીનના કોઈ પણ ભાગમાં પઢાવવામાં આવી રહી છે, અને જે વ્યક્તિ તેને ન જાણતો હોય તો તેને કોઈને કોઈ એવો વ્યક્તિ જરૂર મળી જશે, જે તેને કુરઆન મજીદના અર્થ અને સમજૂતી બતાવી શકે.

૪- પ્રાચીન કિતાબો એક ખાસ સમય અને ખાસ લોકો માટે ઉતારવામાં આવી હતી, એટલા માટે જ તેમાં એવા આદેશો હતા, જે ફક્ત તે સમય માટે જ ખાસ હતા,અને જે કિતાબ આ પ્રમાણે ખાસ લોકો માટે અને ખાસ જગ્યા માટે હોય તો તે દરેક લોકો માટે યોગ્ય નથી હોઈ શકતી.

પરંતુ કુરઆન મજીદ એક જામેઅ કિતાબ છે, જે દરેક લોકો માટે અને દરેક સમય માટે યોગ્ય છે, તેમાં એવા આદેશો, અખ્લાક અને બાબતોનું વર્ણન કરવામાં આવ્યું છે, જે દરેક કોમ અને સમુદાય માટે અને દરેક સમય માટે યોગ્ય છે, કારણકે તેમાં દરેક માનવીઓને સામાન્ય રીતે સંબોધિત કરવામાં આવ્યા છે.

આ વાતથી સાબિત થાય છે કે માનવીઓ માટે  અલ્લાહની હુજ્જત એવી કિતાબો દ્વારા કાયમ નથી થઈ શકતી, જેના સાચા નુસખા ખતમ થઈ ગયા હોય અને ધરતી પર કોઈ તેની ભાષા બોલવાવાળા મળતા ન હોય, જેમાં આ કિતાબો ફેરફાર કરી લખવમાં આવી હતી...પરંતુ સર્જન માટે અલ્લાહની હુજ્જત (પુરાવો)  એવી કિતાબ દ્વારા કાયમ થઈ શકે છે, જે કિતાબ દરેક પ્રકારના સુધારા, વધારા, ફેરફાર અને બદલાવથી સુરક્ષિત હોય, તે નુસખા દરેક જગ્યાએ ફેલાયેલા હોય, તે એવી જીવિત ભાષામાં લખવામાં આવી હોય, જેનું વાંચન અને શીખવાવાળાની સંખ્યા કરોડોમાં હોય, જેઓ અલ્લાહના આદેશને લોકો સુધી પહોંચાડતા હોય, આવી કિતાબ કુરઆન મજીદ છે, જેને અલ્લાહ તઆલાએ મુહમ્મદ  ﷺ પર ઉતારી, તે દરેક પ્રાચીન કિતાબોની પુષ્ટિ કરે છે, તેના માટે સંરક્ષક અને ગવાહી આપે છે.એટલા માટે દરેક માનવી માટે જરૂરી છે કે તેનું અનુસરણ કરે, જેથી તે કિતાબ તેમના માટે નૂર, શિફા, હિદાયત અને રહેમત સાબિત થાય, અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَهَٰذَا كِتَابٌ أَنزَلْنَاهُ مُبَارَكٌ فَاتَّبِعُوهُ وَاتَّقُوا لَعَلَّكُمْ تُرْحَمُونَ }[252]، {અને આ કિતાબ (કુરઆન) જે અમે ઉતારી છે તે ખૂબ જ બરકતવાળી કિતાબ છે, એટલા માટે તમે તેનું અનુસરણ કરો અને અલ્લાહથી ડરતા રહો, કદાચ કે તમારા પર રહેમ કરવામાં આવે} [૨૫૬],અને બીજી જગ્યાએ અલ્લાહ તઆલા જેના વખાણ ઉચ્ચ છે કહ્યું:{ قُلْ يَا أَيُّهَا النَّاسُ إِنِّي رَسُولُ اللَّهِ إِلَيْكُمْ جَمِيعًا }[253]. {હે પયગંબર તમે કહી દો હે લોકો! હું તમારા બધા માટે અલ્લાહ તરફથી મોકલવામાં આવેલ રસૂલ છું} [૨૫૭].

ચોથું: રસૂલો પર ઈમાન  ધરાવવું:

અલ્લાહ તઆલાએ પોતાના સર્જન  પાસે ઘણા પયગંબરો મોકલ્યા, જેમણે અલ્લાહ પર ઈમાન લાવનાર માટે અને પયગંબરોની વાતો પર અમલ કરવાવાળાને નેઅમતની ખુશખબર આપી અને નાફરમાની કરનારને અઝાબની ચેતવણી આપી ડરાવ્યા, અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَلَقَدْ بَعَثْنَا فِي كُلِّ أُمَّةٍ رَّسُولًا أَنِ اعْبُدُوا اللَّهَ وَاجْتَنِبُوا الطَّاغُوتَ }[254]، {અને દરેક કોમમાં એક પયગંબર મોકલ્યા, (જે તેઓને કહેતા હતા કે) અલ્લાહની ઈબાદત કરો અને તાગૂતથી બચો} [૨૫૮],અને બીજી જગ્યાએ અલ્લાહ તઆલા જેના વખાણ ઉચ્ચ છે કહ્યું:{ رُّسُلًا مُّبَشِّرِينَ وَمُنذِرِينَ لِئَلَّا يَكُونَ لِلنَّاسِ عَلَى اللَّهِ حُجَّةٌ بَعْدَ الرُّسُلِ }[255]. {આ દરેક પયગંબર (લોકોને)  ખુશખબરી આપનાર અને સચેત કરવાવાળા હતા, જેથી આ પયગંબરો આવી ગયા પછી લોકો માટે અલ્લાહ પર કોઇ દલીલ બાકી ન રહે} [૨૫૯].

---

[252] ૨૫૬] અલ અનઆમ, આયત નંબર: ૧૫૫.

[253] ૨૫૭] અલ્ અઅરાફ, આયત નંબર: ૧૫૮, વર્ણવેલ વિષય માટે જુઓ: "અલ્ અકીદતુસ્ સહિહ્હ વ મા યુઝાદ્દુહા" પેજ નંબર: ૧૭ અને "અકીદતુ અહલુસ્ સુન્નહ વલ્ જમાઅતિ" પેજ નંબર: ૨૨, અને "મબાદીઉલ્ ઇસ્લામ", પેજ નંબર: ૮૯.

[254] ૨૫૮] અન્ નહલ, આયત નંબર: ૩૬.

[255] ૨૫૯] અન્ નિસા, આયત નંબર: ૧૬૫.

આ પયગંબરોની સંખ્યા ઘણી છે, તેમાં સૌ પ્રથમ નૂહ અ.સ. અને અંતિમ પયગંબર મુહમ્મદ ﷺ છે, તેમાંથી કેટલાક પયગંબરોની ખબર અલ્લાહ તઆલાએ જણાવી છે, જેવું કે ઈબ્રાહીમ અ.સ., મૂસા અ.સ., ઈસા અ.સ, દાવુદ અ.સ., યહ્યા અ.સ., ઝકરિયા અ.સ., સાલિહ અ.સ., અને કેટલાક એવા પણ પયગંબર છે, જેમના વિશે આપણને ખબર નથી આપી, અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَرُسُلًا قَدْ قَصَصْنَاهُمْ عَلَيْكَ مِن قَبْلُ وَرُسُلًا لَّمْ نَقْصُصْهُمْ عَلَيْكَ }[256]. {કેટલાક પયગંબરો એવા છે, જેમની હાલત અમે તમને પહેલા જણાવી ચુક્યા છે, અને કેટલાક એવા પણ છે, જેમની હાલત અમે તમને નથી જણાવી} [૨૬૦].
આ દરેકે દરેક પયગંબર ઇન્સાન અને અલ્લાહની મખલુક છે, અને તેમને રુબુબિયત અને ઉલુહિયતનો કોઈ ખાસ ગુણ પ્રાપ્ત નહતો, એટલા માટે ઈબાદતનો કોઈ પણ ભાગ તેમના માટે નથી કરી શકતા, તેઓ પોતે પણ પોતાના માટે ફાયદા તેમજ નુકસાનનો અધિકાર નથી ધરાવતા, અલ્લાહ તઆલાએ નૂહ અ.સ. જેઓ પ્રથમ નબી છે, તેમના વિશે કહ્યું  કે તેમણે પોતાની કોમને કહ્યું:{ وَلَا أَقُولُ لَكُمْ عِندِي خَزَائِنُ اللَّهِ وَلَا أَعْلَمُ الْغَيْبَ وَلَا أَقُولُ إِنِّي مَلَكٌ }[257]، {હું તમને એવું નથી કહેતો કે મારી પાસે અલ્લાહના ખજાના છે, અને ન તો મારી પાસે ગેબનું ઇલ્મ છે, ન હું એવું કહું છું કે હું કોઈ ફરિશ્તો છું} [૨૬૧],અને અલ્લાહ તઆલાએ અંતિમ પયગંબરને આદેશ આપ્યો કે તમે જણાવી દો:{ لَّا أَقُولُ لَكُمْ عِندِي خَزَائِنُ اللَّهِ وَلَا أَعْلَمُ الْغَيْبَ وَلَا أَقُولُ لَكُمْ إِنِّي مَلَكٌ }[258]، {હું તમને એવું નથી કહેતો કે મારી પાસે અલ્લાહના ખજાના છે, અને ન તો મારી પાસે ગેબનું ઇલ્મ છે, ન હું એવું કહું છું કે હું કોઈ ફરિશ્તો છું} [૨૬૨],અને કહ્યું:{لَّا أَمْلِكُ لِنَفْسِي نَفْعًا وَلَا ضَرًّا إِلَّا مَا شَاءَ اللَّهُ }[259]. {હું પોતે મારા માટે કોઇ ફાયદા તેમજ કોઈ નુકસાનનો અધિકાર નથી ધરાવતો, અલ્લાહ જે કંઈ ઈચ્છે તે જ થાય છે} [૨૬૩].
પયગંબરો અલ્લાહના પ્રતિષ્ઠિત બંદાઓ છે, અલ્લાહએ તેમને પસંદ લીધા છે અને પયગંબરીની જવાબદારી સોંપી છે, તે સૌ બંદાઓ છે, તેમનો દીન ઇસ્લામ દીન છે, અલ્લાહ ઇસ્લામ સિવાય કોઈ દીન કબૂલ નહિ કરે, અલ્લાહ તઆલાએ કહ્યું :{ إِنَّ الدِّينَ عِندَ اللَّهِ الْإِسْلَامُ }[260]، {નિંશંક અલ્લાહ તઆલાની નજીક દીન ઇસ્લામ જ છે.} [૨૬૪],તેમની પયગંબરીનું મૂળ સરખું હતું, જો કે તેમની શરીઅત અને આદેશો અલગ અલગ હતા, અલ્લાહ તઆલાએ કહ્યું:{ لِكُلٍّ جَعَلْنَا مِنكُمْ شِرْعَةً وَمِنْهَاجًا }[261]، {તમારા માંથી પ્રત્યેક માટે એક કાનૂન અને રસ્તો નક્કી કરી દીધો છે} [૨૬૫],તે દરેક શરીઅતનો અંત આપ ﷺ ની શરીઅત પર થયો, જે પાછળની દરેક શરીઅતને મન્સૂખ (રદ) કરે છે, આપની પયગંબરી અને રિસાલત દરેક પયગંબરીને ખતમ કરવાવાળી છે, અને આપ અંતિમ પયગંબર છો.
જે કોઈ એક નબી પર ઈમાન લાવે તો તેના માટે જરૂરી છે કે તે દરેક નબી પર ઈમાન લાવે, અને જે એક પયગંબરને જુઠલાવશે તો તેણે દરેક પયગંબરને જુઠલાવ્યા ગણાશે, કારણકે દરેક પયગંબરે અલ્લાહ પર, તેના ફરિશ્તાઓ પર, તેનારસૂલો પર, તેની કિતાબો પર અને આખિરતના દિવસ પર ઈમાન લાવવાનો આદેશ આપ્યો છે, તે સૌનો દીન એક જ હતો, એટલા માટે કોઈ વ્યક્તિ રસૂલો વચ્ચે મતભેદ કરે, કેટલાક ઈમાન ધરાવે અને કેટલાકનો ઇન્કાર કરે તો તેણે દરેક પયગંબરોનો ઇન્કાર કર્યો ગણાશે,કારણકે તેમાંથી દરેકે દરેક પયગંબરો અને નબીઓ પર ઈમાન લાવવાનો આદેશ આપ્યો છે, [૨૬૬] અલ્લાહ તઆલાએ કહ્યું:{ آمَنَ الرَّسُولُ بِمَا أُنزِلَ إِلَيْهِ مِن رَّبِّهِ وَالْمُؤْمِنُونَ ۚ كُلٌّ آمَنَ بِاللَّهِ وَمَلَائِكَتِهِ وَكُتُبِهِ وَرُسُلِهِ لَا نُفَرِّقُ بَيْنَ أَحَدٍ مِّن رُّسُلِهِ }[262]. {પયગંબરો પર જે કંઈ તેમના પાલનહાર તરફથી ઉતર્યું, તેના પર તે પોતે પણ ઇમાન લાવ્યા અને સૌ ઇમાનવાળાઓ પર ઈમાન લાવ્યા,  તેઓ અલ્લાહ તઆલા, અને તેના ફરિશ્તાઓ પર અને તેની કિતાબો પર અને તેના પયગંબરો પર ઇમાન લાવે છે, અને કહે છે કે અમે  પયંગબરો માંથી કોઇ પયગંબર વચ્ચે તફાવત નથી કરતા} [૨૬૭].અને બીજી જગ્યાએ અલ્લાહ તઆલા જેના વખાણ ઉચ્ચ છે કહ્યું:{ إِنَّ الَّذِينَ يَكْفُرُونَ بِاللَّهِ وَرُسُلِهِ وَيُرِيدُونَ أَن يُفَرِّقُوا بَيْنَ اللَّهِ وَرُسُلِهِ وَيَقُولُونَ نُؤْمِنُ بِبَعْضٍ وَنَكْفُرُ بِبَعْضٍ وَيُرِيدُونَ أَن يَتَّخِذُوا بَيْنَ ذَٰلِكَ سَبِيلًا }[263]. {જે લોકો અલ્લાહનો અને તેના પયગંબરોનો ઇન્કાર કરે છે અને ઇચ્છે છે કે અલ્લાહ અને તેના પયગંબર વચ્ચે ભેદભાવ રાખે અને કહે છે કે કેટલાક પયગંબરો પર અમારું ઈમાન છે અને કેટલાક પર (ઈમાન) નથી અને એવું ઇચ્છે છે કે કૂફર અને ઈમાન વચ્ચે (એક ત્રીજો) માર્ગ અપનાવી લે. [૨૬૮].[264]
પાંચમું: આખિરતના દિવસ પર ઈમાન લાવવું, એટલા માટે કે આ દુનિયામાં સર્જનનો અંત મૃત્યુ છે, હવે સવાલ એ છે કે મૃત્યુ પછી માનવીનું ઠેકાણું શુંહશે?તે અત્યાચારીઓનો અંજામ શું થશે, જેઓ દુનિયામાં અઝાબથી બચી ગયા, શુ તેઓ પોતાની જુલમની સજાથી બચી જશે?તે સદાચારી વ્યક્તિ, જેઓને પોતાની નેકિયોનો બદલો આ દુનિયામાં મળી ન શક્યો, શું તેમનો બદલો અને સવાબ વ્યર્થ થઈ જશે?
એક પછી એક માનવીનું મૃત્યુ થઈ રહ્યું છે, નસલ મૃત્યુનો શિકાર બની રહી છે, અહીં સુધી કે જ્યારે અલ્લાહ તઆલા દુનિયાને ખત્મ કરવાનો આદેશ આપશે, તો સૃષ્ટિ પર રહેવા વાળું દરેક સર્જન નષ્ટ થઈ જશે, પછી અલ્લાહ તઆલા દરેકને તે દિવસે ભેગા કરશે, જેમાં સૌ હાજર કરવામાં આવશે, તે દિવસે અલ્લાહ તઆલા પહેલા અને પછી આવનાર દરેકને ભેગા કરશે, પછી બંદાઓએ દુનિયામાં જે સારા અને ખરાબ કાર્યો કર્યા, તેમનો હિસાબ લેવામાં આવશે, પછી મોમિનોને જન્નત તરફ લઈ જવામાં આવશે અને કાફિરોને જહન્નમ તરફ લઈ જવામાં આવશે.
અને જન્નત: નેઅમતોનું તે ઘર, જે અલ્લાહ તઆલાએ પોતાના મોમિન બંદાઓ માટે તૈયાર કરી રાખ્યું છે, તેમાં એટલા પ્રકારની નેઅમતો હશે, કે માનવી વિચારી પણ નથી શકતો, તેમાં સો દરજ્જા હશે, ઈમાન અને ઈતાઅત પ્રમાણે લોકોના

---

[256] ૨૬૦] અન નિસા, આયત નંબર: ૧૬૪.
[257] ૨૬૧] હૂદ, આયત નંબર: ૩૧.
[258] ૨૬૨] અલ્ અન્આમ, આયત નંબર: ૫૦.
[259] ૨૬૩] અલ્ અઅરાફ, આયત નંબર: ૧૮૮.
[260] ૨૬૪] આલિ ઇમરાન, આયત નંબર: ૧૯.
[261] ૨૬૫] અલ્ માઈદહ, આયત નંબર: ૪૮.
[262] ૨૬૬] જુઓ: “અલ્ અકીદતુસ સહીહહ વમા યઝાદુહા” પેજ નંબર: ૧૭, અને “અકીદતુ અહલિસ્ સુન્નહ વલ્ જમાઅતિ”, પેજ નંબર: ૨૫.
[263] ૨૬૭] અલ્ બકરહ, આયત નંબર: ૨૮૫.
[264] ૨૮૬] અન્ નિસા, આયત નંબર: ૧૫૦.

રહેઠાણની જગ્યા નક્કી કરવામાં આવશે,જન્નતમાં સૌથી નીચેના ભાગમાં રહેવાવાળા વ્યક્તિને જે નેઅમતો આપવામાં આવશે, તે દુનિયામાં એક બાદશાહ જેટલી પરંતુ તેના કરતાં દસ ઘણી આપવામાં આવશે.
અને જહન્નમ: તે અઝાબ છે, જેને અલ્લાહ તઆલાએ કાફિરો માટે તૈયાર કરી રાખ્યો છે, તેમાં એટલા અલગ અલગ અને વિવિધ પ્રકારના અઝાબ હશે કે તેમનું વર્ણન કરવું પણ ભયાનક છે, જો આખિરતમાં અલ્લાહ તઆલા કોઈના માટે મૌત નક્કી કરતો તો જહન્નમી લોકોને જહન્નમ જોઈને જ મૌત આવી જાત.
અલ્લાહ તઆલા પોતાના -પાછલા ઇલ્મ પ્રમાણે-જાણતો હતો કે કયો વ્યક્તિ કેવી સારી અથવા ખરાબ વાત કરશે, ભલેને છુપી હોય કે જાહેરમાં, પછી અલ્લાહ તઆલાએ દરેક માનવી સાથે બે ફરિશ્તા નક્કી કરી દીધા, તેમાંથી એક નેકિઓ વિશે લખે છે અને બીજો ગુનાહ લખી રહ્યો છે, તે બન્નેથી કંઈ પણ છૂટતું નથી, અલ્લાહ તઆલાએ કહ્યું:{ مَّا يَلْفِظُ مِن قَوْلٍ إِلَّا لَدَيْهِ رَقِيبٌ عَتِيدٌ }[265]، {(માનવી) મોં વડે કોઇ શબ્દ બોલી શકતો નથી પરંતુ તેની ઉપર એક દેખરેખ રાખનારા તૈયાર છે.} [૨૬૯],આ દરેક અમલ એક કિતાબમાં લખવામાં આવે છે, જે કયામતના દિવસે તેની સમક્ષ રજૂ કરવામાં આવશે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَوُضِعَ الْكِتَابُ فَتَرَى الْمُجْرِمِينَ مُشْفِقِينَ مِمَّا فِيهِ وَيَقُولُونَ يَا وَيْلَتَنَا مَالِ هَٰذَا الْكِتَابِ لَا يُغَادِرُ صَغِيرَةً وَلَا كَبِيرَةً إِلَّا أَحْصَاهَا ۚ وَوَجَدُوا مَا عَمِلُوا حَاضِرًا ۗ وَلَا يَظْلِمُ رَبُّكَ أَحَدًا }[266]، {અને કર્મનોંધ દરેકની સામે મૂકી દેવામાં આવશે, બસ ! તમે પાપી લોકોને જોશો કે તેના લખાણથી ભયભીત થઇ રહ્યા હશે અને કહી રહ્યા હશે કે હાય ! અમારી ખરાબી આ કેવું પુસ્તક છે ? આ પુસ્તકે તો ન તો કોઈ નાની વાત છોડી છે અને ન તો કોઈ મોટી વાત, અને જે કંઈ તે લોકોએ કર્યું હતું બધું જ તેમાં હશે. અને તમારો પાલનહાર કોઈના પર (કણ બરાબર) ઝુલ્મ નહીં કરે.} [૨૭૦],તે રેકોર્ડ પુસ્તક પઢશે અને તેમાં લખેલી કોઈ પણ વાતનો ઇન્કાર નહીં કરી શકે, જો તે કોઈ અમલનો ઇન્કાર કરશે તો અલ્લાહ તઆલા તેના કાન, આંખ, હાથ, પગ અને ચામડીને બોલવાની શક્તિ આપશે, અને દરેક તેના અમલની સાક્ષી આપવા લાગશે. અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَيَوْمَ يُحْشَرُ أَعْدَاءُ اللَّهِ إِلَى النَّارِ فَهُمْ يُوزَعُونَ (19) {અને જે દિવસે અલ્લાહના દુશ્મન જહન્નમ તરફ લાવવામાં આવશે અને તેમને ભેગા કરી દેવામાં આવશે. (૧૯)20) حَتَّىٰ إِذَا مَا جَاءُوهَا شَهِدَ عَلَيْهِمْ سَمْعُهُمْ وَأَبْصَارُهُمْ وَجُلُودُهُم بِمَا كَانُوا يَعْمَلُونَ) ત્યાં સુધી કે જ્યારે જહન્નમની ખૂબ જ નજીક આવી જશે, તેમના પર તેમના કાન અને તેમની આંખો અને તેમની ચામડીઓ, તેમના કર્મોની સાક્ષી આપશે. (૨૦)وَقَالُوا لِجُلُودِهِمْ لِمَ شَهِدتُّمْ عَلَيْنَا ۖ قَالُوا أَنطَقَنَا اللَّهُ الَّذِي أَنطَقَ كُلَّ شَيْءٍ وَهُوَ خَلَقَكُمْ أَوَّلَ مَرَّةٍ وَإِلَيْهِ تُرْجَعُونَ (21) તેઓ પોતાની ચામડીઓને કહેશે કે તમે અમારી વિરુદ્ધ સાક્ષી કેમ આપી, તે જવાબ આપશે કે અમને તે અલ્લાહએ બોલવાની શક્તિ આપી, જેણે દરેક વસ્તુને બોલવાની શક્તિ આપી છે, તેણે જ તમારું સર્જન પ્રથમ વખત કર્યું અને તેની જ તરફ તમે પાછા ફેરવવામાં આવશો. (૨૧)وَمَا كُنتُمْ تَسْتَتِرُونَ أَن يَشْهَدَ عَلَيْكُمْ سَمْعُكُمْ وَلَا أَبْصَارُكُمْ وَلَا جُلُودُكُمْ وَلَٰكِن ظَنَنتُمْ أَنَّ اللَّهَ لَا يَعْلَمُ كَثِيرًا مِّمَّا تَعْمَلُونَ (22) }[267]. અને તમે (પોતાના ખરાબ કૃત્યો) એટલા માટે છુપાવતા ન હતા કે તમારા માટે તમારા કાન, આંખો અને તમારી ચામડીઓ સાક્ષી આપશે, હાં, તમે એવું સમજતા હતા કે તમે જે કંઈ પણ કરી રહ્યા છો, તેમાંથી ઘણા કાર્યો વિશે અલ્લાહ અજાણ છે. (૨૨)} [૨૭૧].
આખિરતના દિવસ પર ઈમાન લાવવું, જો કે ફરીવાર જીવિત થવા અને હશરમાં ભેગા થવાનો દિવસ છે, દરેક પયગંબરનો પયગંબરીનો એક ભાગ છે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَمِنْ آيَاتِهِ أَنَّكَ تَرَى الْأَرْضَ خَاشِعَةً فَإِذَا أَنزَلْنَا عَلَيْهَا الْمَاءَ اهْتَزَّتْ وَرَبَتْ ۚ إِنَّ الَّذِي أَحْيَاهَا لَمُحْيِي الْمَوْتَىٰ ۚ إِنَّهُ عَلَىٰ كُلِّ شَيْءٍ قَدِيرٌ }[268]، { તે (અલ્લાહ)ની નિશાનીઓ માંથી એ પણ છે કે તું ધરતીને જુએ છે, કે તે નિર્જન છે, પછી અમે તેના પર પાણી વરસાવીએ છીએ, તો તે હરકતમાં આવી જાય છે અને ઉભરવા લાગે છે, નિઃશંક જે (અલ્લાહ)એ તે ઝમીનને જીવિત કરી છે એવી જ રીતે તે મૃતકોને પણ જીવિત કરશે, ખરેખર અલ્લાહ તઆલા દરેક વસ્તુ પર શક્તિ ધરાવે છે.} [૨૭૨],અને પવિત્ર અલ્લાહ તઆલાએ કહ્યું:{ أَوَلَمْ يَرَوْا أَنَّ اللَّهَ الَّذِي خَلَقَ السَّمَاوَاتِ وَالْأَرْضَ وَلَمْ يَعْيَ بِخَلْقِهِنَّ بِقَادِرٍ عَلَىٰ أَن يُحْيِيَ الْمَوْتَىٰ }[269]، {શું તેઓ જોયું નથી કે અલ્લાહએ આકાશો અને ધરતીઓનું સર્જન કર્યુ અને તેઓના સર્જન કરવાથી તે ન થાકયો, શું તે મૃતકોને જીવિત કરવા પર શક્તિ ધરાવે છે? કેમ નહી તે તો દરેક વસ્તુ પર કુદરત ધરાવે છે.} [૨૭૩],આ અલ્લાહની હિકમતના કારણે છે; કારણકે અલ્લાહ તઆલાએ પોતાની મખલુકને વ્યર્થ પેદા નથી કરી અને ન તો તેને આમજ છોડી દેવામાં આવી, કારણકે નબળા વ્યક્તિ માટે પણ કોઈ હેતુ નક્કી કર્યા વગર કોઈ અગત્યનું કામ કરવું શક્ય નથી, જ્યારે માનવી માટે આ વસ્તુ શક્ય નથી તો પછી અલ્લાહ તઆલા વિશે આ વિચાર કઈ રીતે કરી શકે છે તેણે તેનું બેકાર સર્જન કર્યું છે, અને તેને બેકાર છોડી દેવામાં આવ્યો છે, અલ્લાહ તઆલા તેમની વાતો અને વિચારોથી ઉચ્ચ અને મહાન છે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ أَفَحَسِبْتُمْ أَنَّمَا خَلَقْنَاكُمْ عَبَثًا وَأَنَّكُمْ إِلَيْنَا لَا تُرْجَعُونَ }[270]، {શુ આ લોકો એવું સમજે છે કે અમે તેમને બેકાર પેદા કર્યા છે, અને તેમને અમારી તરફ પાછા ફરવાનું નથી? } [૨૭૪],અને ઉચ્ચ શાન વાળા અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَمَا خَلَقْنَا السَّمَاءَ وَالْأَرْضَ وَمَا بَيْنَهُمَا بَاطِلًا ۚ ذَٰلِكَ ظَنُّ الَّذِينَ كَفَرُوا ۚ فَوَيْلٌ لِّلَّذِينَ كَفَرُوا مِنَ النَّارِ }[271]. {અને અમે આકાશ અને ધરતી અને તે બન્ને વચ્ચેની વસ્તુઓનું સર્જન અમસ્તા જ નથી કર્યું. આવું અનુમાન તો ઇન્કાર કરનારાઓનું છે, ઇન્કાર કરનારાઓ માટે આગની ખરાબી છે.} [૨૭૫].
અલ્લાહ પર ઈમાન લાવવાની સાક્ષી દરેક બુદ્ધિશાળી લોકોએ આપી છે, આ જ વાતની જરૂર છે, તેમજ ફિતરત પણ આ વાતનો સ્વીકાર કરે છે; કારણકે વ્યક્તિ જ્યારે આખિરતના દિવસ પર ઈમાન ધરાવે છે, તો તે તેને જાણે છે કે જો માનવી કોઈ કાર્ય છોડી દે છે તો કેમ છોડી દે છે અને જે અમલ કરે છે તે સવાબ અને બદલાની આશા રાખી કરે છે,એવી જ રીતે આ પણ જાણે છે કે જે વ્યક્તિ લોકો પર જુલમ કરતો હશે, તેને તેનો બદલો જરૂર મળીને રહેશે, કયામતના દિવસે પીડિત વ્યક્તિ પોતાનો બદલો લેશે, અને એ કે માનવી પોતે કરેલા કાર્યોનો બદલો જરૂર પામશે, જો અમલ સારો હશે તો બદલો પણ સારો મળશે અને જો અમલ ખરાબ હશે તો બદલો પણ ખરાબ મળશે. જે તેણે પ્રયત્ન કર્યો હશે અને અલ્લાહ ઇન્સાફ

[265] ૨૬૯] અલ્ કોફ, આયત નંબર: ૧૮.
[266] ૨૭૦] અલ્ કહફ, આયત નંબર: ૪૯.
[267] ૨૭૧] ફુસ્સિલત, આયત નંબર: ૧૯-૨૨
[268] ૨૭૨] ફુસ્સિલત, આયત નંબર: ૩૯.
[269] ૨૭૩] અલ્ અહકાફ, આયત નંબર: ૩૩.
[270] ૨૭૪] અલ્ મુઅમિનૂન, આયત નંબર: ૧૧૫.
[271] ૨૭૫] સૉદ, આયત નંબર: ૨૭.

કરીને જ રહેશે. અલ્લાહ તઆલાએ કહ્યું:{ 7) فَمَن يَعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ خَيْرًا يَرَهُ) {બસ ! જેણે રજ બરાબર ભલાઇ કરી હશે, તે તેને જોઇ લેશે. (૭)8) وَمَن يَعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ شَرًّا يَرَهُ) }[272]. અને જેણે કણ બરાબર પણ બુરાઈ કરી હશે તો તે તેને જોઈ લેશે.(૮)} [૨૭૬].

કોઈ સર્જન નથી જાણતો કે કયામત ક્યારે આવશે, આ વિશે જ્ઞાન તો કોઈ પયગંબર તેમજ નજીકના ફરિશ્તાઓને પણ આપવામાં નથી આવ્યું, પરંતુ અલ્લાહ તઆલાએ તે જ્ઞાન પોતાના માટે ખાસ કરી રાખ્યું છે, અલ્લાહ તઅલાએ કહ્યું:{ يَسْأَلُونَكَ عَنِ السَّاعَةِ أَيَّانَ مُرْسَاهَا ۖ قُلْ إِنَّمَا عِلْمُهَا عِندَ رَبِّي ۖ لَا يُجَلِّيهَا لِوَقْتِهَا إِلَّا هُوَ }[273]. {આ લોકો તમને કયામત વિશે પૂછે છે કે કયામત ક્યારે આવશે ? તમે તેમને કહી દો કે એ વાત તો ફક્ત મારો પાલનહાર જ જાણે છે, તે જ તેને તેના સમય પર જાહેર કરશે} [૨૭૭].અને પવિત્ર અલ્લાહએ કહ્યું:{ إِنَّ اللَّهَ عِندَهُ عِلْمُ السَّاعَةِ }[274]. {નિ:શંક અલ્લાહ તઆલાની પાસે જ કયામતનું જ્ઞાન છે} [૨૭૮].

છઠ્ઠું: તકદીર પર ઈમાન:

અર્થાત્ તમે ઈમાન રાખો કે અલ્લાહ તઆલા ભૂતકાળ અને ભવિષ્યની દરેક વાતોનું જ્ઞાન સારી રીતે રાખે છે, તે બંદાની સ્થિતિ, તેમના અમલ, તેમની મોત અને રોજીથી વાકેફ છે, અલ્લાહ તઆલા કહે છે:{ إِنَّ اللَّهَ بِكُلِّ شَيْءٍ عَلِيمٌ }[275]، {નિ:શંક અલ્લાહ તઆલા દરેક વસ્તુને સારી રીતે જાણે છે.} [૨૭૯],અને બીજી જગ્યાએ અલ્લાહ તઆલા જેના વખાણ ઉચ્ચ છે કહ્યું:{ وَعِندَهُ مَفَاتِحُ الْغَيْبِ لَا يَعْلَمُهَا إِلَّا هُوَ ۚ وَيَعْلَمُ مَا فِي الْبَرِّ وَالْبَحْرِ ۚ وَمَا تَسْقُطُ مِن وَرَقَةٍ إِلَّا يَعْلَمُهَا وَلَا حَبَّةٍ فِي ظُلُمَاتِ الْأَرْضِ وَلَا رَطْبٍ وَلَا يَابِسٍ إِلَّا فِي كِتَابٍ مُّبِينٍ }[276]، {અને ગેબની ચાવીઓ તો અલ્લાહ તઆલા પાસે જ છે, અલ્લાહ સિવાય તેને કોઇ નથી જાણતું અને તે દરેક વસ્તુઓને જાણે છે, જે કંઈ ધરતીમાં છે અને જે કંઈ સમુદ્રમાં છે અને કોઇ પાંદડું એવું નથી પડતું જેને તે જાણતો ન હોય અને ન તો ઝમીનના અંધકારમાં કોઇ દાણો એવો છે, જેને તે જાણતો ન હોય, અને જે કંઈ પણ ભીનું હોય અથવા સૂકું બધું જ ખુલ્લી કિતાબમાં લખેલુ છે.} [૨૮૦],અલ્લાહ તઆલાએ આ દરેક કાર્ય પોતાની પાસે એક કિતાબમાં લખી રાખ્યા છે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَكُلَّ شَيْءٍ أَحْصَيْنَاهُ فِي إِمَامٍ مُّبِينٍ }[277]، {અને અમે દરેક વસ્તુને એક સ્પષ્ટ કિતાબ માં ભેગી કરીને રાખી છે.} [૨૮૧],અને પવિત્ર અલ્લાહએ કહ્યું:{ أَلَمْ تَعْلَمْ أَنَّ اللَّهَ يَعْلَمُ مَا فِي السَّمَاءِ وَالْأَرْضِ ۗ إِنَّ ذَٰلِكَ فِي كِتَابٍ ۚ إِنَّ ذَٰلِكَ عَلَى اللَّهِ يَسِيرٌ }[278]، {શું તમે નથી જાણતા આકાશો અને જમીનમાં કે જે કઇ પણ છે તેને અલ્લાહ જાણે છે, અને તે (બધું) કિતાબ મા (લખેલું) છે, અને આ બધું અલ્લાહ માટે સહેલું છે} [૨૮૩],જ્યારે અલ્લાહ તઆલા કોઈ વસ્તુને ઈરાદો કરે છે તો ફક્ત એટલું જ કહે છે કે થઈ જા તો તે થઈ જાય છે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ إِنَّمَا أَمْرُهُ إِذَا أَرَادَ شَيْئًا أَن يَقُولَ لَهُ كُن فَيَكُونُ }[279]، {અને જ્યારે પણ તે કોઈ કાર્ય કરવાનો ઈરાદો કરે છે, તેને ફક્ત એટલું કહી દે છે કે થઇ જા, તે તરત જ થઇ જાય છે} [૨૮૩],અલ્લાહ તઆલાએ દરેક વસ્તુને જે રીતે શક્ય બનાવ્યું છે, એવી જ રીતે તે દરેક વસ્તુઓનો સર્જક પણ છે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ إِنَّا كُلَّ شَيْءٍ خَلَقْنَاهُ بِقَدَرٍ }[280]، {નિ:શંક અમે દરેક વસ્તુઓને તેના અંદાજ પ્રમાણે પેદા કરી છે.}[૨૮૪],Ane ઉચ્ચ અલ્લાહ તઆલાએ કહ્યું:{ اللَّهُ خَالِقُ كُلِّ شَيْءٍ }[281]، {અલ્લાહ તઆલા દરેકે દરેક વસ્તુઓનો પેદા કરવાવાળો છે.} [૨૮૫],અલ્લાહ તઆલાએ બંદાઓને પોતાના અનુસરણ માટે પેદા કર્યા છે, તેમની સામે ઈતાઅત સ્પષ્ટ કરી દીધી અને પછી તેમને તેનો આદેશ આપ્યો, તેમની સામે નાફરમાની પણ સ્પષ્ટ કરી દીધી અને પછી તેનાથી રોક્યા, તેમને કુદરત અને ઈચ્છા પણ આપી, જેના કારણે તે અલ્લાહના આદેશોનું પાલન કરી પોતે સવાબ અને બદલો મેળવી શકે છે, અને ગુનાહો કરશે તો પોતાના માટે અઝાબ નક્કી કરશે.

જ્યારે માનવી તકદીર પર ઈમાન ધરાવે છે તો તેને નીચે પ્રમાણેની વાતો સ્પષ્ટ થાય છે:

૧- સ્ત્રોતનો ઉપયોગ કરતા પણ સંપૂર્ણ ભરોસો અલ્લાહ પર, કારણકે તે સારી રીતે જાણે છે કે કારણ અને સ્ત્રોત બંને અલ્લાહની તકદીર અને ઈચ્છા પર જ આધારિત છે.

૨- નફસમાં એક પ્રકારની રાહત અને દિલમાં શાંતિ; એટલા માટે કે જ્યારે બંદાને એ વાત પર યકીન થઈ જાય છે કે જ્યારે બધું જ અલ્લાહની તકદીર અને ઈચ્છા પ્રમાણે છે, અને જે તકદીરમાં નથી તે થવાનું પણ નથી, તો તેના દિલમાં શાંતિ મળે છે અને તે અલ્લાહની તકદીરને ખુશી ખુશી અપનાવી લે છે, તે વ્યક્તિ કરતા વધારે આરામદાયક જીવન, શાંતિ અને દિલમાં સુકુન કોને પ્રાપ્ત થઈ શકે છે, જે તકદીર પર ઈમાન ધરાવતો હોય?.

૩- હેતુ મળી ગયા પછી સ્વં પ્રસંશા કરવાથી બચીને રહે છે, કારણકે તે જાણે છે કે આ નેઅમત અને પ્રાપ્તિ અલ્લાહ તરફથી છે, અને તકદીરમાં ભલાઈ અને સફળતા તેમજ કામયાબીના સ્ત્રોત હોવાના કારણે છે, જેથી બંદો તેના પર શુક્ર કરે છે અને સ્વં પ્રશંસા કરવાથી બચીને રહે છે.

---

[272] ૨૭૬] અલ્ ઝલ્ઝલહ, આયત નંબર: ૭-૮, અને જુઓ પુસ્તક દીનુલ્ હક, પેજ નંબર: ૧૯.

[273] ૨૭૭] અલ્ અઅરાફ, આયત નંબર: ૧૮૭.

[274] ૨૭૮] લુકમાન, આયત નંબર: ૩૪.

[275] ૨૭૯] અલ્ અન્કબુત, આયત નંબર: ૬૨.

[276] ૨૮૦] અલ્ અનઆમ, આયત નંબર: ૫૯, જો કુરઆન મજીદમાં આ એક જ આયત હોત તો પણ એ વાતની સ્પષ્ટ દલીલ હોત કે તે અલ્લાહ તરફથી છે, કારણકે માનવી દરેક યુગમાં જેમાં આજનો યુગ પણ શામેલ છે, ઇલ્મ ખૂબ જ સામાન્ય થઈ ગયું છે, અને માનવી ઘમંડ કરવા લાગ્યો છે, આ જબરદસ્ત વિચાર કરવા માટે કાબીલ નથી રહ્યો, હોઈ શકે છે કે તે કુદરત ધરાવે, તેના દરેક પ્રયત્નો એ વાત પર સીમિત છે કે ખાસ માહોલમાં કોઈ વૃક્ષ કે બેક્ટેરિયાની શોધ કરે, જેના ભેદની જાણકારી આપી શકે, જો કે જે ભેદ પર તેનો રિસર્ચ બાકી રહી કાય છે તે તેના ક્ષમતા કરતા વધુ છે, જ્યાં સુધી ઝબરદસ્ત વિચાર કરવાની વાત છે તો માનવી તેનાથી લાગણીશીલ નથી, અને તેના પર કુદરત પણ તેને નથી.

[277] ૨૮૧] યાસીન, આયત નંબર: ૧૨.

[278] ૨૮૨] અલ્ હજ, આયત નંબર: ૭૦.

[279] ૨૮૩] યાસીન, આયત નંબર: ૮૨.

[280] ૨૮૪] અલ્ કમર, આયત નંબર: ૪૯.

[281] ૨૮૫] અઝ્ ઝૂમર, આયત નંબર: ૬૨.

૪- મકસદ પ્રાપ્ત ન થાય અથવા નાપસંદ વસ્તુ મળવા પર જે બેચેની અને દુઃખ થાય છે, તેનાથી છુટકારો, કારણકે આ બધું જ અલ્લાહની તકદીર પ્રમાણે છે, જેના આદેશને કોઈ ટાળી નથી શકતું, અને ન તો કોઈ તેના આદેશને પાછળ કરી શકે છે, તે અવશ્ય થઈને જ રહેશે, એટલા માટે તે સબર કરતો રહે છે અને અલ્લાહ પાસે સવાબ અને બદલાની આશા રાખે છે,{ مَا أَصَابَ مِن مُّصِيبَةٍ فِي الْأَرْضِ وَلَا فِي أَنفُسِكُمْ إِلَّا فِي كِتَابٍ مِّن قَبْلِ أَن نَّبْرَأَهَا ۚ إِنَّ ذَٰلِكَ عَلَى اللَّهِ يَسِيرٌ (22) {કોઇ મુસીબત જે જમીન પર આવે છે અથવા તમને પોતાને પહોચે છે, તે આપણા સર્જન પહેલા એક કિતાબમાં લખેલી છે, આ (કાર્ય) અલ્લાહ માટે (ખૂબ જ) સરળ છે.(૨૨)لِّكَيْلَا تَأْسَوْا عَلَىٰ مَا فَاتَكُمْ وَلَا تَفْرَحُوا بِمَا آتَاكُمْ ۗ وَاللَّهُ لَا يُحِبُّ كُلَّ مُخْتَالٍ فَخُورٍ (23)}[282]. આ એટલા માટે કે જે કઈ તમને ન મળે તેના પર તમે રંજ ન કરો અને જે કઈ અલ્લાહ તમને આપે તેના પર ઇતરાવો નહી અને અલ્લાહ કોઈ અહંકારી અને ઘમંડ કરનારને પસંદ નથી કરતો. (૨૩) } [૨૮૬].

૫- અલ્લાહ તઆલા પર સંપૂર્ણ ભરોસો, કારણકે મુસલમાન જાણે છે કે અલ્લાહના હાથમાં જ ફાયદો પહોંચાડવાની ક્ષમતા અને નુકસાનથી બચવા માટેની સંપૂર્ણ કુદરત છે, એટલા માટે તે કોઈ મજબૂત માલદારની માલદારીથી ડરે છે અને ન તો કોઈ માનવીના ડરના કારણે કોઈ ભલાઈ કરવાથી વંચિત રહે છે.નબી ﷺ એ ઈબ્ને અબ્બાસ રઝી.ને કહ્યું:(તું જાણી લે કે જો આખી કોમ ભેગી થઈ તને ફાયદો પહોંચાડવાનો પ્રયત્ન કરે તો એટલો જ ફાયદો પહોંચાડી શકે છે, જેટલો ફાયદો અલ્લાહએ તારી તકદીરમાં લખ્યો હશે, તું જાણી લે કે જો આખી કોમ ભેગી થઈ તને નુકસાન પહોંચાડવાનો પ્રયત્ન કરે તો એટલો જ નુકસાન પહોંચાડી શકે છે, જેટલો નુકસાન અલ્લાહએ તારી તકદીરમાં લખ્યો હશે,) [૨૮૭].[283]

# ત્રીજો દરજ્જો:

એહસાન: અને તેનો એક જ આધાર છે તે એ કે:

તમે અલ્લાહની ઈબાદત એવી રીતે કરો, જેવું કે તમે તેને જોઈ રહ્યા હોય, જો તમે આ સ્થિતિ વિચારી ન શકો તો એટલું તો જરૂર જાણી લે જો કે તે તમને જોઈ રહ્યો છે, માનવીએ આ રીતે જ અલ્લાહની બંદગી કરવી જોઈએ, અર્થાત્ અલ્લાહ નજીક હોવાનું ધ્યાનમાં રાખી ઈબાદત કરવી, અને તે આમ વિચાર કરે કે અલ્લાહની સામે ઉભો રહ્યો છે, તેના કારણે ભય, ડર, ધાક અને મહાનતા ઉતપન્ન થાય છે, ઈબાદતમાં ઇખલાસ (નિખાલસતા) જોવા મળે છે, અને માનવી ઈબાદતને સારામાં સારી રીતે અને સંપૂર્ણ કરવાનો પ્રયત્ન કરે છે.

જાણવા મળ્યું કે બંદાએ ઈબાદત કરતી વખતે પોતાના પાલનહારની દેખરેખ કરવાનો વિચાર કરવો જોઈએ, તેનાથી પોતાની નિકટતા એવી રીતે સમજવી જોઈએ જેવું કે તે તેને જોઈ રહ્યો છે, જો આ વિચાર મુશ્કેલ હોય તો તેણે આ વાત પર ઈમાન  ધરાવી તેના માટે મદદ માંગવી જોઈએ, અલ્લાહ તેને જોઈ રહ્યો છે, તેના દરેક ભેદ જાણે છે, તેનાથી તારી કોઈ બાબત છુપાયેલી નથી. [૨૮૮].[284]

જ્યારે બંદો આ પ્રકારનો વિચાર કરવા લાગે છે, તો ઇખલાસ (નિખાલસ) સાથે પોતાના પાલનહારની બંદગી કરે છે, કોઈની પરવાહ નથી કરતો, ન તો તેને પોતાના વખાણ સાંભળવાની લાલસા હોય છે અને ન તો કોઈના અપમાન કરવાનો ડર, પરંતુ તેના માટે પોતાના પાલનહારની ખુશી અને તેની પ્રસંશા કરવી જ પૂરતું હોય છે.

આવા વ્યક્તિનું એકાંત અને જાહેર બન્ને સરખું હોય છે, તે એકાંત અને જાહેર બન્ને સ્થિતિમાં પોતાના પાલનહારની બંદગી કરવામાં વ્યસ્ત રહે છે, તેને યકીન હોય છે કે અલ્લાહ તેના દિલના ભેદ ખૂબ સારી રીતે જાણે છે, અને નફસમાં આવતા વસ્વસાને પણ સારી રીતે જાણે છે, તેના દિલ પર ઈમાન રાજ કરતું હોય છે, તે પોતાને પોતાના પાલનહારની દેખરેખ અને તેના એહસાસમાં ડૂબેલો હોય છે, તેનું શરીર અને તેના અંગો પોતાના પાલનહાર સામે ઝુકેલા હોય છે, એટલા માટે તે પોતાના શરીર અને અંગો વડે તે જ કામ કરતો હોય છે, જે અલ્લાહને પસંદ હોય છે, તે પોતાના પાલનહાર સામે પોતાનું માથું ઝુકેલું રાખે છે.

જેથી તેનું હૃદય પોતાના પાલનહાર સાથે જોડાયેલું હોય છે, એટલા માટે કોઈ સર્જન પાસે મદદ નથી માંગતો, પરંતુ અલ્લાહ જ તેની મદદ કરવા માટે પૂરતો છે,તે કોઈ માનવી સામે ફરિયાદ નથી કરતો, કારણકે તે પોતાની જરૂરત અલ્લાહ સમક્ષ રજૂ કરે છે, અને તે તેની મદદ કરવા માટે પૂરતો છે,તે કોઈ જગ્યાએ ડરતો નથી અને કોઈ વ્યક્તિથી પણ ડરતો નથી, કારણકે તે જાણે છે કે અલ્લાહ દરેક સમયે તેની સાથે જ છે, તે તેના માટે પૂરતો છે, અને તે સૌથી શ્રેષ્ઠ મદદ કરવાવાળો છે,તે અલ્લાહના કોઈ આદેશથી વિપરીત નથી કરતો, અને ન તો અલ્લાહની નાફરમાની કરે છે, કારણકે તે અલ્લાહથી શરમ કરે છે, અને નાપસંદ કરે છે કે અલ્લાહએ જ્યાં જવાનો તેને આદેશ આપ્યો હોય, ત્યાં તે પોતાને ગુમ જોવે, અને જ્યાં જવાથી રોક્યા હોય ત્યાં પોતાને હાજર જોવે.ન તો કોઈ સર્જન પર જુલમ કરે છે અને ન તો તેનો અધિકાર છીનવે છે, કારણકે તે જાણે છે કે અલ્લાહ તેને જોઈ રહ્યો છે અને તેના કાર્યો અને અમલ નો હિસાબ લેશે.તે જમીનમા ભ્રષ્ટાચાર નથી ફેલાવતો, કારણકે તે જાણે છે કે જમીનની દરેક ભલાઈ અને બરકતો અલ્લાહના હાથમાં છે, જેને અલ્લાહએ પોતાના સર્જન માટે પેદા કરી છે, તો તે વ્યક્તિ તે ભલાઈ અને બરકતોને પોતાની જરૂરત પ્રમાણે લે છે, અને તે પોતાના પાલનહારનો શુક્ર કરે છે, જેણે તેના માટે આ નેઅમતોની પ્રાપ્તિ સરળ બનાવી.

મેં આ સંક્ષિપ્ત પુસ્તકમાં ઇસ્લામના મહત્વના સ્તંભ અને અગત્યની વાતો જ વર્ણન કરી છે, આ તે અરકાનો હતા, જેના પર એક બંદો ઈમાન લાવે છે, અને તેના પ્રમાણે અમલ કરે છે, તો તે ઇસ્લામમાં દાખલ થઈ જાય છે, ઇસ્લામ, જેવું કે મેં વર્ણન કર્યું છે દીન અને દુનિયા બન્નેથી સંબોધિત છે, તે ઈબાદત પણ છે અને જીવનનો નિયમ પણ, તે એક અલ્લાહ તરફથી એવી સિસ્ટમ છે, જે પોતાના આદેશો અને નિયમોમાં વ્યક્તિ અને કોમ માટે સરખી છે, તેમજ ધાર્મિક, રાજકીય, આર્થિક, સામાજિક અને સુરક્ષા જીવનના તમામ ક્ષેત્રોમાં વ્યક્તિ અને રાષ્ટ્રને તેની જરૂર છે...તેમાં, જીવનના નિયમો, સિદ્ધાંતો અને ચુકાદાઓ

---

[282] ૨૮૬] અલ્ હદીદ, આયત નંબર: ૨૨-૨૩, અને જુઓ: "અલ્ અકીદતુસ્ સહીહહ્ વમાં યુઝાદ્દુહા" પેજ નંબર: ૧૯, અને "અકિદતુ અહલુસ્ સુન્નહ વલ્ જમાઅતિ" પેજ નંબર: ૩૯, અને "દીનુલ્ હક" પેજ નંબર: ૧૮.

[283] ૨૮૭] આ હદીષને ઇમામ અહમદ રહ.એ પોતાની મુસનદમાં રિવાયત કરી છે, ભાગ: ૧, પેજ નંબર: ૨૯૩, અને ઇમામ તિર્મિઝિ રહ.એ પોતાની સુનનમાં અબવાબુલ્ કિયામહમાં ભાગ: ૪, પેજ  નંબર: ૭૬ માં વર્ણન કરી છે.

[284] ૨૮૮] જુઓ: જામિઉલ્ ઉલુમ વલ્ હકમ, પેજ નંબર: ૧૨૮.

મળે છે જે શાંતિ અને યુદ્ધ અને ફરજિયાત અધિકારોનું નિયમન કરે છે, અને માણસ, પક્ષીઓ, પ્રાણીઓ અને તેની આસપાસના પર્યાવરણની પ્રતિષ્ઠા જાળવી રાખે છે, અને માણસને જીવનની વાસ્તવિકતા સમજાવે છે. મૃત્યુ, અને મૃત્યુ પછી જીવનની સત્યતા વર્ણન કરે છે, ઇસ્લામે પોતાની આજુબાજુ સાથે વ્યહવાર કરવાનો તરીકો પણ વર્ણન કરે છે. અલ્લાહ તઆલા કહે છે:{ وَقُولُوا لِلنَّاسِ حُسْنًا }[285]، {લોકો સાથે સારો વ્યવહાર કરો } [૨૮૯],અને અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَالْعَافِينَ عَنِ النَّاسِ }[286]، {લોકોને માફ કરતા રહો} [૨૯૦],અને અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَلَا يَجْرِمَنَّكُمْ شَنَآنُ قَوْمٍ عَلَىٰ أَلَّا تَعْدِلُوا ۚ اعْدِلُوا هُوَ أَقْرَبُ لِلتَّقْوَىٰ }[287]. {તેઓની શત્રુતા તમને તે વાત પર ન ઉભારે કે તમે હદ વટાવી જનારા બની જાવ,સત્કાર્ય અને ડરવામાં એકબીજાની મદદ કરતા રહો} [૨૯૧].

ઇસ્લામ દીનના દરજ્જા વર્ણન કર્યા પછી અને દરેક દરજ્જાના અરકાન (સ્તંભ) પણ વર્ણન કર્યા બાદ યોગ્ય રહેશે કે ઇસ્લામની ખૂબીઓ અને ગુણોનું સક્ષિપ્તરૂરૂપે વર્ણન કરીએ.

# ઇસ્લામના કેટલાક ગુણો [૨૯૨]:

ઇસ્લામની ખૂબીઓ અને ગુણો વર્ણન કરવાથી પેન આજીજ છે, આ દીનની સંપૂર્ણ મહ્ત્વતા વર્ણન કરવાથી શબ્દો અને વાક્યો પૂરતા નથી, તેનું ફક્ત એક જ કારણ છે કે આ દીન અલ્લાહ તઆલાનો દીન છે, જેવી રીતે નજર અલ્લાહની મહાનતાને પામી નથી શકતી, અને માનવી પોતાના દીન દ્વારા તેને આવડી નથી શકતો,એવી જ રીતે પવિત્ર અલ્લાહની શરીઅતના ગુણોને આવડી લેવું કલમ માટે અશક્ય છે,અને ઈમામ ઇબ્ને કય્યિમ રહ. એ કહ્યું:(જો તમે આ સાચા દીન, હનીફ મિલ્લત, અને મુહમ્મદ ﷺ ની શરીઅતની પ્રકાશિત હિકમતો પર વિચાર કરશો તો (તમે જોશો) કે શબ્દોમાં તેને વર્ણન નથી કરી શકતા, ભલેને દરેક બુદ્ધિશાળી વ્યક્તિઓ ભેગા થઈ જાય, આના કરતાં વધારે દીન પેશ નથી કરી શકતા, સંપૂર્ણ અને પ્રતિષ્ઠિત બુદ્ધિ માટે એટલું જ પૂરતું છે કે તેમને દીન બાબતે ખૂબસૂરતી અને સુંદરતા મળી જાય, અને તેઓએ તેની મહત્વતાની સાક્ષી આપી દે, દુનિયા આના કરતાં વધારે પૂર્ણ અને મહાન અને ઉચ્ચ શરીઅત પેશ નથી કરી શકતી...જો પયગંબર આ બાબતે પુરાવા ન પણ લાવતા તો તે પોતે એ વાતની સાક્ષી અને દલીલ માટે પૂરતા હોત કે તે અલ્લાહ તરફથી છે, આ શરીઅત શરૂ થી લઈ અંત સુધી સંપૂર્ણ ઇલ્મ, સંપૂર્ણ હિકમત, રહેમત, દયા, અહેસાન, ભલાઈ, ગાયબ, હાજરનું પરિપૂર્ણ જ્ઞાન દર્શાવે છે, શરૂ અને અંજામના ઇલ્મની સાક્ષી આપે છે,સાથે સાથે એ વાત પણ કે આ દીન અલ્લાહની એક મહાન નેઅમત છે, આ નેઅમત તેણે પોતાના બંદાઓને આપી, એટલા માટે અલ્લાહએ તેમના પર આના કરતાં વધારે નેઅમત કોઈ નથી આપી, અલ્લાહ તઆલાએ કહ્યું:{ لَقَدْ مَنَّ اللَّهُ عَلَى الْمُؤْمِنِينَ إِذْ بَعَثَ فِيهِمْ رَسُولًا مِّنْ أَنفُسِهِمْ يَتْلُو عَلَيْهِمْ آيَاتِهِ وَيُزَكِّيهِمْ وَيُعَلِّمُهُمُ الْكِتَابَ وَالْحِكْمَةَ وَإِن كَانُوا مِن قَبْلُ لَفِي ضَلَالٍ مُّبِينٍ}[288]، {નિશંક મુસલમાનો પર અલ્લાહ તઆલાનો મોટો ઉપકાર છે કે તેમની વચ્ચે તેમના માંથી જ એક પયગંબર મોકલ્યા, જે તેઓને તેની આયતો પઢીને સંભળાવે છે અને તેઓને પવિત્ર કરે છે અને તેઓને કિતાબ અને હિકમત શિખવાડે છે, જો કે આ પહેલા તેઓ ખુલ્લી પથભ્રષ્ટતામાં હતા.} [૨૯૩],અલ્લાહ તઆલાએ પોતાના બંદાઓ સામે આ મહાન નેઅમતની ઓળખ કરાવી, તેઓને આ વાતની યાદગીરી અપાવી અને બંદાઓને તેના પર શુક્ર કરવાની તાકીદ કરી:{ الْيَوْمَ أَكْمَلْتُ لَكُمْ دِينَكُمْ}[289]. {આજના દિવસે મેં તમારા દીનને સંપૂર્ણ કરી દીધો} [૨૯૪].

અને આ દીન બાબતે અલ્લાહનો શુક્ર આ રીતે પણ કરી શકીએ છીએ કે અમે આ દીનના કેટલાક ગુણો અને ખૂબીઓનું વર્ણન કરીએ:

## ૧- આ દીન અલ્લાહનો દીન છે:

આજ તે દીન છે, જેને અલ્લાહએ પોતાના માટે પસંદ કર્યો, તેની સાથે રસૂલોને મોકલ્યા, અને સર્જનને આદેશ આપ્યો કે તેના દ્વારા અલ્લાહની ઈબાદત કરે, જેવી રીતે સર્જક સર્જન બરાબર નથી એવી જ રીતે ઇસ્લામ દીન પણ સર્જને બનાવેલા ખોટા ધર્મ અને મઝહબ જેવો નથી,અને જેવી રીતે આ અલ્લાહ કમાલે મુતલક છે એવી જ રીતે તેનો દીન પણ, તે એવા આદેશો અને શરીઅત ઉતારે છે, જેનાથી લોકોની દુનિયા અને આખિરતને બહેતર બનાવી શકે છે, આ દીન સર્જકના અધિકારો અને તેના પ્રત્યે સર્જનની જરૂરી તાલિમનો આદેશ આપે છે, એકબીજા સાથે વર્તનના આદેશો વર્ણન કરે છે, અને એકબીજા પર જરૂરી અધિકારોનું વર્ણન કરે છે.

## ૨- દરેક બાબતને પોતાની અંદર સમાવી લે છે:

આ દીનનો એક અનોખો ગુણ એ છે કે તેની અંદર સંપૂર્ણ બાબતો સમાવેલી છે:{ مَّا فَرَّطْنَا فِي الْكِتَابِ مِن شَيْءٍ }[290]، {અમે તેમની પણ તકદીર લખવામાં કોઈ વસ્તુ છોડી નથી} [૨૯૫],આ દીનમાં અલ્લાહના નામ, ગુણો અને અધિકારોના સર્જકને લગતી દરેક વસ્તુનો સમાવેશ થયો છે, એવી જ રીતે સર્જન બાબતે પણ સંપૂર્ણ વાત વર્ણન કરવામાં આવી છે, જેવું કે નિયમો, આદેશો, અખ્લાક, વ્યવહાર, આ દીનમાં પાછલી અને આગલી દરેક કોમની વાતો વર્ણન થઈ છે, ફરિશ્તાઓ, પયગંબરો અને નબીયોના કિસ્સા વર્ણન થયા છે, તેમજ આકાશ, પૃથ્વી, ગેલેક્સી, તારાઓ, સમુદ્રો, વૃક્ષો અને બ્રહ્માંડ વિશે વાત વર્ણન કરી છે, અને તેણે સૃષ્ટિનું કારણ, તેના હેતુ અને તેના અંતનો ઉલ્લેખ કર્યો, અને તેણે જન્નત અને મોમિનના ઠેકાણાંનો ઉલ્લેખ કર્યો, અને તેણે જહન્નમ અને કાફિરોના અંતનો ઉલ્લેખ કર્યો.

## ૩- આ દીન સર્જનને સર્જક સાથે જોડે છે:

---

[285] ૨૮૯] અલ્ બકરહ, આયત નંબર: ૮૩.
[286] ૨૯૦] આલિ ઇમરાન, આયત નંબર: ૧૩૪.
[287] ૨૯૧] અલ માઇદહ, આયત નંબર: ૮.
[288] ૨૯૩] આલિ ઇમરાન, આયત નંબર: ૧૬૪.
[289] ૨૯૪] મિફતાહુદ્ દારુસ્ સઆદહ, ભાગ: ૧, પેજ નંબર: ૩૭૪-૩૭૫, અલ્ માઈદહ: ૩.
[290] ૨૯૫] અલ્ અન્આમ, આયત નંબર: ૩૮.

દરેક બાતેલ દીન અને સંપ્રદાયની એક ખાસ વાત એ છે કે તે તેને તેના પ્રમાણે જ માનવી સાથે જોડે છે, દરેક જૂઠા ધર્મ અને દરેક જે મૃત્યુ, નબળાઇ, અસમર્થતા અને રોગ માટે જવાબદાર છે. તેના બદલે, તે તેને એવી વ્યક્તિ સાથે જોડી શકે છે જે સેંકડો વર્ષ પહેલાં મૃત્યુ પામ્યા હતા અને હાડકાં બની ગયા હતા...આ દીન ઇસ્લામ તેને તેના નિર્માતા સાથે સીધો જોડે છે, તેથી એટલા માટે ત્યાં કોઈ પાદરી, સંતનો વાસ્તો નથી, તેના બદલે, તે સર્જક અને માનવી વચ્ચેનો સીધો સંબંધ છે, એક એવો જોડાણ, જે બુદ્ધિને તેના પાલનહાર સાથે જોડે છે, જેથી તે નૂર અને હિદાયત પ્રાપ્ત કરે છે, સંપૂર્ણતા અને ઉચ્ચતા શોધે છે અને તુચ્છતાથી સંપૂર્ણ બચીને રહે છે, કારણકે તે દરેક હૃદય, જે તેના નિર્માતા સાથે સંકળાયેલ નથી તે પશુઓ કરતા પણ વધુ ભટકેલા છે.
તે બન્ને નિર્માતા અને સર્જન વચ્ચે એવો સબંધ છે, જેના કારણે બંદો જાણે છે કે અલ્લાહ શુ ઈચ્છે છે, તે ધ્યાન આપી અને ચોક્સાઇપૂર્વક અલ્લાહની ઈબાદત કરે છે, તેની પ્રસન્નતાના માર્ગની પ્રાપ્તિ માટે મહેનત કરે છે, અને તેને નાખુશ કરનારા માર્ગની જાણકારી પણ પ્રાપ્ત કરે છે, જેથી તે તેનાથી સંપૂર્ણ રીતે બચી શકે.
તે મહાન અને ઉચ્ચ નિર્માતા અને કમજોર અને લાચાર સર્જન વચ્ચે એવો સબંધ છે, જેના કારણે બંદો અલ્લાહ પાસે મદદ તલબ કરે છે, દુઆ કરે છે, અલ્લાહની સામે તે તેને કાવતરું કરનારના કાવતરા થી અને શેતાનની યુક્તિઓથી સુરક્ષિત રહે છે.

## ૪- દુનિયાના ફાયદા અને આખિરતની અનુકૂળતાનો ખ્યાલ રાખે છે:

ઇસ્લામી શરીઅતનો આધાર અને આખિરતની રૂચિ અને સારા અખ્લાક પર આધારિત છે.
હા, આખિરતના ફાયદાની દરેક વાત શરીઅતે વર્ણન કરી દીધી છે, કોઈ ભાગ પણ છુટતો નથી, જો કે તેની દરેક વાતો સ્પષ્ટ રીતે વર્ણન કરી છે, આખિરતની નેઅમતોનું વચન આપ્યું અને અઝાબની ચેતવણી આપી.
જ્યાં દુનિયાના ફાયદાની વાત છે, તો અલ્લાહએ દીનમાં એવા આદેશો નક્કી કર્યા છે, જેના કારણે વ્યક્તિનો દીન, તેની ઇઝ્ઝત, પોતાનું ધન, પોતાનો વંશ, અને તેનું સન્માન અને તેની બુદ્ધિની સાચવણી થાય છે.
હવે વાત કરીએ અખલાકની તો અલ્લાહ તઆલાએ જાહેરમાં અને છુપી રીતે દરેક પ્રકારના ઉચ્ચ અખ્લાકનો આદેશ આપ્યો છે, અને દરેક તુચ્છ અને ખરાબ આદતો તેમજ ટેવથી અળગા રહેવાની તાકીદ કરી છે, જાહેરમાં અખ્લાકના ઉદાહરણ આ પ્રમાણે છે, દરેક પ્રકારન સ્વચ્છતા અપનાવવાનો આદેશ આપ્યો અને દરેક પ્રકારની ગંદકીથી દૂર રહેવાનો આદેશ આપ્યો.ખુશ્બુ લગાવવા અને દરેક રીતે સુંદરતા અપનાવવાને મુસ્તહબ કર્યું છે, વ્યભિચાર, દારૂ પીવાથી, મૃતક ખાવાથી, ખુનામરીકાથી, વ્યાજ ખાવું આવા દરેક કામોને હરામ કર્યા, પાક રોજી ખાવાનો આદેશ આપ્યો અને વ્યર્થ ખર્ચાથી બચવાનો આદેશ આપ્યો.
આંતરિક સ્વચ્છતાની વાત કરીએ તો, તે નિંદાત્મક નૈતિકતાથી દુર રહેવા અને તેમની પ્રશંસાપાત્ર અને ઇચ્છનીય નૈતિકતાને અપનાવવાનો ઉલ્લેખ કરે છે, જેમ કે જૂઠું બોલવું, અનૈતિકતા, ક્રોધ, ઈર્ષ્યા, કંજૂસતા, ઈર્ષા, વિશ્વનો પ્રેમ, ઘમંડ અને દંભથી બચવાનો આદેશ આપ્યો છે.પ્રશંસનીય નૈતિકતાઓમાં જેવા કે સારી રીતભાત, લોકો સાથે સારી સંગત, તેમના પ્રત્યે દયા, ન્યાય, નમ્રતા, પ્રામાણિકતા, સ્વ-ઉદારતા, આપવી, અલ્લાહ પર ઈમાન, પ્રામાણિકતા, અલ્લાહનો ડર, ધીરજ અને કૃતજ્ઞતા. [૨૯૬].[291]

## ૫- સહુલત, સરળતા:

આ તે ગુણો માંથી છે, જે દીનને સ્પષ્ટ કરે છે, ઇસ્લામના દરેક આદેશો અને તેની દરેક ઈબાદતમાં સહુલત અને સરળતાનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَمَا جَعَلَ عَلَيْكُمْ فِي الدِّينِ مِنْ حَرَجٍ }[292]، {અને દીન બાબતે તમારા પર કોઈ તંગી નથી રાખી} [૨૯૭].સૌ પ્રથમ સરળતા એ કે જે વ્યક્તિ પણ આ દીનનો સ્વીકાર કરવાની ઈચ્છા કરે, તો તેને કોઈ માનવીનો વાસ્તો અને ભૂતકાળમાં કરેલા ગુનાહો બાબતે ચિંતા કરવાની જરૂર નથી, પરંતુ તેના માટે જરૂરી છે કે તે પાકી પ્રાપ્ત કરે, લા ઇલાહ ઇલ્લલ્લાહ અને મુહમ્મદુર્ રસૂલુલાહની ગવાહી આપે, તે બન્નેના અર્થનો અકીદો ધરાવે અને તેના પ્રમાણે અમલ કરે.
એવી જ રીતે જયારે માનવી સફર કરે છે અથવા તો બીમાર પડી જાય, તો દરેક ઈબાદતમાં તેના માટે સરળતા અને છૂટ આપવામાં આવી છે, જો કે તેને તેનો સવાબ તો પૂરેપૂરો મળે છે, જેટલો સવાબ તેને રહેણાંકની સ્થિતિમાં અથવા તંદુરસ્તીમાં અમલ કરવા પર મળતો હતો, ઇસ્લામનો સ્વીકાર કર્યા પછી માનવીનું જીવન શાંતિભર્યું બની જાય છે, કાફિરના જીવન વિરૂદ્ધ, જેમાં તંગી અને મુસીબતો જ હોય છે,એવી જ રીતે મોમિનની મૌત પણ સરળ બની જાય છે, એવી રીતે તેના પ્રાણ શરીરથી અલગ થાય છે જેવું કે એક પાણીની બુંદ વાસણ માંથી ટપકે છે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ الَّذِينَ تَتَوَفَّاهُمُ الْمَلَائِكَةُ طَيِّبِينَ ۙ يَقُولُونَ سَلَامٌ عَلَيْكُمُ ادْخُلُوا الْجَنَّةَ بِمَا كُنتُمْ تَعْمَلُونَ }[293]، {તે પરહેજગારો, જે પવિત્ર હોય છે, જયારે ફરિશ્તાઓ તેમના પ્રાણ કાઢવા આવે છે તો કહે છે કે તમારા માટે સલામતી જ સલામતી છે. જાઓ જન્નતમાં, પોતાના તે કર્મોના બદલામાં, જે તમે કરતા હતા}[૨૯૮],પરંતુ કાફીરની સ્થિતિ એવી હોય છે કે મૃત્યુના સમયે સખત દિલ ફરિશ્તાઓ તેની પાસે આવે છે અને તેને ચાબુકથી મારે છે:{ وَلَوْ تَرَىٰ إِذِ الظَّالِمُونَ فِي غَمَرَاتِ الْمَوْتِ وَالْمَلَائِكَةُ بَاسِطُو أَيْدِيهِمْ أَخْرِجُوا أَنفُسَكُمُ ۖ الْيَوْمَ تُجْزَوْنَ عَذَابَ الْهُونِ بِمَا كُنتُمْ تَقُولُونَ عَلَى اللَّهِ غَيْرَ الْحَقِّ وَكُنتُمْ عَنْ آيَاتِهِ تَسْتَكْبِرُونَ }[294]، {કાશ તમે આ જાલિમ લોકોને જોતા, જ્યારે તેઓ મૃત્યુની કઠણાઇઓમાં હશે અને ફરિશ્તાઓ પોતાન હાથ તેમની તરફ લંબાવતા હશે (અને કહે છે) લાવો પોતામાં જીવો કાઢો. આજે તમને એવો અઝાબ આપવામાં આવશે ,જે તમને અપમાનિત કરી દેશે, કારણે કે તમે અલ્લાહ તઆલા વિશે જૂઠી વાતો કહેતા હતા. અને તમે અલ્લાહ તઆલાની આયતો સામે ઇતરાતા હતા.} [૨૯૯],અને અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَلَوْ تَرَىٰ إِذْ

[291] ૨૯૬] જુઓ: "અલ્ ઇઅલામુ બિમા ફી દીનીન્ નસારા મિનલ્ ફસાદિ વલ્ અવ્હામિ", લિલ્ કુર્તુબિ પેજ નંબર ૪૪૨-૪૪૫.
[292] ૨૯૭] અલ્ હજ, આયત નંબર: ૭૮.
[293] ૨૯૮] અન્ નહલ, આયત નંબર: ૩૨.
[294] ૨૯૯] અલ્ અન્આમ, આયત નંબર: ૯૩.

يَتَوَفَّى الَّذِينَ كَفَرُوا ۙ الْمَلَائِكَةُ يَضْرِبُونَ وُجُوهَهُمْ وَأَدْبَارَهُمْ وَذُوقُوا عَذَابَ الْحَرِيقِ}[295]. {કાશ કે તમે તે સ્થિતિને જોતાં, જ્યારે ફરિશ્તાઓ કાફિરોના પ્રાણ કાઢી રહ્યા હતા, તેઓના ચહેરા પર અને થાપા પર માર મારતા હતા (અને કહેતા હતા) કે તમને ભસ્મ કરી દેશે એવા અઝાબનો સ્વાદ ચાખો.} [૩૦૦].

## ૬- ન્યાય:

જેણે ઇસ્લામના આદેશો નક્કી કર્યા છે, તે ફક્ત એક અલ્લાહ છે, તે જ સમગ્ર મખલુકને પેદા કરવાવાળો, ભલેને તે સફેદ, કાળો, પુંલીગ કે સ્ત્રીલિંગ હોય, આ દરેક સર્જન અલ્લાહના નિર્ણય સામે સરખી છે,અને દરેક પુરુષ તેમજ સ્ત્રી માટે યોગ્ય આદેશો આપ્યા, એટલા માટે અશક્ય છે કે શરીઅત  પુરુષની મોહબ્બતમાં સ્ત્રીને દાવ પર લગાવી દે, સ્ત્રીને ઉચ્ચતા આપે અને પુરુષ પર જુલમ કરે, અથવા ગોળા વ્યક્તિને એવી ગુણવત્તા આપે, જેનાથી એક કાળો વ્યક્તિ વંચિત રહે, શરીઅત સામે સૌ સરખા છે, તકવા સિવાય ઉંચનીચની કોઈ કસોટી નથી.

## ૭- ભલાઈનો આદેશ આપવો અને બુરાઈથી રોકવું:

આ શરીઅત એક પ્રતિષ્ઠિત ખૂબી અને ઉચ્ચ ગુણો પર આધારિત છે, જાણી લો કે તે ભલાઈનો આદેશ આપવો અને બુરાઈથી રોકવું છે, દરેક મુસલમાન બુદ્ધિશાળી, પુખ્તવયના પુરુષ અને સ્ત્રી માટે જરૂરી છે, પોતાની શક્તિ પ્રમાણે અને નેકીનો આદેશ અને બુરાઈથી રોકવાના નિયમોનું પાલન કરતા તે ભલાઈનો આદેશ આપે અને બુરાઈથી રોકે.નિયમ અને દરજ્જાનો અર્થ એ કે પોતાના હાથનો ઉપયોગ કરી ભલાઈનો આદેશ આપે અને બુરાઈને ખતમ કરે, જો તે હાથ વડે આ કામ ન કરી શકતો હોય તો તે જબાન વડે આ કામ કરે, જો તેની પણ ક્ષમતા ન હોય તો કમ સે કમ તેને દિલમાં તો ખોટું સમજવું જોઈએ, આવી રીતે સંપૂર્ણ મુસલમાન કોમ આ કોમની નિરીક્ષક છે,દરેક વ્યક્તિ માટે જરૂરી છે, કે પોતાની શક્તિ પ્રમાણે અને શરીઅતે વર્ણવેલ નિયમો પર અમલ કરી,  દરેક વ્યક્તિ ભલાઈનો આદેશ આપે અને બુરાઈથી રોકે, જે વ્યક્તિ ભલાઈન કામોમાં આળસ કરતો હોય અથવા જે બુરાઈને કામોમાં કરતો હોય, ભલેને તે હાકિમ હોય કે પ્રજા.

આ કામ જેવું કે તમે જોયું દરેકની શક્તિ પ્રમાણે કરવું જરૂરી છે, જ્યારે કે વર્તમાન સમયના ઘણા નેતાઓ ને એ વાત પર ફખર છે કે વિરોધી લોકોને સ્વંત્રતા આપે છે કે સરકારી એકેટીવીટી પર નજર રાખો, અને સરકારી દફતરની કામકાજની પકડ કરતા રહે.

તો ઇસ્લામના આ કેટલાક ગુણો હતા, જો આ વિષય ઉપર વિસ્તારપૂર્વક વાત કરવામાં આવે તો તેના દરેક  ઉચ્ચ ગુણો, દરેક જરૂરી કાર્ય, આદેશો અને જેનાથી રોક્યા છે, તે દરેક બાબતે વાતચીત કરવી પડશે, જેથી તેની અંદર અગણિત હિકમતો છે, મજબૂત શરીઅત, અત્યંત સુંદરતા, અને જબરદસ્ત સંપૂર્ણતા જોવા મળે છે,જે  વ્યક્તિ આ દીનના આદેશો ઉપર ધ્યાન આપશે તો તે ખરેખર જાણી લેશે કે આ અલ્લાહ તરફથી દીન ઉતારવામાં આવ્યો છે, એ એવી સત્ય વાત છે, જેમાં શંકા કરવાની કોઈ વાત નથી, અને એવી હિદાયત છે, જેમાં કોઈ ગુમરાહી નથી.

જો તમે અલ્લાહ તરફ ઝુકતા હોય અને તેની શરિઅત પર અમલ, અને તેના પયગંબરના માર્ગદર્શન હેઠળ ચાલતા હોય, તો અલ્લાહ ઘણો જ મોટો માફ કરવાવાળો છે.

# તૌબા:

આપ ﷺ એ કહ્યું:(આદમની દરેક સંતાન ગુનેગાર છે, અને ગુનેગારોમાં સૌથી શ્રેષ્ઠ ગુનેગાર તે છે, જે તૌબા કરે.) [૩૦૧],માનવી પોતાના મનનો કાચો, હિંમત અને ઈરાદા પ્રમાણે કમજોર છે, તે પોતાના ગુનાહોનો ભાર ઉઠાવી નથી શકતો, એટલા માટે અલ્લાહએ રહમ અને દયા કરતા સરળતા રાખી છે, તેના માટે તૌબાનો આદેશ આપ્યો છે, તૌબાની સત્યતા એ છે કે ગુનાહને તેના કષ્ટતાના કારણે અલ્લાહનો ડર અને તેના સવાબની આશા કરતા છોડી દેવું, જે ગુનાહ થઈ ગયા હોય, તેના પર અફસોસ કરવો, ફરીવાર તે ગુનાહ ન કરવાનો મજબૂત ઈરાદો રાખવો, અને બાકીના સમયને નેક અમલમાં પસાર કરવા [૩૦૨],જાણવા મળ્યું કે તૌબા દિલનો અમલ છે, એ ફક્ત બંદા અને તેના પાલનહાર વચ્ચે રહે છે, તેમાં ન કોઈ તકલીફ છે અને ન તો થાક, અને ન તો કષ્ટદાયક કરવામાં આવતો અમલ,  જો કે તો દિલ દ્વારા કરવામાં આવતો અમલ અને ભવિષ્યમાં ગુનાહથી બચીને રહેવાનો એક કરાર, આ વસ્તુ તમારા માટે શાંતિ  અને રાહતનો સ્ત્રોત છે. [૩૦૩].[296*297*298]

જાણવા મળ્યું કે તૌબા માટે કોઈ વ્યક્તિની મદદ  લેવાની જરૂર નથી, જે તમારું અપમાન કરે, તમારો ભેદ લોકો સામે જાહેર કરે અને તમારી કમજોરીનો ખોટો ફાયદો ઉઠાવે, જો કે તે તમારા અને તમારા પાલનહાર વચ્ચે ખાનગી વાર્તાલાપ છે, તમે તેની સામે માફી અને હિદાયતની દુઆ કરો છો અને તે તમારી દુઆ સાંભળે છે.

ઇસ્લામમાં કોઈ વારસાગત પાપ નથી, ન તો કોઈ માનવીની અપેક્ષા જે ગુનાહોથી છુટકારો અપાવે, ધર્માંતરિત ઓસ્ટ્રેલિયન યહૂદી મુહમ્મદ અસદને જ્યારે હિદાયત મળી તો તેણે પોતાના અભ્યાસ પ્રમાણે કહ્યું:મને કુરઆનમાં એક પણ જગ્યાએ (કોઈ માનવિના હાથ ) પર નજાત અને છુટકારા માટે કોઈ સ્ત્રોત મળ્યો નથી, અને ન તો ઇસ્લામમાં કોઈ વારસાગત પાપની વિચારધારણા છે, જે તેના અને તેના અંજામ વચ્ચે આડ બનતી હોય, તેનું કારણ એ છે કે દરેક માનવી માટે તે જ છે, જે તેણે કમાવ્યું.{ لَّيْسَ لِلْإِنسَانِ إِلَّا مَا سَعَىٰ }[299]، {અને એ કે દરેક વ્યક્તિ માટે તે જ છે, જેનો પ્રયત્ન તેણે પોતે કર્યો.} [૩૦૪],ઇસ્લામ માનવી પાસે એવી માંગણી પણ નથી કરતો, કે તે કોઈ પ્રાણ કુરબાન કરે અથવા પોતાને જ કતલ

---

[295] ૩૦૦] અલ્ અન્ફાલ, આયત નંબર: ૫૦.

[296] ૩૦૧] આ હદીષને ઇમામ અહમદ રહ.એ પોતાની મુસન્દમાં ભાગ: ૩, પેજ નંબર: ૧૯૮માં વર્ણન કરી છે, અને ઇમામ તિર્મિઝી રહ.એ પોતાની સુનનમાં અબવાબુ સિફતિલ્ કિયામહ ભાગ: ૪, પેજ નંબર: ૪૯ માં અને ઈબ્ને માજહ રહ.એ કિતાબુઝ્ ઝુહદમાં ભાગ: ૪, પેજ નંબર: ૪૯૧ માં વર્ણન કરી છે.

[297] ૩૦૨] અલ્ મુફરદાતુ ફી ગરીબીલ્ કુરઆન પેજ નંબર: ૭૬, સામાન્ય ફેરફાર સાથે.

[298] ૩૦૩] અલ્ ફવાઇદ, લિબ્નીલ્ કયયીમ, પેજ નંબર: ૧૧૬.

[299] ૩૦૪] અન્ નજમ, આયત નંબર: ૩૯.

કરી દે, જેથી તેના માટે તૌબાના દ્વાર ખુલ્લા થઈ જાય અને તે ગુનાહોથી છુટકારો પામી શકે. [૩૦૫] પરંતુ અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَلَا تَزِرُ وَازِرَةٌ وِزْرَ أُخْرَىٰ }[300]. {કે કોઇ વ્યક્તિ બીજાનો ભાર નહીં ઉઠાવે.} [૩૦૬].[301]
તૌબાના ઘણા ફાયદાઓ છે, જેમાંથી કેટલાક નીચે પ્રમાણે છે:
૧- જેથી બંદો જાણી શકે કે અલ્લાહએ તેના ગુનાહ પર પરદો નાખી, તેની સાથે પોતાની સહનશીલતા, સખાવત અને નિષ્ઠાનું પ્રમાણ આપ્યું, તે ઇચ્છતો તો તેના ગુનાહ પર તરત જ તેને સજા આપી શકતો હતો, અને લોકો સામે તેનું અપમાન કરી શકતો હતો, ત્યારબાદ તે લોકો સામે જીવન પસાર કરવું મુશ્કેલ બની જાત, પરંતુ અલ્લાહએ પરદો નાખી તેની ઇઝ્ઝત કાયમ રાખી, તેને પોતાની સહનશીલતા વડે ઢાંકી લીધો, અને શક્તિ, રોજી પણ આપી.
૨- માનવી પોતાની અંતરાત્માથી વાકેફ થઈ શકે, અને જાણી લે કે તે બુરાઈ તરફ બોલવનાર અંતરાત્મા છે, તેનાથી જે ગુનાહ, ગફલત થઈ, તે એ વાતની દલીલ છે કે તેનું મન કમજોર હરામ મનેચ્છાઓથી દુર નથી રહી શકતું, તે એક ક્ષણ માટે પણ આ વાતને નકારી નથી શકતો કે અલ્લાહ તેને પાક કરે અને તેને હિદાયત નસીબ કરે.
૩- અલ્લાહ તઆલાએ તૌબાનો આદેશ એટલા માટે આપ્યો કે એના દ્વારા બંદાને ખુશનસીબીનું સૌથી મહત્વનું કારણ નસીબ થાય, તે છે, અલ્લાહથી કનેક્ટ થવું, તેનાથી મદદ માંગવી, આવી રીતે તૌબા વડે દુઆ, પસ્તાવો, લાચારી અને આજીજી જાહેર કરવી, મોહબ્બત, ડર અને આશા જેવી (ઇબાદતના પ્રકાર) પ્રાપ્ત થાય છે, જાણવા મળ્યું કે આત્માને સર્જકની ખાસ નિકટતા ત્યારે જ પ્રાપ્ત થઈ શકે છે, જ્યારે તે અલ્લાહ તરફ ઝૂકી જાય અને તૌબા કરે.
૪- અલ્લાહ તેના પાછલા દરેક ગુનાહ માફ કરી દે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ قُل لِّلَّذِينَ كَفَرُوا إِن يَنتَهُوا يُغْفَرْ لَهُم مَّا قَدْ سَلَفَ }[302]. {(હે નબી !) તે કાફિરોને કહી દો, જો તે લોકો સુધારો કરી લેશે તો તેમના પાછળના ગુનાહ માફ કરી દેવામાં આવશે} [૩૦૭].
૫- માનવીના ગુનાહોને નેકિઓ વડે બદલી નાખવામાં આવે છે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ إِلَّا مَن تَابَ وَآمَنَ وَعَمِلَ عَمَلًا صَالِحًا فَأُولَٰئِكَ يُبَدِّلُ اللَّهُ سَيِّئَاتِهِمْ حَسَنَاتٍ ۗ وَكَانَ اللَّهُ غَفُورًا رَّحِيمًا }[303]. {તે લોકો સિવાય, જેઓ તૌબા કરે, અને ઈમાન લાવે અને સત્કાર્યો કરે, આવા લોકોના પાપોને અલ્લાહ તઆલા સત્કાર્યો વડે બદલી નાખે છે, અલ્લાહ માફ કરનાર દયાળુ છે} [૩૦૮].
૬- માનવી પોતાના જેવા માનવીઓ સાથે તેમનો ખરાબ વર્તન અને તેની સાથે થનારી કેટલીક અડચણો સાથે તે જ વર્તન અપનાવે, જે તે ઈચ્છે છે, કે અલ્લાહ તેની આળસ અને ખરાબ વર્તન પર કરે, તો બદલામાં તેને પોતાના ઉચ્ચ પાલનહાર તરફથી એ જ વર્તન મળે છે, કારણકે જેવો અમલ એવો બદલો મળે છે, એટલા માટે જ્યારે માનવી આ પ્રકારનું શ્રેષ્ઠ વર્તન અપનાવતો હોય, તો બદલામાં તેને પણ આ પ્રકારનો જ પોતાના પાલનહાર તરફથી વર્તન મળે છે,અલ્લાહ તઆલા તેની સુસ્તી અને ખરાબ અમલો પર દયા અને કૃપાથી જ કામ લેતો હોય છે. જેવું કે સર્જનથી થનારા ખરાબ વર્તન પર મળે છે.
૭- તે જાણી લે કે તેનું મન સુસ્તી અને ખામીઓથી ભરેલું છે, તેના માટે જરૂરી છે કે તે સર્જનની ખામીઓથી દુર રહે અને બીજાની ખામીઓ પર ચર્ચા કરવાના બદલે પોતાના મનની ઇસ્લાહ કરવા પર ધ્યાન આપે. [૩૦૯].[304]
હું આ વાતનો અંત આ હદીષથી કરી રહ્યો છું, કે એક વ્યક્તિએ આપ ﷺ પાસે આવીને કહ્યું:હે અલ્લાહના રસૂલ ! મેં દરેક ગુનાહો કર્યા છે, અને મારી દરેક નાની મોટી મનેચ્છાઓ મેં પુરી કરી લીધી, આપ ﷺ એ ત્રણ વખત કહ્યું, શું તું ગવાહી નથી આપતો કે અલ્લાહ સિવાય કોઈ સાચો ઇલાહ નથી, અને મુહમ્મદ ﷺ અલ્લાહના રસૂલ છે, તેણે કહ્યું કે હા, આપ ﷺ એ કહ્યું કે આ ગવાહી તેને ખતમ કરી દેશે, બીજી એક રિવાયતમાં છે કે આ ગવાહી તેના દરેક ગુનાહ માફ કરી દેશે. [૩૧૦].[305]
એક રિવાયતમાં છે કે તે વ્યક્તિ આપ ﷺ પાસે આવ્યો અને કહ્યું:એવા વ્યક્તિ વિશે તમારું શું કહેવું છે, જેણે અલ્લાહ સાથે શિર્ક વગર દરેક ગુનાહ કર્યા હોય, તેણે તેની દરેક નાની મોટી ખરાબ મનેચ્છાઓ પુરી કરી લીધી હોય, શુ આવા વ્યક્તિ માટે પણ કોઈ તોબા છે? આપ ﷺ એ કહ્યું કે શું તું મુસલમાન બની ગયો છે? તેણે કહ્યું કે હા, સાચે જ હું ગવાહી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ સાચો ઇલાહ નથી, તે એકલો છે, તેનો કોઈ ભાગીદાર નથી, અને ખરેખર આપ અલ્લાહના પયગંબર છો, આપ ﷺ એ કહ્યું કે (તારી તૌબા કબૂલ થઈ શકે છે પરંતુ વાત એવી છે કે) તું નેક અમલ કરતો રહે અને ખરાબ કામ છોડી દે, તેણે કહ્યું કે શું મારા દરેક ગુનાહને (નેકિયો વડે બદલવામાં આવશે?  આપે કહ્યું કે હા, પછી તેણે અલ્લાહુ અકબર કહ્યું અને જ્યાં સુધી તે દેખાતો રહ્યો અલ્લાહુ અકબર પઢતો રહ્યો [૩૧૧].[306]
જાણવા મળ્યું કે ઇસ્લામ પાછળના દરેક ગુનાહ ખતમ કરી દે છે અને તૌબા પણ પાછળના દરેક ગુનાહો ખતમ કરે છે, જેવું કે આપ ﷺ હદીષ પુષ્ટિ કરે છે.

---

[300] ૩૦૫] અત તરીકુ ઇલલ્ ઇસ્લામિ, મુહમ્મદ અસદ, પેજ નંબર: ૧૪૦, થોડોક ફેરફાર સાથે.
[301] ૩૦૬] અન નજમ, આયત નંબર: ૩૮.
[302] ૩૦૭] અલ્ અન્ફાલ, આયત નંબર: ૩૮.
[303] ૩૦૮] અલ્ ફુરકાન, આયત નંબર: ૭૦.
[304] ૩૦૯] જુઓ: મિફતાહુદ્ દારુસ્ સઆદહ, ભાગ: ૧, પેજ નંબર: ૩૫૮-૩૭૦.
[305] ૩૧૦] આ હદીષને અબૂ યઅલાએ પોતાની મુસન્દમાં રિવાયત કરી છે, ભાગ: ૬, પેજ નંબર: ૧૫૫, તબ્રાનિએ અલ્ મોઅજમુલ્ અવસ્તમાં, ભાગ: ૭, પેજ નંબર: ૧૩૨માં અને અલ્ મોઅજમુસ્ સગીરમાં ભાગ: ૨, પેજ નંબર: ૨૦૧માં, વઝ્ ઝિયાઉ ફિલ્ મુખતારતિ ભાગ: ૫, પેજ નંબર: ૧૫૧-૧૫૨માં, અને કહ્યું કે તેની સનદ સહીહ છે, હૈષમીએ મજ મુઉલ્ ઝવાઇદમાં, ભાગ: ૧૦, પેજ નંબર: ૮૩માં કહ્યું કે આ હદીષને અબૂલ્ યઅલા અને બઝ્ઝારે તેના જેવી જ રિવાયત નકલ કરી છે, અને તબ્રાનીએ અસ્ સગીરમાં અને અલ્ અવસ્તમાં રિવાયત કરી છે અને કહ્યું કે આ રિવાયત કરનાર દરેક રાવી ષિકહ (ભરોસાપાત્ર) છે.
[306] ૩૧૧] આ હદીષને ઈબ્ને અબી આસિમે અલ્ આહાદ વલ્ મષાની, ભાગ: ૫, પેજ નંબર: ૧૮૮ માં વર્ણન કરી છે, અને તબ્રાનીએ કબીરમાં, ભાગ: ૭, પેજ નંબર: ૫૩, અને ૩૧૪માં, અને મજમઅમાં હૈશમીએ, ભાગ: ૧, પેજ નંબર: ૩૨માં વર્ણન કરી છે, અને કહ્યું કે તબ્રાની અને બઝ્ઝારે લગભગ આ પ્રમાણેની જ હદીષ રિવાયત કરી છે, બઝ્ઝારના રાવી સહીહના રાવી છે, સિવાય મુહમ્મદ બિન હારૂન અબી નશીતના અને તેઓ પણ શિકા રાવી છે.

# ઇસ્લામનું પાલન ન કરવાનું પરિણામ.

જેવું કે આ કિતાબ દ્વારા સ્પષ્ટ થઈ ગયું છે કે ઇસ્લામ જ અલ્લાહનો દીન છે, તે જ સત્ય દીન છે, તે જ દીન છે, જેને લઈ દરેક પયગંબરો અને રસૂલોને મોકલવામાં આવ્યા, અલ્લાહએ તેમના પર ઈમાન લાવનારાઓ માટે દુનિયા અને આખિરતમાં જબરદસ્ત સવાબ તૈયાર કરી રાખ્યો છે અને તેનો ઇન્કાર કરનારાઓ માટે ઝબરદસ્ત અઝાબની ચેતના આપી છે.

અલ્લાહ જ આ સૃષ્ટિનો માલિક અને પેદા કરવાવાળો છે, અને તે જ વ્યસવસ્થા કરવાવાળો છે અને તું હે માનવી ! તેની એક સર્જન છે, તેણે તને પેદા કર્યા અને આ સૃષ્ટિની દરેક વસ્તુ તારી હેઠળ કરી, તને પોતાની શરીઅત આપી અને તેના અનુસરણ કરવાનો આદેશ આપ્યો;જો તું તેના પર ઈમાન લાવશે, તેના આદેશોનું પાલન કરશે અને જે વસ્તુથી તેણે રોક્યા છે, તેનાથી બચીને રહેશે તો તમને આખિરતની હંમેશા બાકી રહેવવાળી નેઅમતો તમને મળશે, જેનું વચન અલ્લાહએ તમને આપ્યું છે, સાથે સાથે દુનિયામાં પણ અલગ અલગ પ્રકારની નેઅમતો અલ્લાહ તમારા ભાગ્યમાં લખી દેશે, અને તે લોકો જેવા કહેવામાં આવશો, જેઓ બુદ્ધિ પ્રમાણે સૌથી સમજદાર લોકો અને આત્મા પ્રમાણે સૌથી સાફ દિલના લોકો છે, અર્થાત પયગંબરો, નેક લોકો, નજીકના ફરિશ્તાઓ.

અને જો તમે કુફ્ર કર્યું અને તેના અનુસરણ કરવાનો ઇન્કાર કર્યો તો દુનિયા અને આખિરતમાં નુકસાન ઉઠાવનારા લોકો માંથી બની જશો, દુનિયા અને આખિરત બન્નેમાં અલ્લાહની નાખુશી અને તેના અઝાબ મળશે, અને તમે તેમના જેવા થઈ જશો, જેઓ સમગ્ર જાતિમાં સૌથી ખબીશ, ખરાબ અને મંદબુદ્ધિ અને નફસ પ્રમાણે સૌથી તુચ્છ અને કમ દરજ્જા વાળા લોકો છે, અર્થાત શેતાન, ઝુલ્મ કરનાર, ભ્રષ્ટાચાર ફેલાવનાર, તાગૂતને માનવવાળા લોકો જેવા, આ સામાન્ય વાત છે.

હવે આવો ! આપણે વિસ્તારપૂર્વક કુફ્રની સજા વિશે જાણીએ, અને તે નીચે મુજબ છે:

## ૧- ડર, ભય અને બેચેની અને અશાંતિ:

જે લોકો અલ્લાહ પર ઈમાન લાવે છે અને તેના પયગંબરનું અનુસરણ કરે છે, તે લોકોને આ દુનિયામાં અલ્લાહએ સંપૂર્ણ શાંતિનું વચન આપ્યું છે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ الَّذِينَ آمَنُوا وَلَمْ يَلْبِسُوا إِيمَانَهُم بِظُلْمٍ أُولَٰئِكَ لَهُمُ الْأَمْنُ وَهُم مُّهْتَدُونَ }[307]، {જે લોકો ઈમાન ધરાવે છે અને પોતાના ઈમાનની સાથે શિર્ક નથી કરતા, આવા જ લોકો માટે સલામતી છે, અને તે જ સત્ય માર્ગ પર ચાલી રહ્યા છે} [૩૧૨],અલ્લાહ જ શાંતિ આપવવાળો, પોતાની દેખરેખમા રાખનાર અને આ સૃષ્ટિના દરેક સર્જનનો માલિક છે, જ્યારે તે કોઈ બંદાને તેના ઈમાન દ્વારા પસંદ કરે છે, તો તેને શાંતિ, રાહત અને સુકુન આપે છે, પરંતુ જ્યારે માનવી અલ્લાહ સાથે કુફ્ર કરે છે, તો અલ્લાહ તેની શાંતિ, સુકુન, ચેન બધું જ છીનવી લે છે, તમે તેને જોશો કે આખિરતના પરિણામથી ભયભીત રહે છે, પોતાના વિશે ભય, ચિંતા, ગમ અને બીમારીથી ડરતો રહે છે, અને આ દુનિયાના જીવનમાં ભવિષ્યના પરિણામથી ડરે છે;એટલા માટે જ તે પોતાના જીવન અને મિલકતનો ઈન્સ્યુરન્સ કરાવે છે, કારણકે તેની અંદર એક બેચેની હોય છે અને અલ્લાહ પર ભરોસો નથી હોતો.

## ૨- તંગ અને મુશ્કેલ જીવન:

અલ્લાહએ માનવીનું સર્જન કર્યું અને સૃષ્ટિની દરેક વસ્તુ તેના માટે આધીન કરી દીધી, અને દરેક મખલુકની રોજી અને ઉંમર નક્કી કરી દીધી છે, તમે જુવો છો કે પંખીઓ દરરોજ સવાર સવારમાં રોજીની શોધમાં નીકળે છે અને અલગ અલગ જગ્યાઓથી દાણા ચરે છે, એક ડાળી પરથી બીજી ડાળી પર જાય છે, અને સુંદર અવાજ કરે છે,માનવી પણ તેના સર્જન માંથી એક સર્જન છે, જેમના માટે અલ્લાહએ રોજી અને ઉંમર નક્કી કરી દીધી છે, જો તે પોતાના પાલનહાર પર ઈમાન લાવે અને તેના આદેશોનું પાલન કરે, તો અલ્લાહ તઆલા તેને શાંતિ અને અમન આપે છે, અને તેના માટે કાર્યો સરળ બનાવી દે છે, ભલેને તેને જીવનની એક નાનકડી વસ્તુ જ કેમ ન જોઈતી હોય.

પરંતુ જો તે પોતાના પાલનહાર સાથે કૂફર અને તેની બંદગી કરવાથી પીઠ ફેરવશે, તો અલ્લાહ તેનું જીવન તંગ અને મુશ્કેલ બનાવી દે છે, તેને વિવિધ પ્રકારની સોચ અને ચિંતામાં નાખી દે છે, ભલેને પછી તેની પાસે શાંતિ અને અમનના દરેક સ્ત્રોત કેમ ન હોય.શું તમે નથી જોતા તે શહેરોને જ્યાંના લોકોને તેમની સરકાર શાંતિ અને અમનના દરેક સ્ત્રોતનો બંદોબસ્ત કરે છે, છતાંય ત્યાં સૌથી વધારે આત્મહત્યાના કેસ જોવા મળે છે?શું તમે નથી જોતા કે જીવનની મોજ ઉઠાવવા તે અલગ અલગ જગ્યાઓનો સફર કરે છે, અને અમનની પ્રાપ્તિ માટે ઘણો માલ વેડફી નાખે છે?તે વસ્તુઓમાં માલ વેડફી નાખવાનો મતલબ એ કે તેમનું દિલ ઇમાનથી ખાલી, અને બેચેની તેમ જ અશાંતિ જીવન તેમનું હોય છે, એટલા માટે તેઓ પોતાની બેચેની દૂર કરવા માટે નવા નવા સ્ત્રોત શોધતા હોય છે અને તેના પર ખર્ચ કરતા હોય છે, અલ્લાહએ તઆલાએ સત્ય વાત કહી છે:{ وَمَنْ أَعْرَضَ عَن ذِكْرِي فَإِنَّ لَهُ مَعِيشَةً ضَنكًا وَنَحْشُرُهُ يَوْمَ الْقِيَامَةِ أَعْمَىٰ }[308]. {અને જે મારી યાદથી મોઢું ફેરવશે તેનું જીવન તંગીમાં રહેશે. અને કયામતના દિવસે અમે તેને આંધળો કરી ઉઠાવીશું.} [૩૧૩].

## ૩- આવો વ્યક્તિ પોતાની સાથે અને પોતાની આસપાસ સૃષ્ટિની સાથે સંઘર્ષમાં જીવન પસાર કરે છે:

તેનું કારણ એ છે કે તેનું મન પોતે ફિતરત અને તૌહીદને વળગે છે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ فِطْرَتَ اللَّهِ الَّتِي فَطَرَ النَّاسَ عَلَيْهَا }[309]، {આજ અલ્લાહની ફિતરત છે જેના પર તેણે લોકોને પેદા કર્યા છે} [૩૧૪],તેનું શરીર પોતાના સર્જક સામે ઝુકેલું રહે છે અને તેણે વર્ણવેલ નિયમ પ્રમાણે જીવન પસાર કરે છે, પરંતુ કાફિરે પોતાની (ફિતરતની એક ન સાંભળી) અને તેનો વિરોધ કર્યો, અલ્લાહએ આપેલ ઇચ્છનીય આદેશોમાં અલ્લાહની નાફરમાની કરવા લાગ્યો, તેનું શરીર તો અલ્લાહના આદેશો પ્રમાણે આધીન રહ્યું પરંતુ તેને આપેલ છૂટ તેનાથી વિરુદ્ધ રહી.

---

[307] ૩૧૨] અલ્ અનઆમ, આયત નંબર: ૮૨.

[308] ૩૧૩] તોહા, આયત નંબર: ૧૨૪.

[309] ૩૧૪] અર્ રુમ, આયત નંબર: ૩૦.

એવી જ રીતે પોતાની આસપાસ સૃષ્ટિ સાથે વિરોધી જીવન પસાર કરવા લાગ્યો, કારણકે સંપૂર્ણ સૃષ્ટિ ભવ્ય બ્રહ્માંડથી લઈ એક નાનકડા બેક્ટેરિયા સુધી તેના જ અંદાજા પ્રમાણે ચાલી રહી છે, જે અલ્લાહએ તેના માટે અંદાજો નક્કી કર્યા છે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ ثُمَّ اسْتَوَىٰ إِلَى السَّمَاءِ وَهِيَ دُخَانٌ فَقَالَ لَهَا وَلِلْأَرْضِ ائْتِيَا طَوْعًا أَوْ كَرْهًا قَالَتَا أَتَيْنَا طَائِعِينَ }[310]، {પછી આકાશ તરફ ધ્યાન આપ્યું, તે સમયે તે ધુમાડા જેવું હતું, બસ ! તેને અને ધરતીને આદેશ આપ્યો, અસ્તિત્વમાં આવી જાવ, તમારી ઈચ્છા હોય કે ન હોય, બન્નેએ કહ્યું કે અમે રાજી-ખુશીથી હાજર છે.} [૩૧૫],પરંતુ સૃષ્ટિ તેની સાથે મોહબ્બત કરે છે, જે અલ્લાહ સામે પોતાનું મસ્તક ઝુકાવી દે છે, અને તે વ્યક્તિથી નફરત કરે છે, જે અલ્લાહની નાફરમાની કરે છે, તે પોતે અલ્લાહ સામે વિરોધ કરવા માટે ઉભો થઈ જાય છે, અને તેનું એલાન પણ કરે છે;એટલા માટે આકાશ અને જમીન તેમજ સંપૂર્ણ સર્જનનો આ અધિકાર છે કે તેની સાથે અને તેના કુફ્રથી નફરત કરે, અલ્લાહ તઆલાએ કહ્યું:{88) وَقَالُوا اتَّخَذَ الرَّحْمَٰنُ وَلَدًا) {અને કેટલાક કહે છે રહમાનની પણ સંતાન છે. (૮૮)89) لَّقَدْ جِئْتُمْ شَيْئًا إِدًّا) આ તો અત્યંત ખરાબ વાત તમે ઘઢી કાઢી છે. (૮૯)تَكَادُ السَّمَاوَاتُ 90) يَتَفَطَّرْنَ مِنْهُ وَتَنشَقُّ الْأَرْضُ وَتَخِرُّ الْجِبَالُ هَدًّا) શકય છે જેના કારણે આકાશો ફાટી જાય અને ઝમીન ફાટી જાય અને પર્વતો ચૂર ચૂર થઈ જાય (૯૦)91) أَن دَعَوْا لِلرَّحْمَٰنِ وَلَدًا) કે તેઓ રહમાનની સંતાન સાબિત કરે છે. (૯૧)92) وَمَا يَنبَغِي لِلرَّحْمَٰنِ أَن يَتَّخِذَ وَلَدًا) રહમાનની શાન એવી નથી કે તેને સતાંનની જરૂર પડે (૯૨).93) إِن كُلُّ مَن فِي السَّمَاوَاتِ وَالْأَرْضِ إِلَّا آتِي الرَّحْمَٰنِ عَبْدًا)}[311]، આકાશો અને ધરતીમાં જે કંઈ પણ છે બધા જ તેના ગુલામ બનીને આવવાના છે. (૯૩) } [૩૧૬],અને પવિત્ર અલ્લાહ તઆલાએ ફિરઔન અને તેના લશ્કરને વિશે કહ્યું:{ فَمَا بَكَتْ عَلَيْهِمُ السَّمَاءُ وَالْأَرْضُ وَمَا كَانُوا مُنظَرِينَ }[312]. {ન તો તેમના માટે આકાશ રડયું અને ન તો ઝમીન અને ન તો તેઓને મહેતલ આપવામાં આવી.} [૩૧૭].

## ૪- તે અજ્ઞાનતાનું જીવન પસાર કરે છે:

કારણકે કુફ્ર અજ્ઞાનતાથી સંબોધિત છે, જો કે સૌથી મોટી અજ્ઞાનતા છે, કારણકે કાફિર પોતાના પાલનહારને ઓળખતો નથી, તે આ સૃષ્ટિને જોવે છે, જેને અલ્લાહએ અનોખી અને મહાન બનાવી છે, પોતાનામાં કારીગરી નું અનોખું રૂપ જોવે છે, અને પોતાના સર્જનનું જબરદસ્ત ક્રિયા જોવે છે, તો પણ તેનાથી અજાણ રહે છે કે તેનો પાલનહાર અને પેદા કરવાવાળો કોણ છે? તેને કોને અસ્તિત્વ આપ્યું? શું આ સૌથી મોટી અજ્ઞાનતા નથી?

## ૫- તે પોતાના પર અને પોતાની આસપાસ લોકો પર જુલમ કરતા જીવન પસાર કરે છે:

કારણકે તે પોતાને એવા કામોમાં લગાવી દે છે, જેના માટે તેનું સર્જન કરવામાં નથી આવ્યું, તે પોતાના પાલનહારની ઈબાદત નથી કરતો અને ઝુલ્મ તો એ કે કોઈ વસ્તુને તેની સાચી જગ્યાએથી ઉઠાવી બીજી જગ્યા પર મુકવામાં આવે, આના કરતાં વધારે જુલમ શું હોઈ શકે છે કે ઈબાદત અન્ય માટે અને બાતેલ માટે કરવામાં આવે,લુકમાને હકીમે શિર્કની ઓળખ અને તેની દુષ્ટતા સ્પષ્ટ કરતા કહ્યું:{ يَا بُنَيَّ لَا تُشْرِكْ بِاللَّهِ ۖ إِنَّ الشِّرْكَ لَظُلْمٌ عَظِيمٌ }[313]. {મારા વ્હાલા દીકરા ! અલ્લાહનો ભાગીદાર ન ઠેરવતો, નિ:શંક શિર્ક ખૂબ જ મોટો જુલમ છે} [૩૧૮].

તે પોતાની આસપાસ અને અન્ય મખલુક સાથે પણ જુલ્મ કરે છે, કારણકે જેનો હક છે તેના હકથી અજાણ હોય છે, જ્યારે કયામત કાયમ થશે તો તેની સમક્ષ તે દરેક વ્યક્તિ અને જાનવર ઉભું હશે, જેના પર તેણે જુલમ કર્યું હશે, અને પોતાના પાલનહારને વિનંતી કરશે કે તેનાથી તેનો ઝુલ્મનો બદલો લેવામાં આવે.

## ૬- તે પોતાના પર અલ્લાહના ગુસ્સાને દુનિયામાં જ બોલાવે છે:

તે એ વાતની રાહ જોવે છે કે તેના પર તરત જ મુસીબતોના પહાડ તૂટી પડે, અને હાદસા તેને જોવા મળે. અલ્લાહ તઆલા કહે છે:{ 45) أَفَأَمِنَ الَّذِينَ مَكَرُوا السَّيِّئَاتِ أَن يَخْسِفَ اللَّهُ بِهِمُ الْأَرْضَ أَوْ يَأْتِيَهُمُ الْعَذَابُ مِنْ حَيْثُ لَا يَشْعُرُونَ) {જે લોકો ખરાબ યુક્તિઓ કરી રહ્યા છે, શું તે લોકો એ વાતથી નીડર થઇ ગયા છે કે અલ્લાહ તઆલા તેમને ધરતીમાં ધસાવી દે, અથવા તેમની પાસે એવી જગ્યાએથી અઝાબ આવી પહોંચે, જેના વિશે તેમને વિચાર પણ ન હોય. (૪૫)46) أَوْ يَأْخُذَهُمْ فِي تَقَلُّبِهِمْ فَمَا هُم بِمُعْجِزِينَ) અથવા તેમને હરતાફરતા (અઝાબ) પકડી લે, આ લોકો અલ્લાહ તઆલાને ક્યારેય આજીજ કરી શકતા નથી. (૪૬)أَوْ يَأْخُذَهُمْ عَلَىٰ 47) تَخَوُّفٍ فَإِنَّ رَبَّكُمْ لَرَءُوفٌ رَّحِيمٌ) }[314]، અથવા તેમને ડરાવી, ધમકાવી પકડી લે, બસ ! ખરેખર તમારો પાલનહાર અત્યંત દયાળુ અને માયાળુ છે. (જે તેમને મહેતલ આપી રહ્યો છે (૪૭) } [૩૧૯].અને પવિત્ર અલ્લાહ એ કહ્યું:{ وَلَا يَزَالُ الَّذِينَ كَفَرُوا تُصِيبُهُم بِمَا صَنَعُوا قَارِعَةٌ أَوْ تَحُلُّ قَرِيبًا مِّن دَارِهِمْ حَتَّىٰ يَأْتِيَ وَعْدُ اللَّهِ ۚ إِنَّ اللَّهَ لَا يُخْلِفُ الْمِيعَادَ }[315]، {કાફિર લોકોને તો તેમના ઇન્કારના બદલામાં હંમેશા કોઈને કોઈ સખત સજા પહોંચતી રહેશે અથવા તેમના મકાનોની નજીક આવતી રહેશે, ત્યાં સુધી કે નક્કી કરેલ સમય આવી જાય, ખરેખર અલ્લાહ તઆલા વચનભંગ નથી કરતો.} [૩૨૦],અને ઉચ્ચ અલ્લાહ તઆલાએ કહ્યું:{ أَوَأَمِنَ أَهْلُ الْقُرَىٰ أَن يَأْتِيَهُم بَأْسُنَا ضُحًى وَهُمْ يَلْعَبُونَ }[316]، {અને શું તે વસ્તીના રહેવાસી એ વાતથી નીડર બની ગયા છે કે તેમના પર અમારો અઝાબ ચાશ્ત (ચઢતા દિવસે) ના સમયે આવી પહોંચશે, જે સમયે તેઓ પોતાની રમતોમાં વ્યસ્ત હશે} [૩૨૧],અલ્લાહના સ્મરણથી મોઢું ફેરવનારની આ જ સ્થિતિ રહે છે, અલ્લાહ તઆલાએ કુફ્ર કરવાવાળી પાછલી કોમો વિશે કહ્યું:{ فَكُلًّا أَخَذْنَا بِذَنبِهِ ۖ فَمِنْهُم مَّنْ أَرْسَلْنَا عَلَيْهِ حَاصِبًا وَمِنْهُم مَّنْ أَخَذَتْهُ الصَّيْحَةُ وَمِنْهُم مَّنْ خَسَفْنَا بِهِ الْأَرْضَ وَمِنْهُم مَّنْ أَغْرَقْنَا ۚ وَمَا كَانَ اللَّهُ لِيَظْلِمَهُمْ وَلَٰكِن كَانُوا أَنفُسَهُمْ يَظْلِمُونَ }[317]، {તેમના માંથી દરેકને અમે તેમના અપરાધના કારણે પકડી લીધા, તેમના માંથી કેટલાક પર

---

[310] ૩૧૫] ફુસ્સિલત, આયત નંબર: ૧૧.
[311] ૩૧૬] મરયમ, આયત નંબર: ૮૮-૯૩.
[312] ૩૧૭] અદ્ દુખાન, આયત નંબર: ૨૯.
[313] ૩૧૮] લુકમાન, આયત નંબર: ૧૩.
[314] ૩૧૯] અન્ નહલ, આયત નંબર: ૪૫-૪૭.
[315] ૩૨૦] અર્ રઅદ, આયત નંબર: ૩૧.
[316] ૩૨૧] અલ્ અઅરાફ, આયત નંબર: ૯૮.
[317] ૩૨૨] અલ્ અનકબૂત, આયત નંબર: ૪૦.

અમે પથ્થરોનો વરસાદ વરસાવ્યો અને તેમના માંથી કેટલાકને સખત ચીસે પકડી લીધા અને તેમના માંથી કેટલાકને અમે ધરતીમાં ધસાવી દીધા અને તેમના માંથી કેટલાકને અમે ડુબાડી દીધા, અલ્લાહ તઆલા તેમના પર જુલમ કરવાવાળો નથી, પરંતુ તેઓ પોતે જ પોતાના પર ઝુલ્મ કરી રહ્યા હતાં}[૩૨૨],જેવું કે તમે પોતાની આસપાસ કાફિરોની સ્થિતિ જોઈ શકો છો કે તેમના પર અલ્લાહનો ગુસ્સો અને સજા ઉતરી.

## ૭- તેના ભાગ્યમાં નિરાશા અને નુકસાન લખી દેવામાં આવે છે:

તે પોતાના જુલમના કારણે તે મહાન નેઅમતથી હાથ ધોવે છે, જેનાથી દિલ અને નફસ બન્ને રાહત પામે છે, તે છે અલ્લાહની ઓળખ, તેનાથી દુઆ કરવી અને આશા વગેરે, હા તેને દુનિયાના નુકસાન પણ થતા હોય છે, કારણકે તે દુનિયામાં નિરાશાભર્યું જીવન પસાર કરે છે,ઉપરાંત તે પોતાના નફસથી પણ હાથ ધોઈ લે છે, જેના કારણે તે માલ ભેગો કરી રહ્યો હતો,કારણકે તેણે પોતાના નફસને સાચા હેતું તરફ માર્ગદર્શન ન આપ્યું, આ રીતે તે પોતાના નફસથી પણ ફાયદો ઉઠાવી નથી શકતો, અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَمَنْ خَفَّتْ مَوَازِينُهُ فَأُولَٰئِكَ الَّذِينَ خَسِرُوا أَنفُسَهُمْ }[318]، {અને જે વ્યક્તિનું પલડું હલકું હશે, તો તે એવા લોકો હશે જેઓએ પોતાનું નુકસાન કરી લીધું} [૩૨૩],એવી જ રીતે તે પોતાના ઘરવાળાઓને પણ નુક્સાનમાં નાખી દે છે, કારણકે તે તેમની સાથે કુફ્રની સ્થિતિમાં જીવન પસાર કરી રહ્યો હોય છે, તેઓ પણ તેની માફક જ દુષ્ટતા અને તંગીમાં બરાબર છે, તે સૌનું ઠેકાણું જહન્નમ છે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ إِنَّ الْخَاسِرِينَ الَّذِينَ خَسِرُوا أَنفُسَهُمْ وَأَهْلِيهِمْ يَوْمَ الْقِيَامَةِ }[319]، {કે સાચે જ નુક્સાન ઉઠાવનારા તે લોકો છે, જેમણે કયામતનાં દિવસે પોતાને અને પોતાના ઘરવાળાઓને નુકસાનમાં નાંખી દીધા} [૩૨૪],કયામતના દિવસે જહન્નમ સુધી હાંકતા લઈ જવામાં આવશે, તે અત્યંત ખરાબ ઠેકાણું છે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ احْشُرُوا الَّذِينَ ظَلَمُوا وَأَزْوَاجَهُمْ وَمَا كَانُوا يَعْبُدُونَ (22) مِن دُونِ اللَّهِ فَاهْدُوهُمْ إِلَىٰ صِرَاطِ الْجَحِيمِ (23) }[320]. {(ફરિશ્તાઓને કહેવામાં આવશે કે) જાલિમ લોકોને અને તેમના સાથીઓને અને જેમની તેઓ અલ્લાહને છોડીને બંદગી કરતા હતા, બધાને એકઠા કરો (૨૨) (તે સૌને) ભેગા કરી તેમને જહન્નમનો માર્ગ બતાવી દો (૨૩) } [૩૨૫].

## ૮- તે પોતાના પાલનહાર સાથે કૂફ્ર કરતા અને તેણે આપેલી નેઅમતોનો ઇન્કાર કરતા જીવન પસાર કરે છે:

અલ્લાહ તઆલાએ તેને જ્યારે તેને બિનઅસ્તિત્વ માંથી અસ્તિત્વ આપ્યું, તેને દરેક પ્રકારની નેઅમતો આપી, તો પણ અલ્લાહની છોડીને બંદગી કરે છે, અલ્લાહને છોડીને અન્ય સાથે દોસ્તી કરે છે અને અલ્લાહને છોડીને અન્યનો શુકર કરે છે, આના કરતાં વધારે ઇન્કાર શું હોઈ શકે છે અને આના કરતાં વધારે પીઠ ફેરવવું કોને કહી શકીએ છીએ?

## ૯- તે સાચા જીવનથી વંચિત રહી જાય છે:

કારણકે જીવનનો ખરેખર હકદાર તે છે, જે પોતાના પાલનહાર પર ઈમાન લાવે, પોતાનો હેતુ જાણતો હોય, પોતાના અંજામથી વાકેફ હોઈ, અને ફરીવાર જીવિત થવાનું છે એના પર યકીન હોય, તે દરેકના હક અને અધિકાર જાણતો હોય, ન તો કોઈનો હક મારતો હોય અને ન તો કોઈ સર્જનને તકલીફ આપતો હોય, આવો વ્યક્તિ ખુશનસીબ જીવન પસાર કરે છે તેમજ દુનિયા અને આખિરતમાં પાક જીવન પસાર કરતો હોય છે અલ્લાહ તઆલાએ કહ્યું:{ مَنْ عَمِلَ صَالِحًا مِّن ذَكَرٍ أَوْ أُنثَىٰ وَهُوَ مُؤْمِنٌ فَلَنُحْيِيَنَّهُ حَيَاةً طَيِّبَةً }[321]، {જે વ્યક્તિ પણ નેક કાર્ય કરે, પછી તે પુરુષ હોય કે સ્ત્રી હોય, શરત એ કે તે મોમિન હોવા જોઈએ, તો અમે તેમને ખરેખર અત્યંત શ્રેષ્ઠ જીવન આપીશું} [૩૨૬],અને આખિરતમાં પણ :{ وَمَسَاكِنَ طَيِّبَةً فِي جَنَّاتِ عَدْنٍ ۚ ذَٰلِكَ الْفَوْزُ الْعَظِيمُ }[322]. {અને પાક ઘરોમાં, જે જન્નત અદ્દન (જન્નતના નામોમાંથી એક નામ) માં હશે, આ જ ભવ્ય સફળતા છે.} [૩૨૭].

પરંતુ જે વ્યક્તિ આ દુનિયામાં ઢોરની માફક જીવન પસાર કરે, પોતાના પાલનહારને જાણતો ન હોય, પોતાના હેતુથી અજાણ હોય અને પોતાના પરિણામથી પણ અજાણ હોય?પરંતુ તેનો હેતુ ફક્ત ખાવું, પીવું અને સૂવાનો જ હોય.. તો આવા વ્યક્તિમાં અને ઢોરોમા શું તફાવત છે, જો કે તે જાનવરો કરતા પણ વધુ પથભરષ્ટ છે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَلَقَدْ ذَرَأْنَا لِجَهَنَّمَ كَثِيرًا مِّنَ الْجِنِّ وَالْإِنسِ ۖ لَهُمْ قُلُوبٌ لَّا يَفْقَهُونَ بِهَا وَلَهُمْ أَعْيُنٌ لَّا يُبْصِرُونَ بِهَا وَلَهُمْ آذَانٌ لَّا يَسْمَعُونَ بِهَا ۚ أُولَٰئِكَ كَالْأَنْعَامِ بَلْ هُمْ أَضَلُّ ۚ أُولَٰئِكَ هُمُ الْغَافِلُونَ }[323]، {ઘણા એવા જિનો અને માનવીઓ છે, જેમને અમે જહન્નમ માટે પેદા કર્યા છે, તેમના દિલ તો છે, પરંતુ તે (સત્યવાત) સમજી શકતા નથી, તેમની આંખો પણ છે પરંતુ તે (સત્યવાત) જોઈ શકતી નથી, અને તેમના કાન પણ છે, પરંતુ તે (સત્ય વાત) સાંભળી શકતા નથી, આવા લોકો જ ઢોર માફક છે, પરંતુ તેમના કરતા પણ વધારે ખરાબ, અને આવા જ લોકો બેદરકાર છે} [૩૨૮],અને ઉચ્ચ અલ્લાહ તઆલાએ કહ્યું:{ أَمْ تَحْسَبُ أَنَّ أَكْثَرَهُمْ يَسْمَعُونَ أَوْ يَعْقِلُونَ ۚ إِنْ هُمْ إِلَّا كَالْأَنْعَامِ ۖ بَلْ هُمْ أَضَلُّ سَبِيلًا }[324]. {અથવા તમે એવો વિચાર કરો છો કે તેમના માંથી વધારે પડતા લોકો સાંભળે છે અને સમજે છે, તેઓ તો તદ્દન ઢોર જેવા છે, પરંતુ તેના કરતા પણ વધારે ભટકેલા છે.} [૩૨૯].

## ૧૦- તે હંમેશા માટે અઝાબમાં રહેશે:

આવું એટલા માટે કે કાફિર એક અઝાબથી બીજા અઝાબ તરફ બદલતો રહે છે, તે દુનિયાના દુ:ખ, ચિંતા અને પરેશાની તેમજ મુસીબતોનો સ્વાદ ચાખી, આખિરત તરફ સફર કરે છે, આખિરતની પ્રથમ મંજિલ તેની પાસે મૃત્યુના ફરિશ્તાઓ આવે છે, અને તે પહેલાં અઝાબના ફરિશ્તાઓ આવી જાય છે, જેથી તેને તે અઝાબનો સ્વાદ ચખાડી શકે, જેનો તે હકદાર છે,

---

[318] ૩૨૩] અલ્ અઅરાફ, આયત નંબર: ૯.
[319] ૩૨૪] અઝ્ ઝૂમર, આયત નંબર: ૧૫, અશ્ શૂરા, આયત નંબર: ૪૫.
[320] ૩૨૫] અસ્ સૌફફાત, આયત નંબર: ૨૨-૨૩.
[321] ૩૨૬] અન્ નહલ, આયત નંબર: ૯૭.
[322] ૩૨૭] અસ્ સફ, આયત નંબર: ૧૨.
[323] ૩૨૮] અલ્ અઅરાફ, આયત નંબર: ૧૭૯.
[324] ૩૨૯] અલ્ ફુરકાન, આયત નંબર: ૪૪.

અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَلَوْ تَرَىٰ إِذْ يَتَوَفَّى الَّذِينَ كَفَرُوا ۙ الْمَلَائِكَةُ يَضْرِبُونَ وُجُوهَهُمْ وَأَدْبَارَهُمْ }[325]، {બીજી જગ્યાએ અલ્લાહ તઆલા એ કહ્યું: {કાશ કે તમે તે સ્થિતિને જોતાં, જ્યારે ફરિશ્તાઓ કાફિરોના પ્રાણ કાઢી રહ્યા હતા, તેઓના ચહેરા પર અને થાપા પર માર મારતા હતા} [૩૩૦],પછી જ્યારે તેની રુહ શરીરથી અલગ થઈ જાય છે, અને તે પોતાની કબરમાં ઉતરે છે, તો ત્યાં તેને સખત અઝાબનો સામનો કરવો પડશે, અલ્લાહ તઆલાએ ફિરઔનના અનુયાયીઓ વિશે કહ્યું:{ النَّارُ يُعْرَضُونَ عَلَيْهَا غُدُوًّا وَعَشِيًّا ۖ وَيَوْمَ تَقُومُ السَّاعَةُ أَدْخِلُوا آلَ فِرْعَوْنَ أَشَدَّ الْعَذَابِ }[326]، {તે લોકો પ્રત્યેક સવાર-સાંજ અલ્લાહની સામે આ લોકોને હાજર કરવામાં આવે છે, અને જે દિવસે કયામત આવી જશે, (કહેવામાં આવશે કે) ફિરઔનના લોકોને સખત અઝાબમાં નાંખો.} [૩૩૧],પછી જ્યારે કયામત કાયમ થશે અને દરેક સર્જનને ફરીવાર ઉઠાવવામાં આવશે, અને તેમને અમલ પેશ કરવામાં આવશે, અને કાફિર જોશે કે તેના અમલના રેકોર્ડમાં અલ્લાહ તઆલાએ દરેક નાના મોટા અમલ શુમાર કરી રાખ્યા છે, તેના વિશે અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَوُضِعَ الْكِتَابُ فَتَرَى الْمُجْرِمِينَ مُشْفِقِينَ مِمَّا فِيهِ وَيَقُولُونَ يَا وَيْلَتَنَا مَالِ هَٰذَا الْكِتَابِ لَا يُغَادِرُ صَغِيرَةً وَلَا كَبِيرَةً إِلَّا أَحْصَاهَا }[327]، {અને કર્મનોંધ દરેકની સામે મૂકી દેવામાં આવશે, બસ ! તમે પાપી લોકોને જોશો કે તેના લખાણથી ભયભીત થઇ રહ્યા હશે અને કહી રહ્યા હશે કે હાય ! અમારી ખરાબી આ કેવું પુસ્તક છે ? આ પુસ્તકે તો ન તો કોઈ નાની વાત છોડી છે અને ન તો કોઈ મોટી વાત} [૩૩૨],તે સમયે કાફીર તમન્ના કરશે કે કાશ હું માટી હોત{ يَوْمَ يَنظُرُ الْمَرْءُ مَا قَدَّمَتْ يَدَاهُ وَيَقُولُ الْكَافِرُ يَا لَيْتَنِي كُنتُ تُرَابًا }[328]. {જે દિવસે માનવી તેના હાથોએ કરેલા (કર્મ) જોઇ લેશે, અને કાફિર કહેશે કે કાશ! હું માટી હોત.} [૩૩૩].
તે સમય એટલો ભયાનક હશે કે માનવી પાસે તે બધું જ હોય, જે આ ધરતી પર છે, તો પણ તે દિવસે અઝાબના બદલામાં બધું જ આપવા માટે તૈયાર થશે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَلَوْ أَنَّ لِلَّذِينَ ظَلَمُوا مَا فِي الْأَرْضِ جَمِيعًا وَمِثْلَهُ مَعَهُ لَافْتَدَوْا بِهِ }[329]، {જો જાલિમ લોકોને ધરતીનું પૂરું ધન મળી જાય અને તેના જેટલું જ બીજું ધન હોય, તો તેઓ કયામતના દિવસે ખરાબ અઝાબથી બચવા માટે ફિદયો આપવા માટે તૈયાર થઇ જશે} [૩૩૪],અને અલ્લાહ તઆલાએ કહ્યું:{ يَوَدُّ الْمُجْرِمُ لَوْ يَفْتَدِي مِنْ عَذَابِ يَوْمِئِذٍ بِبَنِيهِ (11) {તે દિવસે અઝાબથી બચવા માટે ગુનેગાર એવું ઈચ્છશે કે પોતાના દીકરાઓને મુક્તિદંડ રૂપે આપી દે. (૧૧)12) وَصَاحِبَتِهِ وَأَخِيهِ) પોતાની પત્નિને અને પોતાના ભાઇને (૧૨)13) وَفَصِيلَتِهِ الَّتِي تُؤْوِيهِ) અને પોતાના તે કુટુંબીજનોને, જેઓ તેને આશરો આપતા હતા. (૧૩)14) وَمَن فِي الْأَرْضِ جَمِيعًا ثُمَّ يُنجِيهِ)}[330]. અને જે કઈ જમીનમાં છે તે બધું જ આપી પોતાને બચાવી લે. (૧૪) } [૩૩૫].
કારણકે તે દુનિયા બદલાની દુનિયા છે, આશાઓની દુનિયા નથી, એટલા માટે માનવીએ પોતે કરેલા કર્મોની સજા જરૂર મળીને રહેશે, જો અમલ સારો હશે તો બદલો પણ સારો મળશે અને જો અમલ ખરાબ હશે તો બદલો પણ ખરાબ મળશે.આખિરતમાં કાફિરને જે સૌથી ખરાબ સજા મળશે તે છે, જહન્નમની સજા, અલ્લાહ તઆલાએ જહન્નમીઓ માટે અલગ અલગ પ્રકારના અઝાબ તૈયાર કરી રાખ્યા છે, જેથી તેણે કરેલા કર્મોની સજા ભોગવી લે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ هَٰذِهِ جَهَنَّمُ الَّتِي يُكَذِّبُ بِهَا الْمُجْرِمُونَ (43) {(અને તેમને કહેવામાં આવશે) કે આ છે તે જહન્નમ, જેને પાપીઓ જુઠલાવતા હતા. (૪૩)يَطُوفُونَ بَيْنَهَا وَبَيْنَ حَمِيمٍ آنٍ (44) }[331]، તેઓ (જહન્નમ) અને ઉકળતા પાણી વચ્ચે ચક્કર મારતા રહેશે. (૪૪)} [૩૩૬],એવી જ રીતે અલ્લાહ તઆલાએ તેમના પીણાં અને પોશાક વિશે કહ્યું:{ فَالَّذِينَ كَفَرُوا قُطِّعَتْ لَهُمْ ثِيَابٌ مِّن نَّارٍ يُصَبُّ مِن فَوْقِ رُءُوسِهِمُ الْحَمِيمُ (19) {તેમના માંથી જે લોકોએ કુફ્ર કર્યો તેમના માટે આગના પોશાક કાપવામાં આવશે અને તેમના માથા પર સખત ઉકાળેલું પાણી રેડવામાં આવશે. (૧૯)20) يُصْهَرُ بِهِ مَا فِي بُطُونِهِمْ وَالْجُلُودُ) જેના કારણે તેમના પેટની દરેક વસ્તુ અને ચામડી ઓગળી જશે (૨૦)21) وَلَهُم مَّقَامِعُ مِنْ حَدِيدٍ) }[332]. અને તેમની સજા માટે લોખંડના હથોડા હશે (૨૧) [૩૩૭].

# અંત

હે માનવી !
તારું ખરેખર કોઈ અસ્તિત્વ જ ન હતું અલ્લાહ તઆલાએ કહ્યું:{ أَوَلَا يَذْكُرُ الْإِنسَانُ أَنَّا خَلَقْنَاهُ مِن قَبْلُ وَلَمْ يَكُ شَيْئًا }[333]، {શું આ માનવી એટલું પણ યાદ નથી રાખતો કે અમે તેનું સર્જન આ પહેલા કર્યું, જ્યારે તે કંઇ પણ ન હતો.} [૩૩૮],પછી અલ્લાહ તઆલાએ તમને એક વીર્યના ટીપાં વડે પેદા કર્યા, અને સાંભળવાવાળો તેમજ જોવા વાળો વ્યક્તિ બનાવ્યો, અલ્લાહ તઆલાએ કહ્યું:{ هَلْ أَتَىٰ عَلَى الْإِنسَانِ حِينٌ مِّنَ الدَّهْرِ لَمْ يَكُن شَيْئًا مَّذْكُورًا (1) {શું માનવી ઉપર એક એવો સમય પણ વિત્યો છે, જ્યારે તે કંઇજ નોંધપાત્ર વસ્તુ નહતો. (૧)2) إِنَّا خَلَقْنَا الْإِنسَانَ مِن نُّطْفَةٍ أَمْشَاجٍ نَّبْتَلِيهِ فَجَعَلْنَاهُ سَمِيعًا بَصِيرًا)}[334]، નિ:શંક અમે માનવીને મિશ્રિત વીર્યના ટીપામાંથી પૈદા કર્યો. અને તેને સાંભળવાવાળો, જોવાવાળો બનાવ્યો. (૨) } [૩૩૯],પછી તમે કમજોરી સ્થિતિ માંથી શક્તિ આપવામાં આવે છે અને અંતમાં ફરી તમને કમજોરી તરફ ફેરવી દેવામાં આવશે અલ્લાહ તઆલાએ કહ્યું:{ اللَّهُ الَّذِي خَلَقَكُم مِّن ضَعْفٍ ثُمَّ جَعَلَ مِن بَعْدِ ضَعْفٍ قُوَّةً ثُمَّ جَعَلَ مِن بَعْدِ قُوَّةٍ ضَعْفًا وَشَيْبَةً ۚ يَخْلُقُ مَا يَشَاءُ ۖ وَهُوَ الْعَلِيمُ الْقَدِيرُ }[335]، {અલ્લાહ તઆલા તે છે, જેણે તમારું સર્જન નબળી સ્થિતિમાં કર્યું, તે નબળાઇ પછી શક્તિ આપી, તે શક્તિ પછી નબળાઇ અને વૃદ્ધાવસ્થા આપી, જેમ ઇચ્છે છે, તેમ સર્જન કરે છે, તે બધાને સારી રીતે જાણે છે અને બધા પર સંપૂર્ણ શક્તિ ધરાવે છે.}[૩૪૦],તમારું અંતિમ ઠેકાણું મૃત્યુ છે, આમાં કોઈ શંકા નથી, તમે જીવનના એક તબક્કાથી બીજા તબક્કે જાવ છો,

---

[325] ૩૩૦] અલ અનફાલ, આયત નંબર: ૫૦
[326] ૩૩૧] ગોફિર, આયત નંબર: ૪૬.
[327] ૩૩૨] અલ્ કહફ, આયત નંબર: ૪૯.
[328] ૩૩૩] અન્ નબા, આયત નંબર: ૪૦.
[329] ૩૩૪] અઝ ઝૂમર, આયત નંબર: ૪૭.
[330] ૩૩૫] અલ્ મઆરિજ, આયત નંબર: ૧૧-૧૪.
[331] ૩૩૬] અર્ રહમાન, આયત નંબર: ૪૩-૪૪.
[332] ૩૩૭] અલ્ હજ, આયત નંબર: ૧૯-૨૧.
[333] ૩૩૮] મરયમ, આયત નંબર: ૬૭.
[334] ૩૩૯] અલ્ ઇન્સાન, આયત નંબર: ૧-૨.
[335] ૩૪૦] અર્ રુમ, આયત નંબર: ૫૪.

પોતાની જાત પરથી નુકસાનને ટાળવી નથી શકતા, અને ન તો પોતાના માટે ફાયદો પ્રાપ્ત કરી શકો છો, જો તમે કઈ કરી શકો છો તો અલ્લાહએ આપેલ નેઅમતો જેવી કે શક્તિ, ખોરાક વગેરે દ્વારા મદદ પ્રાપ્ત કરો, ફિતરત તરીકે જોવા જઈએ તો તમે સૌ લાચાર છો,ઘણી વસ્તુ એવી છે, જે તમારા માટે ખૂબ જરૂરી છે, પરંતુ તે તમારા હાથમાં નથી, ક્યારેક તે તમને મળે છે અને ક્યારેક તમારી પાસેથી છીનવી લેવામાં આવે છે,ઘણી એવી વસ્તુઓ છે, જે તમારા માટે ફાયદાકારક છે અને તેને તમે પ્રાપ્ત કરવાની ઈચ્છા પણ ધરાવો છો, પરંતુ ક્યારેક તમે તેનાથી ફાયદો ઉઠાવો છો અને ક્યારેક તેનાથી વંચિત કરી દેવામાં આવે છે,ઘણી વસ્તુઓ છે, જે તમારા માટે નુકસાનકારક છે, તમારી આશાઓ પર પાણી ફેરવી દે છે, તમારા પ્રયત્નોને વ્યર્થ બનાવી દે છે, તમને વિવિધ પ્રકારની કસોટીઓમેં નાખી દે છે, અને તમે તેને પોતાનાથી દૂર રાખવા ઇચ્છો છો, તો પણ ક્યારેક તમે તેને દૂર કરવામાં સફળ થઈ જાવ છો અને ક્યારેક લાચાર બની જાઓ છો...શું તમે અલ્લાહ પાસે પોતાની જરૂરતનો અહેસાસ થાય છે? જ્યારે કે અલ્લાહ તઆલા કહે છે:{ يَا أَيُّهَا النَّاسُ أَنتُمُ الْفُقَرَاءُ إِلَى اللَّهِ ۖ وَاللَّهُ هُوَ الْغَنِيُّ الْحَمِيدُ }[336]. {હે લોકો ! તમે સૌ અલ્લાહના મોહતાજ છો અને અલ્લાહ (દરેક વસ્તુથી) બેનિયાઝ અને પ્રશંસાને લાયક છે} [૩૪૧].
તમે એક કમજોર વારસાના શિકાર બનો છો, જેને તમે પોતાની કુદરતી આખો વડે જોઈ પણ નથી શકતા, તે સામાન્ય વાઇરસ તમને બીમાર કરી દે છે, તમે તેને ટાળી નથી શકતા અને પોતાની માફક જ કમજોર વ્યક્તિ પાસે સારવાર માટે પહોંચી જાવ છો, ક્યારેક તેની યુકિત કામમાં આવી જાય છે (અને તમે સાજા બની જાવ છો) અને ક્યારેક તે તમારી સારવાર કરવામાં અસફળ અને આજીજ બની જાય છે, અને ડોકટર તેમજ બીમાર બન્ને આશ્ચર્યમાં પડી જાય છે.
હે આદમના સંતાનો ! તમે ખૂબ કમજોર છો ! જો માખી પણ તમારી પાસેથી કોઈ વસ્તુ લઈને ભાગી જાય તો તમે તેની પાસેથી પણ છીનવી નથી શકતા, અલ્લાહ તઆલાએ સાચું કહ્યું છે:{ يَا أَيُّهَا النَّاسُ ضُرِبَ مَثَلٌ فَاسْتَمِعُوا لَهُ ۚ إِنَّ الَّذِينَ تَدْعُونَ مِن دُونِ اللَّهِ لَن يَخْلُقُوا ذُبَابًا وَلَوِ اجْتَمَعُوا لَهُ ۖ وَإِن يَسْلُبْهُمُ الذُّبَابُ شَيْئًا لَّا يَسْتَنقِذُوهُ مِنْهُ ۚ ضَعُفَ الطَّالِبُ وَالْمَطْلُوبُ }[337], {હે લોકો ! તમારી સમક્ષ એક ઉદાહરણ આપવામાં આવી રહ્યું છે, કાન લગાવી સાંભળો ! અલ્લાહ સિવાય જેને પણ તમે પોકારો છો, જો તે બધા જ એકઠા થઇ જાય તો પણ એક માખીનું પણ સર્જન નથી કરી શકતા,પરંતુ જો માખી તેમની પાસેથી કોઈ વસ્તુ લઇ લે તો આ લોકો તો તેને પણ તેની પાસેથી છીનવી નથી શકતા, ખૂબ જ નબળો છે, જે માંગી રહ્યો છે અને ખૂબજ નબળો છે તે, જેની પાસે માંગવામાં આવી રહ્યું છે.} [૩૪૨].જ્યારે તમે જરા પણ શક્તિ નથી ધરાવતા કે માખી તમારી પાસેથી કઈ છીનવી જાય તો તેને તમે છીનવી શકો તો પછી તમે કઈ વસ્તુના માલિક બની બેઠા છો?(તમારું કપાળ તેના હાથમાં છે, તમારી જાન તેના હાથમાં છે, તમારું દિલ રહમાનની બે આંગળીઓ વચ્ચે છે, જેવી રીતે ઈચ્છે ફેરવે છે, તમારું જીવન અને મૃત્યુ બન્ને તેના જ હાથમાં છે, તમારી ખુશી અને નાખુશી પણ તેના જ હાથમાં છે, તમારી દરેક ક્રિયા, હરકતો અને વાતચીત તેની ઈચ્છા પ્રમાણે જ થઈ રહી છે, તમે તેની પરવાનગી વગર હટી પણ નથી શકતા, અને ન તો તમે તેની ઈચ્છા વગર કંઈ પણ કરી શકો છો, જો તેણે તમને તમારા નફસને સોંપી દીધા તો એવું સમજો કે તેણે તમને આજીજી, કમજોરી અશક્તિ અને ગુનાહના હવાલે કરી દીધા, અને જો તેણે તમારા સિવાય અન્ય સર્જનના હવાલે કરી દીધા તો એવા વ્યક્તિના હવાલે કરી દીધો, જે જરા પણ ન તો ફાયદાના માલિક છે અને ન તો નુકસાનનો, ન તો મૃત્યુ અને જીવનનો અને ન તો ફરીવાર જીવિત કરવા પર કુદરત ધરાવે છે, એટલા માટે તમે તે પાલનહારથી ક્ષણ બરાબર પણ બેનિયાજ નથી બની શકતા, પરંતુ જ્યાં સુધી શ્વાસ ચાલે છે ત્યાં સુધી તમે તેના જાહેર રીતે પણ અને છુપી રીતે પણ મોહતાજ છો, તે તમારા પર પોતાની નેઅમતોનો વરસાદ કરે છે અને તમે તેની સાથે કૂફરે અને અવજ્ઞા કરી તેનાથી દ્વેષ અને દુશ્મની જાહેર કરો છો, જ્યારે કે દરેક રીતે તમે લાચાર છો, તમે તેને છોડી દો છો જ્યારે કે તમારે તેની તરફ જ પાછા ફરવાનું છે, અને તેની સામે જ હિસાબ અને કિતાબ માટે ઉભા થવાનું છે.) [૩૪૩][338]
હે માનવી ! કેમકે તું પોતાના ગુનાહોનો ભાર ઉઠાવી નથી શકતો એટલા માટે અલ્લાહ ઈચ્છે છે કે તમારા માટે હલકું કરી દે:{ يُرِيدُ اللَّهُ أَن يُخَفِّفَ عَنكُمْ ۚ وَخُلِقَ الْإِنسَانُ ضَعِيفًا }[339], {અલ્લાહ ઇચ્છે છે કે તમારા માટે સરળતા પેદા કરી દે, કારણ કે માનવી કમજોર પેદા કરવામાં આવ્યો છે.}[૩૪૪],અલ્લાહ તઆલાએ પયગંબરો મોકલ્યા, કિતાબો ઉતારી, શરીઅત આપી, તમારી સમક્ષ સીધો માર્ગ સ્પષ્ટ કરી દીધો, નિશાનીઓ, દલીલો, પુરાવા જાહેર કરી દીધા, અહીં સુધી કે દરેક વસ્તુઓમાં પોતાની વહદાનીયત (એકેશ્વરવાદ) ઉલૂહિય્યત (સાચો ઇલાહ) ના પુરાવા સ્પષ્ટ કર્યા, અને તમે સત્યનો મુકાબલો બાતેલથી કરી રહ્યા છો, અને અલ્લાહને છોડીને શેતાનને પોતાનો દોસ્ત બનાવી રહ્યા છો, અને બાતેલનો આશરો લઈ ઝઘડો કરી રહ્યા છો,{ وَكَانَ الْإِنسَانُ أَكْثَرَ شَيْءٍ جَدَلًا }[340], {માનવી સૌથી વધારે ઝઘડો કરવાવાળો છે} [૩૪૫],શુ તમે અલ્લાહની તે નેઅમતોને ભુલાવી દીધી, જેને તમે શરૂ થી લઈ અંત સુધી ફાયદો ઉઠાવી રહયા છો, શુ તમને યાદ નથી કે તમારું સર્જન એક ટીપાં વડે થયું છે, તમારું ઠેકાણું કબર છે અને કબરથી ઉઠીને જન્નત અથવા જહન્નમમાં જવાનું છે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ أَوَلَمْ يَرَ الْإِنسَانُ أَنَّا خَلَقْنَاهُ مِن نُّطْفَةٍ فَإِذَا هُوَ خَصِيمٌ مُّبِينٌ (77) {શું માનવીને એટલી પણ ખબર નથી કે અમે તેનું સર્જન એક ટીપા વડે કર્યું ? પછી તરત જ તે ખુલ્લો ઝઘડો કરવાવાળો બની ગયો. (૭૭)78) وَضَرَبَ لَنَا مَثَلًا وَنَسِيَ خَلْقَهُ ۖ قَالَ مَن يُحْيِي الْعِظَامَ وَهِيَ رَمِيمٌ) તેણે આપણા માટે એક ઉદાહરણ આપ્યું છે, તે પોતાની પેદાશને ભૂલી ગયો, કહેવા લાગ્યો કે આ સડેલા હાડકાઓને કોણ ભેગા કરશે? (૭૮)79) قُلْ يُحْيِيهَا الَّذِي أَنشَأَهَا أَوَّلَ مَرَّةٍ ۖ وَهُوَ بِكُلِّ خَلْقٍ عَلِيمٌ) }[341], તમે કહી દો, તે જ પેદા કરશે, જેણે પહેલી વાર પેદા કર્યા છે, અને તે દરેક રીતે પેદા કરવાનું જાણે છે. (૭૯) } [૩૪૬],અલ્લાહ તઆલાએ કહ્યું:{ 6) يَا أَيُّهَا الْإِنسَانُ مَا غَرَّكَ بِرَبِّكَ الْكَرِيمِ) {હે માનવ ! તને તારા કૃપાળુ પાલનહારની બાબતમાં કઇ વસ્તુએ ધોકામાં રાખ્યો છે. (૬)7) الَّذِي خَلَقَكَ فَسَوَّاكَ فَعَدَلَكَ) જે

---

[336] ૩૪૧] ફાતિર, આયત નંબર: ૧૫.
[337] ૩૪૨] અલ્ હજ, આયત નંબર: ૭૩.
[338] ૩૪૩] અલ્ ફવાઈદ, ઇબ્ને કય્યિમ, થોડાક ફેરફાર સાથે, પેજ નંબર: ૫૬.
[339] ૩૪૪] અન્ નિસા, આયત નંબર: ૨૮.
[340] ૩૪૫] અલ્ કહફ, આયત નંબર: ૫૪.
[341] ૩૪૬] યાસીન, આયત નંબર: ૭૭-૭૯.

(પાલનહારે) તને પેદા કર્યો પછી ઠીક ઠાક કર્યો, પછી બરાબર બનાવ્યો. (૭)8) فِي أَيِّ صُورَةٍ مَّا شَاءَ رَكَّبَكَ }[342]. જે સ્વરૂપમાં ચાહ્યું તને જોડી તૈયાર કર્યો. (૮)}[૩૪૭].
હે માનવી ! પોતાને તે સ્વાદથી કેમ વંચિત કરી રહ્યા છો કે અલ્લાહ સામે ઊભા રહી વાર્તાલાપ અને આજીજી કરો, જેથી તે તને લાચારી અને ફકીરીથી બેનિયાજ કરી દે, બીમારીથી શિફા આપે, તમારી તકલીફ દૂર કરી દે, તમારા ગુનાહ માફ કરી દે, તમારી મુસીબત દૂર કરી દે, જો તમારા પર અત્યાચાર થાય તો તમારી મદદ કરે, જો તમે પરેશાન થઈ જાવ અથવા માર્ગથી પથભ્રષ્ટ થઈ જાઓ તો તે તમને માર્ગદર્શન આપે, જેનાથી અજાણ હોય તો તેનું ઇલ્મ આપે, જ્યારે તું ડરે તો શાંતિ નસીબ કરે, કમજોરીની સ્થિતિમાં તારા પર દયા કરે, તારાથી તારા દુશ્મનો દૂર કરી દે અને તને અમન શાંતિ આપે, અને તારા માટે રોજીના દરવાજા ખોલી નાખે. [૩૪૮][343]
હે માનવી ! માનવી પર દીનની નેઅમત પછી અલ્લાહની સૌથી મોટી નેઅમત બુદ્ધિની નેઅમત છે, જેથી તે તેના દ્વારા ફાયદા અને નુકસાન બન્ને વચ્ચે તફાવત કરી શકે, અલ્લાહના આદેશો અને તેની રોકને સમજી શકે, પોતાના સર્જનના મહાન હેતુને જાણી શકે, જે ફક્ત એક અલ્લાહની બંદગી અને તેની ઈબાદત છે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَمَا بِكُم مِّن نِّعْمَةٍ فَمِنَ اللَّهِ ۖ ثُمَّ إِذَا مَسَّكُمُ الضُّرُّ فَإِلَيْهِ تَجْأَرُونَ (53) {તમારી પાસે જેટલી પણ નેઅમતો છે, દરેક નેઅમત તેણે જ આપી છે, હજુ પણ તમારા પર કોઈ મુસીબત આવી જાય તો તેની જ સમક્ષ ફરિયાદ કરો છો. (૫૩)54) ثُمَّ إِذَا كَشَفَ الضُّرَّ عَنكُمْ إِذَا فَرِيقٌ مِّنكُم بِرَبِّهِمْ يُشْرِكُونَ }[344]. પછી જ્યારે તે તમારા પરથી તે મુસીબત દૂર કરી દે છે, તો તમારા માંથી કેટલાક લોકો પોતાના પાલનહાર સાથે શિર્ક કરવા લાગે છે.(૫૪) } [૩૪૯].
હે માનવી ! બુદ્ધિશાળી વ્યક્તિ ઉંચા હેતુઓને પસંદ કરે છે, અને તુચ્છ તેમજ બેકાર વસ્તુઓને નાપસંદ કરે છે, તે ઈચ્છે છે કે દરેક સદાચારી, શરીફ અને પ્રતિષ્ઠિત વ્યક્તિ પયગંબરો અને સદાચારી લોકોના માર્ગે ચાલે, તેનું દિલ હવાઓમાં પંખ મારવાની ઈચ્છા ધરાવે છે, જો કે તે તેના સુધી પહોંચી નથી શકતું, તેનો એક જ માર્ગ એ છે, જેનો ઈશારો અલ્લાહ તઆલાએ પોતાની આ આયતમાં કર્યો:{ إِن كُنتُمْ تُحِبُّونَ اللَّهَ فَاتَّبِعُونِي يُحْبِبْكُمُ اللَّهُ }[345], {કહી દો કે જો તમે અલ્લાહથી મોહબ્બત રાખો છો તો મારૂ અનુસરણ કરો, અલ્લાહ તઆલા પોતે તમારાથી મોહબ્બત કરશે} [૩૫૦],જ્યારે બંદો તેના આદેશોનું અનુસરણ કરે છે, તો અલ્લાહ તેને પયગંબરો, શહીદો, સદાચારી લોકો સાથે જગ્યા આપે છે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَمَن يُطِعِ اللَّهَ وَالرَّسُولَ فَأُولَٰئِكَ مَعَ الَّذِينَ أَنْعَمَ اللَّهُ عَلَيْهِم مِّنَ النَّبِيِّينَ وَالصِّدِّيقِينَ وَالشُّهَدَاءِ وَالصَّالِحِينَ ۚ وَحَسُنَ أُولَٰئِكَ رَفِيقًا }[346]. {અને જે પણ અલ્લાહ તઆલા અને પયગંબરની આજ્ઞાનું પાલન કરે છે તે લોકો તેમની સાથે હશે જેમના પર અલ્લાહ તઆલાએ કૃપા કરી છે જેવી રીતે કે પયગંબર, સાચા લોકો, શહીદ અને સદાચારી લોકો, આ લોકો ઉત્તમ સાથી છે.} [૩૫૧].
હે માનવી !હું તને નસીહત કરૂં છું કે એકાંતમાં જઈ મારી વાતો પર ધ્યાન આપ, જે તારી પાસે પહોંચી ગઈ છે, તેની દલીલો અને પુરાવાને ધ્યાનથી પારખી, તેની નિશાનીઓમાં ચિંતન મનનથી કામ લે, જો તને તે સત્યની જાણ થઈ જાય તો તેને કબૂલ કરવા માટે આગળ આવો, અને રસમો તેમજ રિવાજોનો કેદી બનીને ન રહે,જાણી લો કે તમારા પ્રાણ, તમારા માટે દોસ્તો, તમારી સાથે રહેનારા અને તમારા પૂર્વજોની વિરાસત કરતા ઘણી મહાન છે, અલ્લાહ તઆલાએ કાફિરોને તેની નસીહત કરતા અને તેને સ્વીકાર કરવાની આદેશ આપતા કહ્યું:{ قُلْ إِنَّمَا أَعِظُكُم بِوَاحِدَةٍ ۖ أَن تَقُومُوا لِلَّهِ مَثْنَىٰ وَفُرَادَىٰ ثُمَّ تَتَفَكَّرُوا ۚ مَا بِصَاحِبِكُم مِّن جِنَّةٍ ۚ إِنْ هُوَ إِلَّا نَذِيرٌ لَّكُم بَيْنَ يَدَيْ عَذَابٍ شَدِيدٍ }[347]. {તમે તેમને કહી દો ! કે હું તમને ફક્ત એક વાતની શિખામણ આપું છું કે તમે અલ્લાહ માટે (હઠ છોડી) બે-બે મળી અથવા એકલા-એકલા વિચારો તો ખરાં, તમારા તે દોસ્તને કોઇ પાગલપણું છે? તે તો તમને એક મોટો અઝાબ આવતા પહેલા સચેત કરે છે }[૩૫૨].
હે માનવી !જ્યારે તું ઇસ્લામનો સ્વીકાર કરીશ તો સહેજ પણ નુકસાન ઉઠાવવું નહીં પડે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ وَمَاذَا عَلَيْهِمْ لَوْ آمَنُوا بِاللَّهِ وَالْيَوْمِ الْآخِرِ وَأَنفَقُوا مِمَّا رَزَقَهُمُ اللَّهُ ۚ وَكَانَ اللَّهُ بِهِمْ عَلِيمًا }[348], {તેઓનું શું ખરાબ થવાનું હતું, જો તે લોકો અલ્લાહ તઆલા પર અને કયામત ના દિવસ પર ઈમાન લાવતા, અને અલ્લાહ તઆલાએ જે કંઈ તેઓને આપી રાખ્યું છે તેમાંથી ખર્ચ કરતા, અલ્લાહ તઆલા તેઓને સારી રીતે જાણે છે.} [૩૫૩],ઈબ્ને કષીર રહ.એ કહ્યું:(જો તેઓ અલ્લાહ પર ઈમાન ધરાવે અને સીધા માર્ગે ચાલે તો કઈ વસ્તુ તેણે નુકસાન પહોંચાડી શકે છે? અલ્લાહ અને ઈમાન લાવો, આખિરત બાબતે કરવામાં આવેલ વચનની આશાએ, જે અલ્લાહએ નેક અમલ કરવાવાળો માટે કર્યો છે, અલ્લાહએ જે કંઈ તમને આપ્યું છે, તેમાંથી જે અલ્લાહને પસંદ છે તે માર્ગો માટે ખર્ચ કરો, અલ્લાહ તેની સારી અને ખરાબ નિયતને ખૂબ સારી રીતે જાણે છે, તેમના માંથી જે કોઈ અલ્લાહની તૌફીકના હકદાર છે, તેમને અલ્લાહ ખૂબ જાણે છે, તે તેમને સાચા માર્ગ તરફ માર્ગદર્શન આપે છે અને એવા કાર્યો કરવાની શક્તિ આપે છે જે અલ્લાહને ખૂબ પસંદ છે, એવી જ રીતે અલ્લાહ તેને પણ ખૂબ સારી રીતે જાણે છે, જેનું અલ્લાહના દરબારમાં અપમાન થવું અને ધૃતકારવાના વધારે હકદાર છે, જે તેના દરબાર માંથી ધૃતકારવામાં આવ્યો, તે દુનિયા અને આખિરતમાં નુકસાન ઉઠાવશે [૩૫૪],જાણી લો કે તારો ઇસ્લામ, તારી વચ્ચે અને તારી ઈચ્છા પ્રમાણે કરવામાં આવતા કાર્યો વચ્ચે અને અલ્લાહની હલાલ નેઅમતો પ્રાપ્ત કરવાની વચ્ચે ક્યારેય આડે નહિ આવે, જો કે અલ્લાહ તે દરેક અમલ તને કરવાની તૌફિક આપશે, જે તું તેની પ્રસન્નતા માટે કરશે, ભલેને તેનો સબંધ તારી દુનિયા સુધારવા, તારી દૌલત, પદ અને દરજ્જો વધારવા માટે જ કેમ નહીં હોય, અહીં સુધી કે જો તું મુબાહ (હલાલ) કામ પણ એ નિયત સાથે કરે છે કે તું હલાલના કારણે હરામથી બચી જાય તો તેના ઉપર પણ તને નેકી મળે છે, અલ્લાહના રસૂલ ﷺ એ કહ્યું:(પત્ની સાથે સોબત કરવી પણ સદકો છે, સહાબાઓએ કહ્યું, હે અલ્લાહના રસૂલ ! અમારા માંથી કોઈ વ્યક્તિ પોતાની પત્ની સાથે પોતાની ઈચ્છા પૂરી કરતો હોય તો તેમાં પણ સવાબ છે? તો આપ સ.લ. એ કહ્યું કે મને જણાવો શુ તે વ્યક્તિ પોતાની ઈચ્છા

---

342 ૩૪૭] અલ્ ઇન્ફિતાર, આયત નંબર: ૬-૮.
343 ૩૪૫] જુઓ: મિફતાહુદ્ દારુસ્ સઆદહ, ભાગ: ૧, પેજ નંબર: ૨૫૧.
344 ૩૪૯] અન્ નહલ, આયત નંબર: ૫૩-૫૪.
345 ૩૫૦] આલિ ઇમરાન, આયત નંબર: ૩૧.
346 ૩૫૧] અન્ નિસા, આયત નંબર: ૬૯.
347 ૩૫૨] સબા, આયત નંબર: ૪૬.
348 ૩૫૩] અન્ નિસા, આયત નંબર: ૩૯.

હરામ જગ્યા પર પુરી કરતો તો તેને ગુનોહ મળતો? એટલા માટે જ્યારે તે હલાલ જગ્યાએ પુરી કરતો હોય તો તેના માટે સવાબ છે.) [૩૫૫].[349*350]

હે માનવી: અલ્લાહના રસૂલ સત્ય વાત લઈને આવ્યા, તેમણે અલ્લાહની વાત દુનિયાના લોકો સુધી પહોંચાડી દીધી, માનવી અલ્લાહની શરીઅત જાણવા બાબતે મોહતાજ છે, જેથી આ દુનિયામાં હિકમત અને સારી રીતે જીવન પસાર કરી શકે, અને આખિરતના સફળ લોકોમાં શામેલ થઈ શકે, અલ્લાહ તઆલાએ કહ્યું:{ يَا أَيُّهَا النَّاسُ قَدْ جَاءَكُمُ الرَّسُولُ بِالْحَقِّ مِن رَّبِّكُمْ فَآمِنُوا خَيْرًا لَّكُمْ ۚ وَإِن تَكْفُرُوا فَإِنَّ لِلَّهِ مَا فِي السَّمَاوَاتِ وَالْأَرْضِ ۚ وَكَانَ اللَّهُ عَلِيمًا حَكِيمًا }[351]، {હે લોકો! આ રસૂલ તમારા માટે અલ્લાહ તરફથી સત્ય વાત લઈને આવ્યા છે, હવે તેમના પર ઈમાન લઈ આવો, તમારા માટે શ્રેષ્ઠ તે જ છે, અને જો હજુ પણ તમે ઇન્કારનો માર્ગ અપનાવ્યો તો સારી રીતે સમજી લો કે આકાશો અને ધરતીમાં જે કંઈ પણ છે તે ફક્ત અલ્લાહનું જ છે, અને અલ્લાહ જાણવાવાળો અને હિકમતવાળો છે} [૩૫૬],અને ઉચ્ચ અલ્લાહ તઆલાએ કહ્યું:{ قُلْ يَا أَيُّهَا النَّاسُ قَدْ جَاءَكُمُ الْحَقُّ مِن رَّبِّكُمْ ۖ فَمَنِ اهْتَدَىٰ فَإِنَّمَا يَهْتَدِي لِنَفْسِهِ ۖ وَمَن ضَلَّ فَإِنَّمَا يَضِلُّ عَلَيْهَا ۖ وَمَا أَنَا عَلَيْكُم بِوَكِيلٍ }[352]. {તમે તેમને કહી દો કે હે લોકો ! તમારી પાસે તમારા પાલનહાર તરફથી સત્ય આવી પહોંચી ગયું છે એટલા માટે જે વ્યક્તિ સત્ય માર્ગ પર આવી જાય તો તેનું સત્ય માર્ગ અપનાવવું, તેને ફાયદો પહોચાડશે, અને જે વ્યક્તિ ગેરમાર્ગે રહેશે તો તેનું ગેરમાર્ગે રહેવાનું નુકસાન તેનાપર જ રહેશે અને હું તમારો વકીલ નથી.} [૩૫૭].

હે માનવી ! જો તું ઇસ્લામનો સ્વીકાર કરશે તો તેમાં તારો જ ફાયદો છે, ખરેખર અલ્લાહ પોતાના બંદાઓથી બેનિયાજ છે, જે લોકો નાફરમાની કરે છે તેમની નાફરમાની અલ્લાહને કંઈ નુકસાન પહોંચાડતી નથી, અને ન તો આજ્ઞાકારોની આજ્ઞાકારી તેને કઈ ફાયદો પહોંચાડી શકે છે, કારણકે તે દરેક નાફરમાનીને જાણે છે, અને દરેક આજ્ઞા તેની પરવાનગી સાથે જ થતી હોય છે, જેવુકે અલ્લાહ તઆલાએ તેના પયગંબરના વિષે ખબર આપતા કહ્યું:(હે મારા બંદાઓ ! જુલમ કરવું મેં મારા પર હરામ કરી લીધું છે, અને તમારી વચ્ચે પણ તેને હરામ કરી દીધું છે, એટલા માટે તમે એકબીજા પર જુલમ ન કરો,હે મારા બંદાઓ ! તમે સૌ ગુમરાહ છો, સિવાય તે વ્યક્તિના જેને હું હિદાયત નસીબ કરૂં, એટલા માટે તમે મારી પાસે હિદાયત તલબ કરો,હે મારા બંદાઓ ! તમે સૌ ભૂખ્યા છો, હા, જેને હું ખવડાવું, એટલા માટે તમે મારી પાસે ખોરાક માંગો, હું તમને ખવડાવીશ,હે મારા બંદાઓ ! તમે સૌ નગ્ન છો, હા, જેને હું પહેરાવું, એટલા માટે તમે મારી પાસે પોશાક માંગો, હું તમને પહેરાવીશ,હે મારા બંદાઓ ! તમે રાત દિવસ ગુનાહ કરો છો અને હું જ તમારા ગુનાહ માફ કરવાવાળો છું, તમે મારી પાસે પોતાના ગુનાહોની માફી માંગો, જેથી હું તમને માફ કરી દઉં,હે મારા બંદાઓ ! તમે ક્યારેય મને નુકસાન પહોંચાડવાની ક્ષમતા નથી ધરાવતા, અને ન તો મને ફાયદો પહોંચાડવાની ક્ષમતા રાખો છો કે મને ફાયદો પહોંચાડી શકો,હે મારા બંદાઓ ! જો તમારા પહેલાના સૌ અને પછીના સૌ અને તમારા માનવીઓ અને જિન્નાતો સૌ ભેગા મળીને એક ડરવાવાળા વ્યક્તિના દિલ જેવા થઈ જાય, તો તેના કારણે મારી બાદશાહીમાં કણ બરાબર પણ વધારો નથી થતો,હે મારા બંદાઓ ! જો તમારા પહેલાના સૌ અને પછીના સૌ અને તમારા માનવીઓ અને જિન્નાતો સૌ ભેગા મળીને એક દુરાચારી વ્યક્તિના દિલ જેવા થઈ જાય, તો તેના કારણે મારી બાદશાહીમાં કણ બરાબર પણ કમી નહીં થાય,હે મારા બંદાઓ ! જો તમારા પહેલાના સૌ અને પછીના સૌ અને તમારા માનવીઓ અને જિન્નાતો સૌ ભેગા મળીને એક સપાટ મેદાનમાં ઉભા થઇ જાય અને મારી પાસે માંગે, અને હું દરેકને તેમની માંગ પ્રમાણે આપું, તો તેનાથી મારા ખજાનામાં આટલું પણ ઓછું નહિ થાય, જેટલી એક સોઈને સમુદ્રમાં નાખી અને કાઢવામાં આવે, તો કેટલું પાણી ઓછું થાય છે, એટલો પણ ખજાનો ઓછો નહીં થાય,હે મારા બંદાઓ ! આ તો તમારા જ અમલો છે, જેને હું સાચવી રહ્યો છું, પછી હું તમને તે અમલનો પૂરેપૂરો બદલો આપીશ, તો જે વ્યક્તિ ઉત્તમ બદલો પામે તેણે અલ્લાહનો શુક્ર અદા કરવો જોઈએ,  કે તેની કમાણી વ્યર્થ ન ગઈ, અને જે ખરાબ બદલો પામે તો તે પોતાના માટે ખરાબ સમજે.) [૩૫૮].[353]

દરેક પ્રકારની પ્રશંસા તે અલ્લાહ માટે જ છે, જે સમગ્ર સૃષ્ટિનો પાલનહાર છે, દરુદ અને સલામતી ઉતરે દરેક નબીયો અને રસૂલો પર તેમજ આપણા પયગંબર મુહમ્મદ ﷺ પર તેમના દરેક સહાબાઓ પર.

---

[349] ૩૫૪] તફસીરુલ્ કુરઆનુલ્ અઝીમ, સામાન્ય ફેરફાર સાથે, ભાગ: ૧, પેજ નંબર: ૪૯૭.

[350] ૩૫૫] આ હદીષનો હવાલો વર્ણન થઈ ગયો છે, પેજ નંબર: ૧૦૯.

[351] ૩૫૬] અન્ નિસા, આયત નંબર: ૧૭૦.

[352] ૩૫૭] યુનૂસ, આયત નંબર: ૧૦૮.

[353] ૩૫૮] આ હદીષને ઇમામ મુસ્લિમ રહ. એ કિતાબ અલ્ બિર્રુ વસ્ સિલતિમાં, બાબ તહરિમુજ્ જુલ્મમાં વર્ણન કરી છે, હદીષ નંબર: ૨૫૭૭.

ઇસ્લામના સિદ્ધાંતો અને તેના મૂળ આધારો
માર્ગ કયાં છે?
અલ્લાહનું અસ્તિત્વ, તેની રુબૂબિય્યત, એકતા અને તેની ઉલૂહિય્યત [૭]:
- ૧- સૃષ્ટિનું સર્જન અને તેમાં રહેલ કુદરતની શ્રેષ્ઠ કારીગરી:
- ૨- ફિતરત (વૃતિ):
- ૩- દરેક કોમોનો એકમત (સર્વસંમતિ):
- ૪- તર્કસંગત આવશ્યકતા:

સૃષ્ટિનું સર્જન
સૃષ્ટિના સર્જનની હિકમત
હે માનવી આ બધી વિગતો જાણ્યા પછી જણાવો:
માનવીનું સર્જન અને તેનું સન્માન
સ્ત્રીનો દરજ્જો અને તેમનું સન્માન
- મનુષ્યના સર્જનની હિકમત
- આદમની સંતાન માટે ઇસ્લામની આવશ્યકતા

સાચા દીન (ધર્મ) ના નિયમો
- અલગ અલગ પ્રકારના દીન (ધર્મો)
- વર્તમાન ધર્મોની સ્થિતિ

નબૂવ્વતની હકીકત
- નબુવ્વત ની નિશાનીઓ
- માનવ જાત માટે નબીઓની જરૂરત

આખિરત
નબીઓની દઅવતના નિયમો
નુબૂવ્વતનો સિલસિલો ખતમ થયો
ઇસ્લામની સત્યતા:
કુફ્રની સત્યતા:
ઇસ્લામના નિયમોના સ્ત્રોતો
- અ: અલ્ કુરઆનુલ્ અઝીમ:
- બ: આપ ﷺ ની સુન્નત

પ્રથમ ક્રમાંક [૨૩૪]
- ઇસ્લામમાં ઈબાદતનો અર્થ [૨૪૪]

બીજો દરજ્જો [૨૪૭]
ત્રીજો દરજ્જો:
ઇસ્લામના કેટલાક ગુણો [૨૯૨]:
- ૧- આ દીન અલ્લાહનો દીન છે:
- ૨- દરેક બાબતને પોતાની અંદર સમાવી લે છે:
- ૩- આ દીન સર્જનને સર્જક સાથે જોડે છે:
- ૪- દુનિયાના ફાયદા અને આખિરતની અનુકૂળતાનો ખ્યાલ રાખે છે:
- ૫- સહુલત, સરળતા:
- ૬- ન્યાય:
- ૭- ભલાઈનો આદેશ આપવો અને બુરાઈથી રોકવું:

તૌબા:
ઇસ્લામનું પાલન ન કરવાનું પરિણામ.
- ૧- ડર, ભય અને બેચેની અને અશાંતિ:
- ૨- તંગ અને મુશ્કેલ જીવન:
- ૩- આવો વ્યક્તિ પોતાની સાથે અને પોતાની આસપાસ સૃષ્ટિની સાથે સંઘર્ષમાં જીવન પસાર કરે છે:
- ૪- તે અજ્ઞાનતાનું જીવન પસાર કરે છે:
- ૫- તે પોતાના પર અને પોતાની આસપાસ લોકો પર જુલમ કરતા જીવન પસાર કરે છે:
- ૬- તે પોતાના પર અલ્લાહના ગુસ્સાને દુનિયામાં જ બોલાવે છે:
- ૭- તેના ભાગ્યમાં નિરાશા અને નુકસાન લખી દેવામાં આવે છે:
- ૮- તે પોતાના પાલનહાર સાથે કુફ્ર કરતા અને તેણે આપેલી નેઅમતોનો ઇન્કાર કરતા જીવન પસાર કરે છે:
- ૯- તે સાચા જીવનથી વંચિત રહી જાય છે:
- ૧૦- તે હંમેશા માટે અઝાબમાં રહેશે:

અંત